# અંજનશલાકા વિશેષાંક.......



શ્રી સિદ્ધગિરિની ગોદમાં
પ્રેરણાદાતા પ.પૂ.આ.મ.શ્રી
વિજય કસ્તૂરસૂરીશ્વરજી મ.સા.
માર્ગદર્શક-પ.પૂ.આ.મ.શ્રી
વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.
શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ ધર્મોદ્યાન..
શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન
શ્રી સમવસરણ મહા મંદિર
યોગેશ આર્ટ.. પાલી

# ટ્રસ્ટી મહાનુભાવો


૧ શ્રી ખુમચંદ રતનચંદ જોરાજી મુંબઈ
૨ શ્રી રજનીકાંતભાઈ મોહનલાલ ઝવેરી મુંબઈ
૩ શ્રી શાંતીચંદ બાલુભાઈ ઝવેરી મુંબઈ
૪ શ્રી ઉમંગીલાલ હરગોવીંદદાસ મુંબઈ
૫ શ્રી અશ્વીનભાઈ શાંતીલાલ સંઘવી સુરત
૬ શ્રી કેશવલાલ બુલાખીદાસ મુંબઈ
૭ શ્રી બાબુભાઈ મંગળદાસ વખારીયા મુંબઈ
૮ શ્રી કાંતીલાલ રતીલાલ વર્ધમાનભાઈ સુરેન્દ્રનગર
૯ શ્રી મહેન્દ્રભાઈ ખુમચંદ રતનચંદ મુંબઈ


## -: નાણું ભરવાના સ્થળો :-

(૧) મુખ્ય ઑફીસ :- શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટ
તળેટી પાલીતાણા.

(૨) મુંબઈ ઑફીસ :- ખુમચંદ રતનચંદ જોરાજી
૨૧૯/ ગુલાલવાડી, ગોડીજી બીલ્ડીંગ,
મુંબઈ-૨

(૩) મુંબઈ ઑફીસ :- શ્રી બાબુભાઈ મંગળદાસ વખારીયા
૬૦/ ગુલાલવાડી, મુંબઈ-૪

**※ પૈસા ભરીને સંસ્થાની છાપેલ રસીદ લેવી**

—※ પત્ર વ્યવહાર સરનામું ※—


**શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટ**
C/o. શ્રી મતી ચુનીબાઈ ખુમચંદ રતનચંદ ધર્મશાળા,
તળેટી રોડ, જૈન સોસાયટી, કેશરીયા નગર સામે ગલીમાં.
પાલીતાણા- ૩૬૪૨ ૭૦

શ્રી સિદ્ધગિરિમંડન આદિનાથાય નમઃ
શ્રી ૧૦૮ જૈન તીર્થાધિરાજાય નમઃ
પરમોપાસ્ય શ્રી વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરેભ્યો નમઃ

# શ્રી
# ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન
## અને
# શ્રી સમવસરણ મહા મંદિર



શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન અને શ્રી સમવસરણ મંદિરનું બાહ્ય એલીવેશન

# -: વિશેષાંક :-


પ્રકાશક

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ,

વિ. સં. ૨૦૪૨ 卐 પાલીતાણા. 卐 સને ૧૯૮૬

### શ્રી સમવસરણ મહામંદિરના આદ્યમુખ્યા પ્રેરણાદાતા
### પ. પૂ. ધર્મરાજા પ્રાકૃત વિશારદ
### આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.



## સ..મ..ર્પ..ણ

પૂજ્યશ્રીની અગમ્યકૃપા અને આશીર્વાદથી આજદિન પર્યંત તેઓશ્રીની આંતર પ્રેરણાથી યત્કિંચિત જિન શાસનની ભક્તિ અને આ તીર્થ ભક્તિનું ઉત્થાન કરવાનું અને તે સંપૂર્ણ કરવાનું જે અહોભાગ્ય અમોને સાંપડયું છે.

તે પૂજ્યપાદ ધર્મરાજા ગુરૂદેવ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજશ્રીના ચરણ કમલમાં સમર્પણ

ટ્રી. ટ્રસ્ટી મંડળ.

—: અનુક્રમણીકા :—


| | |
|---|---|
| ૧ થી ૮ | શ્રી સમવસરણ મહામંદિરની વિશિષ્ટતાઓ |
| ૯ થી ૧૮ | પૂજ્યશ્રીઓના જીવન ચરિત્રો અને પ્રાથમિક અહેવાલ |
| ૧ થી ૩૬ | શ્રી ૧૦૮ તીર્થદર્શન ભવનના ખનન-શિલારોપણ |
| | શ્રી સમવસરણ મહા મંદિરનો પરિચય |
| ૧ થી ૩૬ | શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગોનો અહેવાલ |
| ૧ થી ૩૬ | શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતના જીવન ચરિત્રો |
| ૧ થી ૪ | શ્રી ચતુર્વિધ સંઘનું પરિશિષ્ટ |

# શ્રીસમવસરણ મહામંદિરની ખાસ વિશિષ્ટતાઓ

* **ચાર દ્વાર ઉપર**

પ્રભુશ્રી મહાવીરના ચ્યવન-જન્મ-દીક્ષા-અને નિર્વાણ કલ્યાણકોના દશ્યો તેમજ ચાર વિશેષણો-માહામાહણ-માહાગોપ-માહસાર્થ-વાહ અને માહાનિર્યામકના દશ્યો કંડારી તૈયાર થઇ રહ્યા છે.

* **દર્શનીય વિભાગ**

પ્રવેશમાં જ સુંદર અષ્ટમંગળથી કોતરેલ સુંદર માણેકસ્થંભ ૪૨ ફુટ ઉંચો અને ૧૬ ફુટ પહોળાઇવાળો છે.

* માણેક સ્થંભની ચાર દિશામાં વર્તમાન ચોવીશ તીર્થંકરોની મૂર્તીઓ બીરાજમાન છે. ૪૧/૪૧ ઇચના ચાર મૂળનાયક ભગવંતો શ્રી આદીનાથજી-શ્રી શાંતીનાથજી-શ્રી નેમનાથજી-શ્રી પાર્શ્વનાથજી બીરાજમાન કરેલ છે. બાકીના ૨૦ તીર્થંકરો અનુક્રમે બીરાજમાન છે.

* ૪૨ ફુટ ઉંચા ૭૨ ફુટના વ્યાસ પહોળાઈવાળા પત્થરથી જ ગોળ ડોમ (ઘુમ્મટ) વિશ્વભરમાં પ્રથમ જ નિર્માણ કરેલ છે.

* જેની ચાર દિશામાં ૨૭×૨૭ મળી શ્રી ૧૦૮ પાર્શ્વનાથજી ભારતભરના અન્ય ગામની મૂર્તીઓ સુંદર રીતે બીરાજમાન કરેલ છે.

* ૧૩૨ પ્રભુજીના એકી સાથે દર્શન કરી શકાય તે રીતે ઝુલતી કમાનો ઉપર શીખરો-ઘુમટીઓ-થાંભલીઓ વગરની સુંદર કારીગરીથી કોતરેલી બનાવી છે. તે દરેકની પલાંઠીમાં શ્રી સમવસરણ મંદિર સહિત લાંછનો સુંદર રીતે કોતરવામાં આવેલ છે.

* ગુરુમંદિર-ઓફીસ-ઇન્દ્રધ્વજ-વાવડીઓ તેમજ શ્રેણીકરાજા-દશાર્ણભદ્ર રાજાની રથયાત્રાઓ-સુંદર ઉદ્યાન પ્રભુજીની ભક્તિ માટે ફુલોથી કરવા ફુંવારા-બાંકડા-વગેરેથી સુશોભિત બની રહેલ છે.

* મેઈન ગેટ-સુંદર નકશીઓ અને વોલ્ટ (કંપાઉન્ડ) પાણીની પરબ-વિશ્રામ સ્થળ વગેરે નિર્માણ થઇ રહેલ છે.

* પ્રભુ ભક્તિ માટે પ્રવેશ કરતાં પહેલા જમણા હાથે ગરમપાણી માટે સુંદર બાથરૂમો છે. કેશર-સુખડ રૂમો સહિત ભક્તિભવન તૈયાર કરેલ છે.

* શ્રી સમવસરણ મહામંદિર આધુનિક પદ્ધતિએ સુંદર સગવડો વડે નિર્માણ કરેલ છે.

* **તીર્થપટ્ટોની સન્મુખ :**—૨૫૦૦ વર્ષમાં થયેલ ૨૭ સાધુઓ ૨૭ સાધ્વીજીઓ ૨૭ શ્રાવકો ૨૭ શ્રાવિકા-ધર્મ-સામાજિક હિતના કાર્યો કરનારના ચિત્રપટ્ટો કંડારી મુકવા માટે તૈયાર થઇ રહેલ છે.

* ચાર દિશાના ચાર દરવાજાની આજુબાજુ બબ્બે બ્લોકો છે. તેને વિશિષ્ટ કારીગરીથી સુંદર નકશીવાળા બનાવેલ છે જેમાં ૮ દ્વારોમાં પ્રતિકો કંડારેલા છે.

સોળ વિદ્યાદેવીદ્વાર શુકન દ્વાર ચાર શરણ અને સાધન દ્વાર

૧ / ૨ ૩ ૪

શ્રી "નવકાર" મંત્રના પ્રતીકો તેમજ મુદ્રાદ્વાર અષ્ટપ્રાતિહાર્ય

૫ / ૬ ૭

અને અષ્ટ મંગળ દ્વાર છે.

૮

* **૮ નકશીવાળા દ્વારોની અંદર :**—ઉત્સર્પીણી કાળ—અઢીદ્વીપ પાંચમાં અને છટ્ઠા આરાની સમજણ—

અતીત અનાગત વર્તમાન —ચોવીશી

૨૪ ૨૪ ૨૪

૨૦ વીહરમાન ચાર શાશ્વતા તીર્થંકરનો પરિચયના ચિત્રપટ્ટો ૬૩ શલાકા પુરુષો ૪૫ આગમો તેની પાંચ વાંચના પાટ પરંપરા વગેરે વગેરેના ચિત્રો સહિત તૈયાર થશે.

# શ્રી સમવસરણ મહામંદિરની
# અન્ય વિશિષ્ટતા

* ૧૦૮ ફુટ ઉંચાઇ ૨૫૦×૨૦૦ સમચોરસ ફુટ ૨૦ હજાર વાર જમીન ઉપર શ્રી સમવસરણ મહામંદિર નિર્માણ થયેલ છે.

* અશોકવૃક્ષ–ચૈત્યવૃક્ષ ઉંચાઈ ૨૭ ફુટ અને ૩૭ ફુટ ઘેરાવામાં એકલા પત્થરથી જ નિર્માણ થયેલ છે. ચૈત્યવૃક્ષ અંદાજે ૫૦૦ ટન વજન છે .

* વોટર પ્રૂફ રંગ ગેરેંટીવાળા કરેલ છે. રંગીન ઝાડ, થડ, શાળા, પાંદડા, ફુલ તે તે રંગના બનાવેલ છે.

* પ્રભુ શ્રી મહાવીર સ્વામીજી ભગવંત સાત હાથના શરીરવાળા હતા જે પદ્માસને બેઠેલ ૬૧ ઇંચના બીરાજમાન છે અને અષ્ટ પ્રાતિહાર્ય સહિત છે.

* ૩ ગઢ ૧૨ દરવાજા–૧૦૮ પગથીયા–બાર પર્ષદા–તીર્યંચો વાહનો–દ્વારપાલો–કાંગરા વગેરે શાસ્ત્રીય રીતે થઈ રહેલ છે.

* ભૂમિતળમાં–ઉદ્યાન–બગીચો–બેઠકોવાળો–વગેરેથી સુંદર કુવારા સહિત નિર્માણ થઇ રહેલ છે.

* દર્શનીય વિભાગ :–ભારતભરના ૧૦૮ તીર્થોના મુળનાયક ભગવાન તેમજ દેરાસર તથા તેનો ઈતિહાસ–પરિચય સહિત આધુનિક લેમીનેશન પદ્ધતીએ પધરાવેલ છે.



# શ્રી સમવસરણ મહામંદિરમાં
# લાભ લેવાની નાનીશી યોજનાઓ

| રૂપિયા | વિગત |
|---|---|
| ૧૦૧-૦૦ | આરસ ફુટ એકના આપી નિર્માણ કાર્યો માટેનો લાભ લ્યો. |
| ૧૦૮-૦૦ | સંરક્ષણ, સંવર્ધન, ભક્તિ યોજના કાયમી ફંડ તેનું વ્યાજ યાવચ્ચંદ્ર દિવાકરો વપરાવી લાભ લ્યો. (બોન્ડ છાપેલા ભેટ અપાય છે.) |
| ૧૧૧૧-૦૦ | એક ઇંટ યોજનામાં આપવાથી નિર્માણ કાર્યોમાં સહયોગ અપાય છે. |
| ૨૦૦૧-૦૦ | એક પગથીયા યોજના નોંધાવી લાભ લેવા વિનંતી છે. |
| ૫૦૦૧-૦૦ | એક ગવાક્ષ (બારી) યોજનામાં લાભ લ્યો. |
| ૯૧૧૧-૦૦ | શ્રાવક, શ્રાવિકા વગેરેના ચિત્રપટ્ટો માટે નોંધવામાં આવે છે. |
| ૧૧૧૧૧-૦૦ | પૂજ્ય આચાર્યશ્રીઓ તેમજ સાધ્વીજીઓના ચિત્રપટ્ટો માટે નોંધવામાં આવે છે. નાની યોજનામાં ૫-૧૦-૧૧-૨૫ જુદા નામોથી લાભ લેવાય છે. |
| ૧૧૧૧-૦૦ | તેમજ તે ઉપરાંત રકમ આપનારનું નામ આરસની તકતી ઉપર કોતરવામાં આવે છે. |

* મોટા આદેશો માટે-પ. પૂ૦ આચાર્ય દેવશ્રી મ. વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ શ્રીને રૂબરૂ મળવા વિનંતી છે. પૂજ્યશ્રીના વિહાર સમયના સરનામા માટે ઓફીસમાં પત્રથી અથવા રૂબરૂ પૂછવું.

## શ્રી શત્રુંજય મહાતીર્થે શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન સમવસરણ મહામંદિરની શ્રી અંજનશલાકા–પ્રતિષ્ઠાના

### પાવન પ્રસંગનું ગીત

(હે ત્રિશલાના જાયા.....રાગ)

સિદ્ધાચલના રાજા તારે આંગણ વાગે વાજા,
તારી તળેટીમાં સમવસરણના મહામંદિર આજે થાતા...

જિનશાસનના શિરતાજ એવા નેમિસૂરીશ્વર રાયા,
જિનશાસનના નામને એને જગમાં બધે ઉજાળ્યા;
ઝગમગતી એની પાટે પધાર્યા, કસ્તૂરસૂરી ગુરુરાયા ૧

સૂરિમંત્રની આરાધના કરતા કસ્તૂરસૂરિજીએ દીઠા,
દેશના દેતા પ્રભુજીને એને સમવસરણમાં દીઠા;
રોજ રોજ શ્રી સમવસરણના સ્વપ્ના એને દીઠા. ૨

સ્વપ્ના સાકાર કરવાની વાતો કસ્તૂરસૂરિજીએ કીધી,
પ્રાણપ્યારા ગુરુજીની વાતને ચંદ્રોદયે વધાવી લીધી;
શીલાસ્થાપન કરાવી કસ્તૂરસૂરિજી દેવલોકે સીધાવ્યાં. ૩

રામ લક્ષ્મણ જેવા શોભી રહ્યા છે એ બાંધવ સૂરીરાયા,
માર્ગદર્શક છે એક ગુરુને બીજા છે મુહૂર્ત દાતા;
ચંદ્રોદય અશોકચંદ્ર અમર તપજો મા કમળાના જાયા. ૪

આ મંદિરના કાંકરે કાંકરે કુશળચંદ્રના નામ લખાણા,
આ મંદિરની સાથે એના પણ નામ અમર રહેવાના;
એક સો આઠ ને ઉપર તેંતાલીસ ઓળી આંબેલની કરતાં. ૫

ગિરિરાજની ટોચે બેઠા મા મરૂદેવાના જાયા,
ગિરિરાજની તળેટીએ બેઠા મા ત્રિશલાના જાયા;
પ્રથમ અને અંતિમ પ્રભુને વંદન, શ્વાસમાંહે સો વારા. ૬



સમવસરણ મંદિરમાં બેઠા, એકસો છત્રીસ જિનરાયા,
એકસો આઠ પાર્શ્વનાથને વળી ચોવીશે જિનરાયા;
ચઉમુખે શ્રી મહાવીરસ્વામી અશોકવૃક્ષ નીચે બેઠા.. ૭

પ્રભાવિક પૂર્વજોની યશોગાથા અહીં જોવાને મળશે,
એના જીવનમાંથી સહુને પ્રેરણાના અમૃત મળશે;
એકસો ને આઠ તીર્થના દર્શન એક જ સાથે મળશે. ૮

દેવસૂરિ ગુરુરાજ પધારે આજના આ મંગલ દિવસે,
અગ્યાર આચાર્યના પુનિત હસ્તે પ્રતિષ્ઠા પાવન થાશે;
પૃથ્વીલોકના આ મહોત્સવની દેવો ઇર્ષ્યા કરશે. ૯

પ્રતિષ્ઠા કરનારની આંખોમાં આજે હર્ષના આંસુ ઉભરાતા,
તીર્થાધિરાજની પુન્ય ભૂમિ પર ધન્ય ધન્ય બની જાતા;
કરણ કરાવણ ને અનુમોદન સરખા ફળ નીપજાયા. ૧૦

સમવસરણના ઉંચા શિખરો કરશે ગગનથી વાતો,
એના શિખરે ચડી ચંદ્રોદયસૂરિ કરશે ગુરુને વાતો;
પ્રાણપ્યારા ઓ ગુરુજી અમે પૂરી કરી તુમ વાતો. ૧૧

વિજ્ઞાનસૂરિ ને કસ્તૂરસૂરિની યાદ આજે આવે,
પ્રસન્નચંદ્રની ગેરહાજરી આંખોમાં પાણી લાવે;
ભર્યું ભર્યું છે બધું છતાં યે ગુરુ વિના છે બધું ખાલી. ૧૨

તીરથધામ સરખુ બનજો દાદા આ ધામ તમારૂં,
ચાંદો સૂરજ ચમકે તિહાં સુધી રહેજો આ ધામ તમારૂં;
મા ચક્કેશ્વરી રક્ષણ કરજો એ છે કામ તમારૂં. ૧૩

વિ. સં. ૨૦૪૧ — રચના :

માગસર સુદ ૬ — શ્રી જયંત સંઘવી. સુરત

卐

## અમારા પ્રકાશનો

૧. શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન પટ્ટ

શ્રી ૧૦૮ તીર્થોના મુળનાયકો ૨૦ × ૩૦ના આર્ટ પેપર ઉપર પ્રીન્ટેડ (સ્ટોકમાં નથી)

૨. શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શનાવલી.

શ્રી ૧૦૮ તીર્થોના મુળનાયક ભગવાન દેરાસર અને તે તીર્થોનો ઇતિહાસ પરિચય આલ્બમ પ્રથમાવૃત્તિ સં. ૨૦૨૬ (દ્વિ આ. સં. ૨૦૩૯)
સ્ટોકમાં નથી

૩. શ્રી ૧૦૮ જૈન તીર્થ આલ્બમ.

શ્રી ૧૦૮ તીર્થોના મુળનાયક ભગવાનના ફોટાનું આલ્બમ પોકેટ સાઇઝ કિંમત રૂા. ૧૧-૦૦

૪. શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તુરસૂરિ સ્મૃતિ શ્રેણીની સચિત્ર ૬૦ ચિત્રોની દસ પુસ્તિકા.

જૈનાચાર અને ૧ થી ૨૦ પાનાની દસ પુસ્તિકાના સેટ ૧૭મી આવૃત્તિ ૩ લાખ નકલો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થઇ છે. કિંમત રૂા. ૨૦ એક સેટના પોસ્ટ વી. પી.થી મોકલવામાં આવતી નથી રૂબરૂ અગર સોબત જોગ મંગાવવા વિનંતિ

૫. શ્રી અંજન શલાકા પ્રતિષ્ઠા વિશેષાંક

શ્રી ૧૦૮ તીર્થ દર્શન ભવન અને શ્રી સમવસરણ મહામંદિર અંજન-શલાકા-પ્રતિષ્ઠા વિશેષાંક (શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ચરિત્ર સહિત) (વિ.સં ૨૦૪૧)

૬. શ્રી ૧૦૮ તીર્થ દર્શન ભવન અને શ્રી સમવસરણ મહા મંદિર પરિચય પુસ્તિકા (વિ. સં. ૨૦૪૨ ફા.સ.૩)

# શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવનના સોપાનો

૧. પ્રથમ સોપાન :- શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન મંદિર ઠે. નાની દેસાઇપોળ સુરત વિ. સં. ૨૦૪૨ કા. વ. ૨

૨. બીજું સોપાન : શ્રી ૧૦૮ તીર્થ મુળનાયક ભગવંતનો ૨૦×૩૦ આર્ટ પેપર ઉપર પ્રીન્ટ પ્રકાશન વિ. સં. ૨૦૨૪ કા. વ. ૨

૩. ત્રીજું સોપાન :- શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનાવલી ૧૦૮ તીર્થોના મુળનાયક ભગવંતો દેરાસરોને ઇતિહાસ પરિચયની બુક વિ. સં. ૨૦૨૬ પો. સુ. ૧૧ પ્રકાશન સુરત બીજી આવૃત્તિ વિ. સં. ૨૦૩૯

૪. ચોથું સોપાન :- શ્રી ૧૦૮ જૈન તીર્થ મુળનાયક ભગવંત દર્શન આલ્બમ સં. ૨૦૪૦

૫. પાંચમું સોપાન :- શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન અને શ્રી સમવસરણ મહામંદિર પાલીતાણા વિ. સં. ૨૦૪૧ માગશર સુદ-૬ પ્રતિષ્ઠા દિન

૬. છઠ્ઠુ સોપાન :- શ્રી ૧૦૮ તીર્થપટ્ટ પ્રતિષ્ઠા દિન વિ. સં. ૨૦૪૨ ફા. સુ. ૩ ગુરુવાર પાલીતાણા













વિ.સં. ૨૦૩૧ મહાસુદ ૨ શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવનના ખનનવિધિ પ્રસંગના દ્રશ્યો.

## શ્રી સિદ્ધગિરિની ગોદમાં શ્રી નેમિ વિજ્ઞાન કસ્તૂરસૂરિ ધર્મોદ્યાનમાં
## શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન અને સમવસરણ મંદિરના આદ્યપ્રેરક
## પરમ પૂજ્ય ધર્મરાજા પ્રાકૃત વિશારદ આચાર્ય
## શ્રી: વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજાની

# જીવન ઝરમર

સંકલિત : ગણિવર્ય શ્રી **સોમચંદ્રવિજયજી**

જગતના જીવોને અભયમાર્ગ તેમજ મુક્તિમાર્ગ દાતા શ્રી જિનેશ્વર ભગવંતના શાસન રસિક ધર્માત્માઓ અને તે ધર્માત્માઓથી શ્રી જિન શાસનની અનેક વિધી પ્રભાવક પ્રવૃત્તિઓથી મઘમઘતું થયેલ ગુજરાતનું પાટનગર અમદાવાદ રાજનગરએ આપણા ગુરુદેવ ધર્મરાજાનું જન્મ સ્થાન.

**બહુરત્નાવસુંધરા :**

અમદાવાદ માણેકચોક પાસેની ખેતરપાળની પોળમાં રહેતાં ફતેહચંદ મનસુખભાઈ ક્રીનખાબવાળાના નામથી સુપ્રસિદ્ધ કુટુંબમાં વસતાં પિતા **અમીચંદભાઇ** માતા **ચંપાબેનના** પુત્ર તરીકે વિ. સં. ૧૯૦૧ પોષ વદ ૧ ના પવિત્ર દિને ધર્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીજીનો જન્મ થયો. અને નામ તેમનું કાંતીલાલ.

વિક્રમની વીસમી સદીના વયોવૃદ્ધ જ્ઞાનવૃદ્ધ અને ચારિત્ર વૃદ્ધ સંઘસ્થવિર આચાર્ય દેવશ્રી વિજયસિદ્ધીસૂરીશ્વરજી મ. સા. (બાપજી મ. સા.) પણ આજ કુટુંબના પુત્ર હતાં.

જે કુટુંબમાં ધર્મ સંસ્કારની પરંપરાની જાળવણી તડીલો સજાગ થઈ કરતાં હોય તો તેઓના બાળકોમાં તે સુસંસ્કારો પ્રતિબિંબિત થતા વાર નથી લાગતાં તેમ ધર્મ સંસ્કારોના બળે તથા જન્મ જન્માંતરની કોઇ અનોખી સાધનાના જોરે કાંતિલાલનો ધર્મરંગ, વૈરાગ્યરંગ, બાલ્યાવસ્થામાં જ દિન–પ્રતિદિન વૃદ્ધિ પામતો હતો. રતિભાઇ હિંમતભાઇ તથા નાનાભાઇ વિગેરે કુટુંબીજનો સાથે તે સંસ્કારો વિશેષ રીતે પાંગરવા માંડ્યા અને જીવન એક સાધનાની સિદ્ધિનું અણમોલ ક્ષેત્ર છે. એમ દૃઢપણે સમજતા હતાં.

**પ્રવજયાના પુનિતપંથે પ્રયાણ :**

પારસમણીનો સ્પર્શ તો લોહને સુવર્ણરૂપે પમાડે પણ સત્સંગનો રંગ જીવનમાં શું ન પમાડે? તેમ એક સદ્ભાગ્ય દિને પ. પૂ. શાસન સમ્રાટ્ આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. અમદાવાદ પાંજરાપોળના ઉપાશ્રયે વિરાજીત હતાં.

પૂજ્યશ્રીના શિષ્ય પંન્યાસ શ્રી વિજ્ઞાનવિજયજી ગણિ મ. સા.ના પરિચયમાં આપણા ચરિત્ર નાયકનો સત્સંગ થયો. અને પવિત્ર પુરૂષના સંગે કાંતિભાઇનો સંયમ

રંગ દઢ થતો ગયો. તેથી એક ધન્યાતિ ધન્ય દિને વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ ૩ના રોજ ભવિષ્યના શાસનોદ્યોતકર બનનાર ચરિત્ર નાયકે મેવાડની ધન્ય ધરતી માવલી સ્ટેશન પાસેના ગોધૂમ ક્ષેત્રમાં શાંતમૂર્તિ વાત્સલ્ય વારિધિ પંન્યાસ શ્રી વિજ્ઞાનવિજયજી મ. સા. પાસે સર્પ જેમ પોતાની કાંચળી ઉતારે તેમ સંસારની માયા ટાળી મહાભિ-નિષ્ક્રમણના પંથે પ્રયાણ પ્રારંભી દીધું.

નવ દીક્ષિત મુનિશ્રી તેઓશ્રીજીના શિષ્યબન્યાં અને સંયમદાતા ગુરૂદેવશ્રીએ પોતાના નૂતન શિષ્યને મુનિશ્રી કસ્તૂરવિજયજી નામે સ્થાપિત કર્યા.

**સાધનામય જીવન :**

૧૯ વર્ષની ભરયુવાનીમાં સંયમ સ્વીકાર્યાબાદ સંયમદાતા ગુરુદેવશ્રીની નિશ્રામાં જ્ઞાન–તપ–વિનય–વૈયાવચ્ચ–ભક્તિ–સ્વાધ્યાયની તીવ્રતા અને નિષ્ઠાપૂર્વકની ગુરુચરણ સેવાનું સુમધુર ફળ આપણા નવ દિક્ષિત મેળવવા લાગ્યાં.

તેમજ નિખાલસવૃત્તિ સાધનાની અત્યંત ભૂખ, શીલ, સમતા–સ્વાધ્યાય–સંતોષ સાદાઈ–સરળતા વિગેરે સુસંસ્કારોનું સિંચન ગુરુકુળવાસમાં પણ એવી રીતે થયું કે જેથી ગુર્વાદિકની કૃપાવર્ષાને પામ્યાં. તેથી જ તો સહજ રીતે તેમના જીવનમાં ગુરુભક્તિ–શ્રુત ભક્તિ અને ચારિત્ર ભક્તિનો અલૌકિક ત્રિવેણી સંગમ બહુ અલ્પ સમયમાં જ પ્રાપ્ત થયો.

છેલ્લાં કેટલાય દાયકાથી સુષુપ્તાવસ્થામાં રહેલી પ્રાકૃતભાષાને ચેતનવંતી કરી પુનઃજીવન આપ્યું અને તેઓ પ્રાકૃત વિશારદ, સાહિત્યના મર્મજ્ઞાતા અને આગમજ્ઞ પણ હતાં. તેમજ પોતાના સુવિશાળ જ્ઞાનદ્વારા પ્રાકૃતમાં પાઈય વિન્નણ કહા, પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા, સિરિજંબુસામી ચરિયં, સિરિ વિજયચંદ કેવલી ચરિયં આરામસોહા કહા, સિરિઉસહનાણચરિયં, સિરિચંદરાય ચરિયં, વિગેરે.

સંસ્કૃતમાં પંચ નમસ્કાર સ્તવવૃત્તિ, સૂર્યસહસ્ર નામ માલા, ચતુર્વિંશતિજિન સ્તવવૃત્તિ, અભિધાન ચિંતામણીકોશ "ચંદ્રોદયટીકા" વિગેરે. અને ગુજરાતીમાં શ્રાવક ધર્મ વિધાન, વિનય સૌરભ, પ્રાકૃત વિજ્ઞાન કથાઓ ભાગ ૧–૨, જ્ઞાત પુત્ર શ્રમણ ભગવાન મહાવીર, વિગેરે ૩૩ પુસ્તકોનું સંપાદન–સંશોધન કર્યું હતું. આથી જીવનમાં પ્રાપ્ત થયેલ જ્ઞાન–ગંગાનો અખૂટ ખજાનો સંઘ–શાસનને કાયમ માટે સમર્પિત થયો.

તેમ છતાં જીવનમાં ક્યારેય પણ પાંડિત્યનો દેખાવ કરવો, કીર્તિ નામનાના મોહમાં ખેંચાવું પોતાનો મહિમા વધારવા આડંબરો રચવા એ એમના સ્વભાવમાં જ ન હતું બલ્કે વધુ ને વધુ શ્રુતજ્ઞાન પ્રતિકૃતજ્ઞતા દાખવતાં હતાં. આ તેમનો વિશિષ્ટતમ ગુણ હતો. તેથી શ્રમણ સંઘના ચિંતામણી રત્ન સમાન આ દિવ્ય વિભૂતિને આ યુગના યુગપ્રધાન શાસન સમ્રાટ્ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજાની અસીમ કૃપાથી તેઓને પ્રવર્તક, ગણિ, પંન્યાસ, ઉપાધ્યાય અને સુરિપદ જેવા એક એકથી ચઢીયાતા પદોએ આરૂઢ કરી સુશોભિત કર્યા હતાં.

સત્ યુગના કોઈ સંતપુરૂષ કળીયુગમાં ઉતરી આવ્યાં હોય તેમ નિખાલસતા–

ઋજુતા અને ભદ્રિકતાને કારણે તેઓએ સ્વ–પર સમુદાયના અનેક સૂરિવરો તથા મુનિવરોના હૃદયમાં માન ભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

નિરાભિમાની પૂ. ધર્મરાજાને પોતાના પરમોપકારી ગુરુદેવશ્રીજી પ્રત્યે આત્મ સમર્પણ ભાવ ઉચ્ચ કોટિનો હતો. અને તેમની અપાર કૃપા વર્ષાને પરિણામે પ્રાપ્ત થયેલ અનમોલ સર્વ સંપદાના ઋણને યત્કિંચિત્ અદા કરવા ઉપરનો અનુમોદનીય પ્રયાસ કર્યો. આવી ઉત્કટ ગુરુનિષ્ઠાની ધરી ઉપર અવલંબતા સ્વાધ્યાય અને સાધનાના નૈષ્ઠિક ચક્રયુગલ પર વિશુદ્ધ સંયમનો તેજસ્વી રથ મુક્તિ માર્ગના મંગલ પંથ પર તેઓ દોડાવી શક્યા હતાં. તેથી બિલકુલ અતિશયોક્તિ રહેતી નથી.

**શાસનોદ્યોતક પાવન પ્રસંગો :–**

સૂરિમંત્ર સાધક ધર્મરાજાએ વહેલી સવારે ધ્યાનના વિષયમાં સાક્ષાત્ સમવસરણસ્થ ભાવ જિનેશ્વરના દર્શન થયા અને આવું કોઈ પવિત્ર સ્થાન સમોસરણ જેવું બને તેવી ઝંખના થઈ અને તેમના વિનેય શિષ્ય શ્રી ચંદ્રોદયવિજયજી મ. સા. ( હાલ આચાર્ય શ્રી વિજયચંદ્રોદયસૂરિજી ) છેલ્લા પ્રાયઃ ૧૫ વર્ષથી ભારે જહેમત ઉઠાવી તથા પોતાના ગુરુબંધુ ( સંસારી મોટાભાઇ ) પૂ. આચાર્ય શ્રી વિ. અશોકચંદ્રસૂરિજી મ. સા. મુહૂર્ત્તાદિ સંપૂર્ણ સહકાર આપી સમોસરણની ઝંખનાને સાકાર બનાવી છે. તેમજ બંને ગુરુબંધુઓએ ઉપકારી ગુરુદેવના છેલ્લા ૩૨ વર્ષથી સતત સાનિધ્યમાં રહી ગુરુભક્તિ અનુભવજ્ઞાનાદિ ગુણો સંપાદન કરેલ છે. અને અત્યારે ગુરુભક્તિના મીઠા ફળો અનુભવી રહ્યાં છે.

ધર્મરાજાશ્રીની પુન્ય નિશ્રામાં મુંબઇ – માટુંગા – સુરત – ભાવનગર સાબરમતી અંજન શલાકાઓ થઈ હતી. અને પ્રતિષ્ઠાઓ મુંબઇ-માટુંગા-ચોપાટી, પ્રાર્થના સમાજ, કુર્લા, નમિનાથજી ( પાયધુની ) કોટ તેમજ સુરત, શાહપોર, વડાચૌટા, ગોપીપુરા, છાપરીયા શેરી, દેસાઈ પોળ, અમદાવાદ સાબરમતી, સરખેજ, અને છેલ્લે તેઓએ કરેલ જિનશાસન પ્રભાવક પ્રસંગો ઉપર સુવર્ણ કળશની જેમ પાલીતાણા સિદ્ધગિરિ ઉપર નવ નિર્મિત બાવનદેવ કુલિકાઓથી અત્યંત શોભાયમાન જિન પ્રાસાદોમાં ૫૦૪ પ્રભુજીની પ્રતિષ્ઠા કરી તેમજ વૃદ્ધાવસ્થા હોવા છતાં દરેકે દરેક પ્રભુજીને વાસક્ષેપ કરી જીવનને ધન્યતમ બનાવ્યું હતું. એટલે પોતે જ્યાં બિરાજમાન હોય ત્યાં સર્વત્ર ચોથો આરો હોય તેમ સર્વને લાગતું હતું.

જીવનની સર્વોત્કૃષ્ટ સાધનાને સિદ્ધ કરી ચૂકેલા આ દિવ્ય વિભૂતિને સંવત ૨૦૩૨ વૈશાખ વદ ૧૩ની સાંજે તબીયત નરમ થતાં સોજીત્રામાં હૃદય રોગનો હુમલો થયો ને જાણે મૃત્યુ સ્વર્ગગામીની ટીકીટ દેવા આવ્યો હોય તેમ વધારે વધારે શરીર ઉપર હૃદય રોગના હુમલાની અસર દર્શાવતો હતો. તેમ છતાં પોતે પ્રસન્ન ચિત્તે વધુને વધુ સ્વાધ્યાય-ધ્યાનની મસ્તીમાં મહાલતાં જણાતાં હતાં. આ સમયે સર્વ

મુનિ ભગવંતો તથા સંઘના આગેવાનો, ભક્તગણ વિગેરે સેવામાં ખડે પગે તૈયાર હતાં. અને એક બાજુ જીવન દીપ બુઝાવાની તૈયારીમાં વધુ આત્મ તેજ પાથરતો હતો. છતાં પણ સાધક સૂરિજીને ૐ હ્રીં અર્હં નમઃ નો જાપ ચાલુ જ હતો. જાણે જીવન પર્યંતૂ કરેલી ગુરુપાસના-શ્રુતોપાસના અને શાસનોપાસના ન હોય શું ?

વહેલી સવારે ૪ કલાક ૨ મિનિટે જાણે ભૂમિતલ ઉપરનું પોતાનું કાર્ય સંપૂર્ણ થઇ ગયું હોય તેમ સ્વર્ગે પધાર્યા તે પહેલા ૩-૩ા વાગે તો નિત્ય ક્રમાનુસાર નવકારવાળી, જાપ-ધ્યાન-જીવનમાં કરેલી યાત્રાનું સંસ્મરણ વિગેરે આત્મરમણતાની પ્રક્રિયા ચાલુ જ હતી. આ જીવનની અંતિમ ક્ષણોમાં પણ સંયમ સાધનાનો તેજ ચળકાટ વાતાવરણમાં ચોમેર સાધનાની ખુશબુને પ્રસારી સર્વેને ગમગીન અને આંસુભીના કરી ગયો.

જેની જીંદગીના અંતિમ શ્વાસ સુધી આત્માનો રોમે રોમ જિનશાસન અને ગુરુદેવશ્રીજી પ્રત્યે અખંડ-અતૂટ સ્નેહ, રાગથી બંધાયેલો અને સર્વોત્કૃષ્ટ ગુણોથી સભર આરાધનાએ સર્વેને પ્રેરણાનું પરબ બની રહે કાયમનો જાજરમાન અપૂર્વ ઇતિહાસ બની રહે તે માટે સકલ શ્રી સંઘના દર્શનાર્થે ધર્મરાજાની ગુરુમૂર્તિ, ગુરુમંદિરની પ્રતિષ્ઠા સોજીત્રામાં થયેલ છે.

આ રીતે સિદ્ધાંત મહોદધિ, ગુણગાંભીર્ય નિધિ, શ્રુત સ્થવિર કૃપાળુશ્રીએ પોતાનું જીવન કૃત કૃત્ય, ધન્યાતિધન્ય બનાવી જિનશાસનના અનેક પ્રભાવ પૂર્ણ કાર્યોથી પોતાનું નામ જૈન શ્રમણોની પરંપરામાં તેમજ જૈન શ્રુત સાહિત્યના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત કર્યું છે.

## ગુરુ ગુણ ગુંજન

નામે કસ્તૂર ગુણે કસ્તૂર કસ્તૂરી સમ સુવાસ ઝરે,
એ સૂરિવરના દર્શન વંદન ભવિકના ભવ તાપ હરે;
શાસન સેવા કરી ગયાં છો પ્રાકૃતિ વિશારદ બિરૂદ ધરી,
ધર્મરાજા એ કસ્તૂર સૂરિને અમ વંદન હો ભૂરી ભૂરી. (૨) ૧

સૂરિ સમ્રાટની પાટ દીપાવી શોભા અધિકી વધારી,
વિજ્ઞાનસૂરિની કૃપાદૃષ્ટિએ સકલ સંપદા સાધી;
સૂરિચંદ્રોદય અશોકચંદ્રએ આજીવન સેવા કીધી,
આપની ઝંખના સાકાર કરીને દૃષ્ટિ નિર્મલ દીધી (૨) ૨

જેહની પુણ્ય સ્મૃતિ આજે સિદ્ધગિરિમાં અમર બની,
સમવસરણ મંદિરની શોભા જિનશાસનમાં ઝળકી રહી;
એ મહા મંદિરના દર્શન કરવા આવે છે સહુ નર નારી,
દર્શન આપો પ્યારા ગુરુજી (૨) દાદા કસ્તૂરસૂરિ (૨) ૩

પ. પૂ. ગુરુદેવ ધર્મરાજા શ્રીમાનની

## આછી જીવન ઝરમર

જન્મદિન : વિ. સં. ૧૯૫૭ પોષ વદ ૧ સને ૧૯૦૧
જન્મસ્થળ : માણેકચોક, ખેતરપાળની પોળ રાજનગર, અમદાવાદ.
જન્મનામ : કાંતિભાઇ અમીચંદ.
પિતાશ્રીનું નામ: અમીચંદ ફતેચંદ મનસુખભાઇ કીનખાબવાળા.
માતાજીનું નામ: ચંપાબેન અમીચંદભાઇ.
બંધુઓ : હિંમતભાઇ તથા રતીભાઇ.
દીક્ષા દિન : વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ ૩ મેવાડ.
પ્રવર્તક પદ : વિ. સં. ૧૯૯૧ ફાગણ વદ ૨ કદંબગિરી.
ગણિ પદ : વિ. સં. ૧૯૯૪ કારતક વદ ૧૧ જામનગર.
પંન્યાસ પદ : વિ. સં. ૧૯૯૪ માગસર સુદ ૨ જામનગર.
ઉપાધ્યાય પદ : વિ. સં. ૧૯૯૭ માગસર સુદ ૩ સુરત.
આચાર્ય પદ : વિ. સં. ૨૦૦૧ ફાગણ સુદ ૪ બુરાનપુર.
સ્વર્ગવાસ : વિ. સં. ૨૦૩૨ વૈશાખ વદ ૧૪ સોજીત્રા.
સંયમ પાલન : વરસ ૫૬.

## શ્રી સમવસરણ મહામંદિરના માર્ગદર્શક પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય-ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજશ્રીનો ટુંક પરિચય.

—સંપાદક પ. પૂ. ગણિવર્ય શ્રી સોમચંદ્રવિજયજી મહારાજશ્રી

અનુમાન કરો કે–કોઇપણ ઉપાશ્રયનું વિશિષ્ટ સ્થાન કે જ્યાંથી ચારેય બાજુની દરેકની પ્રવૃત્તિ ઉપર લક્ષ્ય આપી શકાય અને લોકનજરમાં તરત જ આવી શકે તેવા સ્થાન ઉપર નહીં ઉંચી–નહીં નીચી એવી પાટ ઉપર અનોખી આત્મસૂઝ, વિશિષ્ટ નિર્ણાયક શક્તિ અનુપમ પ્રતિભા ધરાવતી, સૌમ્યાકૃતિ યુક્ત વ્યક્તિ બેઠેલી છે. આસપાસ કેઈક ગામોની જુદી જુદી સંસ્થાના કાર્યકરો પોતપોતાની વાતો કરવા વીંટળાઇને બેઠેલા છે, તે દરેકની વાતો વિચારો સાંભળી કોઈપણ જાતના શારીરિક શ્રમને ગણ્યા વિના કંટાળા વગર સંઘ, સમાજ અને શાસનનું કેવળ હિતજ લક્ષ્યમાં રાખી અનેક શાસનોપયોગી કાર્ય કરી રહ્યા છે તે જ છે. શાસનપ્રભાવક પરમાદેયવચન ચંદ્રોજ્જવલ કીર્તિ પ. પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

## લોકોના લાડિલા "લાલા"

પુણ્યવંત પુરુષોના પાવન પગલાથી પવિત્ર બનેલી સૂર્યપુર (સુરત) ની ધરતીમાં સુપ્રતિષ્ઠિત ખીમચંદ સ્વરૂપચંદ સંઘવીનું કુટુંબ વસી રહ્યું છે. તે કુટુંબમાં ખીમચંદભાઈના બે પુત્રો ચીમનભાઈ તથા ચુનીભાઈ સમજી લો જાણે રામ–લક્ષ્મણની અતૂટ જોડી.

ચીમનભાઇના ધર્મપત્નિ કમળાબેન જાણે ધર્મલક્ષ્મીના સાક્ષાત અવતાર. જેમની

કુક્ષિએ ચાર પુત્રના જન્મ થયા બાદ વિ. સં. ૧૯૮૪ ના મહા સુદ ૬ ના પુણ્યદિને પુત્રરત્નનો જન્મ થયો. જાણે કોઇ દેવબાળ જ માનવને દેવસ્વરૂપ બનાવવા અવનીતલ પર આવ્યો હોય નહી !

"પુત્રના લક્ષણ પારણામાં" એ લોકોક્તિ અનુસાર બાળપણથી જ ગુણાનુસાર તેમનું નામ સ્થાપન કરવામાં આવ્યું "સુરવીંદચંદ." જાણે ભવિષ્યમાં ધર્મશૂરવીરતાનું ખ્યાન આપતું હોય નહી ! નામ તો ફક્ત સ્થાપનરૂપે જ રહ્યું. પૂર્ણ દેહલાલિત્ય અને શ્વેત વાનને કારણે તેઓ "લાલા" તરીકે જ સમગ્ર સુરતમાં ખ્યાતિ પામ્યા. સમય જતા વ્યાવહારિક અભ્યાસ સાથે માત-પિતાના ધાર્મિક સંસ્કારોથી પણ વાસિત થવા લાગ્યા.

યોગાનુયોગ વિ. સં. ૧૯૯૩ ની સાલમાં પ. પૂ. શાસનસમ્રાટ્ આ. શ્રી વિજય-નેમિસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પ. પૂ. આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી મ. સા. તથા ઉપા. શ્રી કસ્તૂરવિજયજી ગણિવરનું સુરત-વાડીના ઉપાશ્રયે ચાતુર્માસ થતા તેઓશ્રીની વૈરાગ્યસભર વાણી અને સતત પ્રેરણાથી "લાલા"નો અંતરાત્મા સંસારની ઉપરછલ્લી લાલાશને જાણી જાગી ઉઠ્યો. તેથી નિશાળમાં કે સંસારમાં એને કાંઇ જ ચેન પડતું નથી. ઘરેથી નીકળે નિશાળે જવા, પણ પહોંચી જાય ઉપાશ્રયે. અને જ્યાં રીસેસનો ડંકો સંભળાય એટલે ઉપાશ્રયથી બાળકો સાથે બાળ સહજ તોફાન-મસ્તી કરતા ઘર ભેગા. જેથી કોઇને ખ્યાલ જ ન આવે કે "લાલો" નિશાળે જાય છે કે ઉપાશ્રયે? કેવી સંયમ લેવાની તીવ્રતા! ત્યારપછી પ. પૂ. આ. શ્રી વિજયલાવણ્યસૂરિજી મ. સા. આદિના સમાગમમાં પણ તેઓ સતત રહેતા સંસારની અસારતા તથા સંયમની મહત્તાનો ખ્યાલ આવતો જ ગયો.

પછી તો મરણાંત કષ્ટ જેવી ટાઇફોડની ભયંકર બીમારી પ્રબળ અશાતાવેદનીય કર્મના ઉદયે આવતા જીવનની આશા પણ રહી નહિ. તે સમયે જ તેઓએ મનોમન દૃઢ નિર્ધાર કર્યો કે-તબીયત પૂર્વવત્ સારી થતાં જ કોઇ પણ સંયોગોમાં સંયમ સ્વીકારીશ. આમ ભયંકર બીમારી પણ જીવનની અનુપમ તાજગીમાં નિમિત્તરૂપ બની.

સ્વાસ્થ્ય અનુકૂળ થતાં જ-"કુટુંબીજનો મોહ-મમત્વના કારણે સંયમ માટે અનુમતિ નહિ આપે" તેવી ધારણાથી કોઇને જણાવ્યા વગર ઘરેથી નીકળી પ. પૂ. આ. શ્રી વિજયવિજ્ઞાન-સૂરિજી મ. વિહાર કરી જ્યાં ગયા હતા તે ગામમાં ગયા અને અભ્યાસ કરવા લાગ્યા.

કુટુંબીજનોએ ચારે બાજુ તપાસ આદરી. સમાચાર મળતાં જ પાછા ઘરે તેડી લાવ્યા અને તેમને સંસારના બંધનમાં નાંખવા 'વિવાહ'ની વાતો કરવા લાગ્યા પરંતુ આ તો હતા "લાલા" સાથે "સુરવીંદ" તે આવી વાતોથી પોતાના નિર્ણયમાંથી ડગે શાના ?

પોતાની જેટલી સંયમની તીવ્ર ભાવના તેટલી જ સામે તીવ્ર અસંમતિ, બેમાંથી એકેય મચક ન આપે. એ સમયે ભવિતવ્યતાના યોગે ધર્મમૂર્તિ "મા કમળા" જીવલેણ બીમારીમાં પડ્યા. અને તેમના મનમાં વિચાર આવ્યો કે-જીવનમાં ઘણા લ્હાવા લીધા પરંતુ કોઈની 'છાબ' માથે લીધી નથી તો હું શું છાબ લીધા વગર જ ચાલી જઇશ ? કુટુંબને ભેગું કરી પોતાની ભાવના જણાવી. વાત સાંભળતાં જ તરવરીયા યુવાન સુરવિંદે

યોગ્ય અવસર જાણી ખમીર ભર્યો સૂરથી પોતાનો સૂર પુરી પોતાની ભાવના જાહેર કરી અને સંમતિ મળી. તેમનો મનમયૂર નાચી ઉઠ્યો. આનંદ વિભોર લાલાની લાલિમા મુખારવિંદ ઉપર ચમકી ઉઠી.

## "લાલા" બને છે "લાલા" મહારાજ !

માતા કમળાની તબીયતને લક્ષ્યમાં રાખી નજીકના જ મુહૂર્ત જોવરાવવામાં આવ્યા અને વિ. સં. ૨૦૦૦ના માગશર વદ ૧ નું મુહૂર્ત નક્કી થવા છતાંય કેટલાક સગાં–સ્નેહિ–સ્વજનો સ્વકીય સામાન્ય સ્વાર્થને સિદ્ધ કરવા સુરવિંદને સમજાવવા લાગ્યા. પણ શાશ્વત સુખના અભિલાષી શુરવીર આત્મા સંસારના ક્ષણિક સુખોમાં મુંઝાય શેનો ?

સૂર્યપુરના આંગણે છેલ્લા કેટલાય વર્ષોથી આવી યુવાનવયે દીક્ષાનો પ્રસંગ બન્યો ન હતો. તેથી લોકોમાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું. દીક્ષાનો વરઘોડો મા. વ. ૧ ના રોજ ફરી છેક બપોરે ૧ વાગ્યા બાદ 'શ્રી રત્નસાગરજી હાઈસ્કુલના વિશાળ પટાંગણમાં ઉતર્યો. લોકોના અદમ્ય ઉત્સાહ–ઉમંગભર્યો વાતાવરણમાં દીક્ષાપ્રસંગ સંપન્ન થયાં. અને મુનિશ્રી ચંદ્રોદયવિજયજી નામે પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. શ્રીના શિષ્ય બન્યા. છતાંય લોકો તો તેમને "લાલા મહારાજ" તરીકે જ ઓળખતા. આજે પણ સુરતના લોકો તેમને તે નામથી જ ઓળખે છે.

## ગુરુસમર્પિત મુનિ ચંદ્રોદયવિજય

સંયમ સ્વીકાર્યા બાદ તે જ વર્ષે ફા. સુ. ૫ ની વડી દીક્ષા થઈ. સંયમપર્યાયની વૃદ્ધિની સાથે જ તેમના જીવનમાં દિન–પ્રતિદિન ગુરુસમર્પણ આદિ વિશિષ્ટ ગુણોની પણ વૃદ્ધિ થવા લાગી. અને તે એટલે સુધી કે પૂજ્ય ગુરુદેવશ્રીના અંતિમ શ્વાસ પર્યંત. પોતાનું સમર્થ વ્યક્તિત્વ, પ્રબળ પુણ્યાઈ, તેમ જ વિશાળ શિષ્ય પરિવાર હોવા છતાંય પૂ. ગુરુદેવની નિશ્રા છોડી નહીં એટલું જ નહીં પરંતુ તેઓશ્રીની નાની કે મોટી આજ્ઞાનું ઉલ્લંઘન નહીં કરવા સાથે હરહંમેશ ગુરુભક્તિ બજાવવા સદાય તત્પરતા દાખવી છે. તેથી જ તેઓ પૂર્ણ ગુરુકૃપાપાત્ર બનવા સાથે જ્ઞાનગંગાસ્વરૂપ ગુરુદેવશ્રીની નિશ્રામાં પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રન્થ, ન્યાય, વ્યાકરણ, સાહિત્યના વિશાળ અભ્યાસ સાથે આગમનું તેમજ કર્મસાહિત્યનું તાત્ત્વિક જ્ઞાન, સરહસ્ય મેળવી શક્યા છે. સાથોસાથ પૂ. ગુરુદેવશ્રીની વ્યવહાર કુશળતા તેમજ પૂ. ગુરુદેવશ્રી ધર્મરાજાના ગુણોનો સંક્રમ તેમનામાં થયો. તેથી આજે પણ કટોકટીભર્યા પ્રસંગે વ્યવહારુ નિર્ણયો લેવાની કુનેહ તેમજ અનેક શાસન પ્રભાવનાની પ્રવૃત્તિમાં પઠન પાઠન-વાચના આદિ વિદ્યાવ્યાસંગ તેમનામાં જળવાઈ રહ્યો છે. આજે તેઓ ઉન્નતિની ટોચે બિરાજે છે તે ગુરુસમર્પણથી પ્રાપ્ત પૂ. ધર્મરાજા ગુરુદેવશ્રીની પૂર્ણકૃપાનું જ અનુપમ ફળ છે. તેમ કહેવું અતિશયોક્તિભર્યું નથી.

## વ્યાખ્યાનવાચસ્પતિ મુનિ ચંદ્રોદયવિજય

પૂ. દાદાગુરુ પૂ. આ. શ્રી વિજ્ઞાનસુરિજી મ.ની નિઃસ્પૃહતા અને પૂ. ગુરુદેવશ્રીની અનુપમ જ્ઞાનોપાસનાની પ્રવૃત્તિના કારણે દીક્ષાપર્યાયના અલ્પ વર્ષોમાં જ સમુદાયની તેમજ વ્યાવહારિક સારીય પ્રવૃત્તિનો બોજ તેમના શિરે આવી ગયો. તેથી જ તો પૂ. વડીલોની

આજ્ઞાથી વિ. સં. ૨૦૦૯ માં જવાલથી ઉગ્ર વિહાર કરી અમદાવાદ પાંજરાપોળ ઉપાશ્રયે સૌ પ્રથમ ચાતુર્માસ કર્યું. કહેવાય છે કે–ત્યારે પણ તેમની વૈરાગ્ય સભર વાણી સાંભળવા ભાવુકોની અપૂર્વ ભીડ જામતી. કારણ કે વર્ણનીય પ્રસંગનું તાદશ ચિત્ર ખડું કરી શ્રોતાઓને તરબોળ કરી લેવાની હકીકતોને સચોટ અને સરળ રીતે રજુ કરવાની, યથા પ્રસંગ પ્રોત્સાહિત કરવાની તથા સુકૃતમાં સદ્વ્યય કરાવવા માટે પ્રેરિત કરવાની તેમનામાં અજોડ શક્તિ સહજ છે. તેથી જ તેમની અમૃતવાણી સાંભળવી એ જીવનનો લ્હાવો ગણાય છે તે ઉપરાંત તેમની વાણીમાં પ્રાચીનતા તેમજ આધુનિકતા, આગમિક તથા વ્યાવહારિક દૃષ્ટાંતો, તાત્ત્વિક, માર્મિક અને સર્વજન ગ્રાહ્ય પદાર્થોનો સમન્વય હોવાથી તેમનું પ્રવચન કેવળ સુશ્રાવ્ય ન રહેતાં ચિંતનીય અને મનનીય બની રહ્યું છે. આવી તેમની સંવેગ સભર વાણીથી અનેક આત્માઓ ધર્મસન્મુખ બનવા સાથે સંસારની અસારતા, માનવભવની મહત્તા અને સંયમ જીવનની દુર્લભતા જાણી અણગાર તથા અણુગાર ધર્મના માર્ગે આત્મ કલ્યાણ કરી રહ્યા છે. આવી ધર્મમાર્ગે પ્રેરક વ્યાખ્યાન શૈલીથી "વ્યાખ્યાન વાચસ્પતિ" તરીકે જબ્બર લોકચાહના મેળવી શકયા સાથે લોકો આદેયવચનવંતનો પ્રત્યેક બોલ ઝીલી લેવા સદાય હોંશપૂર્વક તૈયાર રહે છે.

## શાસનદીપક આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી

આ રીતે તેમની અનેક વિધ આત્મશક્તિ નિહાળી વિ. સં. ૨૦૧૧ના પુનામાં ગણિપદ તેમજ ઘાટકોપર મુંબઈમાં પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવ્યા તે દરમ્યાન ઉપધાન, દીક્ષા, પ્રતિષ્ઠા આદિ ધર્મકાર્યો વિપુલ સંખ્યામાં સામૂહિક વિશિષ્ટ તપશ્ચર્યા આદિ થયા. વિવિધ શાસન પ્રભાવનાની પ્રવૃત્તિ કરાવવાની વિશિષ્ટ શક્તિથી જુદા જુદા ગામો શહેરોમાં ચાતુર્માસ તથા શેષકાળમાં શાસનપ્રભાવના કરાવતાં જ રહ્યા આથી તેઓ જ્યાં વિરાજમાન હોય ત્યાં ચોથો આરો વર્તે એવી લોકવાયકા પ્રસિદ્ધ બનવા પામી. વિ. સં. ૨૦૨૪ના પોષ વદ ૬ના રોજ જન્મભૂમિ સુરતમાં તેઓશ્રીને ઉપાધ્યાય પદથી અલંકૃત કરવામાં આવ્યા ત્યારબાદ શાસનના અનેક વિધ કાર્યો કરવાની તેઓશ્રીની સહજ શક્તિ જાણી, સૂરિપદ માટે તેઓની પ્રૌઢતા અને યોગ્યતા જાણી વિ. સં. ૨૦૨૯ના મા. સુ. ૨ ના રોજ સુરેન્દ્રનગરમાં તેઓશ્રીને આચાર્ય પદે વિરાજિત કરવામાં આવ્યા.

### સંયમીના પગલે પગલે

તેઓશ્રીએ સંયમ સ્વીકારતા જ તેઓશ્રીના સંસારી સંબંધીઓમાં સંયમ સ્વીકારવાનો સ્રોત શરૂ થયો.

તેઓશ્રીના પગલે પગલે તેમના સંસારી વડીલ બંધુ શ્રી અમરચંદભાઈ તે મુનિ અશોકચંદ્રવિજય હાલ આ. શ્રી અશોકચંદ્રસૂરિ વિ. સં. ૨૦૦૭ માં સંસારી પિતાશ્રી



## શ્રી સમવસરણ મહામંદિરના મુખ્ય મુહૂર્ત દાતા

# પ. પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની જીવન ઝરમરની ઝાંખી

૧ **જન્મ સ્થળ** :- સુરત ગોપીપુરા, કાયસ્થ મોહલો.
૨ **જન્મ દિવસ** :- વિ. સં. ૧૯૮૦ શ્રાવણ વદ ૫.
૩ **જન્મ નામ** :- અમરચંદ ચીમનલાલ સંઘવી.
૪ **પિતાનું નામ** :- ચીમનલાલ ખીમચંદ સરૂપચંદ સંઘવી.
૫ **માતાનું નામ** :- કમળાબેન ચીમનલાલ સંઘવી.
૬ **સંસારી બંધુઓ** :- શાંતિભાઈ. બાબુભાઈ, કુસુમભાઈ, જયંતીભાઈ.
૭ **દિક્ષા દિન** :- વિ. સં. ૨૦૦૭ વૈશાખ વદ ૭.
૮ **ગણિ પદવી દિન** :- વિ. સં. ૨૦૨૪ વૈશાખ સુદ ૧૦ સુરત.
૯ **પંન્યાસ પદવી દિન** :- વિ. સં. ૨૦૨૯ માહ સુદ ૧૧ અમદાવાદ.
૧૦ **ઉપાધ્યાય પદવી દિન**-: વિ સં. ૨૦૩૩ ફાગણ સુદ ૩ સોજિત્રા.
૧૧ **આચાર્ય પદવી દિન** :- વિ. સં. ૨૦૩૪ ફાગણ સુદ ૨ મુલુંડ, મુંબઈ
૧૨ **પિતાશ્રી દિક્ષા** :- સ્વ મુનિશ્રી પ્રસન્નચંદ્રવિજયજી મ. સં. ૨૦૧૪ સ્વર્ગવાસ ૨૦૨૨
૧૩ **સંસારિ નાનાભાઇ દિક્ષા**:-વિ. સં.૨૦૦૦ માગશર વદ ૧ પ. પૂ. આ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ.
૧૪ **સંસારી ભત્રિજા દિક્ષા** :- વિ. સં. ૨૦૨૫ પૂ. ગણિવર્યશ્રી સોમચંદ્રવિજયજી મ.
૧૫ **સંસારિ ભત્રિજી દિક્ષા** :- વિ. સં. ૨૦૨૫ સાધ્વી શ્રી યશસ્વિનીશ્રીજી મ.



## પ. પૂ. આ. શ્રી વિજયચંદ્રોદય સુરીશ્વરજી મહારાજ સા.ની જીવન ઝરમરની ઝાંખી

卐

**૧ જન્મસ્થાન**- સુરત ગોપીપુરા કાયસ્થ મહોલ્લો.
**૨ જન્મ દિવસ**-વિ. સં, ૧૯૮૪ મહા સુદ ૬.
**૩ જન્મ નામ**- સુરવિંદચંદ ચીમનલાલ સંઘવી.
**૪ પિતાનું નામ**-ચીમનલાલ ખીમચંદ સંઘવી
**૫ માતાનું નામ**- અ. સૌ. કમળાબેન ચીમનલાલ
**૬ સંસારી બંધુઓ**-શાંતિભાઈ, બાબુભાઈ, કુસુમભાઈ, જયંતીભાઈ.
**૭ દિક્ષા દિન**-વિ. સં. ૨૦૦૦ માગશર વદ ૧.
**૮ ગણિપદવી**-વિ. સં. ૨૦૧૪ મહા સુદ ૧૦ પુના.
**૯ પંન્યાસ પદવી**-વિ. સં. ૨૦૧૫ ફાગણ સુદ ૩ ઘાટકોપર મુંબઈ.
**૧૦ ઉપાધ્યાય પદવી**-વિ સં. ૨૦૨૪ પોષ વદ ૬ નવાપુરા સુરત.
**૧૧ આચાર્ય પદવી**-વિ. સં. ૨૦૨૯ માગશર સુદ ૨ સુરેન્દ્રનગર.
**૧૨ પિતાશ્રી દિક્ષા**-સ્વ. મુનિ શ્રી પ્રસન્નચંદ્રવિજયજી મ. સંવત ૨૦૧૪
**૧૩ પિતાશ્રી સ્વર્ગવાસ**-૨૦૨૨.
**૧૪ સંસારી મોટાભાઈ દિક્ષા**-પૂજ્ય આ. મ. શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ વિ. સં. ૨૦૦૭
**૧૫ સંસારી ભત્રિજા દિક્ષા**-નામ પ. પૂ. ગણિવર્ય શ્રી સોમચંદ્રવિજય વિ સં. ૨૦૨૫
**૧૬ સંસારી ભત્રિજી દિક્ષા**-નામ પૂ. સા. યશસ્વિનીશ્રીજી મહારાજ વિ. સં. ૨૦૨૫

ચીમનભાઈ તે સ્વ. મુનિશ્રી પ્રસન્નચંદ્રવિજયજી વિ. સં. ૨૦૧૪ માં સંસારી વડીલ બંધુ શ્રી શાંતિભાઈના સુપુત્ર હેમંતકુમાર તે હાલ મુનિ શ્રી સોમચંદ્રવિજયજી વિ. સં. ૨૦૨૫ માં સંસારી વડીલ બંધુ શાંતિભાઇની પુત્રી કુમારી નયનાબેન તે હાલ સાધ્વી શ્રી યશસ્વિનીશ્રીજી તરીકે ચારિત્રધારી બન્યા છે.

卐

## શાસનોદ્યોતકર વિશિષ્ટ કાર્યોની આછી ઝલક

- પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં મુંબઇ માટુંગાની અજંનશલાકા પ્રતિષ્ઠા (વિ. સં. ૨૦૧૧)
- સુરત શ્રી ચિંતામણિ જિનાલયમાં અંજનશલાકા પ્રતિષ્ઠા (વિ. સં. ૨૦૨૫)
- ભાવનગરમાં અજંનશલાકા (વિ. સં. ૨૦૩૨)
- વ્યારા બારડોલી સ્ટેશન–કીમ જિનાલયની પ્રતિષ્ઠા (વિ.સં.૨૦૨૫)
- લીંબડી જિનાલયની પ્રતિષ્ઠા (વિ. સં. ૨૦૨૯)
- સરદારનગર–ભાવનગર-જિનાલય પ્રતિષ્ઠા (વિ. સં. ૨૦૩૦)
- મહાવીર વિદ્યાલય ભાવનગર જિનાલય પ્રતિષ્ઠા (વિ. સં. ૨૦૩૧)
- શ્રી સિદ્ધાચલજી ગિરિરાજ પર નૂતન બાવન જિનાલય સહિત ૫૦૪ જિનમૂર્તિઓની પુનઃ પ્રતિષ્ઠા (વિ. સં. ૨૦૩૨)

ઉપરોક્ત જિનાલયોના મૂળનાયકજી સિવાય અન્ય પ્રતિષ્ઠાઓ ગુરુમૂર્તિઓની પ્રતિષ્ઠા, ઉપધાન ઉદ્યાપન અને જિનેન્દ્ર ભક્તિમહોત્સવો તો જુદા.

પૂ. ગુરુદેવશ્રીની હયાતી બાદ તેઓશ્રીની પૂર્ણકૃપાથી જ થયેલ પ. પૂ. પ્રવચન પ્રભાવક આચાર્ય મહારાજ ચંદ્રોદયસૂરિજી મહારાજ હસ્તે મહત્ત્વનાં શાસન કાર્યો

૧ મુલુંડ–મુંબઈ અંજનશલાકા–પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૪)
૨ ચોપાટી–મુંબઇ અંજનશલાકા પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૫)
૩ જોગેશ્વરી–મુંબઇ અંજનશલાકા પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૫)
૪ વાલકેશ્વર–મુંબઇ અંજનશલાકા પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૭)
૫ બાબુલનાથ ચોપાટી–મુંબઇ અંજનશલાકા પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૮ )
૬ નાગેશ્વરતીર્થ ( મધ્ય પ્રદેશ ) અંજનશલાકા પ્રતિષ્ઠા (સં. ૨૦૩૯)
૭ રાંદેરરોડ–સુરત અંજનશલાકા પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૯ )
૮ સાંડેરાવ જિનેન્દ્રભવન પાલીતાણા અંજનશલાકા પ્રતિષ્ઠા (સં.૨૦૪૦)
૯ આરીસાભવન પાલીતાણા અંજનશલાકા પ્રતિષ્ઠા ( સં. ૨૦૪૦ )
૧૦ શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન સમવસરણ મંદિર પાલીતાણા અંજનશલાકા–પ્રતિષ્ઠા (સં. ૨૦૪૧)
૧૧ શ્રી કીર્તિધામ–શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન તીર્થ–પીપરલા અંજનશલાકા–પ્રતિષ્ઠા ( વિ. સં. ૨૦૪૧ )
૧૨ શ્રી આરિસાભુવન પાલીતાણા અંજનશલાકા પ્રતિષ્ઠા (વિ. સં. ૨૦૪૨)
૧૩ શાંતિઆરાધનાભવન ( કંકુબાઈ ) પાલીતાણા અંજનશલાકા પ્રતિષ્ઠા ( વિ. સં. ૨૦૪૨)

- શ્રી મહાવીર વિદ્યાલય અંધેરી પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૪)
- અમરેલી પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૬)
- રતનપુર (સુરેન્દ્રનગર) પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૮ )
- સોજિત્રા ગુરુપાદુકા પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૩ )
- સોજિત્રા જિનાલય પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૮ )
- સોભારોડ પ્રતિષ્ઠા ( સં. ૨૦૩૯ )
- સુરત શ્રી સૂરજ મંડન જિનાલય શિલારોપણ ( સં. ૨૦૩૮ )
- અમદાવાદથી યોજિત છ'રી પાળતો સંઘ (સં. ૨૦૩૩)
- પાલીતાણાથી ગીરનાર છ'રી પાળતો યાત્રા સંઘ ( સં. ૨૦૪૦ )
- પાલીતાણાથી શંખેશ્વર છ'રી પાળતો યાત્રા સંઘ (સં. ૨૦૪૨ )









વિ.સં. ૨૦૪૧ કા.વ. ૧૦ રવિવાર શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગના દ્રશ્યો










(વિ.સં. ૨૦૩૧ ચૈત્ર વદ - ૧ શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવનના શિલારોપણ વિધિ પ્રસંગના દ્રશ્યો.

# શ્રી ગિરિરાજની ગરિમા

સંકલનકાર : શ્રી પુષ્કરતાં ધારશીભાઇ સુરેન્દ્રનગર

સૌરાષ્ટ્રમાં પાલીતાણાનગરે શ્રી શત્રુંજયમહાતીર્થ આવેલ છે. એ ગિરિરાજનો મહિમા....તેની ગરિમા પણ અપરંપાર અદ્ભુત છે.

"એકેકું ડગલુ ભરે, ગિરિ સન્મુખ વળી જેહ"
ઋષભ કહે ભવ ક્રોડના કર્મ ખપાવે તેહ.

આવા એ ગિરિરાજ ઉપર કાંકરે કાંકરે અનંતાજીવો મુકિતપદને પામ્યા છે. શાશ્વત, સર્વોત્કૃષ્ટ, સર્વ તીર્થશિરોમણી આ શત્રુંજય મહાતીર્થ ઉપર પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવસ્વામી પૂર્વ ૯૯ વાર સમોવસર્યા છે, શ્રી પુંડરીક ગણધર આ તીર્થના આલંબનથી જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિધ્ધ થયા છે. શ્રી નેમનાથ ભગવંત સિવાય ૨૩ તીર્થંકરો શત્રુંજય મહાતીર્થ ઉપર સમોવસર્યા છે. એમ કહેવાય છે કે અભવ્ય જીવ આ તીર્થને જોઇ પણ શકતો નથી.... "એ ગિરિવર દરિશન વિરલા પાવે"....ભવિષ્યમાં અનંતા જીવો આ ગિરિવર પર મુકિતપદને પામશે. પ્રથમ તીર્થંકર પદ્મનાભસ્વામી આદિ તીર્થંકરોના ચરણકમળોથી પણ આ તીર્થ પરમ પવિત્ર બનનાર છે. આ ગરિવર ઉપર રહેનાર તિર્યંચ, પશુઓ, પક્ષીઓ પણ મરીને સારી ગતિમાં જાય છે. તરણ તારણ તીર્થાધિરાજ ઉપર ચૈત્ર પુર્ણિમાએ પાંચક્રોડ મુનિવરો સાથે શ્રી પુંડરીકસ્વામી મુકિતપદને વર્યા છે. નમિ-વિનમિ વિદ્યાધરો બે ક્રોડ મુનિવરો સાથે દ્રાવિડ અને વારિખિલ્લ દશક્રોડ સાધુ ભગવંતો સાથે, શ્રી રામચંદ્રાદિક ત્રણક્રોડ સાધુઓ સાથે, શાંબ પ્રદ્યુમ્ન ૮ા ક્રોડ મુનિવરો સાથે વળી ભરત, સેલગસૂરિ, થાવચ્ચાપુત્ર, શુક્રાચાર્ય અસંખ્ય ક્રોડાક્રોડ સાધુઓ સાથે આ પવિત્ર ગિરિવર ઉપર સિદ્ધપદ-મુક્તિપદને પામ્યા છે. પાંચ પાંડવો ૨૦ ક્રોડ મુનિવરો સાથે મુક્તિપદને વર્યા છે. માટે જ જેનો પરમાણુએ પરમાણુ મહાપવિત્ર છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ ત્રિભુવનમાં બધી દિશા-વિદિશામાં જયવંતો પ્રવર્તે છે. સુર, નર, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, ચક્રવર્તીઓ, રાજ-રાજેન્દ્રો, દેવ-દેવન્દ્રોથી ત્રણે કાળ પૂજિત છે. ખરેખર આ તીર્થ સિદ્ધશિલામાં બિરાજિત થવાનું પ્રથમ સોપાન છે. તેના દર્શન, પૂજન સ્તવનથી અને વંદનથી સંસાર સમુદ્ર તરીને ક્ષણમાં મુક્તિપદ પમાય છે.

**એ ગરવા ગિરિરાજની ગોદમાં :-**

પ્રસ્તુત તીર્થાધિરાજની તળેટીથી સ્હેજ ઉપર બાબુજીના દેરાસરજીની પશ્ચિમ તરફ શ્રી સરસ્વતીદેવીના ઉપરના ભાગે વિશ્વમાં બેનમૂન શિલ્પ સ્થાપત્યના નમુના સરખુ આ ભવ્ય **૧૦૮ જૈન તીર્થદર્શન ભવન તથા શ્રી સમવસરણમંદિર** આવેલ છે. જ્યારે તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે ત્યારે દેવદેવેન્દ્રો પોતાની લબ્ધિબળથી ભગવંતની ભકિત નિમિત્તે રૂપા, સુવર્ણ અને મણિમાણેકના ત્રણ ગઢવાળુ, અષ્ટ મહાપ્રતિહાર્ય

યુકત, ઉત્તુંગ ઇન્દ્રધ્વજાથી સુશોભિત એવુ ભવ્ય સમવસરણ રચે છે. તીર્થંકરો પ્રથમ દેશના ત્યાં બિરાજીને આપે છે. આવુ સુંદર, સમ્યક્ત્વદર્શન પ્રતિબોધક ભાવાત્મક શ્રી સમવસરણ-મંદિરનો ચિતાર વર્તમાનકાળમાં ભવિજીવોના પ્રતિબોધ માટે શિલ્પસ્થાપત્યરૂપે કંડારીને તેને સાક્ષાત જેવુ બનાવીને શ્રી શત્રુંજય ગિરિરાજની પવિત્ર ગોદમાં ઉભુ કરવામાં આવેલ છે.

## શ્રી સમવસરણ મંદિરની કલ્પના અને તેનું નિમિત્તમ્

પ. પૂ. શાશન સમ્રાટ કદંબગિરિ આદિ તીર્થોદ્ધારક પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના પ્રશાંતમૂર્તિ, સૂરિમંત્રના અનન્ય આરાધક પ. પૂ. આ. વિજય કસ્તુરસૂરીશ્વરજી મ. સા. ના સાત્ત્વિક સાધનાના પરિબળથી જે સમવસરણ મંદિરનું તેઓશ્રીને દર્શન થયું ત્યારથી તેમનામાં પ્રબળ ભાવના આવું સમવસરણ મંદિર વર્તમાનકાળમાં કોઇ પ્રખ્યાત તીર્થમાં હોય તો સારૂ તેમ વારંવાર સ્ફુરાયમાન થયા કરતી હતી. તેમની વારંવારની આવી મંગળપ્રેરણા અને કલ્પના આ ભવ્ય મંદિરને નિર્માણ કરવાનું પ્રથમ મંગળ નિમિત્ત છે. તેને ચરિતાર્થ કરવામાં તેમના વિનેયશિષ્યરત્ન પ. પૂ. આચાર્ય શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. પ. પૂ. આ. શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ. સા. આદિ સમુદાયના અનેક પૂ. મુનિવરોની વખતો વખતની શાસ્ત્રીય પદ્ધતિ મુજબના અભિપ્રાયો અને પ્રેરણા એ બીજુ નિમિત્ત છે ગુરૂદેવના સ્વપ્નને ભાવનાને મૂર્તિમંત સાકાર કરવાનું ત્રીજુ મહાનિમિત્ત છે અનેક કુશળ કાર્યદક્ષ શિલ્પીઓ અનેક શ્રાવકરત્નોના તન, મન, ધનના ભગીરથ પ્રયાસો અને ગામેગામના જૈન સંઘોના મંગળ આશીર્વાદ અને સંપૂર્ણ સહકાર, આમ સારા નિમિત્તોથી નિર્વિઘ્ને આ મહામંદિરનું વિરાટકાર્ય અતિ અલ્પ સમયમાં પાર પડ્યું છે........સંપૂર્ણ થયું છે.

## સ્થળની પસંદગી :

સમ્યક્દર્શન મહાપ્રત્તિબોધક એવા આ સમવસરણ મંદિરમાં ભારતભરના પ્રાચીન અને બીજા અર્વાચીન ૧૦૮ તીર્થોના તીર્થપટ્ટકો તેના સંક્ષિપ્ત ઇતિહાસ સાથે મૂકવા તેવી વિચારણાની પ્રતિતી સુરતમાં સં. ૨૦૨૪ માં શ્રી ૧૦૮ જૈનતીર્થદર્શન મંદિરના ઉદ્દઘાટન સમારોહ પ્રસંગે પ્રાપ્ત થઈ. સુરતમાં છેલ્લા ૨૫૦ વર્ષમાં ન થયો હોય તેવો ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ ઉજવી ત્યારબાદ ભરૂચ મુકામે સં. ૨૦૨૫ નું ચાતુર્માસ કરેલ. ભરૂચમાં ચાતુર્માસ પૂર્ણ કરી સુરત દીક્ષા પ્રસંગે જવાનું થયું. સં. ૨૦૨૬ માં પોષમાસમાં સુરત મુકામે ધામધૂમથી ૧૦૮ જૈનતીર્થદર્શનાવલીનું ભવ્ય પ્રકાશન થયું ત્યારથીજ સમુદાયમાં મુનિઓ અને શ્રાવકરત્નો વચ્ચે શ્રી સમવસરણ મંદિરના સુંદર સ્થળ માટે તેની પસંદગી માટે ચર્ચા વિચારણાની શુભ શરૂઆત થઇ ખૂબ ખૂબ છણાવટ થઇ છેવટે એકી

અવાજે સર્વાનુમત્તે "શ્રી શત્રુંજય મહાતીર્થ" ઉપર આવું ભવ્ય મંદિર બનાવવું તેમ નિર્ણય લેવાયો પસંદગી સુંદર થઈ. શાશ્વતા આ મહાતીર્થને જગતના જૈનો-જૈનેત્તરો લાખોની સંખ્યામાં પ્રતિવર્ષ હૃદયના અપૂર્વ ભાવોલ્લાસથી જુહારે છે. તેઓ સર્વે આવા મહાન સમવસરણ મંદિરના દર્શન કરી તીર્થંકર ભગવંતો પ્રત્યે અપૂર્વ ભક્તિભાવવાળા ચોક્કસ થશે. વારંવાર તે આકારના દર્શન કરી પોતાના સમકિતને નિર્મળ વિશુદ્ધ કરશે આમ "બહુ જન હિતાય" અને "સવિજીવ કરૂં શાસનરસી" ની મંગળ ભાવના પૂર્વક શત્રુંજયતીર્થની જગ્યા ખરેખર યોગ્ય જ નક્કી થયેલ લાગી.

## જમીન જગ્યા અને દિશા :

શ્રી શત્રુંજયગિરિરાજની છેક ઉપર નહી વચ્ચે પણ નહી અને છેક તલાટીમાં નીચે પણ નહી, પૂર્વમાં, દક્ષિણમાં કે ઉત્તરમાં પણ નહી એમ "બાબુના દેરાસરજી" ની પશ્ચિમે તલેટીથી ડગ ભરતા સ્હેજ ઉપર જ સહજ રીતે દર્શન થાય તેવો સરસ્વતીજીની ગુફા પાસે આગળ પુરણી કરી થોડો સપાટ થઈ શકે તેવો જમીનનો પટ્ટ જોવામાં આવ્યો. બધા કાર્યકરો તથા ગુરૂભગવંતને જગ્યા યોગ્ય લાગી, તીર્થંકરો કેવળજ્ઞાન પછી પ્રથમ દેશના દેવો નિર્મિત શ્રી સમવસરણમાં જ આપે છે તે ક્રમને અનુલક્ષીને બધાને દૂર અને નજીક તળેટીથી તુરત જ જોઈ શકાય તે કારણે વળી વચ્ચે જ્ઞાનની આરાધ્ય દેવી સરસ્વતીજીની ગુફા નીચે શ્રુતસાગરના ખજાનારૂપ શ્રી આગમમંદિર આ ત્રણે બાબતો પરસ્પર સંકલિત ક્રમસર બંધબેસતી હોવાથી આજ જગ્યા અને દિશા પસંદ કરવામાં આવી. તેમજ વીર નિર્વાણ બાદ ૨૫૦૦ વર્ષના શાસનકાળ દરમ્યાન ચતુર્વિધ શ્રી સંઘમાં થયેલ પૂ. સાધુ, સાધ્વીજી, શ્રાવક, શ્રાવિકાની કુલ ૧૦૮ સંખ્યામાં ઐતિહાસિક પરિચય આપતા ઓઇલ ચિત્રો તેમજ શ્રી જિન આગમોનો સંક્ષિપ્ત ઇતિહાસ લખાણરૂપે દર્શાવવાનો હોવાથી નીચેથી જ હજારો યાત્રિકો શાંતિથી જોઈ શકે અને વારંવાર દર્શનનો લાભ લઈ શકે તે હેતુથી વિશેષ કરીને આ જગ્યા વધુ અનુકુળ હતી સર્વાનુમતે આ જમીન પસંદ કરવામાં આવી.

## ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટની સ્થાપના

જ્ઞાનીમહાપુરૂષોના નાના સરખા વિચારનું સ્ફુરાયમાન બિંદુ ખરેખર ભવિજીવોને માટે અનેક લાભાનુંલાભનું કારણ બની જાય છે. શ્રી સમવસરણમંદિર બનાવવાની પ. પૂ. આ. શ્રી કસ્તુરસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. આ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. ની ભાવનાને સંપૂર્ણપણે ચરિત્તાર્થ કરવા સં. ૨૦૨૬નું ચાતુર્માસ સાબરમતીમાં તથા ૨૦૨૭નું ચાતુર્માસ ઉસ્માનપુરા અમદાવાદમાં કરતાં જોરશોરથી અપૂર્વ ઉલ્લાસપૂર્વક તૈયારીઓ ચાલી. પ્રથમ ૧૦૮ તીર્થના ચિત્રપટ્ટકો તામ્રપત્ર ઉપર અંકિત કરીને મૂકવા તેવી યોજના વિચારાઇ

પણ તે તાત્કાલિક શકય ન બનતા વળી દુરથી વધુ સ્પષ્ટ દેખાઇ ન શકે તેમ લાગવાથી પાછળથી આરસ ઉપર લેમીનેશન કરેલ તીર્થપટ્ટકો મૂકવાની યોજના અમલી બનાવાઈ વિહાર કરી પાલીતાણા જવાનું બન્યુ. ત્યાં જમીન સંપાદન કરવાની ક્રીયાનો પ્રારંભ થયો યોગાનુયોગ પાલીતાણા સ્થિરતા દરમ્યાન સુરતના શ્રાવક શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદ હીરાચંદ ઝવેરીનું પાલીતાણામાં આવવાનું થયું. તેઓશ્રીને સર્વ વાતથી વાકેફ કરવામાં આવ્યા પ્રારંભમાં તેમણે વાત પસંદ પડી નહી પણ બીજા જ દિવસે તેઓ અતિ ઉમળકાભેર જાતે જ જંગલ ખાતામાં અરજી આપી આવ્યા અને રૂા. ૫૧૦૦૦/– નું વચન પણ આપેલ આથી સર્વેમાં અપૂર્વ ઉત્સાહ અને આનંદની લાગણી પ્રસરેલ.

ત્યારબાદ ૨૦૨૮ નું એક યાદગાર ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં થતાં તે દરમ્યાન શેઠશ્રી લક્ષ્મીચંદ ત્રીભોવનદાસ જાંબુવાલાની પેઢીના સંચાલક વયોવૃધ્ધ શ્રી વજુભાઇને આ પ્રકારની વાતચીત કરી તેઓ પણ અતિ ઉમંગમાં આવી ગયા અને શકય હોય તેટલી પોતાની ઓળખાણ, સેવાઓ આપવાની તૈયારી કરી યોગ્ય હીલચાલ શરૂ કરી. સરકાર તરફથી પરિપત્ર આવ્યો કે જંગલ ખાતાની જમીન વ્યકિતગત આપી શકાય નહી પરંતુ ટ્રસ્ટ કે સંસ્થાને આપી શકાય છે. વિચારણા ચાલી આમ તો આવડા મોટા મહાકાર્યમાં ટ્રસ્ટની રચના કરવી જ પડે જેના અનેકવિધ લાભ હતા, ઘણા હાથ રળીયામણાં એ ઉકતીને સાર્થક ગણી સુરેન્દ્રનગરમાં જ ટ્રસ્ટના હેતુ–ઉદેશ અને વિસ્તૃત યોજના ટૂંકમાં તૈયાર કરી સુરેન્દ્રનગરમાંજ ૩ ટ્રસ્ટીઓ તરીકેના નામો જમીન સંપાદન કરવા માટે ટ્રસ્ટમાં દાખલ કરી શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી, તેની યોગ્ય નોંધણી કરાવી લેવામાં આવી. યુદ્ધના ધોરણે ટ્રસ્ટ મારફતે ૨૦,૦૦૦ વારની જમીનની માંગણી કરતી અરજી જંગલખાતામાં મોકલવામાં આવી. અનેક સહાયક પરિબળોથી સમયસર મંજુરી મલી ગઈ અને એ જમીન ઉપર આજે આ અજોડ સમવસરણમંદિર તથા ૧૦૮ જૈન તીર્થદર્શન ભવનનું નિર્માણ થઈ ચૂકયું છે.

## આકાર અને પ્લાન

૧૦૮ જૈન તીર્થદર્શન ભવન અને સમવસરણ મંદિરનો આકાર સમવસરણનોજ કેમ ? એવો ઘણાને પ્રશ્ન ઉપસ્થીત થાય, વર્તમાનકાલે દેવવિમાન તુલ્ય સૂક્ષ્મકલાકારીગરીવાળા જિનપ્રાસાદો જોવા મળે જ છે. પરંતુ સાક્ષાત કેવળજ્ઞાની તીર્થંકર ભગવંતોની દેશના સમયનું ભવ્ય ચિત્ર તેની ઋદ્ધિનું અષ્ટ મહાપ્રતિહાર્ય, ૩૪ અતિશયયુકત દેશના, ૧૨ પર્ષદા, વિવિધ પ્રકારના રૂપા, સોના, મણિરત્નના ત્રણ ગઢ તેના ૧૨ દરવાજા, વાવડીઓ, ઈન્દ્રધ્વજા, વાહનો યુકત એવું મનોહર સમવસરણ વર્તમાનકાલીન જૈનસંઘને તેમજ જૈનેત્તરોને તાદશ ચિતાર આપી જો બનાવવામાં આવે અને તેના ઉપર સદેહ પ્રમાણ શ્રી ચરમતીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવંતની પ્રતિમાજી ચારે દિશામાં બિરાજમાન હોય તેવુ દશ્ય ખડુ કરવામાં આવે તો ખરેખર એ વર્તમાન અને ભવિષ્યકાળના અસંખ્ય જીવોને

પરમ આલંબનરૂપ અને મહાશ્રધ્ધાનો વિષય બની રહે આ ભવ્ય હેતુને લક્ષમાં રાખીનેજ આખા મંદિરનો આકાર સમવસરણનોજ રાખવો તેમ નકકી કરવામાં આવ્યુ. પ્રસ્તુત સમવસરણ મંદિરમાં ૧૦૮ તીર્થોના મૂળનાયકો સાથેનો તીર્થનો આછો પરિચય આપતા ચિત્રપટ્ટકો, આગમોનો ઇતિહાસ, વીરશાસનની પાટ પરંપરાના ૨૫૦૦ વર્ષના સમય દરમ્યાન થયેલ ૬૩ શલાકા મહાપુરૂષોની વિગતે, ધૂરંધર પૂર્વાચાર્યો શ્રમણો શ્રમણીઓ, શ્રાવકોઓએ-શ્રાવિકાઓએ કરેલ શાસન પ્રભાવનાના ભવ્ય કાર્યોના ઓઈલ ચિત્રો, જૈન ખગોળ, ભુગોળની ટૂંક માહિતી વગેરે પ્રથમગઢની અંદર દિવાલ ઉપર અંકિત કરવાનું નક્કી કરવામાં આવ્યુ.

જુદા જુદા પ્લાનો કુશળ આર્કીટેકો પાસે તૈયાર કરાવવામાં આવ્યા. સં. ૨૦૨૯ નું ચાતુર્માસ અમદાવાદ પાંજરાપોળમાં થતા ત્યાં વ્યવસ્થિત રીતે શિલ્પીઓને બોલાવી મંત્રણાઓ યોજવામાં આવી. કોઈના મત મુજબ ઉપરથી બંધીયાર જગ્યાના મોટા હોલમાં આવુ દૃશ્ય ખડુ કરી સમવસરણ મંદિર બનાવવુ તેવી વિચારણા થઈ, પણ તેમાં પણ મત મતાંતર પડયા. કોઈના મત મુજબ ચક્રાકાર વર્તુળાકારે પગથીયા કરી સમવસરણ અંદરથી દાદરા કરવા તેવી કલ્પના કરવામાં આવી પરંતુ તે પણ શાસ્રીયભાવને સમર્થન આપનારી ન હતી અંતે કુશળ શિલ્પી ચંદુભાઈ ત્રિવેદીએ સાક્ષાત સમવસરણમંદિરને વર્તમાન પ્લાન OPEN જમીન ઉપર ખુલ્લા આકાશમાંજ બનાવવું તેવા અભિપ્રાય સાથે રજુ કર્યો જે બધાને પસંદ પડયો તે રીતેજ બનાવવુ તેમ નકકી સર્વાનુમત્તે થયુ. સ્થાપત્યનું બધુજ કાર્ય શ્રી હરીભાઈ મિસ્રીને સોંપવામાં આવ્યુ. ત્રણગઢને બહારથી આરસથી મઢીદેવા તેમ નકકી કરવામાં આવ્યુ.

**નામાભિધાન**

આખા મંદિરનો આકાર સમવસરણ મંદિરનો હોવાથી તથા તેની ઉંચાઇ ૧૦૮ ફુટ, પગથીયાં ૧૦૮, તીર્થપટ્ટકો ૧૦૮, શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતોના તીર્થની જુદી જુદી પ્રતિમાજીઓ તથા ૧૦૮ શાસન પ્રભાવકો વગેરે બધુજ ૧૦૮ ના મંગળ સંખ્યા વાચકમાંજ હોવાથી "શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન અને સમવસરણમંદિર" એમ નામાભિકરણ કરવામાં આવ્યુ

**શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો તથા શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇનો સંપૂર્ણ સહકાર**

સંવત ૨૦૩૦ દરમ્યાન આ વિરાટ કાર્યના આયોજનનો સંપૂર્ણ ખ્યાલ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈને કરવામાં આવ્યો તેમની સાથે ઘણા પ્રશ્નોનો વિચાર વિનિમય કર[illegible]

કરવામાં આવ્યુ. ૨૪ તીર્થંકર ભગવંતોની પ્રતિમાજીઓ ૧૦૮ શ્રી પાર્શ્વનાથ ભગવંતના જિનબિંબો પ્રથમગઢમાં તથા સહુથી ઉપરના ગઢમાં ચૌમુખજીના ચાર મૂળનાયક ભગવંતોની પ્રતિમાજી શ્રી મહાવીર સ્વામીજીની બનાવવી તેમ નકકી કરવામાં આવ્યુ. હાલ તુરત આથી વધારે જિનપ્રતિમાજીઓ પધરાવવા નહી તેમ નક્કી કરવામાં આવ્યુ. નિર્માણ કાર્યના પ્રારંભથીજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના સર્વે સ્ટાફ ભાઈઓનો સુંદર સહકાર વખતો વખત મળતો જ હતો. ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતના જિનબિંબોને ફરતા પ્રથમગઢની અંદરના ભાગે આરસની નાની દેરીઓ બનાવી જુલતી કમાનો તેનાં ઉપર કરી તેમાં ક્રમસર પધરાવવા વચ્ચે માણેકસ્થંભની ફરતા ૨૪ તીર્થંકરોની પ્રતિમાજીઓ પધરાવવી તે પ્રમાણે યોજના કરવામાં આવી. ભાવનગર મુકામે ચાતુર્માસ દરમ્યાન થીજ દેરીઓની નોંધણી ચાલુ કરી દેવામાં આવી. મુંબઈ અને પરાના જૈનસંઘોનો ખુબજ સારો સહકાર મલ્યો. ભારતભરના જૈન સંઘોને રકમો મોકલવા વિનમ્ર અપીલ કરવામાં આવી. ગામો ગામના જૈન સંઘોએ નાંણાનો ધોધ વહેતો કર્યો અને તે રકમનો સુંદર વ્યય કરી આજે પ્રસ્તુત ભવ્ય સમવસરણ મંદિર તૈયાર કરવામાં આવ્યુ છે.

## ખનનવિધિ–ભૂમિપૂજન અને શિલારોપણ વિધિ

આ મહામંગળ કાર્યની શુભ શરૂઆતના પ્રતિકરૂપે ભાવનગરમાં કાર્યકરો શ્રાવકોની સર્વ પ્રથમ મીટીંગ બોલાવવામાં આવી ત્યાં તુરતજ કાર્યની શરૂઆત કરવી તેમ નક્કી થયુ સંવત ૨૦૩૧ના મહા સુદ ૨ ના શુભ દિવસે પ્રશાંતમૂર્તિ ધર્મરાજા પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય કસ્તુરસૂરીશ્વરજી મ. સા. પ. પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. આદિ અનેક પ. પૂ. આચાર્ય ભગવંતોની પુનિત નિશ્રામાં સુરતના સુશ્રાવક શ્રેષ્ટીવર્ય શ્રી મોતીચંદ હીરાચંદ ઝવેરીના શુભહસ્તે ખનનવિધિ કરવામાં આવી. ચૈત્ર વદ ૧ ના મંગળ દિવસે પ. પૂ. આ. શ્રી કસ્તુરસૂરીશ્વરજી મ. સા. આદિ અનેક સૂરિભગવંતોની નિશ્રામાં અનેક પૂ. સાધુ, સાધ્વીજી. શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રી સંઘની વિશાળ હાજરીમાં અનેરા ઉત્સાહપૂર્વક જુદા જુદા આદેશ લેનાર શ્રાવક શ્રેષ્ઠીવર્યોના શુભહસ્તે શિલારોપણવિધિ કરવામાં આવી. સમયનો અસ્ખલિત પ્રવાહ વહેતો જતો હતો, દરમ્યાન શ્રી શત્રુંજયગિરિવર ઉપર નવા આદિશ્વર ભગવાનની જીર્ણોધ્ધાર થયેલ ટુંકમાં ૫૦૪ પ્રાચીન જિનબિંબોની અનેક મહાદોષો ટાળવા ફરીને ભવ્ય ધામધૂમથી પ્રતિષ્ઠા મહામહોત્સવ ઉજવી સંવત ૨૦૩૧નું ચાતુર્માસ અમદાવાદ સાબરમતીમાં કર્યું. અત્રેપણ પ. પૂ. આ. શ્રી કસ્તુરસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં અનેક જિનપ્રતિમાજી ભગવંતોનો ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. આ બાજુ પાલીતાણા નગરે શ્રી સમવસરણમંદિરનું કાર્ય ઝડપથી પુરપાટ જોશભેર ચાલુ થઈ ગયુ હતુ. પ. પૂ. ગુરૂદેવશ્રીના સમવસરણમંદિરનુ સ્વપ્ન સાકાર પરિપૂર્ણ થાય તે પહેલાંજ સંવત ૨૦૩૨ ના વૈશાખ વદ ૧૪ ના સવારે ૪ કલાક ૦૨ મીનીટે સોજીત્રા

મુકામે અચાનક ગુરૂદેવશ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. સમસ્ત મુનિસમુદાયમાં સૂરિભગવંતની ખોટે આઘાતની લાગણી પ્રસરી ગઈ. સમવસરણમંદિરનુ બાંધકામ કાર્ય ધીમુ પડયુ. સંવત ૨૦૩૨ નું ચાતુર્માસ અમદાવાદ જૈનનગર થયુ, ત્યાં પણ અનેરી શાસન પ્રભાવનાના કાર્યો થયા. સંવત ૨૦૩૩ થી ૨૦૩૮ સુધી વિવિધ ચાતુર્માસો મુંબઈ અને તે બાજુની સાઈડમાં થયા પ્રેરણાથી શ્રી સમવસરણમંદિર માટે અનેક સંઘોએ ધનનો પ્રવાહ વહેતો કર્યો બીજી અનેક રીતે સુંદર સહકાર આપ્યો.

**બાંધકામ :**

શ્રી સમવસરણમંદિર તથા ૧૦૮ જૈન તીર્થદર્શનભવનનો પાયો ગિરિરાજ જેમ બને તેમ ઓછો કપાય તે વાત લક્ષ્યમાં રાખી નકકર પત્થરોથી તૈયાર કરવામાં આવેલ છે. તેના ઉપ૦ લેવલ કરવા ૪૦ ફુટની ખીણની પુરણી કરવામાં આવેલ. સુરંગ કયાંય ફોડવામાં આવેલ નથી. ધ્રાંગધ્રા પોરબંદર અને સૂરજદેવળીના પત્થરોનો ઉપયોગ પુષ્કળ પ્રમાણમાં કરવામાં આવ્યો છે. લેવલ ઉંચુ કરી તેના ઉપર શ્રી સમવસરણના ત્રણ ગઢનું રચનાત્મક કામકાજ લોખંડ વાપર્યા વગર કરવામાં આવ્યુ છે. પ્રસ્તુત મહાકાર્યને ચરિત્તાર્થ કરવામાં સુરેન્દ્રનગર, સુરત, મુંબઈ અને તેના ઉપપરાના સંઘો, ભાવનગર, અમદાવાદ, વગેરે અનેક ગામોના જૈન સંઘોનો તેના સેવાભાવી કાર્યકરોનો ખાસ કરીને શ્રી ખુમચંદભાઇ રતનચંદભાઇ જોરાજીનો અનન્ય ફાળો પ્રશંશનીય છે. ભાગ્યશાળીઓએ દિવસ, રાત્રિ જોયા વગર તન–મન ધનથી સુંદર સેવાઓ આપેલ છે. તેઓને આ તકે ખૂબ ખુબ ધન્યવાદ ઘટે છે. સંવત ૨૦૩૯ નું ચાતુર્માસ પાલીતાણા મુકામે અપૂર્વ ધર્મઆરાધનાની રેલમછેલ સાથે થયુ. આરાધકોના અદ્ભુત ધસારા સાથે અનેકવિધ કર્મનિર્જરાના કારણ સમી સુંદરતમ આરાધનાઓ શ્રેણીબદ્ધ થઈ તેના કળશરૂપ શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ સ્વરૂપ શ્રુતોપચાર રૂપ શ્રી ૪૭ દિવસની ઉપધાનતપની આરાધના ભવ્ય ઉજમણા પૂર્વક થઈ. પ્રસ્તુત ચાતુર્માસિક હાજરીથી પ. પૂ. આ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. પ. પૂ. આ. શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ. સા. આદિના શાસ્ત્રીય શિલ્પના અભિપ્રાયો ઉપાશ્રયેથી વારંવાર લેવા જતા મલતા હતા જે ખુબજ ઉપયોગી નિવડયા પૂરા વેગથી કાર્ય પૂર્ણતાના આરે પહોંચ્યુ ગિરિરાજની તળેટીરૂપ પગમાં ચરણોમાં ભવ્ય 'મણિરત્ન' જડેલ હોય તેવુ દેદીપ્યમાન શ્રી સમવસરણમંદિર ઘેઘુર કલ્પવૃક્ષ સાથે ત્રણ ગઢનું તૈયાર થઇ ગયુ. ૨૪ તીર્થંકર ભગવંતોની પ્રતિમાજીનો પ્રવેશ સંવત ૨૦૪૦ના મહા સુદ ૧૪ ના રોજ કરાવવામાં આવેલ છે.

**શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ :-**

શ્રી ૧૦૮ જૈનતીર્થદર્શન ભવન અને સમવસરણમંદિરનો ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ સંવત ૨૦૪૧ ના કારતક વદ ૧૦ થી માગશર સુદ ૭ સુધીનો ઉજવવો તેમ

નક્કી થયુ. અંજનશલાકાનું માગશર સુદ ૫ અને પ્રતિષ્ઠાનું માગશર સુદ ૬ નું મુહૂર્ત છે. અનેક સાધર્મિક વાત્સલ્ય, નવકારશી, વરઘોડો તથા પ્રભુજીના પાંચે કલ્યાણકોની ધામધૂમથી ઉજવણી કરવા પૂર્વક આ મહોત્સવનું રચનાત્મક આયોજન નક્કી કરેલ છે. ગામોગામના અનેક કાર્યકરોની બનેલી વિવિધ કમીટીઓ નક્કી કરવામાં આવી. પ. પૂ. આ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. પ. પૂ. આ. શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ. સા. આદિ અનેક આચાર્યો ભગવંતોની નિશ્રામાં પ્રસ્તુત મહોત્સવ ઉજવવામાં આવનાર છે. આ મંગળ પ્રસંગે ભારતભરથી પધારનાર આદેશ લેનાર તથા અન્ય ગામોગામના જૈનસંઘોના શ્રાવકોના ઉતારા માટે અનેક ધર્મશાળાઓનું બુકીંગ તેની વ્યવસ્થા અગાઉથી નક્કી કરવામાં આવેલ છે. સુરેન્દ્રનગરથી પ. પૂ. પં. શ્રી પ્રમોદચંદ્રવિજયજી મ. સા. ની નિશ્રામાં આ ભવ્ય પ્રસંગે છ'રી પાળતો યાત્રા સંઘ પણ પધારનાર છે. પ્રતિષ્ઠા મહોત્સવના કળશરૂપ પ્રતિષ્ઠા બાદ સુરેન્દ્રનગરના એક મુમુક્ષુ બહેનની દીક્ષા પણ પાલીતાણા મુકામે થનાર છે. ઉપરના ચૌમુખજીના મૂળનાયક ભગવંતોના આદેશો માંગણીઓ આવેથી તથા ઉછામણી પૂર્વક આપવામાં આવેલ છે. ધ્વજાદંડ અને ધ્વજા ચડાવવાનો આદેશ પણ ઉછામણી પૂર્વક આપવામાં આવેલ છે. ૧૦૮ તીર્થપટ્ટકો, ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતો, તથા ૨૪ તીર્થંકર ભગવંતોના આદેશો નકરા નક્કી કરી આપવામાં આવેલ છે.

### શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન-સમવસરણ મહામંદિર તથા તે અંગે થઇ રહેલ ધર્મશાળા તથા ઉપાશ્રયના

## નિર્માણ કાર્યમાં વિશિષ્ટ લાભ લેનાર મહાનુભાવો

| | | |
|---|---|---|
| ૧. | શેઠ શ્રી ખૂબચંદ રતનજી જોરાજી પરિવાર | મુંબઈ |
| ૨. | શેઠ શ્રી મોહનલાલ કસ્તૂરચંદ ઝવેરી પરિવાર | ,, |
| ૩. | શેઠ શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરી પરિવાર | ,, |
| ૪. | શ્રી જવલબેન પ્રેમજીભાઈ સુંદરજી પરિવાર | ,, |
| ૫. | શેઠ શ્રી એક સદ્‌ગૃહસ્થ | ,, |

### શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

| | | | |
|---|---|---|---|
| શ્રી ખૂબચંદ રતનચંદ જોરાજી | મુંબઈ-પ્રમુખ | શ્રી ઉમંગીલાલ હરગોવિંદદાસ | મુંબઈ |
| શ્રી કેશવલાલ બુલાખીદાસ | મુંબઇ. | શ્રી ડુંગરશીભાઈ તલકશીભાઈ | ,, |
| શ્રી કાંતિલાલ રતિલાલ શાહ | સુરેન્દ્રનગર. | શ્રી મહેન્દ્રભાઇ ખૂબચંદ | ,, |
| શ્રી રમણીકલાલ કેશવલાલ | ,, | શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ સંઘવી | સુરત |

# શ્રી ૧૦૮ જૈનતીર્થદર્શન ભવન ટ્રસ્ટ અને શ્રી સમવસરણ મહામંદિરનો ટુંક પરિચય

## બાહ્ય વિભાગનું દિગ્દર્શન

* ગિરિરાજના પગથીયાં ચઢતાં જમણા હાથે શ્રી સરસ્વતીના મંદિરની લગોલગ અને બાબુના દેરાસરની સન્મુખ આ વિશાળ મહામંદિરનું નિર્માણ થયેલ છે.
* આ મહામંદિર ૨૦ હજાર વાર-૪૦૦×૪૫૦ ફુટ લંબાઇ પહોળાઈવાળી વિશાલ જમીનમાં આવેલ છે. ગિરિરાજના પગથીયાથી પ્રવેશ થતાંજ બંન્ને બાજુ સુંદર બગીચાનું-પાણીની પરબ-બાંકડાઓ-લાઈટ ડેકોરેશન-અનેક સુવિધાથી ભરપુર અને સુંદર કારીગરીવાળો વિશાલ સુંદર ગેઇટ (દરવાજો) બનાવવાની યોજના છે.
* ભૂમિતળના બગીચામાંથી પસાર થયા પછી શ્રી સમવસરણમંદિરના બાહ્ય વિભાગમાં જવા ૧૨ પગથીયા ચઢયા પછી પ્લીન્થ ઉપર પ્રવેશ દ્વાર આવે છે.
* ચાર દિશાના ફરતા ચાર દરવાજા આવે છે. બાહ્ય વિભાગમાં ૧ લાખ ગેલન પાણી સમાય તેવું ટાંકું છે. ચાર દિશામાં ચાર વાવડીયો-પ્રવેશ દ્વાર પાસે વિશાલ ઇન્દ્રધ્વજ આવશે.
* ઉત્તર દિશાના દ્વાર સન્મુખ ભક્તિભુવનનું નિર્માણ થઇ રહેલ છે જ્યાં કેશર સુખડ સ્નાનઘરો અને નીચલા વાસમાં મંગળઘરની વ્યવસ્થા કરવામાં આવી છે.
* શ્રી સમવસરણમંદિરના આકારમાં વિશાળ ૬૪ ફુટના ઘેરાવાવાળો ૪૨ ફુટ ઉંચો ડોમ સ્થંભ વગરનો જે એશીયાભરમાં અદ્વિતીય અજોડ કલાત્મક રીતે પત્થરનો નિર્માણ કરેલ છે જે જોતાંજ ભવ્ય લાગે છે તે આવેલ છે.
* શ્રી ૧૦૮ પાર્શ્વનાથજી ઇંચ ૨૧ ના ફણાવાલા દરેક સ્વતંત્ર દેરીમાં બિરાજમાન છે.
* દરેક દેરી ઉપર શ્રી પાર્શ્વનાથજીનું નામ-ગામ અને પધરાવનારનું નામ અને નંબરો અંકિત કરેલ છે.

### શ્રી સમવસરણ મહામંદિરની બાહ્ય રચનાનો ટુંક પરિચય

* **શ્રી સમવસરણ મહામંદિરની ઉંચાઇ**

| | |
|---|---|
| પ્લીન્થ | ૮ ફુટ |
| નીચેથી પહેલા ગઢની ઉંચાઇ | ૧૨ ફુટ |
| બીજા ગઢની ઉંચાઈ | ૧૨ ફુટ |
| ત્રીજા ગઢની ઉંચાઇ | ૧૩ ફુટ |
| કુલ્લ ફુટ ઉંચાઈ | ૪૫ |

| | |
|---|---|
| આગળ સરવાળો કુલ | ૪૫ |
| ચૌમુખજી પધરાવવાનું પબાસન | |
| ભામંડળ-છત્ર વગેરેની ઉંચાઇ ફુટ | ૧૮ |
| વિશાળ ચૈત્યવૃક્ષ અને અશોકવૃક્ષ | |
| પહોળાઇ ૩૬ ફુટ વગેરેની ઉંચાઇ ફુટ | ૨૭ |
| ઉપર ધ્વજ દંડ ફુટ | ૧૮ |
| શ્રી સમવસરણ મહામંદિરની કુલ્લે ઉંચાઈ ફુટ | ૧૦૮ |

* શ્રી સમવસરણ મંદિરની ૪૫ ફુટ પછી પબાશન વગેરે અષ્ટા મહા પ્રતિહાર્ય સહિત છે ત્યાં પ્રભુ શ્રી મહાવીરસ્વામિજીના ચાર દિશામાં ચાર (ચૌમુખજી) બીરાજમાન છે.
* પ્રભુનું શરીર ૭ હાથનું હતું તે લક્ષ રાખીને પદ્માસને બેઠેલ કાયાના સદેહ પ્રમાણ ૬૧ ઇંચ લગભગ ચૌમુખજી બીરાજમાન છે.

## પ્રભુ સન્મુખનો પ્રથમગઢ રત્નનોગઢ અને મણીના કાંગરા વાલો ચાર દિશામાં ચાર દરવાજે બબે દ્વારપાળો હોય છે

૧ પૂર્વદિશાના દરવાજે બંન્ને તરફ સુવર્ણવર્ણવાળા વૈમાનીક દેવોના બે દ્વારાપાલો છે.
૨ દક્ષિણ દિશાના દરવાજે બંન્ને તરફ સફેદવર્ણવાળા વ્યંતર દેવોના બે દ્વારપાલો છે.
૩ પશ્ચિમ દિશાના દરવાજે બંન્ને તરફ લાલવર્ણવાળા જ્યોતિષીના બે દ્વારપાલો છે.
૪ ઉત્તર દિશાના દરવાજે બંન્ને તરફ કૃષ્ણવર્ણવાળા ભવનપતિના બે દ્વારપાલો છે.

## પ્રભુ સન્મુખ ટોચ ઉપરના ગઢમાં બાર પર્ષદાની રચના

પર્વાધિરાજ પર્યુષણાની આરાધના અનેરા ઉલ્લાસ અને ઉછરંગપુર્વક થયા અનેર તપશ્ચર્યાઓ એવી તો મહાન થવા લાગી કે–જેની અનુમોદના ભાકભરમાં પ્રસરી વળી પૂ૦ આ૦ શ્રી વિજય અશોકચંદ્રસૂરિજી મહારાજે અઠ્ઠાઈતપ પૂ૦ પં૦ શ્રી અજિતચંદ્રવિજયજી ગણીએ માસક્ષમણ, કેશરીયાજી નગરમાં વિરાજમાન પૂ૦આ૦શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મ૦ની નિશ્રામાં ઉગ્રતપસ્વી પૂ૦મુનિશ્રી રત્નાકરવિજયજી મહારાજે ૮૧ ઉપવાસ તેમજ અન્ય પૂ૦સાધુ–સાધ્વીજી મહારાજોએ માસક્ષમણ, શ્રેણિતપ છ માસી તપ વગેરે મહાન

શ્રી સમવસરણ મહા મંદિર ઉપરના
શ્રી મૂલનાયક ભગવંત



મૂળનાયક મહાવીરસ્વામિ ભગવાન.

શ્રી સમવસરણ મહા મંદિરના
ભુમિતલના ચોવીસીમાં



મૂળનાયક : શ્રી આદિશ્વર ભગવાન

# પ. પૂ. મુનિ ભગવંતો અને વિશાળ મેદની




અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગનું દૃશ્ય.

તપશ્ચર્યાઓ કરી હતી. તદુપરાંત શ્રાવક શ્રાવિકાઓમાં જામનગરવાળા અ૦સૌ૦ રજવંતી-બેન જયસુખલાલે ૮૦ ઉપવાસ, શ્રી પોપટલાલ વિઠ્ઠલદાસે ૬૧ ઉપવાસ, શ્રી ધીરજલાલ કાનજીભાઇ કુવાડીયાએ ૫૧ પવાસ અને અન્ય સેંકડો શ્રાવક શ્રાવિકાઓએ ૪૫, ૩૫, માસક્ષમણ, સિધ્ધિતપ શ્રેણિતપ સિંહાસનતપ વગેરેની ઉગ્ર તપશ્ચર્યાઓ કરી હતી.

## -: એકાદશાહ્નિકા મહોત્સવ :-

ભાદરવા સુદ પાચમના અઠ્ઠમ અને તેની ઉપરના પાલિતાણાના સમગ્ર તપસ્વીઓના સામુદાયિક પારણા ધાનેરા નિવાસી શ્રી પ્રેમચંદજી જીવતરાજજી ખીચચા તથા સાદડી નિવાસી શ્રી નગરાજજી વાલચંદજી (રાંકા જવેલર્સવાળા) તરફથી કરાવવમાં આવ્યા. અને તે દિવસથી સર્વ મહાન તપશ્ચર્યાઓ અને અનેરી આરાધનાઓની અનુમોદનાર્થે એકાદશાહ્નિકા મહોત્સવ પણ શરૂ થયો. તેમાં વીશસ્થાનક મહાપૂજન, ભક્તામર મહાપૂજન; શાંતિસ્નાત્રાદિ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યા. ઉપરાંત ભાદ૦ સુદ ૧૩ ના પ્રત્યેક ચાતુર્માસ આરાધકોની સાધર્મિક ભક્તિ શ્રી સાંડેરાવભવન તથા શ્રી જિનહરિવિહારના ચાતુર્માસિક આરાધકો તરફથી થવા પામી.

## -: ઉપધાન તપની આરાધના :-

આસો સુદ ૧૦ ના પુજયશ્રીની નિશ્રામાં ખીમતના સંઘવી નાગરદાસ ઉજમલાલ જોગાણી તથા સુરતના શ્રી શાંતિચંદ બાલુભાઇ ઝવેરી તરફથી ઉપધાનતપનો આરંભ થતાં તેમાં ૧૦૦ માળવાળા સહિત ૩૦૦ આરાધક ભાઇ-બહેનો જોડાયા.

## -: સૂરિમંત્રની આરાધના :-

આસો સુદ ૧૫ થી પૂ૦આશ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી મહારાજે પાંચમી વખત સૂરિમંત્રના પંચમ પ્રસ્થાનની આરાધના કરતાં તે નિમિત્તે દર વખતની આરાધનાની જેમ અનુકંપાદાન અભયદાન જીવદયા, પાવાપુરીની રચના આદિ સુંદર કાર્યો થયા હતા

## -: વિ૦ સં૦ ૨૦૪૦ : નૂતન વર્ષ :-

અહીં પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા ત્યારથી સાંડેરાવ જિનેન્દ્રભવન અનેકવિધ આરાધનાઓ-અનુષ્ઠાનોથી તેમજ વિવિધ ધાર્મકાર્યો ને પ્રવૃત્તિઓથી ગૂંજતું જ રહ્યું. ચાતુર્માસના ચાર મહિના ગિરિરાજની યાત્રા બંધ રહેતાં જાણે એ બધું આવાગમન અહીં ઊભરાતું ન હોય એવો ધમધમાટ પ્રવર્તતો હતા, પાલીતાણા નગરનું આ એક ધર્મકેન્દ્ર બની ગયું

હતું. ચાતુર્માસની આરાધના ચાલી રહી હતી. વાજતે-ગાજતે નિત્ય ગિરિરાજની સ્પર્શના પણ ચાલુ હતી. પૂર્ણાહુતિના દિવસો હવે નજીકમાં જ હતા. પણ, જ્યાં એ આરાધના પૂર્ણ થઇ ત્યાં નવ્વાણું યાત્રાની સામુદાયિક આરાધનાનો પ્રારંભ થયો. પોયનાડ ( મહારાષ્ટ્ર ) નિવાસી **શ્રી તારાચંદજી કસ્તુરચંદજી** તરફથી શરૂ થયેલ આ આરાધનામાં આરાધકોની ૧૦૦ ઉપરાંત સંખ્યા થઈ. ઉપધાન તપની આરાધના તો ચાલુ જ હતી.

## -: અંજનશલાક—પ્રતિષ્ઠા :-

શ્રી સાંડેરાવ જિનેન્દ્રભવનમાં નાનું પણ મનોરમ્ય શ્રી સહસ્રફણા પાર્શ્વનાથનું જિનમંદિર અને જિન બિમ્બ આવેલ છે. અહીં શ્રી પાશ્વર્પ્રભુના નવ ભવના પ્રસંગો કંડારવામાં આવ્યા છે. આ દેરાસરમાં શ્રી આદીશ્વર ભ૦ તથા શ્રી મહાવીર સ્વામીજીના નૂતન પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરવાનું નકકી થતાં તેની તથા વડોદરા ફતેહપુરના જિનમંદિર માં પધરાવવામાં આવનાર ૫૧ ઈંચના શ્રી જીરાઉલા પાશ્વર્નાથ અને અન્ય ૧૦૦ ઉપરાત જિનબિંબોની કારતક વદ પાંચનમા અંજનશલાકા કરવાનો નિર્ણય લેવાયો.

## -: ગણિપદ-પ્રદાન :-

૫૦ પૂ૦ શાસન સમ્રાટ્ શ્રીના સમુદાયના ૩ મુનિરાજોને સાંડેરાવ ભવનમાં અને ૨ મુનિરાજો ને કેશરીયાજી નગરમાં શ્રી ભગવતીજીના જોગ અષાઢ સુદ ૩ થી ચાલી રહ્યા હતા. આ પાંચેય મુનિરાજો પૂ૦ શ્રી હીંકારચંદ્ર વિજયજી, પૂ૦ શ્રી સિધ્ધસેન વિજયજી. પૂ૦ શ્રી ધર્મધ્વજવિજયજી પૂ૦ શ્રી પુષ્પચંદ્ર વિજયજી અને પૂ૦ સોમચંદ્રવિજય મ. ને જોગ પૂર્ણ થવા કા૦ વદ ૧૦ ના રોજ ગણિપદવી અર્પવાનો નિર્ણય કરવામાં આવ્યો.

આમ એક બાજુ અંજનશલાકા-પ્રતિષ્ઠા, બીજી બાજુ ગણિપદપ્રદાન અને ત્રીજી બાજુ ચાલી રહેલા ઉપધાનતપની માળનો માળારોપણ પ્રસંગ-આ ત્રણેય પ્રસંગનો મહોત્સવ ૬૧ છોડના ભવ્ય ઉદ્યાપનપૂર્વક એક સાથે ઉજવવાનો નિર્ણય થતાં, આ મહોત્સવ મહામહોત્સવ બની ગયો. અને ઉજવણી પણ ભવ્યાતિભવ્ય બની ગઈ. ચતુર્વિધ શ્રી સંઘ ની વિશાળ ઉપસ્થિતિ અને હર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે આ ત્રણે પ્રસંગો અલૌકિક અને અવિસ્મરણીય રીતે ઉજવાઈ ગયા.

અંજનશલાલાકા પ્રસંગે પ્રભુજીના માતા-પિતાની કરણીનો લાભ ખીમતનિવાસી શ્રી કાંતિલાલ ડોસલજી આકરાણી અને ઈન્દ્ર-ઈન્દ્રાણીની કરણીનોલાભ મહુવાનિવાસી શ્રી જયંતીભાઇ ધામીએ લીધો હતો. જ્યારે ગણીપદવી પ્રસંગે પધારેલા સર્વ પૂજય આચાર્ય

ભગવંતોને કામળી વહોરાવવાનો લાભ ભીનમાલના શ્રી ગુમાનમલજી સાવલચંદજી દોશીએ તથા નૂતન ગણિવર્યોને કામળી વહોરાવવનો લાભ શ્રી રજનીકાંત મોહનલાલ ઝવેરી તથા શ્રી કાંતિલાલ લલ્લુભાઈએ લીધો હતો. એ જ રીતે ઉપધાનતપ કરાવનાર બંને મહાનુંભાવોના સન્માનનો લાભ બરવાળાના શ્રી વ્રજલાલ પોપટલાલ ચત્રભૂજ બાબરીયાએ લીધો હતો. જ્યારે ઉપધાનની પહેલી માળ પહેરવાનો લાભ અ૦સૌ૦ નલીનીબેન શાંતિચંદ ઝવેરીને પ્રાપ્ત થયો હતો.

## શ્રી સિદ્ધગિરિથી ગિરનારજીનો પદયાત્રા સંઘ

પૂ૦ આચાર્ય ભ૦શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ૦આદિ આચાર્ય ભગવંતોની શુભ નિશ્રામાં વિવિધ અનુષ્ઠાનો એક પછી એક જેમ અસ્ખલિતપણે ઉજવાતા રહ્યા, તેમ વધુ ને વધુ વિસ્તરતા પણ રહયા. સિદ્ધિગિરિ-પાલિતાણાથી ગિરનારજી-જુનાગઢના છ'રી પાળતા સંઘનું કારતક વદ ૧૪ ના ભવ્ય પ્રસ્થાન થયું સાંડેરાવ (હાલ પુના) નિવાસી સંઘવી ભીકમચંદજી ચતરભાનજી તરફથી આયોજિત આ પદયાત્રા સંઘમા ૭૫ પૂ૦ સાધુ-સાધ્વીજીઓ પધરવા સાથે ૩૦૦ ઉપરાંત ભાઇ-બહેનો જોડાયા હતાં. પ્રભુજીનો રથ, ગજરાજ અને બેન્ડવાજા સાથે નીકળેલ આ પદયાત્રા સંઘ પ્રથમ ઘેટી અને ત્યારબાદ ગારીયાધાર, મોટા લીલીયા, અમરેલી ચિત્તલ, દેરડી, જેતપુર, વડાલ આદિ ગામોમાં જૈન સંઘો તેમજ આમજનતા દ્વારા અપૂર્વ સાગૈયું ઝીલતો માગશર સુદ ૧૨ ના ભવ્ય સ્વાગતપૂર્વક જૂનાગઢ પધારેલ. સુદ ૧૪ ના ગિરિનારજી ઉપર ઘણા જ ઉછરંગપૂર્વક તીર્થમાળા પહેરાવવામાં આવી. માળની ઉછામણી ખૂબ સારી થઇ. સંઘવી પરિવાર તથા યાત્રિકો તરફથી સાતે ક્ષેત્રોમાં ઉદારપૂર્વક લાભ લેવામાં આવ્યો. વચ્ચેના અનેક ગામોમા પણ તેમના તરફથી ધાર્મિક તેમજ સામાજિક કાર્યોમાં સારી એવી રકમ નોંધાવવામાં આવી હતી. આ પદયાત્રા સંઘની દરેક વ્યવસ્થા પણ સંઘવી ચંદનમલજી ભીકમચંદજી ચક્ષરભાણજી સપરિવારે ભારે જહેમત તથા સતત દેખરેખદ્વારા ખૂબ સુંદર અને સ્તુત્ય બનાવી હતી.

## -: જૂનાગઢથી ઉના-અજાહરા થઇ પુનઃ પાલિતાણા. :—

માગશર વદ ૩ ના જૂનાગઢ સ્થાનિક સંઘ સાથે વંથલી પધાર્યા. ત્યાંથી વિહાર કરી કેશોદ, માંગરોળ આદરી. વેરાવળ, પ્રભાસપાટણ કોડીનાર, ઉના થઇ અજાહરા તીર્થ પધાર્યા અહીં ઉના આદિથી સ્પે૦ બસો દ્વારા સેંકડો ભાવિકો આવ્યા હતા. ત્યાંથી વિહાર કરી રાજુલા, ડુંગર મહુવા મોટા ખુંટવડા, જેસર, કદમ્બગિરિ ડેમ થઇ પાલિતાણા પધાર્યા. આ વિહાર દરમ્યાન ઠેરઠેર સાધર્મિક વાત્સલ્ય, સંઘપૂજન અને અનેક સુકૃતકાર્યો થયા

પોષ સુદ ૧૫ ના પૂજ્યશ્રી સપરિવાર પાલિતાણા. પધાર્યા કે બીજા જ દિવસે પોષ વદ ૧ ના શ્રી તારાચંદજી કસ્તૂરચંદજી તરફથી ચાલી રહેલ શ્રી સિદ્ધગિરિરાજની નવાણું યાત્રા પૂર્ણ થતાં પૂજ્યશ્રીઓની નિશ્રામાં અનેરા ભાવોલ્લાસપૂર્વક તીર્થમાળા આરોપણ કરવાની વિધિ થેઈ.

## શ્રી ૧૦૮ જૈનતીર્થદર્શન ભવન અને સમવસરણ મંદિરમાં

### પ્રભુજીનો ભવ્ય પ્રવેશ

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન તથા સમવસરણ મહામંદિરનું નિર્માણ કાર્ય છેલ્લાએક વરસથી પૂરઝડપે આગળ ધપી રહ્યું હતું બિરાજમાન કરવામાં આવનાર શ્રી-આદીશ્વરજી વગેરે ચોવીશ જિનબિમ્બો પણ તૈયાર થતાં મહા સુદ ૧૪ના પૂ૦આ૦ શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ૦, પૂ૦આ૦શ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી મ૦, પૂ૦ આ૦શ્રી વિજયજયચંદ્રસૂરિજી મ૦ આદિની નિશ્રામાં ભારે ઠબઠબાપૂર્વક વાજતે ગાજતે પ્રભુપ્રવેશ કરાવવામાં આવ્યો. આ પ્રસંગને અનુલક્ષી વિવિધ ઉછામણીઓ બોલતાં ઘણા જ સારા ચઢાવા થયા.

આ શુભ અવસરે પૂ0આ૦શ્રી ઇન્દ્રદિન્નસૂરિજીમ૦, પૂ૦આ૦શ્રી વિજયજયાનંદ-સૂરિજી પૂ૦ આ૦ વિબુધપ્રભ સૂરિજી મ૦, પૂ0 આ૦ શ્રી વિજય અરિહંત સિધ્ધસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજય યશોદેવસૂરિજી મ૦, પૂ૦ ઉપા૦ શ્રી સૂર્યોદયસાગરજી મ૦ આદિવિશાળ શ્રમણગણ પધાર્યા હતા. પ્રભુજીની પ્રતિષ્ઠાનો આદેશ મેળવનાર ભાગ્યશાળીઓએ સપરિવાર પધારી પ્રભુપ્રવેશનો ઉલ્લાસભેર લ્હાવો લીધો હતો.

શ્રી દીપચંદભાઇ એસ. ગાડી, શ્રી જે૦આર૦શાહ શ્રી કાંતિલાલ લલ્લુભાઇ ઝવેરી ટ્રસ્ટીઓ—શ્રી ખૂમચંદજી રતનચંદજી, શ્રી ઉમંગલાલ હરગોવનદાસ, શ્રી બાબુલાલ મંગળ-દાસ. શ્રી શાંતિચંદ બાલુભાઈ, શ્રી મોતીચંદ હીરાચંદ, શ્રી ખાંતિલાલ લાલચંદ વગેરે પ્રતિષ્ઠિત આગેવાનો પણ સારી એવી સંખ્યામાં પધાર્યા હતા. આ પ્રસંગ નિમિત્તે ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ તથા સાધર્મિક ભક્તિ વગેરે થયેલ. ટ્રસ્ટી શ્રી અશ્વીનભાઇ શાંતિ-લાલ સંઘવીએ આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સચાલન કર્યું હતુ.

પ્રભુપ્રવેશના આ પ્રસંગે અંજનશલાકા-પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત વિ.સં. ૨૦૪૧ના માગશર સુદિ ૬ નું નક્કી થતાં આ નિર્ણયની સાથે જ એ પાવન પ્રસંગે યોજાનાર મહોત્સવને અનુલક્ષી વિવિધ લાભો લેવાની ભાવના પ્રદર્શિત થવા લાગી.

## સૂરિમંત્ર પંચમ પ્રસ્થાનની આરાધના

પૂ૦ આચાર્ય શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મહારાજશ્રીએ મહા સુદ ૧૫ થી સૂરિમંત્રના પંચમ પ્રસ્થાનની મૌન, એકાંત તેમજ આચામ્લતપ પૂર્વક આરાધના શરૂ કરી આ આરાધનામાં શ્રીગૌતમસ્વામીજીની મુખ્ય આરાધનાને અનુલક્ષી પ્રતિદિન સાત હજાર ફૂલો મંત્રપૂર્વક ચઢાવાવા સાથે ભવ્ય આંગી રચવામાં આવતી હતી સાથે સૂરિમંત્રનો એક લાખ વાર જાપ ધ્યાન–ચિંતન–મનનપૂર્વક કરવામાં આવતો હતો. તેમજ અન્ય ઉચ્ચ કક્ષાની આરાધનાઓ જેવી કે– ૨૦ ઉપવાસ ૧૬ ઉપવાસ સિદ્ધિતપ, અઠ્ઠાઈ અટ્ઠમ, છટ્ઠ, ઉપવાસ, આયંબિલની ઓળી વગેરે અનેક પૂજ્ય સાધુ–સાધ્વીજી અને શ્રાવક–શ્રાવિકાઓએ પણ કરી હતી.

આ પરમપાવન આરાધના નિમિત્તે પાલિતાણાના દરેક શ્રાવકોના ઘરદીઠ કળીનાપ–૫ મોદકોની લ્હાણી, દરેક જૈન સંસ્થાઓના બાળક–બાળિકાઓને મિષ્ટાન્ન ભોજન, અનુકમ્પાદાન, અભયદાન, જીવદયા વગેરે તેમજ પૂ૦સાધુ-સાધ્વીજીઓની ભક્તિ માટે, જૈન-ભોજનશાળા ખાતે, શ્રમણ-સેવાસદન–પાલિતાણા અને બહારગામ સોજીત્રા આદિમાં ઉપાશ્રય ખાતે ઉપરાંત સિદ્ધગિરિરાજ ઉપરની સર્વ ટૂકોના સાધારણ ખાતે પાંચ–પાંચ હજારની ૩૫ થી ૪૦ તિથિઓ નોંધાતા આ પ્રસંગે અનુંમોદનાનું વિરલ દૃશ્ય ખડું થયું હતું. વળી, શ્રી કનૈયાલાલ સૌભાગ્યચંદ પાલનપુરવાળા, શ્રી રજનીકાંત મોહનલાલ ઝવેરી, શ્રી-શાંતિચંદ બાલુભાઈ ઝવેરી વગેરે ગુરુગુણાનુરાગી ભક્તવર્ગે આ આરાધનાના પ્રસંગને અનુરૂપ સુંદર લાભ લીધો હતો.

આ આરાધના આરાધનારૂપે તો ભવ્ય બની જ, સાથે તેની પ્રભાવકતાથી આ મહામંદિરના નિર્માણકાર્યને તેમજ તેના અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવને અસાધારણ બળ, વેગ અનેનિર્વિઘ્નતા પ્રાપ્ત બની. આ આરાધનાની ફળ-શ્રુતિરૂપે જાણે આત્મશક્તિ, સંકલ્પશકિત અને નિર્ણયાત્મક શકિતનો સ્રોત વહેવા લાગ્યો.

### —: તીર્થમાળ અને દીક્ષાપ્રદાન :—

ફાગણ સુદ ૭ ના પૂ૦ પં૦ શ્રી પ્રમોદચંદ્રવિજયજી ગણીની નિશ્રામાં મામાની પોળ વડોદરાથી છ'રી પાળતો સંઘ આવતાં, તેની તીર્થ માળા પૂજ્ય શ્રીની નિશ્રામાં ખૂબ ભાવોલ્લાસ પૂર્વક થઇ હતી મહા સુદ ૬ ના બોડેલી તાલુકાના બાલ મુમુક્ષુ અતુલકુમારની દીક્ષા પ્રદાનવિધિ હર્ષોલ્લાસભર્યો વાતાવરણ વચ્ચે ઉજવાતાં, તેને પૂ૦ ગણિવર્ય શ્રી હ્રીંકારવિજયજી મ૦ ના શિષ્યે બનાવી મુનિશ્રી અણગારચંદ્રવિજયજી નામે જાહેર કરવામાં આવ્યા.

## —: ગામ ના ગોડીજી દેરાસરની સાલ ગિરિ :—

ગામના ગોડીજી દેરાસરની જેઠ સુદ ૧૧ સુવર્ણ મહોત્સવની સાલગીરીના પાવન પ્રસંગને અનુલક્ષી અષ્ટાહ્નિકા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. પૂજ્ય શ્રી ની નિશ્રામાં શાંતિસ્નાત્રાદિ પૂજનો, સાધર્મિક વાત્સલ્ય વગેરે ખૂબ ઉલ્લાસ—ઉત્સાહ પૂવર્ક સુસંપન્ન થયા. આ દેરાસરમાં દર વર્ષગાંઠના દિવસે શાંતિસ્નાત્ર ભણાવવાનું નકકીથતાં, ત્યાર બાદ ચાતુર્માસ દરમ્યાન પૂજ્ય શ્રીની નિશ્રામાં સારી એવી ઉછામણી પૂર્વક આદેશ આપવામાં આવ્યો એવીજ રીતે પૂજ્ય શ્રીની નિશ્રામાં ગામના ઉપાશ્રયના ઉપરના ભાગે હોલ બાંધવાનું પણ નકકી થયું.

## આસો સુદ ૩ ૪ ૫

શ્રી રૂપ વિજયજી મ૦ કૃત પીસ્તાલીશ આગમ મહાપૂજા આસો સુદ ૩,૪,૫. એમ ત્રણ દિવસ શ્રી જિનહરિ વિહારના વિશાળ વ્યાખ્યાન હોલમાં ભવ્ય રચના સાથે તેમજ ભવ્ય રથયાત્રા સહિત મહાપૂજન અપૂર્વ ભાવોલ્લાસ પૂવર્ક ભણાવાઈ હતી.

## -: વિ૦ સં. ૨૪૦નું ચાતુર્માસ :-

આ વર્ષે પણ સાંડેરાવ જિનેન્દ્ર ભવનના ટ્રસ્ટીગણની સાગ્રહ વિનંતિથી ત્યાં જ ચાતુર્માસની જય બોલાઈ. ગયા વર્ષની જેમ ચાતુર્માસની સામૂહિક આરાધના કરાવવાનો નિર્ણય લેવાતાં, આ વર્ષે અગાઉ કયારેય જોવા મળી ન હોય તેવી જબ્બર માગ ઉભી થઈ. કેટલાયને ના પાડવાછતાં જોતજોતામાં ૪૦૦થી ૫૦૦નીસંખ્યા થઈ ગઈ. આ ચાતુર્માસ આરાધકોની ભકિતનો લાભ સુરતના શેઠશ્રી મોહનલાલ કસ્તૂરચંદ ઝવેરી પરિવાર તરફથી લેવામાં આવ્યો. તેઓએ પૂ૦ સાધુ–સાધ્વીજી મહારાજોની ભકિતનો પણ સુંદર લાભ લીધો.

ગત વર્ષ મુજબ. આ વર્ષે પણ અષાડ સુદ ૧૫ ના ચાતુર્માસ આરાધનાના શુભ મંડાણ રૂપે ગિરિરાજની જયતલેટીની રથયાત્રા, સુવર્ણમુદ્રાથી ગિરિપૂજન અને વળતા શ્રી જિનહરિવિહારમાં સંઘપુજન પણ થવા પામ્યું આ રીતે ચાતુર્માસના ચારે મહિના જુદા જુદા ભાઈઓ તરફથી વાજતે ગાજતે ગિરિપુજન અને સંઘપૂજનનો લાભ લેવાતો રહ્યા.

## × વિવિધ અનુમોદનીય આરાધનાઓ ×

ચાતુર્માસ દરમ્યાન વિવિધ તપ આરાધનાઓ પણ એક પછી એક સતત અને સારી સંખ્યા પૂર્વક ભાવોલ્લાસભેર થતી રહી. તેમાં વિશેષરૂપે સિદ્ધગિરિજીના સાત છઠ્ઠ અને બે અઠ્ઠમની

આરાધના-૨૩૦, શ્રી છન્નુ જિનના એકાસણા-૭૦૭, શ્રી નેમનાથના છઠ્ઠ ૪૦૦, શ્રી પાર્શ્વનાથ નિર્વાણકલ્યાણકની આરાધના-૫૦૦ અને તેમાંના ૪૪ આરાધકોએ ચતુર્થવ્રત અંગીકાર કરતા તેઓનું રૂા. ૨૧૧ થી બહુમાન, ચંદનબાળાના અઠ્ઠમ-૧૪૦ અને તે દરેક બાલ કુમારિકાઓના કૌશાંબીનગરની રચનાપૂર્વક પારણાં તેમજ પ્રત્યેકને રૂા.-૮૭ ની પ્રભાવના તેમજ સિદ્ધિતપની સામુદાયિક આરાધનામાં ચતુર્વિધ શ્રી સંઘમાંથી ૬૦ જેવી મોટી સંખ્યા અને એ આરાધકોની ભક્તિનો લાભ માલણ (હાલ સુરત) નિવાસી શ્રી મફતલાલ ફોજાલાલ તરફથી લેવાવાપૂર્વક ભા૦સું૦૧૧ના પારણા તેમજ પ્રત્યેકને રૂા. ૨૦૦) જેવી પ્રભાવના આમ અનેક આરાધનાઓ ભૂરિ ભૂરિ અનુમોદના પૂર્વક સુંદર થઇ.

## 卐 અંજનશલાકા – પ્રતિષ્ઠા 卐

પૂજ્યશ્રીની શુભ નિશ્રામાં આરીસાભવનમાં શ્રી મલ્લિનાથ આદિ જિનબિંબોની અંજનશલાકા તથા ગૌતમસ્વામીજી આદિની પ્રતિષ્ઠા નકકી થતાં તે નિમિત્તે શ્રાવણ સુદ ૧૪ થી વદ ૬ સુધીના મહોત્સવનું ભવ્ય આયોજન થયું તેમાં વાવ (બનાસકાંઠા) થી આવેલ લગભગ ૩૧ ઈંચના શ્રી મહાવીરસ્વામીજી અને અન્ય ગામોથી આવેલા કુલ ૧૧૭ જિનબિંબોની અંજનશલાકા કરવામાં આવી.

આ મહોત્સવને અનુરૂપ આયોજિત પંચકલ્યાણકની ઉજવણીમાં ભગવાનના માતા પિતાની કરણી શ્રી બાબુભાઇ કડીવાળાએ અને ઇન્દ્ર-ઇન્દ્રાણીની કરણી શ્રી કેવલચંદજી કપૂરચંદજી ખુડાલાવાળાએ ઉલ્લાસપુર્વક કરી હતી. આ સારો ય મહોત્સવ ખૂબ ઠાઠમાઠ-પૂર્વક ઉજવાયો હતો.

## = પાલિતાણા શહેરમાં રેકર્ડ રૂપ આરાધના =

પૂજ્યશ્રી સાંડેરાવભવનમાં બિરાજમાન હોવા છતાં પાલિતાણા શ્રી સંઘ માટે પ્રબલ પ્રેરણારૂપ બન્યા હતા. શ્રી સંઘનાં ધર્મકાર્યો તેઓશ્રીની પ્રેરણાથી સરળ અને સંપન્ન બની રહ્યા હતા. તેવામાં પુજ્યશ્રીના ઉપદેશથી શ્રીસંઘે શ્રા૦સુ૦૧ ના એકધાનના આયંબિલની સામુદાયિક આરાધના કરવાનો નિર્ણય લેતાં શ્રી સંઘના પ્રત્યેક આબાલવૃદ્ધ ભાઇ-બહેનો તેમાં જોડાવા ઉત્સુક બન્યા. આ આરાધનામાં પુર્વે કદી ન થઈ હોય એવી વિક્રમરૂપ ૯૦૦ની સંખ્યા થઇ. શ્રી સંઘના તમામ યુવકોએ સુંદર પુરુષાર્થ કરી આરાધનાને સફળતા અપાવી હતી. અને જુદા જુદા ભાવિકોએ પ્રત્યેક આરાધકોને રૂા.-૪) આપી અનુમોદના પ્રગટાવી હતી.

ચાતુર્માસ દરમ્યાન અનેક આરાધનાઓ થવા ઉપરાંત ઉગ્ર તપશ્ચર્યાઓ પણ સારી એવી થઈ હતી. ખાસકરી **પૂ૦આ૦શ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી મ૦, પૂ૦ગણિવર્ય શ્રી સોમચંદ્રવિજયજી મ૦, પૂ૦મુનિશ્રી કૈલાસચંદ્રવિજયજી, પૂ૦મુનિશ્રી નિર્મલચંદ્રવિજયજી.** પૂ૦મુનિશ્રી પ્રશમચંદ્રવિજયજી પૂ૦મુનિશ્રી વિબુધચંદ્રવિજયજી, આદિ ૬ શ્રમણભગવંતોએ **માસક્ષમણની મહાન તપશ્ચર્યા** કરી હતી. **પૂ૦** શાસનસમ્રાટ્શ્રીના **સમુદાયમાં** એક જ સ્થળે એકી સાથે છ છ શ્રમણભગવંતોએ માસક્ષમણ કર્યા હોય તેવો આ પ્રથમ પ્રસંગ હતો.

આ મહાન તપશ્ચર્યા દરમ્યાન તેની અનુમોદનાર્થે તેમજ નિર્વિઘ્ન પુર્તિ અર્થે **પ્રતિદિન અભયદાન** અનુકંપાદાન, જીવદયા તેમજ પાલિતાણાની જૈન તેમજ સાર્વજનિક **સંસ્થાઓના બાલક બાલિકાઓને મિષ્ટાન્ન ભોજન** આપવામાં આવેલ. વળી પ્રત્યેક જૈનોના ઘરદીઠ મીઠાઈના પેકેટની લ્હાણી કરવામાં આવેલ. આ માસક્ષમણ નિમિત્તે ભક્તિભવન ઉપાશ્રય–પાલિતાણા માટે તેમજ મોટા લીલીયા, રાથળી ઠાડચ ડભોઉ, માળવા આદિ અનેક ગામોના ઉપાશ્રય માટે જુદા જુદા મહાનુભાવોએ સારી એવી રકમ નોંધાવી લાભ લીધો હતો. આ ઉગ્ર તપશ્ચર્યાના પારણા પ્રસંગે બહારગામથી સેંકડો ભાવિકો આવ્યા હતા તેમાં કેટલાકે વિવિધ અભિગ્રહો લઇ તપશ્ચર્યાની ભૂરિ ભૂરિ અનુમોદના કરી હતી.

અન્ય ઉગ્ર તપશ્ચર્યાઓમાં તપસ્વી **મુનિશ્રી** પ્રદિપચંદ્રવિજયજી મહારાજે વર્ધમાનતપની ૭૦/૭૧મી ઓળી સાથે શ્રેણિતપ, બાલમુનિ શ્રી વિશ્વચંદ્રવિજયજીએ અઠ્ઠાઇ, સાધ્વી શ્રીયશાશ્રીજીએ ૪૫ ઉપવાસ અને અન્ય સાધ્વીગણમાં માસક્ષમણ, શ્રેણિતપ, સિદ્ધિતપ વગેરેની મહાન તપશ્ચર્યાઓ સારી એવી થઈ હતી.

વડાસીનોરવાળા શ્રી નટવરભાઇએ ૫૧ ઉપવાસની અને અન્ય અનેક શ્રાવક–શ્રાવિકાઓએ પણ માસક્ષમણ, શ્રેણિતપની સિદ્ધિતપની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી.

ભા૦સુ૦૬ ના પાલિતાણામાં અઠ્ઠાઈ અને તેની ઉપરના તપસ્વી ભાઇ–બહેનોનું બહુમાન સુરતવાળા શ્રી મોહનલાલ કસ્તુરચંદ ઝવેરી તરફથી કરવામાં આવેલ.

## –: મહાતપના ઉજમણા :–

આસો સુદ ૧૦ના ઉપધાનતપનો પ્રારંભ થયો તેમાં ૫૦૦ની સંખ્યા થઈ હતી. ઉપધાનતપ કરાવનાર– શ્રી કાંતિલાલ ડોસજીભાઇ–ખીમત, શ્રી રાજમલજી પરશોતમદાસ સંઘવી–થરાદ શ્રી દલપતલાલ પરશોતમદાસ ખોડલાવાળા શ્રી બાબુલાલ સોભાગચંદ પાલનપુરવાળા શ્રી ચંદ્રકુમાર અને પ્રશાંતકુમાર રામપુરીયા કલકત્તા, શ્રી કેશવલાલ ગોવિંદજી પાલનપુરવાળા

## -: સૂરિમંત્ર પંચમ પ્રસ્થાનની આરાધના :-

આસો સુદ ૧૫ થી પૂ૦આ**શ્રી** વિજયઅશોકચંદ્રસૂરિજી મહારાજે તથા પૂ૦આ૦**શ્રી** વિજયજયચંદ્રસૂરિજી મહારાજે પંચમ પ્રસ્થાનની આરાધના શરૂ કરી હતી.

## -: વિ૦ સં. ૨૦૪૧ :-

ગત આસો સુદ ૧૦ થી શરૂ થયેલી ઉપધાનતપની આરાધાના ઘણા ઉલ્લાસપુર્વક ચાલી રહી હતી. તેમજ આરાધકો તરફથી વિવિધ પૂજનો પણ પ્રસંગોપાત્ત ભણવાઈ રહ્યા હતા.

## -: અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્વ તૈયારી :-

શ્રી ૧૦૮ જૈનતીર્થદર્શન ભવન અને શ્રી સમવસરણ મહામંદિરની આગામી માગશર સુદ ૬ ના અંજનશલાકા-પ્રતિષ્ઠા યોજનાર હોઈ અને તેને હવે વધુ સમય ન હોઈ, એ અંગેની એક પછી એક તૈયારીઓ પૂરઝડપે થવા લાગી. ટ્રસ્ટીઓની મીટીંગો પણ વારે વારે મળવી આ પ્રસંગ ખૂબ ભવ્ય રીતે ઉજવાય તેમજ આ મહોત્સવનો લાભ લેનારા ભાગ્યશાળીઓની જરૂરી તમામ સુવિધા સચવાય તે માટે સુવ્યવસ્થા ગોઠવવા નકકર વિચારણા કરવામાં આવી.

આ નિર્માણકાર્ય એટલું તો વિરાટકાય હતું કે તેની જુદી જુદી વ્યવસ્થાઓ ગોઠવવી પડી એક બાજુ નિર્માણકાર્ય માટે જુદા જુદા સ્થપતિઓ-આર્ટીટેકરોને કામ વહેંચી દઇ અને વધુમાં વધુ કારીગરોને બેસાડી કામની ઝડપ તીવ્ર બનાવવામાં આવી.

બીજી બાજુ, જિનબિમ્બો ઘડવાનું જે કાંઇ બાકી હતું તે પણ સમયસર પુરૂં થાય તે માટેની વ્યવસ્થા વ્યપક બનાવવામાં આવી. અને જે જિનબિમ્બો ઘડાઈ ગયા હતા તેના ઉપર તેમજ અંજનશલાકા માટે બહારગામથી આવેલ નવા જિનબિમ્બો ઉપર લેખ લખવાનું કામ પણ એટલું મોટુ હતું કે તેમાં પણ રાત-દિવસ એક કરવા પડયા.

## -: મહોત્સવની તૈયારી -:

આ પ્રસંગ અંજમશલાકાનો હોઈ પ્રભુજીના પંચકલ્યાણકની ભવ્યઉજવણીનું આયોજન કરવામાં આવેલ. ૨૫૦ ઉપરાંત જિનબિમ્બોની અંજનશલાકા કરવાની હોઈ તે માટે વિશાળ વેદિકા બનાવવામાં આવી. સૌ પણ સમાંવેશ ન થાયો અને ૧૦૮ પાર્શ્વ-

નાથ તથા ૨૪ તીર્થંકર પ્રભુજી તેમના સ્થાને રાખવામાં આવ્યા માટે વિશાળ પ્રતિમા. તે મંડપ તેમજ રાજદરબાર અને ઈન્દ્ર દરબારને હુબહુ બનાવે તેવા સ્ટેજો. મેરૂપર્વત અને સમવસરણની ભવ્ય અને વિશાળ રચના કરવામાં આવી. વિશાળ મંડપમાં પૂજ્ય શ્રમણ ભગવંતો માટે એક બીજું ઉંચું અને ઘણુજ મોટું સ્ટેજ બનાવવામાં આવ્યું

આ પ્રસંગે હજારોની માનવ મેદની ઉમટી પડે તે નિશંક હોઈ તેઓના, ખાસ કરીને મહેમાનો પણ યોગ્ય વ્યવસ્થા વિશાળ પાયે કરવાનું વિચારાયું વિશાળ સાધ્વીગણની ઉપસ્થિત હોઈ તે માટે શ્રાવિકા વિભાગમાં આગળ વ્યવસ્થા ગોઠવવામાં આવી પંચ કલ્યાણકની ઉજવણી સતત પાંચ દિવસ અને તે અંગે લાંબા સમય સુધી ચાલે તેમ હોઇ પાણી વગેરેની વ્યવસ્થા પણ વિશાળ રીતે ગોઠવવામા આવી.

આ ઉજવણી અંગે રાજા-રાણી ઈન્દ્ર-ઇન્દ્રાણી, ૫૬ દિક્કુમારિકાઓ ૬૪ ઇન્દ્ર રાજદરબારના જુદાજુદા કાયકરો એ તમામના પરિવેષ અને તે પણ આબેહુબ લાગે એવા લાવવાનો નિર્ણય કરાયો. આવા નાના નાના કામ પથ કરવા જઈએ ત્યારે જ ખબર પડે કે એ રમતવાત નથી હોતી. દરેક લોકો બરાબર શાંતિથી સાભળી શકે તે માટે માઇકની પણ સુંદર ગોઠવણી કરવામાં આવી

આ પંચ કલ્યાણકના વરઘોડા ખૂબ આકર્ષક બને તે માટે પ્રભુજીના ૧ ૨ નહી પણ ૩ રથ, એવી જ રીતે ૩ હાથી અને ડીસાનું સુપ્રસિધ્ધ અજન્ટા બેન્ડ લાવવાનો નિણર્ય કરવામા આવ્યો ઉપરાંત હંસાકારની બેઠકવાળી એક બગી પણ સુંદર બનાવવા વિચારાયું.

અંજનશલાકા-પ્રતિષ્ઠાને અનુલક્ષી અનેક મહાપૂજનો અનેવિવિધપૂજા રાખવાનું નક્કી કર્યું અને તે માટે જોઈતી સામગ્રી એકઠી કરવા માટેનું કાર્ય પણ યોગ્ય વ્યકિતઓને સોપ્યું.

## -: સાધર્મિક ભકિત :-

૧૩૬ પ્રભુપ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં આવનાર હોઇ તેનો લાભ લેનારાની સંખ્યા પણ ઘણી મોટી હતી. વળી તે સૌના પરિવાર અને સગા-સંબંધીઓ પણ મોટી સંખ્યામાં આવે. વળી શ્રી ગિરિરાજ ઉપર અંજનશલાકાનો આ પ્રસંગ ઘણા લાંબા સમયે એટલે કે વર્તમાન પેઢીના કોઇએપણ જોયો જ નહોય, અલભ્ય એવો આ લાભ જોવાનું પ્રાપ્ત થયું હોઈ કેટલું માણસ થાય તેનું માપ કાઢવાનું કપરૂ બની ગયું હતું આ માટે જમાડવાની જગ્યા પણ ઘણી વિશાળ હોવી જરૂરી હતી. આ મુશ્કેલ કાળ, પણ ગુરૂદેવોની કૃપાથી અને ઘાટકોપર-સાંઘાણી એસ્ટેટના જાણીતા કાયકર શ્રી હર્ષદભાઈ

અને તેમના સાથીઓ દ્વારા પાર પડયું આ માટે તલાટીની નજીકમાં જ વિશાળ અને દરેક સુવિધા સચવાય એવી પન્ના-રૂપા યાત્રિક ગૃહની મંજુરી તેમના ટ્રસ્ટી શ્રી ખેમરાજજી દ્વારા સહજ રીતે પ્રાપ્ત થઇ ગઇ.

સાધર્મિકભક્તિ માટેનું વિશાળ સ્થળ નક્કી થઈ જતાં તેમાં એકી સાથે હજાર ભાવિકો જમી શકે તેવી વ્યવસથા અને તે પણ ટેબલ-ખુરશીની જેમ આધુનિક પદ્ધતિ અને એકાસણા વગેરે કરનારાઓ માટે પરંપરાગત પદ્ધતિ પણ વિશાળ પાયે હાથ ધરવામાં આવી. સામાન્ય દિવસોમાં પણ ઓછામાં ઓછી ૨-૩ હજારની સંખ્યા થાય, તે ધ્યાનમાં લઇ રસોડા રસોઈઆ, પીરસણીઆ અને કામવાળી બહેનોની સુચારુ વ્યવસ્થા ગોઠવવા વિચાર્યું પાછલા દિવસોમાં તો ૨૦થી ૩૦ હજારની સંખ્યા થાય તેવી ગણતરીને ધ્યાનમાં લઈ, તે માટે પણ બધી જ વ્યવસ્થા વિચારી લેવામાં આવી હતી. રસોડાના કોઠારની સામગ્રી, પાણીની વ્યવસ્થા ઘી, દૂધ, તેલ શાકભાજી અને જુદા જુદા દિવસોમાં ભાત-ભાતના મિષ્ટાન્ન અને ફરસાણ બનાવવા માટે બેનમૂન વ્યવસ્થા વિચારાઇ હતી, આ સાધર્મિકભક્તિ માત્ર એક જ ટંકની ન હતી, સવાર-સાંજ બન્ને ટંકની હતી. આખો દિવસ રસોડું ચાલુ જ રહેતું આ કામ એટલું તો ભગીરથ હતુ કે યોગ્યતંત્ર ગોઠવાવામાં ન આવે તો આખા મહોત્સવનું કર્યું-કરાવ્યું નિષ્ફળ બને.

## -: ઉતારાની વ્યવસ્થા :—

આવી જ રીતે અમાપ સંખ્યાને ધ્યાનમાં લેતા તેઓના ઉતરવાની વ્યયસ્થા પણ જબરી મહેનત માગીલે તેવી હતી આ માટે ઉપસ્થીત ગુરૂવર્યો ઉપર્શંત બીજા પધારનાર પૂ૦ આચાર્યાદિ પદસ્થો અને મુનિરાજો તેમજ વિશાળ સાધ્વીગણ માટે અનુકુળ સ્થાનો નક્કી કરવા જરુરી હતા. ઉપરાંત વિધિકારકો, સંગીતકારો, કાર્યકરો તેમજ લાભ લેનારા ભાગ્યશાળીઓ અને તેમના સગાસ્નેહિઓ ઈત્યાદિની ઉંતરવાની વ્યયસ્થા માટ આગમ-મંદિર, વીશા નીમા કેશરીયાજીનગર, નિવૃત્તિનિવાસ, તખતગઢ મંગલભવન, પાહરલી યાત્રિક ગૃહ ગિરિવિહાર, પન્નારૂપા યતીંદ્રભવન, વાપીવાળા કેશરવાળાની ધર્મશાળા. રાજેન્દ્ર ભવન, રાજેન્દ્ર વિહાર, હજારી નિવાસ પાંચ બંગલા વગેરે ધર્મશાળાઓ નક્કી કરવામાં આવી ઉપરાં- વ્યકિતગત રીતે પણ અનેક ધર્મશાળા બુક કરાવી લેવામાં આવી

જ્યારે પૂજ્ય આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. પૂ૦ આ. શ્રી વિજય અશોકચંદ્રસૂરિજી મ. પૂ૦ આ. શ્રી વિજયજયચંદ્રસૂરિજી મ. આદિ સહ પરિવાર સાંડેરાવભવનમાં બિરાજમાન હતા, પણ આ સ્થળ તલાટીથી દુર પડે તેમ હોઈ, તલાટીની નજીકમાં જ લક્ષ્મીચંદ બાપુભાઇ સરકાર ટ્રસ્ટ ' દ્વારા નવું જ બંધાયેલ ' શત્રુંજય દર્શન '

તેના ટ્રસ્ટીઓની ભાવભરી વિનંતીથી પૂજ્યશ્રીઓ સપરિવાર મહોત્સવ પૂર્વેજ શત્રુંજય દર્શનમાં પધાર્યા હતા અને મહોત્સવના તમામ કાર્યોનું સંચાલન પણ અહીંજ એક અલાયદી ઓફીસ ખોલી કરવામાં આવ્યુ આ બંનેના કારણે આ સ્થળે મહોત્સવના સંચાલનનું મુખ્ય કેન્દ્ર બની ગયું અને આ સ્થળ એટલું તો ધમ ધમવા લાગ્યું કે મોડી રાત કે કડકડતી ઠંડી અહીં દેખાતી–વરતાતી નહીં

## —: આમંત્રણ પત્રિકા :—

આ બધા કાર્યોની સાથે વિરલ એવા આ પ્રસંગની આમંત્રણ પત્રિકા પણ વિશિષ્ટ એવી બહાર પાડવાનું વિચારવામાં આવ્યુ આ માટ એક બાજુ લખાણની અને બીજી બાજુ છાપકામની ગુણવત્તા વધુ અને વધુ જળવાય તે માટ કાર્ય હાથ ધરવામાં આવ્યુ લખાણ પ્રસંગની ગુણવત્તાને ઓપે એવું તૈયાર થતાં તે પ્રેસમાં આપવામાં આવ્યુ લખાણ ઘણું મુદ્દાસરનું, વૈવિધ્યસભર અને વિસ્તૃત માહિતીપૂર્ણ હોવાથી તે બુકલેટ આકારે પ્રગટ કરવાનું નકકી કરવામાં આયું આ મહત્ત્વની કામગીરી ટ્રસ્ટી શ્રી અશ્વીન ભાઇ સંઘવીને સોંપવામા આયું.

જેમાં તેનું મુખપૃષ્ઠ એવું આલેખવામાં આવ્યું કે માત્ર ચિત્ર જોવા પરથી જ સિદ્ધભૂમિમાં જાણે સાક્ષાત્ સમવસરણમાં બેઠેલા પ્રભુ દેશના આપતા ન હોય ! અર્થાત્ એવું દૃશ્ય તાદૃશ્ય થતું આ આમંત્રણપત્રિકામાં અંદરના દરેક પાને સમવસરણ મહા-મંદિરના મોનોગ્રામની પ્રીન્ટ પ્રગટકરવામાં આવી હતી. તેનાથી વાંચનારને પાને પાને આ સમવસરણ મહામંદિર દૃશ્યમાન એવું થતું કે જાણે પોતે સાક્ષાત્ જોયું ન હોય ! વળી આ મોનોગામના ચાંદીના સિકકા, સ્ટીકર, પ્લાસ્ટીકનાં તોરણો વગેરે પણ બનાવવામાં ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ખૂબ જ આકર્ષક અને દર્શનીય એવી આ શ્રી સંઘ આમંત્રણ પત્રિકા તૈયાર થતાં તે ભારતભરનાં મુખ્ય મુખ્ય શહેરો જૈન સંઘોમાં તેમજ દરેક આદેશ લેનારાઓ ઉપર સમયસર પહોચાડવા તાકીદે કામ હાથ ધરવામાં આવ્યું

## + મહોત્સવનો મંગલ પ્રારંભ +

મહોત્સવના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ જનસમુદાયનું આગમન પણ દિન--પ્રતિદિન વધવા લાગ્યું મહોત્સવની સઘળી તૈયારીઓ ગોઠવાઈ ગઇ હતી

શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન તથા શ્રી સમવસરણ મહામંદિરનું નિર્માણ કાર્ય પણ ટોચ સુધી પહોચી ગયું હતું.

શ્રી નાભિરાજા પિતા
શ્રી રજનીકાંતભાઇ મોહનલાલ ઝવેરી

શ્રી મરૂદેવી માતા
શ્રી હંસાબેન રજનીકાંત ઝવેરી



શ્રી ૧૦૮ સમવસરણ મહા મંદિરની અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગનું એક દૃશ્ય.

ઇન્દ્ર શ્રી શાંતીચંદબાલુભાઇ ઝવેરી

ઇન્દ્રાણી શ્રી નલીનીબેન શાંતીચંદ ઝવેરી

## પ. પૂ૦ સાધ્વીજી મ. સા. અને વિશાળ મેદની



અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગનું દશ્ય.

## ·|· પ્રથમ દિવસ : કારતક વદ ૧૦ તા.૧૮-૧૧-૮૪ રવિવાર -·-

મહોત્સવના મંગળ વધામણા જળયાત્રાના ભવ્ય વરઘોડા સાથે ગાજતા થયા, ત્યાર બાદ વિજયમુહૂર્તે જેમની પાવન સાંનિધ્યમાં પ્રત્યેક વિધિવિધાન કરામાં આવનાર હતા એવા શ્રી આદીશ્વરપ્રભુ તથા સાથો સાથ કુંભસ્થાપના, અખંડ દીપકસ્થાન, જવારા-રોપણ, માણેકસ્થંભારોપણ તથા તોરણ બાંધવા વગેરે શુભ કાર્યો જુદા જુદા પુણ્યશાળીઓના વરદ હસ્તે ચતુર્વિધ શ્રી સંઘની વિશાળ ઉપસ્થિતિમાં અને ઉછરંગભર્યા વાતાવરણ વચ્ચે કરવામાં આવ્યા.

આ સમગ્ર અંજનશલાકા (પ્રાણપ્રતિષ્ઠા) મહોત્સવ જે પરમતારકના નૂતન જિન બિમ્બને આશ્રયે ઉજવનાર હતા તે શ્રી મહાવીરસ્વામી પરમાત્માના બિંબને વેદિકા ઉપર મુખ્યપણે સ્થાપિત કરવામાં આવ્યા અહીં પ્રતિષ્ઠિત થનાર ૧૦૮ પાર્શ્વનાથની સંખ્યા જેટલા જ ૧૦૮ પ્રભુજી બહારગામથી અંજનશલાકા માટે આવેલ, તે પણ વેદિકા ઉપર બિરાજમાન કરવામાં આવ્યા. શત્રુંજયાવતાર, કેશરીયાજી, સહસ્રફણા આદિ જિનબિમ્બો વિશેષ ધ્યાનાકર્ષક હતા.

## % બીજે દિવસ : કારતક વદ ૧૧ સોમવાર તા.૧૯-૧૧-૮૪ %

આ દિવસે ૧૦૮ પાર્શ્વનાથ જિનબિંબોને વાજતે ગાજતે શ્રી સમવસરણ મહા-મંદિરમાં પ્રવેશ કરાવવમાં આવ્યો તેમજ ઉપરના ચૌમુખજી શ્રી મહાવીરસ્વામીના ચાર બિમ્બોનો પણ મંગલમુહૂર્તે પ્રવેશ કરવામાં આવ્યો. આ પ્રવેશ સમયે જુદા જુદા પાંચ ભાગ્યશાળીઓ દ્વારા પ્રભુજીના ભાવોલ્લાસપૂર્વક પોંખણા કરવામાં આવ્યા. ત્યારબાદ વિજયમુહૂર્તે ક્ષેત્રપાલ-પૂજન, દશદિક્પાલપૂજન, ભૈરવપૂજન, સોળવિદ્યાદેવી પૂજન, નવગ્રહ પૂજન અષ્ટમંગલ પૂજન વગેરે વિશિષ્ટ પૂજનો થયા હતા. આ પૂજનોનો લાભ જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી લેવામાં આવેલ.

## | ત્રીજે દિવસ : કારતક વદ ૧૨/૧૩ મંગળવાર તા. ૨૦-૧૧-૮૪ |

આસો સુદ ૧૦ ના શરૂ થયેલ ઉપધાનતપમાં ૫૦૦ આરાધકોની વિશાળ સંખ્યા થઈ હતી. તેમાં ૧૭૦ આસપાસ માળવાળા હતા. આજે આ માળનો ભવ્ય વરઘોડો ચઢતાં, તે સાથે પાલીતાણામાં અન્ય સ્થળે કેશરીયાજીનગર તેમજ લુણાવા-મંગલ-ભવનમાં ચાલી રહેલ ઉપધાનતપનો-માળનો વરઘોડો સંયુકતનીકળતા તે અતિભવ્ય બન્યો હતો. આ વરઘોડામાં નિશાનડંકા ઈન્દ્રધ્વજા. ૫ રથ ૩ ગજરાજ, બગીઓ-ઘોડાગાડી સેંકડોની

સંખ્યામાં, સપ્તમૃગાકાર જીપગાડી, ડીસા-ભાવનગર તેમજ પાલીતાણાના પ્રત્યેક બેન્ડ, માળ પહેરનારના ગામેગામના વિપુલસંખ્યામાં સગા-સંબંધીઓ તથા ત્રણે ઉપધાનના નિશ્રાદાતા આચાર્ય ભગવંતો પૂ૦આ૦શ્રી વિજયદેવસૂરિજી મ૦, પૂ૦આ૦શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ૦, પૂ૦આ૦શ્રી વિજયમંગલપ્રભસૂરિજીમ૦ તેમજ પાલીતાણામાં બિરાજમાન દરેક સમુદાયના શ્રમણ ભગવંતો પધાર્યા હતા.

આ એક એવો વિરલ પ્રસંગ હતોકે પાલીતાણામાં સમસ્ત ઉપધાનતપના આરાધકોનો માળનો વરઘોડો પ્રાય : પ્રથમવાર સંયુક્ત રીતે ચઢયો હશે, વળીઆ પ્રસંગે તમામ ઘોડાગાડી રોકાઈ જતાં મુસાફરોને આ માઠી મુંઝવણ ઉભી થઈ હતી.

આ દિવસે બપોરે સમવસરણમાં શ્રી જિનશાસનના સારભૂત તત્ત્વ સત્ત્વ અને અન્યનો પરિચય કરાવે એવા લઘુ સિદ્ધચક્રપૂજન અને લઘુ વીશસ્થાનક પુજન ઘણાજ ભાવોલ્લાસથી ભણાયું, તેમજ સાંડેરાવ જિનેન્દ્ર ભવનમાં બપોરે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવેલ.

## × ચોથો દિવસ કારતક વદ ૧૪ બુધવાર તા. ૨૧-૧૧-૮૪ ×

આજના દિવસે બે વિશિષ્ટ કાર્યક્રમો હતા. (૧) પૂ૦ મુનિશ્રી વિનીતચંદ્રવિજયજી મ૦ ને ગણીપદવી પ્રદાન અને (૨) માળારોપણની મંગલ વિધિ. આ પ્રસંગને અનુલક્ષી સવારથીજ નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ ધર્મોદ્યામના વિશાળ પટાંગણમાં જનમેદની ઉમટવા લાગી

નાણની સમક્ષ બંને વિધિ ચાલુ કરવામા આવી હતી. તેમાં પ્રથમ પૂ૦ મુનિશ્રી વિનીતચંદ્રવિજયજી મ૦ને હર્ષોલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે ગણીપ્રદાનની ક્રિયાવિધિ થઈ હતી. ત્યારબાદ ઉપસ્થિત પૂ૦ આચાર્યાદિ ગુરૂભગવંતો અને નૂતન ગણિવર્યશ્રીને શેઠશ્રી અભેચંદ ગુલાબચંદ ઝવેરી પરિવાર તરફથી કામળી વહોરાવવામાં આવી હતી.

## =। ૧૪૧ છોડનું ભવ્ય ઉદ્યાપન =।

શ્રી સમવસરણ મહામદિરના દર્શનીય ભાગમાં ૧૪૧ છોડનુભિવ્ય ઉદ્યાપન ગોઠવવામાં આવ્યું હતું આ છોડની રચના એવી વિશિષ્ટ અને અનુપમ રીતે ગોઠવવામાં આવી હતી કે- જોનાર જોતા જ રહી જાય. આ સુંદર ગોઠવણી પાછળ રાત-દિવસની અવિરત જહેમત ઉઠાવવામાં આવી હતી. આ ઉદ્યાપનનું ઉદ્ઘાટન પણ આ જ સમયે શ્રી અભેચંદ ગુલાબચંદ ઝવેરીના સુપુત્રો દ્વારા કરાવવામાં આવ્યું, આ પ્રસંગે ઉપધાનતપ કરાવનાર પુન્યશાળીઓનું બહુમાન શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરી દ્વારા કરવામાં આવ્યું હતું

## -: માળા રોપણ :-

ત્યારબાદ લોકો ઉત્કંઠાથી જેની રાહ જોઈ રહ્યા હતા તે માળારોપણની ક્રિયા-વિધિનો આરંભ થયો હતો. પહેલી માળ અ૦સૌ૦ હંસાબહેન રજનીકાંત ઝવેરી, બીજી માળ અ૦સૌ૦ મંજુલાબેન કાંતિલાલ આકરાણી અને ત્રીજી માળ અ૦સૌ૦ પ્રવીણાબેન હિંમતભાઇ સાવકુંડલાવાળાએ પહેરી હતી. ત્યારબાદ અનુક્રમે બાકીની બધી માળો ઘણા આનંદ--ઉલ્લાસ–ઉત્સાહ અને ઉછરંગ વચ્ચે પહેરાવવામાં આવી હતી. બપોરના શાંતિ-સ્નાત્ર ભણાવવામાં આવેલ.

## પાંચમો દિવસ કારતર વદ ૦)) ગુરૂવાર તા. ૨૨–૧૧–૮૪

આ દિવસે સવારે ૧૦ વાગે ભાવજિનેશ્વર ભગવંતના સમવસરણના પ્રતિકના પૂજનના મહાવિધાનસ્વરૂપ શ્રી બૃહત્ નંદ્યાવર્તપૂજન શરૂ થતા, તેમાં પંચપરમેષ્ઠિ, દર્શન જ્ઞાન–ચારિત્ર પ્રભુજીના માતા, ઇન્દ્ર–ઇન્દ્રાણી, યક્ષ–યક્ષિણી આદિ જિનશાસનરક્ષક ૨૯૧ દેવ–દેવીઓનું પૂજન કરવામાં આવેલ.

## —: છઠ્ઠો દિવસ × માશરસુદ ૧ શુક્રવાર તા. ૨૩–૧૧–૮૪

આજથી પંચ કલ્યાણક મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થતાં મહોત્સવમાં અનેરો રંગ જામ્યો હતો.

## ચ્યવન કલ્યાણકનો વરઘોડો

ઈન્દ્રધ્વજા, ૩ ગજરાજ, પ્રભુજીનો રથ વગેરેથી આ વરઘોડાની શોભા આકર્ષક બની હતી.

આ વરઘોડો ઉતર્યા બાદ પૂજ્યપાદ **શ્રી** ચતુર્વિધ **શ્રી** સંઘ સાથે ચ્યવન કલ્યાણકની વિધિ માટે જિનાલયમાં પધાર્યા અને પંચ કલ્યાણકની વિધિને અનુલક્ષી શ્રી રજનીકાંત મોહનલાલ ઝવેરી તથા અ સૌ. હંસાબેન રજનીકાંતની પ્રભુજીના માતા પિતા તરીકે અને શ્રી શાંતિચંદ બાબુભાઈ ઝવેરી તથા અ. સૌ. નલિની બેન શાંતિચંદ્ર મુખ્ય (સૌધર્મેન્દ્ર) ઈન્દ્ર–ઈન્દ્રાણી તરીકે મંત્રોચ્ચાર પુર્વક સ્થાપના કરવામાં આવી અને ત્યાર બાદ પ્રભુજીના ચ્યવનની વિધિ કરાવવામાં આવી.

## -: રાજ દરબાર :-

આ રાજદરબાર એટલો તો ભવ્ય અને હુબહુ બન્યો હતો કે તે જો સૌ કોઈના મ્હોંએ સરસ–સુંદરના શબ્દો સરી પડતા હતા આ વિશાળ સ્ટેજ ઉપર વચ્ચે

રાજ્ય દરબારમાં સિંહાશન ઉપર સિદ્ધાર્થ મહારાજ અને માતા ત્રિશલાદેવી શય્યાપર અર્ધ નિંદરમાં (સુતા) હતા જ્યારે સ્ટેજની ડાબી બાજુએ ઇન્દ્રસભાની ભવ્ય અને આકર્ષક રચના કરવામાં આવી હતી તેમાં ઉંચા સિંહાસન ઉપર સૌધર્મેન્દ્ર અને ઇન્દ્રાણી બિરાજમાન હતા.

આ રાજદરબારનો પડદો ખસેડાતા જનમેદની આતુરતાપુર્વક માતા ત્રિશલાદેવીના સ્વપ્નોને જોવા એકરસ બન્યા હતા આમ ત્રિશલાદેવીએ ૧૪ મહાસ્વપ્નોના દિવ્ય દર્શન કર્યા ત્યાર બાદ મહારાજા પાસે આવી પોતાને આવેલા ૧૪ મહા સ્વપ્નનોનો વૃત્તાંત જણાવ્યો આ દિવ્ય સ્વપ્નોની ફલશ્રુતિ જણાવતાં કહ્યું કે આપની રત્નકુક્ષિએ ધર્મચક્રવર્તી પુત્ર તેમજ ત્રિલોક પ્રભુનો જન્મ અલ્પ સમયમાં થશે.

ત્યાર બાદ મહાદેવીએ પોતાના શયન ગ્રહમાં પધારી શેષ રાત્રિ જિન ભક્તિમાં પસાર કરી

તે અરસામાં શકેન્દ્રનું અચલ સિંહાસન ચલાયમાન થયુ અને સિંહાસન કંપામાન થતાં તેનો અગ્નિસરખો કોપ પ્રજવલિત થયો અને યમદરબારે જવા કોણ તૈયાર થયો છે વગેરે ક્રોધિત શબ્દો ઉચ્ચારી અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો આથી જાણ્યું કે જગદુદ્ધારક પરમાત્માનું ચ્યવન થયું છે.

## સાતમો દિવસ માગશર સુદ ૨ × શનિવાર તા. ૨૪-૧૧-૮૪

### : આજનો મંગલ પ્રસંગ એટલે પ્રભુજીનું જન્મ કલ્યાણક :

સૌ પ્રથમ જિનાલયમાં પ્રાથમિક વિધિ-વિધાનો થયા. બાદ શુભ ચોઘડીયે હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં પ્રભુજીનો જન્મ થયો. માતા ત્રિશલાદેવી અને તેના પરિવાર ને આનંદનો કોઇ પાર ન હતો. સૌના હૈયાં આનંદથી ઝુમી ઉઠયા. આ ભાવ વિભોર વાતાવરણમાં પ્રભુજીને શયનખંડમાં પધરાવવામાં આવ્યા આ સાથે જ ૫૬ દિક્કુમારિકાઓએ આવી ઉછળતા હૈયે પ્રભુભક્તિ પ્રગટ કરવા પૂર્વ પોતાના કલ્પાનુસાર ભક્તિ કરી. ઇન્દ્રાણીએ પણ ભકિતસાભર હૈયે પ્રભુજીને તિલક કરી નૃત્યગાન કર્યા હતા.

### --: ઇન્દ્ર મહોત્સવ :—

ત્યારબાદ સૌધર્મેન્દ્રનું સિંહાસન કંપી ઉઠયું અને અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ થયો જાણી પોતાના સિંહાસન પરથી ઉઠી સાત ડગલા આગળ જઇ વિનમ્રભાવે શક્રસ્તવથી પ્રાર્થના કરી.









વિ.સં. ૨૦૪૨ ફા.સુ. ૩ શ્રી તીર્થપટ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગના દ્રશ્યો.



મુંબઈ પારલા નિવાસી શેઠશ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરી સુરતવાળા ભકિત ભુવન. શ્રી સમવસરણ મહામંદિરમાં પૂજન ભકિત માટે આ ભકિત ભુવનનું નિર્માણ કરવામાં આવેલ છે.

હરિણગમેષી દેવને સંબોધીને જણાવ્યું કે-ભગવંતનો જન્મ થયો છે માટે સકલ દેવવિમાનોમાં ઉદ્‌ઘોષણા કરી જન્મની વધામણી આપો અને જન્માભિષેક માટે સર્વ દેવોને મેરૂપર્વત ઉપર પધારવા સુઘોષા ઘંટના દિવ્યનાદથી આમંત્રિત કરો

હરિણગમેષીએ ઉદ્‌ઘોષણા કરતાં પંચરૂપયુક્ત સૌધર્મેન્દ્ર અને સર્વ દેવો પ્રભુજીને લઇ મેરુપર્વત ઉપર પધાર્યા અને જિનજન્માભિષેકની તૈયારી થતાં અચ્યુતેન્દ્રે સૌપ્રથમ અભિષેક કાર્યો. અન્ય દેવોએ પણ અનુક્રમે અભિષેક કર્યા બાદ ઇશાનેન્દ્ર પ્રભુજીને ખોળામાં લેતા સૌધર્મેન્દ્ર ચતુવૃષભરૂપ કરી અભિષેકાદિ વિશિષ્ટ ભક્તિ કરી.

ત્યારબાદ માતા ત્રિશલાદેવીને પ્રભુજીને સોંપી ૩૨ ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી. બપોરે નૂતન જિનબિમ્બોને અઢાર અભિષેક કરવામાં આવ્યા.

## આઠમો દિવસ માગશર સુદ ૩ + રવિવાર તા. ૨૫-૧૧-૮૪

જન્મકલ્યાણકનો વરઘોડો ભવ્ય રીતે ચઢયો. ત્યારબાદ પુત્રજન્મના વધામણી માટે પ્રિયંવદાસી હરખઘેલા બની સિદ્ધાર્થ મહારાજા પાસે દોડી ગઈ. અને પુત્રજન્મના મંગળ વધામણા આપ્યા. મહારાજાએ હર્ષથી પુલકિત થઇ પ્રિયંવદા દાસીને સોના-રૂપાના અલંકારોથી અલંકૃત કરી.

### ★ નામ સ્થાપન ★

પ્રભુજીના ફઇબા દબદબાપુર્વક ફઈયારૂ લઇ આવતા આ દૃશ્ય જોઈ સૌ કોઈ ભાવુકો આનંદશ્ચર્યથી ગદ્‌ગદિત બની ગયા ફઇબાએ નામાભિકરણ કર્યું. અને વસ્ત્રાલંકારોથી પ્રભુજીને વિભૂષિત કર્યા. તે દૃશ્યની સાથે જ ગુંજી ઉઠયું કે,

' ઝોળી-પોળી પીપર પાન ફઈબાએ પાડયું વીરનું નામ "

### ✲ નિશાળ ગરણું ✲

લૌકિક વ્યવહારથી પ્રભુજીને નિશાળે ભણવા લઈ જવામાં આવ્યા આ પ્રસંગ ખૂબ આકર્ષક બન્યો હતો.

ત્યારબાદ ઇન્દ્ર મહારાજે વિપ્રના રૂપે આવી ભગવંતના ત્રણ જ્ઞાનનું પંડિતજી સમક્ષ પ્રકાશન કર્યું અને અવજ્ઞા-આશાતનાથી બચાવ્યા. આ શુભ અવસરે બાળક-બાલિકાઓને નોટબુક પેન્સીલ તથા મીઠાઈ આદિની લ્હાણી કરવામાં આવી

આ દિવસે બપોરે દેવીપૂજનનું મહાવિધાન કરવામાં આવ્યું

## નવમો દિવસ માગશર સુદ ૪ સોમવાર તા. ૨૬-૧૧-૮૪

### 卐 મામેરૂં તથા લગ્નમંડપ 卐

જન્મ-જન્માંતરના વૈરાગી પરમાતમાંએ ભોગાવલી કર્મ ખપાવવા ઉદાસીન મને લગ્નસંબંધી લૌકિક વ્યહાર કર્યો. તે પૂર્વે મામા-મામી પોતાના અત્યંત પ્રિય એવા ભાણેજના લગ્નોત્સવ નિમિત્તે રાજ્યકુટુંબની શોભા વધે એવું અનુપમ મામેરૂં લાવ્યાં. મામેરૂં વધાવ્યા બાદ કુલેકું ચઢાવવામાં આવ્યું ત્યારબાદ પ્રભુજીનો શ્વસુરપક્ષે અનેરા ધવલમંગલોનો નાદ સાથે વિવાહસંબંધી વિધિ કરવામાં આવી.

### --: રાજ્યા ભિષેક :--

સિદ્ધાર્થ મહારાજાની આજ્ઞાથી રાજ્યાભિષેક કરવાનું નક્કી થતાં કન્યાઓએ રાજ્યાભિષેક અને રાજ્યતિલય કરતાં પ્રભુજીનું પટ્ટ સ્થાપન કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજ્યના પદાધિકારી ઓએ વફાદારી વ્યકત કરી.

### -: નવલોકાંતિક દેવોની વિજ્ઞપ્તિ :-

“ જય જય નંદા જય જય ભદ્દા ” ના ગગનભેદી ગૂંજારવ સાથે લોકાંતિક દેવોએ પ્રભુજી સમક્ષ ઉપસ્થિત થઈ સર્વ જીવોને હિત કરનાર ધર્મતીર્થની સ્થાપના કરવા વિનંતી કરી. બપોરે ૨૫ કુસુમાંજલીનું વિધાન આનંદ પૂર્વક થયું.

## =। દશમો દિવસ માગશર સુદ પાંચમ તા. ૨૭-૧૧-૮૪ મંગળવાર ।=

### ☰ દીક્ષા કલ્યાણક ☰

આજનો દિવસ પ્રભુજીના પરમ વૈરાગ્યભાવને. મહાભિનિષ્ક્રમણનેપ્રકાશિત કરવાનો ધન્ય અને પાવન દિવસ હતો.

વહેલી સવારથી જ આજના ભવ્યાતિભવ્ય દીક્ષા કલ્યાણકના વરઘોડાની તૈયારી પૂર બહારમાં ચાલી રહી હતી આ વરઘોડો આખા ગામમાં ફરવાનો હતો. સ્થાનિક તેમજ બહાર ગામથી આવેલ જનમેદની આ વરઘોડો ચઢવાનાસ્થાને ‘શત્રુંજયદર્શન ’પાસેઉમટવાલાગી

આજના વરઘોડાની શોભા કોઇ અનેરી હતી. સૌથી આગળ ઇન્દ્રધ્વજ, નીશાન-ડંકા. જૈનધ્વજ ફરકાવતા ઘોડેસ્વારો તથા બેડાવાળી બહેનો, હંસવાહિની ભ૦ મહાવીરના વિશિષ્ઠ જીવનપ્રસંગોને દર્શાવતી રચનાઓથી શોભતા ટ્રકો, બગીઓ, અનેક ગામની વિવિધ

વેશભૂષાથી સજ્જ બેન્ડપાર્ટીઓ, ૩ પ્રભુજીના રથ, ૩ ગજરાજ. વર્ષીદાન વર્ષાવતી મુમુક્ષુ કુમારિકાઓ. પ્રભુભક્તિની રમઝટ જમાવતા ૩ થી ૪ મહિલામંડળો, માતા-પિતા અને ઇન્દ્ર-ઇન્દ્રાની આદિની શણગારેલ બગીઓ, પ્રભુપ્રતિષ્ઠાના રાજસ્થાન ફ્લોટાઓથી સજ્જ-સૌમા જુદા જ તરી આવતા પ્રભુ પ્રતિષ્ઠા કરનાર તમામ ભાગ્યશાળીઓ અને ત્રણ દાંતવાળા વિશિષ્ટ ગજરાજ ઉપર પ્રભુજીને લઈ, ભગવંતવતી છૂટા હાથે વરસીદાન આપતાં શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરીના સુપુત્ર હરેશભાઈ સહ પરિવાર તથા આ દીક્ષાકલ્યાણકના વર-ઘોડામાં પ્રભુજીના પ્રતિક સમા વિપુલ સંખ્યામાં પૂજ્યપાદશાસન પ્રભાવક આચાર્યાદિ પદસ્થો અને મુનિભગવંતો તેમજ સાધ્વીજી મહારાજો અને શ્રાવક શ્રાવિકાઓ વિરાટ જનમેદની સાથે શોભતો આ વરઘોડો, તલાટીરોડ, શહેરના મુખ્ય માર્ગો અને બજારોમાં થઈ પુનઃ તલાટીમાર્ગે આવી ગિરિરાજ તલેટી થઈ ધર્મોદ્યાનમાં ઉતર્યો હતો.

વરઘોડો ઉતર્યા બાદ વિશાળ મંચ ઉપર, ચતુર્વિધ શ્રી સંઘની અમાપ મેદની વચ્ચે, દીક્ષા કલ્યાણકની વિધિના પ્રારંભ પૂર્વે અંજનચૂર્ણ અને અંજન( સુવર્ણ ) પાત્ર ભાગ્યશાળી ઓએ ગુરૂ ભગવંતોને અંજનસમયે ઉપયોગ કરવા સમર્પિત કર્યા તેમજ અંજન માટે ( મહા ) વસ્ત્રો પણ વહોરાવવામાં આવ્યા. ત્યારબાદ દીક્ષાકલ્યાણકની વિધિનો પ્રારંભ થતાં ગાંભીર્યયુકત વાતાવરણ પ્રસરી વળ્યું. પ્રથમ માતા-પિતાએ પોતાના વ્હાલસોયા પુત્રને ભગ્ન હૈયે અને અશ્રુભીની આંખે આશીર્વાદ આપવા પૂર્વક વસમી વિદાય આપી. વિશાળ જનમેદની વ્યથિત હૃદયે એકીટસે અપેક્ષિત પ્રસંગો જોવા આતુર હતી. કુલમહ-ત્તરાએ મહાભિનિષ્ક્રમણના માર્ગે જતા પોતાના વત્સને દિલ દ્રાવક પણે હિતશિક્ષા સંભળાવી આ પ્રસંગે સારાય રાજ્ય પરિવારમાં અને નગરજનોમાં એક ઉંડી વ્યથા જણાતી હતી.

આ સમયે પ્રભુજીએ પાંચ મુષ્ટિ લોચ કરી અને નમો સિધ્ધાણંમ કહી કરેમિ સામાઇયં દ્વારા સર્વવિરતિનો સ્વીકાર કર્યો અને સૌધર્મેન્દ્ર પ્રભુજીના વસ્ત્ર સ્થાપન કર્યુ

આ અપૂર્વ અવસરનો મહિમા પૂ૦આ૦શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મહારાજે પોતાની આગવી શૈલીમાં વર્ણવતા લોકહૈયાં વૈરાગ્ય વાસિત થયા.

## × અધિવાસના + અંજનવિધિ ×

મધ્યરાત્રિએ ગીતાર્થ ગુરૂભગવતોના ગાંભીર્યપૂર્ણમાર્ગને અનુસાર પરમપ્રભાવક આચાર્ય ભગવતોએ સર્વ નૂતન જિનબિમ્બોમાં પરમાત્મ ભાવના આરોપસ્વરૂપ અધિવાસના અને અંજનવિધિશુભ લગ્ને અને શુભમુહૂર્તે કરી.

## = અગીયારમો દિવસ માગશર સુદ છઠ્ઠ તા. ૨૮-૧૧-૮૪ બુધવાર =

જેની આતુરતા પૂર્વક રાહ જોવાઇ રહી હતી એ દિવસ આજ આવી પહોંચ્યો વહેલી સવારે હાથીની અંબાડી ઉપર બેસીને વાજતે ગાજતે ભાગ્યશાળીએ શુભ મુહૂર્તે અંજનશલાકા કરેલ નૂતન જિનબિમ્બોના સર્વ પ્રથમ દર્શન કર્યા અને શ્રીસંઘને કરાવ્યા. ત્યારબાદ કેવળજ્ઞાન કલ્યાણકની વિધિ તથા નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેક આદિની વિધિ ઉછરંગભેર આનંદપૂર્વક થઇ. અને ત્યારબાદ તેનો વરઘોડો ચઢયો અને ત્યારબાદ યોગ્ય સમયે હાથીના હોદ્દા ઉપર બેસીને ભાગ્યશાળીએ નવકારમંત્રના સ્મરણપૂર્વક તોરણને ત્રણવાર વંદન કયુ.

# % મહા મહોત્સવનો મુખ્ય પ્રસંગ : પ્રભુ પ્રતિષ્ઠા %

સારાયે પાલિતાણાના નગરજનો અને આ પ્રસંગને અનુલક્ષી બહારગામથી આવેલ ભાવિકજનો અને યાત્રાળુઓનું આજ આ એકમાત્ર લક્ષ્ય બની ગયું હતું ચાલો ......સમવસરણ, ચાલો...... સમવસરણ' નો નાદ સર્વત્ર ગુંજી રહયો હતો. આ પ્રસંગને નિરખવા, પાવન થવા અને ધન્ય બનવા સમવસરણ તરફ માનવમહેરામણ ઉમટી રહયો. વિશાળ ધર્મોદ્યાન પણ આજ નાનું પડતું હતું પૂજ્યપાદ આચાર્ય ભગવંતો, પદસ્થો, મુનિરાજો, સાધ્વીજીઓ પ્રતિષ્ઠા કરનારા પુન્યવાનો પ્રતિષ્ઠિત આગેવાનો એમ એક પછી એક આવવા લાગ્યા. અને યથાસ્થાને ગોઠવાઇ ગયા. કાર્યવાહકો યોગ્ય સુવિધા માટે જરૂરી સૂચના એનાઉન્સ' કરી રહયા હતા.

પ્રતિષ્ઠાનો લગ્નસમય નજીક આવતાં 'ॐ પુણ્યાહં પુણ્યાહં'' ના ગગનભેદી ધ્વનિઓ ગુંજવા લાગ્યા, શુભ લગ્ને મૂળનાયક ચૌમુખજી શ્રી મહાવીરસ્વામી, વર્તમાન ચોવીશી જિનપ્રતિમાઓ અને ૧૦૮ પાર્શ્વનાથ જિનબિમ્બોને ગાદીનશીન-પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા, વાતાવરણમાં આનંદોલ્લાસ વ્યાપી રહયો અંતરમાં કૃતકૃત્યતાની લાગણી પ્રગટી વળી. ઘંટારવ ગાજવા લાગ્યા.

પૂ૦ આચાર્ય ભગવતો દ્વારા સૂરિમંત્રમંત્રિત વાસક્ષેપ પ્રભુજીને થઇ રહયો. નીચે ચોવીશી અને ૧૦૮ પાર્વનાથની ૧૩૨ ધ્વજાઓ ફરકવા લાગી અને ઉપર મૂળનાયકજીની ધ્વજા જાણે આકાશને આંબતી લહેરાવા લાગી.

કૃતાર્થ બનેલા પુન્યશાળીઓ મંડપમાં આવી પહોંચતા પૂજ્ય ગુરૂ ભગવતોએ માંગલિક સંભળાવ્યુ ત્યારબાદ પૂ૦ આ૦ શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મહારાજે પ્રાણપ્યારા ધર્મરાજા ગુરૂદેવશ્રીનું સ્વપ્ન સાકાર બનતા અને પોતે યત્કિંચિત્ ઋણમુક્તિનો સંતોષ વ્યકત કર્યો.



વિ.સં. ૨૦૪૧ કા.વ. ૧૦ રવિવાર શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગના દ્રશ્યો.




શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન અને શ્રી સમવસરણ મહામંદિરના બાંધકામના દૃશ્યો.

...શ્રીનાં અંતર ઉદ્દગાર પ્રગટ થયા બાદ, શિલ્પી સોમપુરાઓનું, કાર્યકરોનું વિધિકારકો, સંગીતકારો અને આ પ્રસંગોને દીપાવનારા જુદા જુદા ભાઈઓનું બહુમાન કરવામાં આવ્યું

પૂજ્ય આચાર્ય ભગવંતો આદિને કામળી વહોરાવવાનો લાભ મુંબઈ અંધેરીવાળા શ્રી કપુરચંદજી તથા શ્રી મીઠાલાલજી પરિવારે લીધો હતો.

આ પ્રતિષ્ઠાની નિર્વિઘ્ન પુર્તિ માટે ૪૫ ઉપવાસ મહાન તપશ્ચર્યા કરનાર પૂ૦ સાધ્વીજીશ્રી મોક્ષયશાશ્રીજી મ૦ને કામળી વહોરાવવાનો લાભ શ્રી કાંતિભાઇ અમરેલીવાળા એ લીધો હતો.

## ÷ બારમો દિવસ માગશર સુદ સાતમ તા. ૨૯-૩-૮૪ ગુરૂવાર ÷

વહેલી સવારે 'શત્રુંજયવિહાર' પૂ૦ આ૦શ્રી આદિશ્રીસંઘ પધારેલ અને દ્વારોદ્દ્ઘાટનનો લાભ લેનાર શેઠશ્રી મોહનલાલ કસ્તૂરચંદ ઝવેરી પરીવારને વિનંતી કરતાં, ત્યાંથી વાજતે ગાજતે હાથી ઉપર બેસી, વરસીદાન આપતાં શ્રી સકલ સંઘ સાથે શ્રી-ધર્મોદ્યાનમાં પધારી શ્રી ૧૦૮ જૈનતીર્થદર્શન ભવન શ્રી સમવસરણ મહામંદિર' નું હજારોની મેદની વચ્ચે અને હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણ વચ્ચે દ્વારોદ્દ્ઘાટન કરવામાં આવ્યું. પ્રાન્તે શ્રી સંઘપુજન કરવામાં આવ્યું

### -: પારણા :-

અહીંથી વાજતે ગાજતે તપસ્વી સાધ્વીજી મહારાજનાં પારણા નિમિત્તે 'ભક્તિ વિહાર' ધર્મશાળાએ સૌ પધાર્યા હતા પારણાનો લાભ તેઓશ્રીના સંસારી કુટુંબીજનોએ લીધો હતો.અહીં પણ સંઘપૂજન થયેલ.

### @ દીક્ષા પ્રદાન @

મહોત્સવના આ છેલ્લા દિવસે કુ૦ જનકબેન વસંતલાલ સુરેન્દ્રનગરના અને કુ. રીતાબેન સેવતીલાલ (મલાડ-મુંબઈના બે બહેનોની ભાગવતી દીક્ષા અપાનાર હતી. તેમના વરસીદાનનો વરઘોડો આનંદભવનથી ચઢયો હતો. અપૂર્વ ઉલ્લાસથી વરસીદાન આપતો આ વરઘોડો ગિરિરાજપર શ્રી ધર્મોદ્યાનમાં આવી ઉતર્યો હતો અને અહીં પ્રભુજીની નાણ સમક્ષ દીક્ષની ક્રિયાવિધિ શરૂ થઇ. નામકરણની વિધિ આવતાં કુ૦ જનકબેન નું નામ જાહેર કરવા સાથે આ૦શ્રી વિજય ભુવનરત્નસુરિજીના શિષ્ય સા૦શ્રી મંજુલાશ્રીજીના શિષ્યા બનાવવામાં આવ્યા. અને કુ રીતાબેનનું નામ જાહેર કરી તેમને સાધ્વી...

વારિષેણા શ્રીજીના શિષ્યા સા૦ શ્રી વિશ્વયશાશ્રીજીના શિષ્યા જાહેર કરવામા આવ્યા.

બપોરે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી

## મહોત્સવ દરમ્યાન ભક્તિનો લાભ લેનાર મહાનુભાવો

## સાધર્મિક ભકિત કરનાર ભાગ્યશાળીઓના નામ

૧ કા. વ. ૧૦ રવિવાર સવારે તા. ૧-૧૧-૮૪ — શ્રી મુલુન્ડ શ્વે મૂ૦ પૂ૦ તપાગચ્છ સમાજ મુલુંડ-મુંબઈ — સાવરકુંડલાવાળા શેઠશ્રી ભૂપતરાય હીરાચંદ પરિવાર માટુંગા મુંબઇ તથા બપોરના ખંભાતવાળા શેઠશ્રી સાંકળચંદ ગાંડાભાઇ ધીયા પરિવાર હ શ્રી હર્ષદભાઈ પ્રાર્થના સમાજ મુંબઈ

૨ કા. વ. ૧૧ સોમવાર તા. ૧૯-૧૧-૮૪ — પાલીતાણાવાળા શેઠશ્રી પ્રવીણભાઇ બી. શાહ જુહુ-મુંબઈ — ખંભાતના શ્રીવીશા ઓશવાળ-જ્ઞાતિના ભાઈઓ તરફથી હા. શ્રી કેશવલાલ દલપતભાઈ ઝવેરી, શ્રી મોતીલાલ મગનલાલ ઝવેરી તથા શ્રી ચીમનલાલ કસ્તૂરચંદ શાહ.

| | | |
|---|---|---|
| ૩ કારતક વદ ૧૨ મંગળવાર તા. ૧૯-૧૧-૮૪ | શ્રી ચોપાટી જૈન સંઘ ચોપાટી-- મુબઈ | શ્રી ચોપાટી જૈન સંઘ ચોપાટી મુંબઈ |
| ૪ કા. વ. ૧૪ બુધવાર ૨૧-૧૧-૮૪ | ઘેટી નિવાસી સ્વ૦ શેઠશ્રી મહેતા દામોદરદાસ દેવચંદ પરિવાર હા. શ્રી તલકચંદ દામોદર દાસ | સુરતવાળા શેઠશ્રી વેણીલાલ ઠાકોરલાલ જરીવાળા હ. શ્રી કીશોરભાઈ પરિવાર |
| ૫ કારતક વદ ૦)) ગુરૂવાર તા. ૨૨-૧૧-૮૪ | શ્રી અજિતકુમાર મણીલાલ ઝવેરી પરિવાર મુંબઈ | બગસરાવાળા શેઠ શ્રી-વિનયચંદ હરિલાલ દોશી હ લ મુંબઈ |
| ૬ માગશર સુદ ૧ શુક્રવાર ૨૩-૧૧-૮૪ | ગઢસીવાણા વાળા શેઠ શ્રી જિતમલજી રાજમલજી પરિવાર—અમદાવાદ | મંડારવાળા શેઠ ખૂમચંદ રતનચંદ જોરાજી પરિ-રતનચંદરાજી પરિવાર |
| ૭ માગશર સુદ ૨ શનિવાર તા. ૨૪-૧૧-૮૪ | શેઠશ્રી અભેચંદ ગુલાબચંદ ઝવેરી પરિવાર–સુરત હાલ ચોપાટી—મુંબઇ | કોલવડા (વીજાપુર) વાળા શેઠશ્રી મંગળદાસ ખેમચંદ વખારીયા પરિવાર હા. સ્વ |

શાંતિલાલ, બાબુલાલ, મનુભાઇ, ગુણવંત, સુબોધચંદ્ર તથા હસમુખ વિ૦ મુંબઈ

| | | |
|---|---|---|
| ૮ માગશર સુદ ૩ રવિવાર તા. ૨૫-૧૧-૮૪ | શેઠ મોહનલાલ સચચંદ ગણેશ સીસોદ્રા-મુબઈ, ઉજમશીભાઇ હરખચંદ દોશી હા. મણીભાઈ સાયન-મુબઇ ચંદુલાલ વાળા. સાયન-મુબઈ | મોરચુપણાવાળા શેઠશ્રી જાદવજી લલ્લુભાઇ શાહ પરિવાર, સાયન-મુંબઈ. તથા પચ્છેગામવાળા શેઠ શ્રી વનમાળી દાસ ગોર ઘાટકોપર-મુંબઇ |
| ૯ માગશર સુદ ૪ સોમવાર તા. ૨૬-૧૧-૮૬ | શેઠશ્રી બાલુભાઇ માનચંદ એન્ડ કું. મુંબઇ | શેઠશ્રી બાબુભઈ માનચંદ એન્ડ કું. મુબઇ |
| ૧૦ માગશર સુદ ૫ મંગળવાર તા. ૨૭ ૧૧ ૮૪ | શેઠશ્રી રજનીકાંત કસ્તૂરચંદ ઝવેરી-પરિવાર સુરત હાલ. ચોપાટી મુંબઇ તથા શાંતિચંદ બાપુભાઈ ઝવેરી પરિવાર-સુરત હાલ પાર્લા મુંબઈ. | નેનાવા (રાજ.) નિવાસી શેઠશ્રી ત્રિલોકચંદજી ધુલચંદજી બેચરજી છાજેડ પરિવાર હાલ મુંબઇ |
| ૧૧ માગશર સુદ ૬ બુધવાર તા. ૨૮-૧૧-૮૪ | શેઠશ્રી ડાહયાલાલ કકલચંદ પરિવાર મુંબઇ. | શેઠજીડાહયાલાલ કકલચંદ પરિવાર મુંબઈ |
| ૧૨ માગશર સુદ ૭ ગુરૂવાર તા. ૨૯-૧૧-૮૪ | દાંતરાઈવાલા સ્વ૦ લુંબાજી ભાવજીના સુપુત્રો દાનમલજી જેઠમલજી, શાંતિલાલજી, હજારીમલજી, પોત્ર સુરેશકુમાર નરેન્દ્રકુમાર કોઠારી પરિવાર | સુરતનિવાસી શેઠશ્રી મોતીચંદ હીરાચંદ ઝવેરી પરિવાર હાલ મુંબઈ. |

## પંચ કલ્યાણક મહોત્સવ પ્રસંગે આદેશ લેનાર મહાનુભાવો

| | |
|---|---|
| પ્રભુજીના માતા-પિતા | શ્રી રજનીકાંત મોહનલાલ શ્રી હંસાબેન રજનીકાંત |
| ઈન્દ્ર-ઇદ્રાણી | શ્રી શાંતિચંદ બાલુભાઇ ઝવેરી શ્રી નલિનીબેન શાંતિચંદ |
| પ્રભુજીના ફઈબા-ફુવા | શ્રી જયણાબેન વસંતલાલ મહેતા શ્રી વસંતભાઇ વાડીલાલ |
| મહામંત્રી | શ્રી નાગરદાસ ઉજમલાલ |
| સેનાપતિ | શ્રી હર્ષદરાય ચુનીલાલ |
| નાણામંત્રી | શ્રી રમણીયલાલ ધીરજલાલ પારેખ |
| હરિણૈગમેષી દેવ. | શ્રી વાડીલાલ રવચંદભાઇ |
| ઇશાનેન્દ્ર | શ્રી કીર્તિભાઇ પ્રતાપશી |

| | |
|---|---|
| અચ્યુતેન્દ્ર | શ્રી બાપુભાઈ બાલુભાઈ |
| નગરશેઠ | શ્રી વચ્છરાજ માવજીભાઈ સાચોરવાળા |
| છડીદાર ૧ | શ્રી ચંપકલાલ ખુબચંદ |
| છડીદાર ૨ | શ્રી છગનલાલ નાથાલાલ |
| રાજ્યાભિષેક | શ્રી શાંતિલાલ બાલુભાઈ ઝવેરી |
| મામા—મામી | શ્રી કેશરીચંદ બાલુભાઈ ઝવેરી |
| સાસુ—સસરા | શ્રી અશ્વીનકુમાર ઉત્તમચંદ |
| અંજનચૂર્ણ વહોરાવવાનું | શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરી |
| સુવર્ણપાત્ર ,, | શ્રી ત્રિલોકચંદજી ડી. શાહ |
| મહાવસ્ત્ર ,, | શ્રી મોતીચંદ હીરાચંદ ઝવેરી |
| અંજન પછી દર્શન કરાવવાનું | શ્રી મોતીચંદ હીરાચંદ ઝવેરી |
| કળશ ચઢાવવાનું | શ્રી ખૂબચંદ રતનચંદ જોરાજી |
| સવારે તોરણ બાંધવાનું | શ્રી ત્રિલોકચંદ ડી. શાહ |
| ધજા ચઢાવવાનો કાયમી આદેશ | શ્રી ત્રિલોકચંદ ડી. શાહ |
| દ્વારોદ્ઘાટન | શ્રી મોહનલાલ કસ્તૂરચંદ |
| કામળી વહોરાવવાનું | શ્રી મીઠાલાલ અંધેરીવાળા |
| ૪૫ ઉપવાસી સાધ્વીજી મ.ને કામળી વહોરાવવાનું | શ્રી કાંતિલાલ જીવણદાસ. |

## ×: નિર્માણકાર્ય :×

શ્રી ૧૦૮ જૈનતીર્થ દર્શન ભવન તથા શ્રી સમવસરણ મહામંદિરનું આ વિરાટ બાંધકામ શ્રી હરિભાઇ સોમપુરાને સોંપવામાં આવેલ. તેમની દેખરેખ નીચે શ્રી શાંતિભાઇ કોન્ટ્રાકટર અને તેમના પુત્ર શ્રી અશોકભાઇ, તથા શ્રી જયંતીભાઇ સોમપુરા, સ્વ૦ શાંતિભાઈ, દાસભાઇનોપુત્રો વિનોદભાઇ, બકુલભાઇ વીરેન્દ્ર બળવંતભાઈ તથા તેમના પુત્ર અશોકભાઈ, હર્ષદભાઇ, હરેશભાઇ લાભુભાઈ ઓઝા વગેરેએ કામ કર્યું હતું

પાયાથી ડોમ સુધીનું સંપૂર્ણ કામ કિશોરભાઇ ઓઝા તથા ભક્તિભવનનું કામ કોન્ટ્રાક્ટર શાંતિભાઇ અને તેમના પુત્ર અશોકભાઈ વગેરેએ અથાક મહેનત ઉઠાવી પાર પાડયું હતું

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ અને ચોવીશીનું બાંધકામ શ્રીજયંતીભાઈ સોમપુરા વગેરેએ સંભાળ્યું હતું

સૌથી ઉપરના ચૌમુખજીનું બાંધકામ ઘણુ જ જોખમી, વિકટ અને ભારે જવાબદારીનું હતું. આ ભગીરથ કાર્ય શ્રી દાસભાઈના પુત્રોએ ઘણા જ ખંત, ચીવટ અને સાહસપૂર્વક દિવસ-રાત જોયા વગર, માત્ર એક મહિનામાં જ પૂરૂં કર્યું આવું જોખમી અને ટૂંકી મુદતનું કામ જે હેમખેમ પુરૂં થયું તે ખરેખર ધન્યવાદને પાત્ર ગણાય.

ત્રણે ગઢના કાંગરાનું કામ જે ચાલી રહયું છે. તેમજ અશોકવૃક્ષનું કામ જે હાથ ધરાયુ છે તે હર્ષદભાઈ અને હરેશભાઈ સંભાળી રહ્યા છે.

ગવાક્ષ અને દરવાજાઓનું કામ બલવંતભાઈને સોંપવામાં આવ્યુ છે.

કન્સ્ટ્રકશન અંગેની જરૂરી સલાહ-સૂચના (માર્ગદર્શન) શ્રી મનુભાઈ કોન્ટ્રાકટરે પોતાનુ માનીને જરૂર પડે હાજર રહીને આપતા રહયા હતા.

**મૂર્તિઓ ઘડનારાઓ** :- અમદાવાદના શ્રી બલદેવભાઈ સોમપુરાએ મૂર્તિઓ ઘડવાનુ કામ સંભાળ્યું હતુ.

**વિધિકારકો** :- પંડિત શ્રી છબીલદાસ કેશરીચંદ સંઘવી-ખંભાત, શ્રી સંજયકુમાર, શ્રી કેશુભાઈ ભોજક અમદાવાદ અને પ્રવીણભાઈ વગેરે.

**સંગીતકાર** :- શ્રી ગજાનનભાઈ દેવીદાસ ઠાકુર, શ્રી શાંતિનાથ ભક્તિ મેડલ-સુરત કે જેઓ એ પંચકલ્યાણકની ઉજવણી ખૂબ સુંદર અને સરસ કરાવીહતી. નિકેશકુમાર જયંતીલાલ સંઘવ (મંડળના મુખ્ય ગાયક) શ્રી વર્ધમાન સંગીત મંડલ.

**કથો-કાર વાર્તા** :- બે દિવસ સમારંભ યોજાયો. શ્રી મનુભાઈ ગઢવી પ્રો૦ધીરૂભાઈ રેલીયા અને પ્રો૦ લાપશીવાળા.

**વ્યવસ્થા** :- મંડપ, લાઈટ, રસોડું, મહેમાનોને ઉતારવાનીને ઉતારવાનીવ્યવસ્થા, સ્ટેજ વરઘોડાનું સંચાલન અને અન્ય અનેક નાના-મોટા કાર્યપ્રસંગની વ્યવસ્થા શ્રી હર્ષદભાઇ ચુનીલાલ અને તેમના સાથી મિત્રોએ સુંદર રીતે સંભાળી હતી

**મંડપો-સ્ટેજ** :- પંચકલ્યાણકની ઉજવણીનું સ્ટેજ. ૧૪૧ છોડનાઉદ્યાપનનીરચનાનું સ્ટેજ, નું ૧૦૮ પાર્શ્વનાથનું સ્ટેજ, ચોવીશીનું સ્ટેજ, પન્ના-રૂપા ધર્મશાળામાં જમવાના બેન્ચો વગેરે બાંધકામ ગોંડલના દીપક મંડપ કોન્ટ્રાકટર શ્રી રમણીકભાઈએ ખૂબ આકર્ષક, સાનુકુળ અને ભવ્ય રીતે કર્યું હતું

**લાઇટ** - સાબૂ ડેકોરેટર્સ ઈન્દોર. સમવસરણ મહામંદિર શત્રુંજયદર્શન અને એ બન્ને વચ્ચેના તલાટી માર્ગને પણલાઈટથી જળહળતા બનાવવામાં આવ્યાં હતાં

**રચના** :- પેઈન્ટર હંસ-ખંભાત. (સમવસરણ, હંસવાહિની, મેરૂપર્વત, મંડપની ચોરીવગેરે)

ડ્રેસ અને સ્ટેજનો શણગાર :- ઓરછવલાલભાઈ–અમદાવાદ.

કમાનો :– શ્રી અજમેરા હરકીશનદાસ મણીલાલ ( બચુભાઇ ) પાલિતાણા. અજમેરા મંડપ સર્વિસ વાળાએ તળેટીના માર્ગે ઠેર ઠેર કમાનો સુંદર રીતે ઉભી કરી હતી.

ક્રિયાવિધિમાં અનેરો ઉલ્લાસ પ્રગટાવનાર પૂ૦ ગણિવર્ય શ્રી સોમચંદ્ર વિજયજી મહારાજ શ્રી. (જેઓશ્રી પૂ૦ આચાર્ય મહારાજશ્રીના સંસારીપક્ષે ભત્રીજા અને વિ૦ સં. ૨૦૨૫માં ૧૩ વર્ષની બાલ્ય વયે જેઓએ ભાગવંતી દીક્ષા અંગીકાર કરેલ.)

## % ટ્રસ્ટીઓ. %

શ્રી ખૂબચંદભાઇ રતનચંદ જોરાજી.

શ્રી ઉમંગલાલ–રંધનપુરવાળા હાલ મુંબઇ ( નિવૃત્ત શેરદલાલ )

શ્રી અશ્વીન શાંતિલાલ ( સી. એ. )

દેસાઇપોળ જૈન પેઢી સુરતના મેનેજીંગ ટ્રસ્ટી.

સૂરજ મંડન પાર્શ્વનાથ જિનાલય-સુરતના ટ્રસ્ટી

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી દેરાસર રાંદેસરરોડના ટ્રસ્ટી

## ÷ ઓફીસ, મંગલઘર, રસોડુ. ÷

દરેકટ્રસ્ટીઓ તેમજ મુંબઇના શ્રી હર્ષદભાઇ, વિનુભાઇ, શશીકાંતભાઇ, શરદભાઇ બુધાભાઇ, મહાસુખભાઈ, શાંતિભાઇ હડીચંદભાઇ રમણીકભાઇ, ધીરૂભાઇ. નરોત્તમભાઇ, પોપટભાઇ,મ નસુખભાઈ, વગેરે અમદાવાદના શ્રી રમણભાઈ ગાંધી. ચંદ્રકાંતભાઇ મનરૂ-વાળા, વિક્રમભાઇ, કસ્તૂરભાઇ, રસીકભાઈ. વગેરે, ભાવનગર ના શ્રી શરદભાઈ પ્રવીણ-ભાઇ કીર્તિભાઇ, જયંતીભાઇ, દેવદત્તભાઈ, વગેરે, સુરેન્દ્રનગરના શ્રી મહેન્દ્રભાઈ વખા-રીયા, તથા સુરત ના કાંતિભાઈ તેમજ અન્ય અનેક ગામોના તથા સ્થાનિક પાલીતાણા શ્રી સંઘના અનેક અગ્રગણ્યો ઇલેક્ટ્રીક સીટીબોર્ડના શ્રી સંઘવી સાહેબ શ્રી સંઘાણી સાહેબ ઈત્યાદિ.

## * પ્રસારણ *

આ મહોત્સવના સમાચાર ટાઇમ્સ ઓફ ઇન્ડીયા, નવભારત ટાઇમ્સ, સમાચાર, જન્મભૂમિ, ગુજરાત સમાચાર, સંદેશ, ગુજરાતમિત્ર, સૌરાષ્ટ્ર સમાચાર વગેરે સુપ્રસિદ્ધ દૈનિક પત્રોમાં પ્રગટ થયા હતા. તેમજ ટી.વી ઉપર તા. ૨૬ ના સમાચારદર્શનમાં પણ આ અંગેના સમાચાર પ્રસારિત થવા પામ્યા હતા.



શ્રી તીર્થપટ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પત્રકાર પરિષદ.

ગુજરાત સમાચાર, બુધવાર, તા. ૧૨ માર્ચ ૧૯૮૬

સ્થાપત્ય ક્ષેત્રની વિશિષ્ટ રચના

# પાલિતાણામાં ભારતનું પ્રથમ શ્રી સમવસરણ મહા મંદિર



સૌરાષ્ટ્ર સમાચાર

# પાલીતાણામાં તા. ૧૮ મી નવેમ્બરથી ૧૦૮ જૈનતિર્થ દર્શન પ્રતિષ્ઠા મહોત્સવ

## વિવિધ કાર્યક્રમના આયોજન અંગે થઈ રહેલ તૈયારીઓ

જયહિન્દ

# પાલીતાણામાં દોઢ કરોડના ખર્ચે તૈયાર થયેલું અદભુત સમોવસરણ જૈન મંદિર

## ગુરૂવારે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સાચા મોતીનો અભિષેક

ગુજરાત સમાચાર, શુક્રવાર તા. ૧૪ માર્ચ ૧૯૮૬

# પાલિતાણામાં જૈનતીર્થોના ભવ્ય તીર્થપટ્ટોની પ્રતિષ્ઠા

## વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ: લોકોએ સાચાં મોતીથી મંદિરને વધાવ્યુ: હજારોની જનમેદની

સૌરાષ્ટ્ર સમાચાર

# પાલીતાણામાં ગુરૂવારે જૈન મંદિર પર મોતી વરસાવાશે

અમદાવાદ, તા. ૧૦

ગુજરાત સમાચાર, મંગળવાર, તા. ૧૧ માર્ચ ૧૯૮૬

પાલીતાણા સમવસરણ મહામંદિરમાં

# ૧૦૮ જૈનતીર્થ પટ્ટોની ૧૩મીએ ભવ્ય પ્રતિષ્ઠા

## વિમાન દ્વારા સાચા મોતી ને પુષ્પોની થનારી વૃષ્ટિ : હજારો ભાવિકો હાજરી આપશે

શુક્રવાર તા. ૧૪-૩-૧૯૮૬

## સર્વધર્મીઓ માનવધર્મની પ્રતિષ્ઠા કરી છે-પટેલ

# પાલીતાણામાં જૈનતીર્થપટ મંદિરની પ્રતિષ્ઠાવિધિ

INDIAN EXPRESS, Ahmedabad, Friday, March 14, 1986

# Unique Jain temple opens

Express News Service

PALITANA, March 13.

With the showering of artificial pearls, gold and silver-coloured [illegible] and coins and flowers "Samavasaran", a unique Jain temple was today thrown open to the public at the historic Jain pilgrim centre Palitana.

Inaugural rituals began at 7.30 a.m. under the guidance of Acharya Vijay Chandradaya Surishwarji who is the moving spirit behind the Rs. 1.50-crore project originally conceived by his guru Acharya Vijay [illegible] Surishwarji [illegible] at the inaugural [illegible].

As part of the ceremony, flowers were showered thrice from a plane which made several rounds of the 108-foot-high dome of the temple. In the precinct, devotees atop an elephant showered handfuls of artificial grain-sized pearls, gold and silver-coloured thin metal pieces, coins and flowers during the "Pradakshina" of the temple.

Later, a formal inaugural function was organised near the temple. Speaking at the function, Health Minister Vallabhbhai Patel said the Jains always championed "ahimsa" (non-violence) and this had influenced Indian thinking significantly.

Mr Patel said that in keeping with the spirit of this major religion, killings should be stopped in the area around Shatrunjay hill which has hundreds of Jain temples. He said people's voluntary efforts in this direction would be more effective than legislation.

Mr Patel suggested that Jains should construct a road on the hill where hundreds of pilgrims from all over the country visit various temples daily. There are over 4,000 steps to climb to reach the main Adishwar temple on the hill.

He praised Jains for their philanthropic and religious activities and appealed to them to donate generously towards the relief of scarcity-affected people of the state during the worst drought in recent years.

Giving details of the Samavasaran project, its trustee Mr [illegible] said the temple would serve as a mini-[illegible] for devotees and scholars of the religion. The temple has replicas of main idols of 108 Jain temples in the country with a laminated photograph of each temple and its brief history below it.

He said those who are not able to visit pilgrimage places would be able to do it here at a single place, while for others it would be a source of information and inspiration.

THE TIMES OF INDIA, FRIDAY, MARCH 14, 1986 19

# Palitana temple opened

By MANAS DAS GUPTA

PALITANA, March 13.

THE "Shree 108 Jain Tirtha Darshan Bhavan and Shree Samavasaran" temple of the Jains was inaugurated here today without the much-publicised "showering" of pearls, gold and silver from the sky.

The private plane over the lotus-shaped "Samavasaran" instead rained flowers keeping with the Jain tradition. Cultured pearls and nickel pieces in golden and silver colours were thrown around the temple by a set of sadhus seated on an elephant.

The Samavasaran, the biggest of its kind in the country, is unique in that it gives a glimpse of 108 important Jain temples spread all over the country as well as in Japan and Kenya, all at one place. The main temple was inaugurated by a prominent Jain merchant. The Health Minister, Mr. Vallabhbhai Patel, declared open to the visitors the 108 laminated marble sheets carrying the pictures of famous Jain temples and their main deities in their original colours.

PILOT'S REFUSAL. Reports about the pearl shower created much enthusiasm among people. But authorities had to change the programme at the last moment as the pilot, apparently obeying the government, said he had no right to scatter jewels.

A local group of young Jains had also raised an objection over the plan. They had called on Shree Vijay-chandrodaya Surishwarji Maharaj, the main spirit behind the temple, and demanded that the programme should not be held at a time when the state is reeling under drought.

POLITICAL TOUCH: They also protested against inviting "politicians" for the ceremony. Following their objections, the venue of the inaugural function, originally scheduled to be held within the temple portion, was shifted to a hall in the nearby Palitana town.

Their main objection was against the local MLA who, they said, had opposed their move to get fishing in the nearby Shetrunji dam banned since

Continued on Page 11 Column 3

SANDESH · AHMEDABAD ૧૪મી માર્ચ, ૧૯૮૬

# પાલીતાણામાં રચાયેલું અનુપમ જીનાલય

## દોઢ કરોડના ખર્ચે બંધાયેલા આ દેરાસરના ઉદઘાટન પ્રસંગે વિમાનમાંથી મોતી વર્ષા થશે

# પાલીતાણાના નવા જૈન મંદિર પર થનારી મોતી અને સોના-રૂપાની વૃષ્ટિ

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન તથા શ્રી સમવસરણ મહામંદિરના ઉદઘાટન સમારોહનો દૈનિક છાપાઓનો અહેવાલ

## + સમારોહનું સંચાલન +

મહોત્સવ દરમ્યાન આયોજિત વિવિધ પ્રસંગોનું સંચાલન જાણીતા કાર્યકર શ્રી મનુભાઈ શેઠે સંભાળ્યું હતું આ ઉપરાંત શ્રી અશ્વીનભાઈ વગેરેએ પણ પ્રસંગો પાત્ત સંચાલન કર્યું હતું. શ્રી મનુભાઈ શેઠની સંચાલનક્ષેત્રે જે કુશળતા અને કાર્યદક્ષતા જોવા મળી તે દાદ માંગી લે તેવી હતી

માઈક :— શ્રી વર્ધમાન પી. શાહ–ભાવનગર

બેન્ડ :— અજન્ટા મ્યુઝીકલ બેન્ડ–ડીસા (માસ્ટર કઈલાસ ચૌહાણ)

હાથી :— શ્યામપ્રસાદ--અમદાવાદ

પીરસણીયા — દશરથભાઈ વગેરે ૭૦ થી ૮૦ની સંખ્યામાં રાધનપુરથી આવેલ

## વિ. સં. ૨૦૪૧ શ્રી સમવસરણ મહામંદિરની
## —: પ્રતિષ્ઠા સમયે ઉપસ્થિત સમુદાય :—

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પૂ૦ આ૦વિ. | વિજયચંદ્રોદયસૂરીશ્વરજી | મહારાજ | સાહેબ |
| ૨ | | વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી | ,, | ,, |
| ૩ | | વિજય જયચંદ્રસૂરીશ્વરજી | ,, | ,, |
| ૪ | પૂ૦ પં૦ વિ | પ્રમોદચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૫ | ,, | અજિતચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૬ | પૂ૦ ગણિશ્રી | દેવચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૭ | ,, | હ્રીંકારચંદ્રવિજયજી | ,, | ,, |
| ૮ | ,, | પુષ્પચંદ્રવિજયજી | ,, | ,, |
| ૯ | ,, | સોમચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૧૦ | ,, | વિનીતચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૧૧ | પૂ. મુનિશ્રી | બલભદ્ર વિજયજી | ,, | ,, |
| ૧૨ | ,, | અમરચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૧૩ | ,, | પ્રકાશચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૧૪ | ,, | પ્રદીપચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૧૫ | ,, | કલ્યાણચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૧૬ | ,, | સ્થૂલભદ્ર વજયજી | ,, | ,, |
| ૧૭ | ,, | મુક્તિચંદ્ર વિજય | ,, | ,, |
| ૧૮ | ,, | કુશલચંદ્ર વિજય | ,, | ,, |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | ,, | શાંતિચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૨૦ | ,, | કૈલાસચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૨૧ | ,, | રાજચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૨૨ | ,, | પુણ્યચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૨૩ | ,, | શ્રમણચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૨૪ | ,, | શ્રીચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૨૫ | ,, | વિશ્વચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૨૬ | ,, | અપૂર્વચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૨૭ | ,, | નિર્મલચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૨૮ | ,, | અનંતચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૨૯ | ,, | અક્ષયચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૩૦ | પૂ૦ મુનિશ્રી | લબ્ધિયશ વિજયજી | ,, | ,, |
| ૩૧ | ,, | કુલચંદ વિજયજી | ,, | ,, |
| ૩૨ | ,, | પ્રશમચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૩૩ | ,, | સુધર્મચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૩૪ | ,, | વિબુધચંદ્ર વિજયજી | ,, | ,, |
| ૩૫ | ,, | અણગારચંદ્ર વિજયજી | ,, | ,, |

## શ્રી સમવસરણ મહામંદિરના ઉપદેશક અમારા પૂજ્યો.

પરમ પૂજ્ય ધર્મરાજા આચાર્ય મ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજાની આ મહામંદિર અંગેની આંતર પ્રેરણાને સાકાર બનાવવા તેઓપૂજ્યશ્રીના શિષ્ય-પ્રશિષ્યો પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. તથા તેમના ગુરુબન્ધુ પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયઅશોકચન્દ્રસૂરીશ્વરજી મ., પ. પૂ. આચાર્ય મ. શ્રી જયચન્દ્રસૂરીશ્વરજી મ., પ. પૂ. પંન્યાસજી શ્રી પ્રમોદચન્દ્રવિજયજી ગણી મ., પ. પૂ. પંન્યાસજી શ્રી અજિતચન્દ્રવિજયજી ગણી મ., પૂ. ગણિ શ્રી હ્રીંકારચન્દ્રવિજયજી મ., પૂ. ગણિ શ્રી પુષ્પચન્દ્રવિજયજી મ., પૂ. ગણિ શ્રી સોમચન્દ્રવિજયજી મ. પૂ. મુનિ શ્રી અમરચન્દ્ર વિ. મ. પૂ. મુનિ શ્રી વિનીતચન્દ્રવિ. મ. પૂ. મુનિ શ્રી કલ્યાણચન્દ્રવિજયજી મ. પૂ. મુનિ શ્રી સ્થૂલભદ્ર મ. પૂ. મુનિ શ્રી કુશળચન્દ્રવિ. મ. પૂ. મુનિ શ્રી કૈલાસચન્દ્રવિ. મ. પૂ. મુનિ શ્રી રાજચન્દ્રવિ. મ. પૂ. મુનિ શ્રી અનંતચન્દ્રવિ. મ. આદિ મુનિ ભગવંતોએ પોતાના સંયમદાતા ભવોદધિતારક ગુરુ ભગવંતની ભાવનાને પૂર્ણ કરવા અનેક ગામ નગર-શહેર મુંબઈ, સુરત, અમદાવાદ, સુરેન્દ્રનગર, ભાવનગર વિગેરે મુંબઇ નગર તેમ ઉપનગરોના શ્રી સંઘોને તથા શ્રી જિનશાસન રસિક મહાનુભાવોને આ અંગે પ્રેરણા સદુપદેશ આપ્યો કે જેથી આ કાર્ય કરી શકાયું છે.

## શ્રી સમવસરણ મહામંદિરના અનુમોદકો-પ્રશંસકો

મહામંદિરના નિર્માણના પ્રારંભથી આજદિન સુધીમાં સ્વનામ ધન્ય સર્વ પૂજ્ય શ્રી પ. પૂ. સ્વ. આચાર્ય મ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ., પ. પૂ. સ્વ. આચાર્ય મ. શ્રી વિજયમોતીપ્રભસૂરીશ્વરજી મ., પ. પૂ. આ. મ. શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ., પ. પૂ. આ. મ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ., પ. પૂ. આ. શ્રી વિજયજયાનંદસૂરીશ્વરજી મ, પ પૂ. આ. મ. શ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મ., પ. પૂ. સ્વ. આચાર્ય મ. શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મ, પ, પૂ. આ. મ. શ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મ, પ. પૂ આ. મ. શ્રી વિજયશુભંકરસૂરીશ્વરજી મ., પ. પૂ. આ. મ. શ્રી વિજયનીતિપ્રભસૂરીશ્વરજી મ, પ. પૂ. આ. શ્રી વિ. સૂર્યોદયસૂરીશ્વરજી મ., આદિ તથા પરમ પૂજ્ય આચાર્ય મ. શ્રી વિ. કૈલાસસાગર સૂરીશ્વરજી મ., પ. પૂ. આ. મ. શ્રી વિ. ૐકારસૂરીશ્વરજી મ., પ. પૂ. આ. મ. શ્રીવિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ., પ. પૂ. આ. મ. શ્રીવિજયવિબુધપ્રભસૂરીશ્વરજી મ, પ. પૂ. આ. મ શ્રીવિજયયશોદેવસૂરીશ્વરજી મ., પ. પૂ. આ મ. શ્રીવિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ. આદિ શાસનપ્રભાવક આચાર્ય ભગવંતો મહામંદિરની ભવ્યતા અને વિશિષ્ટતા નિહાળી શ્રી જિનશાસનનું આ એક મહામંદિર બનશે. "માનવ શક્તિનું આ કામ નથી, કોઇ અગમ્ય શક્તિની સહાય છે." વિગેરે અંતરના ઉદ્ગારો તેઓશ્રીના સાંભળવા મળ્યા છે. શ્રી જિનશાસનરસિક શ્રી સંઘના અગ્રણીઓ તથા પુણ્યાત્માઓતથા ભારત અને ભારત બહારના સ્થપતિઓ-સાક્ષરો-ઈતિહાસવિદો, શીલ્પ કલા વિશારદ મહાનુભાવો પણ આ મહામંદિરની ભવ્યતા તથા વિશિષ્ટતા નિહાળી સંતોષ વ્યક્ત કરેલ હતો.

## શ્રી સમવસરણ મહામંદિર અંજનશલાકા–પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત શ્રમણ ભગવંતો.

આ મહામૂલા પ્રસંગે પાલીતાણામાં બિરાજમાન આ મહામંદિરના ઉપદેશક સર્વ પૂજ્યો તથા પરમ ઉપકારી શાસનસમ્રાટ્ શ્રીમાન્‌ના સમુદાયના પ. પૂ. સૌજન્યમૂર્તિ આચાર્ય મ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ., પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયનીતિપ્રભસૂરીશ્વરજી મ., પ. પૂ. આ. મ. શ્રી વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ., પ. પૂ. ગણિ શ્રી ચંદ્રસેનવિજયજી મ., પ. પૂ. ગણિ શ્રી દાનવિજયજી મ., પ. પૂ. ગણિ શ્રી સિદ્ધસેનવિ, પ. પૂ. ગણિ શ્રી ધર્મધ્વજવિજયજી મ., પ. પૂ. મુનિ શ્રી દર્શનવિજયજી મ. આદિ તથા પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયમંગલપ્રભસૂરીશ્વરજી મ., પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજય રામરત્નસૂરીશ્વરજી મ., પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજય અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ,, પ. પૂ. આ. મ. શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ., પ. પૂ. ઉપાધ્યાય શ્રી સુર્યોદયસાગરજી ગણિ મ., પ. પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી ગણિ મ., પ. પૂ. પંન્યાસ શ્રી નરેન્દ્રસાગરજી મ., પ. પૂ. પંન્યાસ શ્રી વાચસ્પતિવિજયજી ગણિ મ., પ. પૂ. પંન્યાસ શ્રી સુશીલસાગરજી ગણિ મ., પ. પૂ. મુનિ શ્રી અમરેન્દ્રસાગરજી મ., પ. પૂ. મુનિ શ્રી અમૃતવિજયજી મ., પ. પૂ. મુનિ શ્રી મનમોહનવિજયજી મ., પ. પૂ. મુનિ શ્રી નંદનપ્રભવિજયજી મ., પ. પૂ. મુનિ શ્રી પ્રદ્યુમ્નવિમલજી મ. આદિ મુનિ ભગવંતો અમારી આગ્રહભરી વિનંતિથી બીરાજમાન હતા.

## શ્રી સમવસરણ મહામંદિર અંજનશલાકા પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત શ્રમણી વૃંદ.

પ. પૂ. શાસનસમ્રાટ્ શ્રીમાન્‌ના સમુદાયના પૂ. સા. શ્રી પદ્માશ્રીજી, પૂ. સા. શ્રી પ્રમોદશ્રીજી, પૂ. સા. શ્રી ચારિત્રશ્રીજી, પૂ. સા. કવીન્દ્રશ્રીજી, પૂ. સા. ચન્દ્રકાન્તાશ્રીજી, પૂ. સાધ્વી સુવર્ણપ્રભાશ્રીજી, પૂ. સાધ્વી સ્વયંપ્રભાશ્રીજી, પૂ. સાધ્વી કાન્તગુણાશ્રીજી પૂ. સાધ્વી લલિતપ્રભાશ્રીજી, પૂ. સાધ્વી હેમપ્રભાશ્રીજી, પૂ સાધ્વી હેમલતાશ્રીજી, પૂ. સા. તત્ત્વયશાશ્રીજી, પૂ. સા. વિનિતયશાશ્રીજી, પૂ. સા. દક્ષયશાશ્રીજી, પૂ. સા. હર્ષલતાશ્રીજી, પૂ. સા. કિરણયશાશ્રીજી, પૂ. સા. જ્યોતિપ્રજ્ઞાશ્રીજી, પૂ. સા. અભયપ્રજ્ઞાશ્રીજી, પૂ. સાધ્વી ચારૂયશાશ્રીજી, પૂ. સાધ્વી યશઃપૂર્ણાશ્રીજી, પૂ. સા. સમયશાશ્રીજી, પૂ. સા. ઉદ્યોતયશાશ્રીજી, તથા પ. પૂ. આગમોદ્ધારક આચાર્ય મ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.ના સમુદાયના પૂ. સા. શ્રી નિપુણાશ્રીજી મ. આદિ, પ. પૂ. પંજાબકેસરી આચાર્ય મ. શ્રી વલ્લભસૂરીશ્વરજી મ. ના સમુદાયનાં પૂ. સા. શ્રી દમયંતીશ્રીજી મ. આદિ, પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજય કેશરસૂરીશ્વરજી મ. ના સમુદાય પ્રવર્તિની સા. શ્રી નેમશ્રીજી મ. આદિ, પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયબુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.ના સમુદાયનાં સાધ્વીજીઓ, પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજય નીતિસૂરીશ્વરજી મ. ના સમુદાયના પૂ. સા. શ્રી સુર્યોદયાશ્રીજી મ. આદિ, પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજય મોહન-

સુરીશ્વરજી મ. ના સમુદાયનાં પૂ. સા. શ્રી વિમલાશ્રીજી મ. આદિ, પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજય હિમાચલસુરીશ્વરજી મ. ના સમુદાયનાં પૂ. સા. શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ. આદિ, પ. પૂ. આચાર્ય શ્રી જિન-ઉદયસાગરસુરીશ્વરજી મ. ના સમુદાયનાં પૂ. સા. શ્રી મોહનશ્રીજી મ. આદિ, પ. પૂ. આચાર્ય મ. શ્રી ગુણુસાગરસુરીશ્વરજી મ. ના સમુદાયના પૂ. સા. શ્રી આનંદપ્રભાશ્રીજી મ. આદિ, પ. પૂ. મુનિ શ્રી રામચંદ્રજી મ.ના સમુદાયનાં પૂ. સા. શ્રી પ્રમોદશ્રીજી મ. આદિ સાધ્વીસમુદાયની હાજરી હતી.

## શ્રી સમવસરણુ મહામંદિરના નિર્માણુ કાર્ય માટે આર્થિક સહયોગ આપનાર શ્રી સંઘોની નામાવલિ.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી | રામનગર-સાબરમતી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ | સાબરમતી, અમદાવાદ |
| ૨ | ” | બાબુ અમીચંદ પન્નાલાલ આદિશ્વર જૈન ચેરીટેબલ ટ્રસ્ટ | વાલકેશ્વર-મુંબઇ |
| ૩ | ” | સહસ્રફણા જૈન દેરાસર | બાબુલનાથ, મુંબઇ |
| ૪ | ” | શિવ-સાયન જૈન સંઘ | સાયન-મુંબઇ |
| ૫ | ” | વાડીલાલ સારાભાઇ ચેરીટેબલ ટ્રસ્ટ | પ્રાર્થના સમાજ, મુંબઈ |
| ૬ | ” | ચોપાટી જૈન સંઘ | ચોપાટી, મુંબઈ |
| ૭ | ” | સંઘવી દેવકરણુ મૂલજીભાઇ જૈન દેરાસર સંઘ | મલાડ, મુંબઈ |
| ૮ | ” | દેવસુરગચ્છ જૈન સંઘ | ગોડીજી, મુંબઇ |
| ૯ | ” | કાંદીવલી જૈન સંઘ તથા ઉપધાન તપ સમિતિ | કાંદીવલી, મુંબઇ |
| ૧૦ | ” | ચંદ્રપ્રભુ જૈન દેરાસર ટ્રસ્ટ | અંધેરી (વેસ્ટ), મુંબઇ |
| ૧૧ | ” | આણુંદજી કલ્યાણુજી પેઢી | અમદાવાદ |
| ૧૨ | ” | આણુંદજી કલ્યાણુજી પેઢી | સુરેન્દ્રનગર |
| ૧૩ | ” | વિલે-પાર્લા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ | વિલે-પાર્લા, મુંબઇ |
| ૧૪ | ” | પ્રાર્થના સમાજ ઉપધાન તપ સમિતિ | પ્રાર્થના સમાજ, મુંબઇ |
| ૧૫ | ” | અંધેરી ઉપધાન તપ સમિતિ | અંધેરી, મુંબઇ |
| ૧૬ | ” | પો. હે. જૈન નગર સંઘ તથા ઉપધાન તપ સમિતિ | અમદાવાદ |
| ૧૭ | ” | દશા પોરવાડ સોસાયટી જૈન સંઘ | અમદાવાદ |
| ૧૮ | ” | નવજીવન જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ | મુંબઈ |
| ૧૯ | ” | ગોવાલિયા ટેંક જૈન સંઘ-આરાધના ભવન | મુંબઇ |
| ૨૦ | ” | મોતીશા લાલબાગ જૈન ચેરીટીઝ ટ્રસ્ટ | લાલબાગ, મુંબઇ |
| ૨૧ | ” | મહાવીરસ્વામી જૈન શ્વે. મૂર્તિપૂજક દેરાસર ટ્રસ્ટ | જોગેશ્વરી, મુંબઈ |
| ૨૨ | ” | સંભવનાથ જૈન દેરાસરની પેઢી | જાંબલીગલી, મુંબઇ |
| ૨૩ | ” | મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ | મુલુંડ, મુંબઇ |
| ૨૪ | ” | અંધેરી-ગુજરાતી જૈન સંઘ | ઈર્લા, મુંબઈ |
| ૨૫ | ” | માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ | માટુંગા, મુંબઇ |

| | | | |
|---|---|---|---|
| ૨૬ | શ્રી | જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ | બારામતી, (જી. પુના) |
| ૨૭ | ” | એડન જૈન શ્વેતામ્બર શાંતિનાથજી ટેમ્પલ ટ્રસ્ટ | એડન |
| ૨૮ | ” | સાયન મોતીબાગ જૈન ઘર દેરાસર | મોતીબાગ, મુંબઈ |
| ૨૯ | ” | સોજીત્રા જૈન સંઘ | સોજીત્રા, (જી. ખેડા) |
| ૩૦ | ” | ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ તથા શેઠ ડોસાભાઈ અભેચંદ | ભાવનગર |
| ૩૧ | ” | સાંડેરાવ જિનેન્દ્રભવન ટ્રસ્ટ | પાલીતાણા |
| ૩૨ | ” | રાંદેર રોડ જૈન સંઘ | સુરત |
| ૩૩ | ” | રાજનગર જૈન ઉપધાન તપ સમિતિ | અમદાવાદ |
| ૩૪ | ” | નરોડા જૈન સંઘ શ્રી ગોડીજી પાર્શ્વનાથ દેરાસર તથા પદ્માવતી માતાજી ટ્રસ્ટ | નરોડા |
| ૩૫ | ” | શાંતિનાથ દેરાસર | દેવચંદનગર-મલાડ, મુંબઈ |
| ૩૬ | ” | અજીતનાથજી ઘર દેરાસર દેવકરણ મેન્શન | મુંબઈ |
| ૩૭ | ” | મોતીશા રીલીજીયસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ | ભાયખલા, મુંબઈ |
| ૩૮ | ” | વર્ધમાન જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ ઉસ્માનપુરા | અમદાવાદ |
| ૩૯ | ” | વિશ્વનંદીકર જૈન સંઘ અરૂણ સોસાયટી | અમદાવાદ |
| ૪૦ | ” | અરવિંદકુંજ સોસાયટી જૈન સંઘ | તારદેવ, મુંબઈ |
| ૪૧ | ” | શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી | દોલતનગર, મુંબઈ |
| ૪૨ | ” | પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ સંઘાણી એસ્ટેટ | ઘાટકોપર, મુંબઈ |
| ૪૩ | ” | મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ | મરીન ડ્રાઇવ, મુંબઈ |
| ૪૪ | ” | નમિનાથ જૈન દેરાસર ટ્રસ્ટ | પાયધુની, મુંબઈ |
| ૪૫ | ” | ઋષભદેવ જૈન ટેમ્પલ અને સાધારણ ખાતા ચેમ્બુર જૈન મંદિર | ચેમ્બુર, મુંબઈ |
| ૪૬ | ” | શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રય | વાલકેશ્વર, મુંબઈ |
| ૪૭ | ” | ભારતનગર જૈન સંઘ | મુંબઈ |
| ૪૮ | ” | ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર | શાહપોર, સુરત |
| ૪૯ | ” | શેઠ શાંતિલાલ વર્ધમાન પેઢી | પાલેજ |
| ૫૦ | ” | સરસપુર સુમતિનાથજી દેરાસર ટ્રસ્ટ | અમદાવાદ |
| ૫૧ | ” | સરખેજ જૈન શ્રી સંઘ | સરખેજ |
| ૫૨ | ” | ટાણા જૈન સંઘ | |

**બીજા અનેક સંઘોએ પણ નિર્માણકાર્યમાં આર્થિક સહયોગ આપેલ છે.**

श्री नेमि-विज्ञान-कस्तूरसूरि श्रमोधानमां

શ્રી જૈન તીર્થ દર્શન ભવન અને સમવસરણ મહામંદિરમાં

બિરાજમાન થયેલ

卐

શ્રી

પુરૂષાદાનીય ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતોના

પ્રાપ્ત થયેલ



# ટુંક જીવન ચરિત્રોના



## આછા પરિચયની ઝાંખી

વિ. સં. ૨૦૪૨ સને ૧૯૮૬

卐

: પ્રકાશક :

૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રષ્ટ પાલીતાણા

卐

: મુદ્રક :

સી. પી. પ્રિન્ટર્સ હનુમાનવાળી શેરી પાસે, પાલીતાણા

# શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથજીનો
# પ્રભાવશાળી પુણ્યપ્રભાવ વધારે કેમ !

**બધા તીર્થંકરોમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતની ભક્તિ વિશેષ કરવા બધા કેમ અભિલાષા રાખે છે ?**

૧ દરેક તીર્થંકરોનો પુણ્યોદય ભિન્ન ભિન્ન હોય છે.

૨ શ્રી પાર્શ્વનાથ ભગવંત પુરુષાદાનીય કેમ ? તે વિચારવાનું સ્વાભાવિક મન થાય.

૩ શ્રી **પાર્શ્વનાથ પ્રભુ** ભવાંતરમાં ફરતા હતા ત્યારે પણ ગઈ ચોવીશીનાં દામોદરજિનના સમય માં **આષાડી** નામે શ્રાવક થયેલ તેને પણ શ્રી **દામોદર પ્રભુએ** શ્રી પાર્શ્વનાથ **પ્રભુની** ભક્તિ કરવાનું બતાવેલ હતું

૪ શ્રી પાર્શ્વનાથપ્રભુના ભવ પહેલાના ત્રીજા ભવે **કનકબાહુ રાજા** હતા તે ભવમાં ચારિત્ર અંગીકાર કરી **વીશસ્થાનક તપની** આરાધના કરી હતી ને **જિનનામ** કર્મનો બંધ નિકાચિત કરી દશમા **પ્રાણત** નામના દેવલોકમાં ૨૦ સાગરોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા હતાં

૫ તે પ્રાણત નામના દેવલોકમા ૧૩મા શ્રી વિમલનાથ પ્રભુના સમયમાં ઉત્પન્ન થયા હતા ત્યારથી બાવીશમાં શ્રી નેમિનાથ ભગવાનના સમય સુધી દેવલોકમાં રહયા હતા

૬ તે ૨૦ સાગરોપમના સમય દરમ્યાન પાંચ ભરત પાંચ ઐરાવત મળી ૧૦ ક્ષેત્રોમાં દશ દશ તીર્થંકરો થયા તે બધાં મળી **૧૦૦ તીર્થંકરો** કુલ થયા હતા.

૭ તે **૧૦૦** તીર્થંકરોના પાંચ પાંચ કલ્યાણકો મળી **૫૦૦ કલ્યાણકોમાં પોતે** સર્વ દેવલોકના દેવોમાં **અગ્રેસર** થઈ તીર્થંકરોની ભક્તિ કરી હતી.

૮ શ્રી પાર્શ્વનાથ ભગવંતના જીવે દેવલોકમાં રહી ૫૦૦ કલ્યાણકોમાં ૧૦૦ તીર્થંકરોની દ્રવ્ય-ભાવ ભક્તિ કરી અલૌકિક પુણ્ય ઉપાર્જન કરી **પુરૂષાદાનીય નામકર્મ ઉપાર્જન** કર્યું જેથી બધા તીર્થંકરોમાં તે **વિશેષ** જગપ્રસિદ્ધ ને **પૂજનીય** અને **પુરૂષાદાનીય** બન્યા પ. પૂ **શ્રી** વીરવિજયજી મહારાજની પંચ કલ્યાણકની પૂજામાં આ હકીકત જણાવેલ છે. આપણે સૌ પણ તેમની ભાવપુર્વક ભક્તિ કરીએ.

# —: શ્રી કલિકુંડ તીર્થની ઉત્પતિ :—

શ્રી પાર્શ્વનાથ પ્રભુએ ૩૦૦ રાજપુત્રો સાથે દીક્ષા લીધી ત્યારબાદ ૨૨ પરિષહો જીતનારા શ્રી પાર્શ્વપ્રભુ વિહાર કરતાં કાદંબરી અટવી **કલિ પર્વતની નીચે કુંડ સરોવરના** કાંઠે ૧૯ દોષ રહિત કાઉસગ્ગ કરીને રહયા છે.

તે સમયે **મહીધર** નામ નો હાથી પાણી પીવા માટે ત્યાં આવ્યો પ્રભુને જોઇ ઉહાપોહ કરતા હાથીને જાતિ સ્મરણ જ્ઞાન થયું તેને પુર્વભવ પોતાયે જોયો હું **હેમનામે** કુલ પુત્ર હતો મારૂ શરીર વામનપણાનું હતું જેથી લોકો મારી મશ્કરી કરતા હસતા હતા તેથી પરાભવના કારણે જંગલમાં હું ચાલ્યો ગયો. ત્યાં એક મુનિને જોયાં મે મુનિને વંદન કર્યું મને મુનિએ ધર્મોપદેશ આવ્યો મે દીક્ષાની માગણી કરી પરંતુ વામન પણાના કારણે મને **દીક્ષા આપીનહી**તેથી મે શ્રાવકપણું અંગીકાર કર્યું છતાં મને લોકો વામન પણાથી હસતા હતા હું ખેદ પામતો અને આર્તધ્યાનથી મરી હું હાથી પણાને પામ્યો છુ તેમ જાતિ સ્મરણ જ્ઞાનથી જોયું હવે હું પશુ હોવાથી આ મુનિની કેવી રીતે ભકિત કરૂ ! શેનું આરાધન કરુ ! **કાંઇ કરી શકું તેમ નથી** આમ વિચાર કરે છે.

લાવ હું સરોવર માંથી સૂંઢ વડે પાણી લઇ કાંઇક પ્રભુની ભકિત કરું ! એમ વિચારી સરોવરમાં નાહીને કમલો સરોવરમાંથી લાવી અને ત્રણ પ્રદક્ષિણા દઇને પ્રભુની કમલો વડે પૂજા કરી નમન કરી પોતાના આત્માને ધન્ય માનતો પોતાના સ્થાને ગયો.

ચંપા નગરીમાં **કરકંડુ રાજા ને** કોઇ પુરૂષે વાત કરી જેથી કરકંડું રાજા પ્રભુ કાઉસગ્ગ ધ્યાને રહયા છે. ત્યાં પોતાના સૈન્ય સહિત પ્રભુને વંદન કર્યું પછી રાજાએ ત્યાં પ્રભુની નવ હાથ પ્રમાણ સુંદર પ્રતિમાં ભરાવી નૂતનજિન મંદિર ત્યાં બંધાવી પ્રતિષ્ઠા કરાવી પ્રતિમાં અધિષ્ઠાયક દેવે **પ્રભાવશાળી** કરી અને લોકોના મન વંછીત ફળ આપવા લાગી તે સ્થાને **કલિ પર્વત** છે. અને તેની પાસે **કુંડ સરોવર છે.** જેથી કલિકુંડ તીર્થ તરીકે જગતમાં પ્રસિધ્ધ પામ્યું તે હાથી મરીને વ્યંતર થયો તેઓ તીર્થનો ઉપાસક થયો ને મહિમાં વધ્યો

જે **કલિકુંડ પાર્શ્વનાથ** તરીકે પ્રસિધ્ધી પામ્યાને **કલિકુંડ તીર્થ** થયું છે.

## —: શ્રી અહિચ્છત્રા પાર્શ્વનાથ તીર્થની ઉત્પત્તિ :—

શ્રી પાર્શ્વનાથ **પ્રભુ** વિહાર કરતા **શીવપુરી** નગરી સમીપે **કૌશાંબી** વનમાં કાઉસગ્ગ ધ્યાને રહયા તે વખતે **ધરણેન્દ્ર પૂર્વ** ભવનો ઉપકાર જ્ઞાનથી જાણ્યો કે હું લાંકડામાં સર્પ તરીકે બળી રહયો હતો ત્યારે **પ્રભુએ** મને **શ્રી નવકાર મંત્ર** સંભળાવ્યો તેના વડે હું **ધરણેન્દ્ર** થયો છું

લાવ હું પ્રભુ કાઉસગ્ગ ધ્યાને રહયા છે. તો સૂર્યના કિરણોનો તાપ લાગે નહિ. તે માટે ભકિતથી ધરણેંદ્રે **૧૦૦૦ ફણારૂપ** છત્ર ધારણ કર્યું પછી **પ્રભુએ** એ તે **સ્થળેથી** વિહાર કર્યો

લોકો એ તે સ્થળે **અહિચ્છાત્રા** નગરી વસાવી. તે સ્થળે નૂતન જિનમંદિર બંધાવી પ્રભુ પ્રતિષ્ઠા કરી તેથી તે અહિચ્છત્રા પાર્શ્વનાથ તરીકે **પ્રસિધ્ધ** થયેલ **છે.**

પાંચાલ દેશમાં હજી અત્યારે તે તીર્થ અદ્દશ્ય છે.

## -: શ્રી કુર્કટેશ્વર પાર્શ્વનાથજી તીર્થ :-

પ્રભુશ્રી પાર્શ્વનાથજી એક દિવસ **રાજપુર** નગરીની સમીપમાં કાઉસગ્ગ ધ્યાને રહયા છે. તે સમયે તે નગરીમાં **રાજા ઇશ્વર** છે. તેણે પ્રભુને કાઉસગ્ગ ધ્યાને રહેલા જોઈ મૂર્છા પામ્યા ને ઉહાપોહ કરતાં જાતિ સ્મરણ જ્ઞાનથયું

**પ્રભુને** કહયું કે મને **જાતિ સ્મરણ જ્ઞાન થયું** અને પોતાના **પૂર્વ** ભવ મંત્રીએ **પૂછયા** તે જણાવ્યા હતાં

**પૂર્વ** ભવમાં કોઢીયો હતો બધાજ તીરસ્કાર કરતાં જેથી આપઘાત કરવાં તૈયાર થયો તે સમયે વિદ્યાધર મુનિએ મને રોકયો, મને ધર્મોપદેશ આપતાં ધર્મ અને **નવકાર મંત્ર નો જાપ કરી** શુભ ભાવના ભાવવા લાગ્યો.

પરંતુ ધર્મ પામતાં પહેલા આયુષ્ય બાંધેલ હોવાથી **કુંકડો થશે** તે સાંભળી કોઢીયો રડવા લાગ્યો.

મુનિએ કીધું કે તુ રડ નહિં આયુષ્ય બાંધ્યુ છે તેમાં ફેરફાર થઇ શકે તેમ નથી. પરંતું તું **કુકડાના ભવમાં** કોઇ મુનિને જોઇ જાતિ સ્મરણ જ્ઞાન થશે તું કુકડાના ભવમાં અનશન કરશે જેથી કુંકડાના ભવની આરાધનાથી તું રાજા થશે.

તે મુજબ હું અત્રે રાજા થયો છું અને પ્રભુ પાશ્ર્વનાથને જોઇ મને જાતિ સ્મરણ જ્ઞાન થયું છે.

પછી રાજાએ જે સ્થળે પ્રભુ કાઉસગ્ગ ધ્યાને રહયા હતા તે સ્થળેજ કુંકટેશ્વર નગરી વસાવી અને **શ્રી કુંકટેશ્વર પાર્શ્વનાથનુ** નૂતનમંદિર બંધાવ્યુ તે અત્યારે શ્રી **કુકટેશ્વર** તીથ તરીકે પ્રસિધ્ધ થયેલ છે.

હાલ મધ્યપ્રદેશમાં રતલામ પાસે નીમચ ગામમાં તે નામપર શ્રી કુર્કટેશ્વર પાર્શ્વનાથજી છે

**દેરી નંબર ૧ :** શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ (ગોપીપુરા, સૂરત).
**પધરાવનાર :** પ. પૂ. મુનિશ્રી પ્રસન્નચંદ્રવિજયજી મહારાજની સ્મૃતિમાં શાહ ખીમચંદ સ્વરૂપચંદ સંઘવીના કુટુંબીજનો, સૂરત.

સૂરતનું પ્રાચીન નામ સૂર્યપુરી. શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ એ નામ પ્રતિમાજીની પ્રાચીનતા દર્શાવે છે. આ શહેરની પ્રાચીનતા અને અર્વાચીનતા સૂર્યની જેમ ઝગમગતી રહી છે. વિ. સં. ૧૬૭૮માં શ્રી રત્નચંદ્રજી ગણિએ પ્રતિષ્ઠિત કરાવેલા શ્રી સૂરજમંડન પાશ્વર્-નાથ ૬૩ ઇંચના અલૌકિક છે. દેવસૂરગચ્છના શ્રી ધર્મનાથજીના દેરાસરના ભોંયરામાં એ પ્રતિમાજી આવેલ છે. શ્રી ધર્મનાથજીની પ્રતિષ્ઠા વિ. સં. ૧૬૬૪માં શ્રી હીરસૂરીશ્વરજીએ કરાવી હતી. અમદાવાદના નગરશેઠના વંશજ શ્રી શાંતિદાસ શેઠે અહીં શ્રી ચિંતામણી મંત્રની આરાધના કરી હતી; અને તેના પરિણામે વારસાગત રિદ્ધિ–સિદ્ધિ પ્રાપ્ત થઇ હોવાનું કહેવાય છે.

આ દેરાસરની દિવાલ પર હાથીનું ચિત્ર છે, જેથી તે હાથીવાળા દેરાસર નામે પણ પ્રસિદ્ધ છે. હાલ આ દેરાસરનો પાયામાંથી જીર્ણોદ્ધાર પૂજ્ય આચાર્યશ્રી વિજયચંદ્રોદય-સૂરિજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શનથી થઇ રહ્યો છે. અને તેની પુનઃ પ્રતિષ્ઠા પણ પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં થનાર છે.

**દેરી નં. ૨ :** શ્રી ચિંતામણી પાશ્વર્નાથ (શાહપોર, મુગલીસરા, સૂરત).
**પધરાવનાર :** ચિ. કૃપેશ, પૂર્વી, નિમીષા, જયણા વસંતભાઇ વાડીલાલ મહેતા, ન્યુયોર્ક.

સ્વપ્ન દ્વારા કુવામાંથી પ્રાપ્ત થયેલા આ પ્રતિમાજી અને માંત્રિક ગુરુએ કોથળીમાં મુકેલા માત્ર એક રૂપિયાથી બંધાયેલું આ ચમત્કારી દેરાસર, ચૌદમા સૈકાનું કાષ્ટ-કલા-કારીગરીમાં બેનમુન છે. તે 'એક રૂપિયાના જિનમંદિર' નામે પણ જાણીતું છે. દર રવિવારે અને બેસતા મહિને જૈનો તેમજ જૈનેતરો મોટી સંખ્યામાં અહીં દર્શનાર્થે આવે છે. સૂરત-માં અગ્રસ્થાને શોભતા આ દેરાસરની એક સુખડની પ્રતિકૃતિ લંડનના મ્યુઝીયમમાં હાલ ઉપલબ્ધ છે.

વિ. સં. ૨૦૨૫માં આ દેરાસરે બસો વર્ષમાં નહીં થએલ એવો અંજનશલાકા મહોત્સવ પૂજ્ય આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ૦ની સાંનિધ્યે ઉજવાયો હતો.

**દેરી નં. ૩ :** શ્રી દુઃખભંજન પાશ્વર્નાથ (નાની દેસાઇપોળ, બેસંટ હોલ, સુરત).
**પધરાવનાર :** શ્રી કુમારપાળ ડાહ્યાભાઈ, સુરત. વડદાદી–દાદા–દાદી–માતાના શ્રેયાર્થે.

સુરત–દેસાઇપોળમાં બેસંટ હોલ આવેલ છે. અગાઉ ત્યાં ચંદનબાગ-તલકચંદ માસ્તરની વિશાળ વાડી હતી. એ વાડીમાંથી સુરતના પ્રત્યેક દેરાસરોએ તાજા ફૂલ મોકલાતા. લગભગ વિ. સં. ૧૯૫૦માં શ્રી તલકચંદ માણેકચંદભાઇએ વાડીની આગળ બેઠી બાંધણીનું દેરાસર બધાવ્યું હતું. વર્તમાનમાં બેસન્ટ હોલની બાજુમાં આવેલા આ દેરાસરમાં મૂળ-

નાયકશ્રી દુઃખભંજન પાશ્વર્નાથ બિરાજમાન છે. કુલ ૧૬ પ્રતિમાજીમાં બે પ્રતિમાજી સ્ફટીકના છે. દેરાસરનો વહિવટ અત્યારે પણ તેમનો કુટુંબપરિવાર કરે છે.

**દેરી નં. ૪ :** શ્રી ઉમરવાડી પાર્શ્વનાથ (ઓસવાલ મહોલ્લો, ગોપીપુરા, સુરત).
**પધરાવનાર :** શ્રી ચીમનલાલ કસ્તૂરચંદ ઝવેરી, સુરત.

સુરતનું ગોપીપુરા એટલે જૈનપુરી. તેમાં ઓસવાલો જ્યાં વધુ વસેલા એ વિસ્તાર ઓસવાલ મહોલ્લાથી પ્રસિદ્ધ બન્યો. આ ઓસવાળોનો મુંબઈ–સુરતમાં ઝવેરાતનો ધીકતો ધંધો. ધર્મભાવના પણ એટલી પ્રજ્જવલિત કે અહીં અનેક દેરાસરો અને ઉપાશ્રયો બંધાવ્યા. તેમાંનું આ દેરાસર મહોલ્લામાં પ્રવેશતાં જ જમણા હાથે આવેલ છે. પ્રાયઃ વિ. સં. ૧૯૭૧માં નિર્મિત આ દેરાસરનો ઇતિહાસ ઉપલબ્ધ નથી. મૂળનાયક શ્રીઉમરવાડી પાર્શ્વનાથ ભવ્ય અને પ્રભાવિક છે. શ્રીઆણસુરગચ્છના આ દેરાસરમાં આરસ વગેરેની અનેક મૂર્તિઓ બિરાજમાન છે.

**દેરી નં. ૫ :** શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ (ગોપીપુરા, સુરત).
**પધરાવનાર :** શાહ નવીચંદ્ર ફૂલચંદ બીલોન્દ્રવાળા, ચોપાટી, મુંબઈ.

ગોપીપુરામાં શેઠ પ્રેમચંદ રાયચંદની ધર્મશાળા પાછળ શ્રી શિતલનાથજીનું દેરાસર આવેલ છે. તેના ભોયરામાં કાઉસગ્ગ ધ્યાનસ્થ ૧૦૦૮ ફણાના શ્રી પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા બિરાજમાન છે. તેમના ચરણે વંદન કરતી શ્રી ધરણેન્દ્ર યક્ષની મૂર્તિ પણ અલૌકીક છે. આ દેરાસર પ્રાયઃ વિ. સં. ૧૮૨૭માં શેઠ ભાઇદાસ નેમિદાસે બંધાવ્યું છે. હાલ તેનો પાયામાંથી જીર્ણોદ્ધાર થઇ રહ્યો છે.

**દેરી નં. ૬ :** શ્રી નવસારી પાર્શ્વનાથ (મધુમતી, ટાવર પાસે, નવસારી).
**પધરાવનાર :** શ્રીમતી જસવંતીબહેન કાંતિલાલ તથા
શ્રીમતી ઉર્મિલાબહેન અમૃતલાલ વખારીયા, સૂરત.

નવસારીમાં સૌથી જુનું–પ્રાચીન દેરાસર શહેરની મધ્યમાં મુખ્ય બજાર પાસે આવેલ છે. મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ તરીકે તેમજ ગામના નામ પરથી શ્રી નવસારી પાર્શ્વનાથ તરીકે પણ પ્રસિદ્ધ છે. પ્રતિમાજી ચમત્કારી છે. આ દેરાસરનો વહીવટ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પેઢીના નામથી શ્રીસંઘ કરે છે. ઉપાશ્રય, ધર્મશાળા, આયંબિલ-ખાતું વગેરેની વ્યવસ્થા સારી છે. શહેરમાં અન્ય પણ દેરાસરો આવેલ છે.

**દેરી નં. ૭ :** શ્રી લોઢણ પાશ્વર્નાથ (શ્રીમાળી વાગા, ડભોઈ, જિ. વડોદરા).
**પધરાવનાર :** શ્રીમતી ભારતીબેન સુરચંદ, શ્રી જસવંતલાલ પાનાચંદ ઝવેરી, સુરત.

ડભોઇનું પુરાણું નામ દર્ભાવતી. તેનો ઇતિહાસ ઘણો પ્રાચીન અને ગૌરવવંતો છે. પૂ. ઉપા. શ્રી યશોવિજયજીની આ સ્વર્ગવાસ ભૂમિ છે. શ્રી લોઢણ પાર્શ્વનાથ વેળુ/રેતીના અતિ પ્રાચીન અને પ્રભાવક છે. કહેવાય છે કે વેળુના આ પ્રતિમાજી દીર્ઘ સમય સુધી

જળગર્ભમાં રહેવા છતાં રેતીનો એક પણ કણ છૂટો ન પડતાં, લોઢા જેવી લાગતી આ પ્રતિમાજી લોઢણ પાર્શ્વનાથ નામે સુખ્યાત બની. મંત્રી તેજપાલ નિર્મિત આ દેરાસર દેવ-વિમાન જેવું છે. તેમાં તેના પૂર્વજોની મૂર્તિઓ આ જ પણ વિદ્યમાન છે. મૂળનાયક શ્રી લોઢણ પાર્શ્વનાથ શ્યામવર્ણના ભોંયરામાં બિરાજમાન છે. ઉપરના ભાગે શ્રી શિતલનાથજી બિરાજે છે. આ દેરાસરનો છેલ્લો જીર્ણોદ્ધાર વિ. સં. ૧૯૯૦માં થયો હતો. શ્રી દેવચંદ ધરમચંદની જૈન પેઢી વહીવટ કરે છે. શહેરમાં અન્ય ૬/૭ દેરાસરો આવેલા છે.

**દેરી નં. ૮** : શ્રી દર્ભાવતી પાર્શ્વનાથ (શ્રીમાળી વાગા, ડભોઇ).
**પધરાવનાર** : શ્રી પ્રાણજીવનદાસ અવિચળભાઇ મહેતા પરિવાર, (વાંકાનેર) મુંબઈ.

ડભોઈનું પ્રાચીન નામ દર્ભાવતી, જેના પરથી આ પ્રતિમાજી શ્રી દર્ભાવતી પાર્શ્વ-નાથ નામે પ્રસિદ્ધ બન્યા છે. શ્રી આદીશ્વર દેરાસરના ભોંયરામાં વિ. સં. ૨૦૦૪માં પ્રતિ-ષ્ઠિત આ પ્રતિમાજી એક ધોબીને સ્વપ્ન આપી પ્રગટ થયાનું કહેવાય છે. ડભોઈ નજીક સંખેડા અને બાધરપુરા ગામ વચ્ચે આવેલ ઓરસંગ નદીના કાંઠેથી આ મૂર્તિ મળી આવ્યા હતા. પ્રતિમા સફેદ લેપથી અંકિત છે. તે પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ નામથી પણ ઓળખાય છે.

પૂર્વે આ એક વિશાળ જૈન નગર હતું. જૈન ન્યાય ગ્રંથના રચયિતા શ્રી વાદીદેવ-સૂરિજીના ગુરુ શ્રી મુનિચંદ્રસૂરિજીની આ જન્મભૂમિ છે અને તાર્કિક શિરોમણી ઉપા. શ્રી યશોવિજયજી મ.ની સ્વર્ગવાસભૂમિ છે. ગામ બહાર ઉપા. શ્રી યશોવિજયજી વગેરેની પાદુકાઓની દેરીઓ આવેલ છે.

**દેરી નં. ૯** : શ્રી દાદા પાર્શ્વનાથ (નરસિંહની પોળ, વડોદરા).
**પધરાવનાર** : શ્રીમતી જવલબેન પ્રેમજી સુંદરજી, (પ્રભાસપાટણ) મુંબઈ.

વડોદરાનું પ્રાચીન નામ વટપદ્રપુર હતું. તેના ઉલ્લેખો આઠમાં સૈકામાં પણ મળે છે. કુમારપાળ રાજાએ કટુક નામના શ્રાવકને દાનમાં આપેલ આ નગરમાં તેમના જ સમય-માં શ્રી દાદા પાર્શ્વનાથનું દેરાસર બંધાયાનું મનાય છે. શ્રી દાદા પાર્શ્વનાથના પ્રતિમાજી ભુખરા પાષાણના, પાંચ ફુટની ઊંચાઇના, નવ ફણાવાળા છે. તેની પાછળ ધરણેન્દ્ર-પદ્માવતી અને સર્પના ૩/૪ ગુંચળાકાર સુંદર ઉપસાવેલ છે. પ્રતિમાજી ઘણા ભવ્ય અને દર્શનીય છે.

સજ્જન મંત્રીએ કાઢેલ અતિ ભવ્ય રથયાત્રા પૂર્વેના જૈનોની જાહોજલાલી દર્શાવે છે. વર્તમાનમાં અહીં વિસેક જિનમંદિરો અને અનેક ઉપાશ્રયો, ધર્મશાળા, આયંબિલ-શાળા વગેરે આવેલ છે.

**દેરી નં. ૧૦** : શ્રી મનમોહન પાર્શ્વનાથ (છીપવાડ, પેટલાદ, જિ. ખેડા).
**પધરાવનાર** : શ્રીમતી પ્રભાવતીબહેન બાબુલાલ રતિલાલ ભણશાળી, (પાલનપુર) મુંબઇ.

પેટલાદ શહેરની બજાર વચ્ચે આવેલ દેરાસરમાં મુળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથ ઘણા જ પ્રાચીન છે. પ્રતિમાજી નામ પ્રમાણે મનને મોહી લેનારા-દર્શનીય છે. તાજેતરમાં

દેરાસરનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે. પેટલાદમાં કુલ ચાર દેરાસરો [redacted]

શ્રી મનમોહન પાર્શ્વનાથ નામે પ્રતિમાજી અન્ય અનેક સ્થળે બિરાજમાન છે. કંબોઈતીર્થમાં તેમજ મહેસાણામાં સૌથી જુના દેરાસરે મૂળનાયક તરીકે છે. ઉપરાંત સુરત, ખંભાત, પાટણ, વડોદરા, વિજાપુર, મોઢેરા, લાડોલ, સાંચોર, વાલી વગેરે સ્થળે પણ છે.

**દેરી નં ૧૧ :** શ્રી સ્તંભન પાર્શ્વનાથ (ખારવાડો, ખંભાત, જિ. ખેડા).
**પધરાવનાર :** શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસ, (ખંભાત) મુંબઈ.

ખંભાતનું પ્રાચીન નામ ત્રંબાવતી નગરી હતું. આ પ્રતિમાજીનો ઇતિહાસ અતિ પ્રાચીન અને અનેક ચમત્કારિક ઘટનાઓથી ગૂંથાએલો છે. વીસમા અને છેલ્લા તીર્થંકરના સમય બાદ અદૃશ્ય રહેલ આ પ્રતિમા વિ. સં. ૧૧૧૧માં નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ જયતિહુઅણ સ્તોત્રની રચના કરતાં પ્રગટ થયા હતા. તેના નહ્વણ જળથી તેમનો કોઢ દૂર થયો હતો. દેરાસરના એક શિલાલેખથી જાણી શકાય છે કે વિ. સં. ૧૧૬૫માં મંદિરનું નિર્માણ થયું હતું. વિ. સં. ૧૬૩૦ આસપાસ અને અન્ય અનેક વખત જીર્ણોદ્ધાર થએલ છે. વિ. સં. ૧૯૮૪માં છેલ્લો જીર્ણોદ્ધાર થવા સાથે શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના સુહસ્તે પુનઃ પ્રતિષ્ઠા થઈ હતી.

ખંભાતનો ઇતિહાસ પણ ગૌરવશાળી અને પ્રાચીન છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે વિ. સં. ૧૧૫૦માં અહીં દીક્ષા ગ્રહણ કરી વિદ્યાસાધનાનો પ્રારંભ કર્યો હતો. કુમારપાળનો મેળાપ પણ તેઓને અહીં જ થયો હતો. અનેક રાસ ગ્રંથોના રચયિતા કવિવર રિષભદાસજીની જન્મભૂમિ પણ આ જ હતી. ગંધારના વાજીયા અને રાજીયા શ્રાવકે અહીં રહી ધર્મમાર્ગે લાખો રૂપિયા ખર્ચ્યા હતા.

વર્તમાનમાં અહીં ૬૪ ઉપરાંત દેરાસરો તેમજ અનેક ઉપાશ્રયો, આયંબિલશાળા, ભોજનશાળા આવેલ છે. જૈનોની વસ્તી પણ સારી એવી છે.

**દેરી નં. ૧૨ :** શ્રી કંસારી પાર્શ્વનાથ (ખારવાડો, ખંભાત).
**પધરાવનાર :** શ્રીમતી સુશીલાબેન મોતીલાલ મગનલાલ ઝવેરી પરિવાર, ખંભાત.

શ્રી સ્તંભન પાર્શ્વનાથ દેરાસર પાસે શ્રી કંસારી પાર્શ્વનાથ દેરાસર આવેલ છે. દેરાસરનું ચિત્રકામ અને રંગકામ સુંદર છે.

**દેરી નં. ૧૩ :** શ્રી રત્ન પાર્શ્વનાથ (માણેક ચોક, ખંભાત).
**પધરાવનાર :** શ્રી જયંતીલાલ સોમચંદ પરિવાર, (ખંભાત) મુંબઈ.

શેઠ સોમચંદ પોપટચંદના ઘરદેરાસરમાં બિરાજમાન આ શ્રી રત્ન પાર્શ્વનાથના પ્રતિમાજી દર્શનીય છે. દેરાસર વિ. સં. ૨૦૦૧માં બંધાયું છે.

[illegible] : શ્રી વિજય ચિંતામણી પાર્શ્વનાથ (માણેક ચોક, ખંભાત).
**પધરાવનાર** : શ્રી હરિલાલ મોહનલાલ, શ્રી નટવરલાલ મોહનલાલ, ખંભાત.

માણેકચોક-બોરપીપળામાં આ દેરાસર આવેલ છે. વિ. સં. ૧૬૭૭ના પ્રતિષ્ઠિત આ પ્રતિમાજી શ્યામવર્ણના છે. આ નામના પ્રભુપ્રતિમાજી અમદાવાદ–કાળુશાની પોળમાં તેમજ મેડતા સીટીમાં પણ બિરાજમાન છે.

**દેરી નં. ૧૫** : શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વનાથ (સંઘવીની પોળ, ખંભાત).
**પધરાવનાર** : શ્રીમતી મોતીબેન ચીમનલાલ કસ્તૂરચંદ પરિવાર, ખંભાત.

સંઘવીની પોળમાં આવેલ આ જિનાલય પ્રાચીન છે.

**દેરી નં. ૧૬** : શ્રી ભીડભંજન પાર્શ્વનાથ (પટેલ વાડો, ખેડા).
**પધરાવનાર** : શ્રી ધાપુબાઇ દાનમલ લુંબાજી પરિવાર, દાંતરાઈ (રાજસ્થાન).

વિ. સં. ૧૫૧૬ના શ્રી વિજયરાજજી નામના એક આચાર્ય ખેડા શહેરની પશ્ચિમે આવેલા હરિયાળા ગામના પાદરે એક મોટા વડ નીચે પધારતાં, ત્યાંના લોકોએ ગામમાં પધારવા વિનંતી કરી. તેમની ધર્મજિજ્ઞાશાદિ જાણી આચાર્યશ્રીએ ત્યાં ખોદવાનું જણાવતાં ત્યાંથી શ્રી ભીડભંજન પાર્શ્વનાથ અને બે કાઉસગ્ગીયા પ્રતિમાજી તેમ જ પીત્તળની દીવી અને ત્રાંબાની કુંડી મળી આવેલ. આ ગામના ખેડૂતોએ ત્યારથી જૈનધર્મ સ્વીકાર્યો ને દેરાસર બંધાવ્યું. તે ખેડૂતો આગળ જતા શેઠ કહેવાયા.

વિ. સં. ૧૭૯૧ આસપાસ ખેડામાં નવનિર્મિત દેરાસરમાં સં. ૧૭૯૪ના આ પ્રતિમાજીની પુનઃ પ્રતિષ્ઠા થઇ હતી. પ્રતિમાજી પ્રભાવિક અને પ્રાચીન છે. ખેડા શહેર પણ પ્રાચીન છે. તેનું પૂર્વે નામ ખેટકપુર હતું. સેઢી અને વાત્રક નદીના સંગમ પાસે આવેલ આ ખેડા શહેરમાં હાલ ૬ દેરાસરો અને ઉપાશ્રય, આયંબિલશાળા, ધર્મશાળાદિ તેમ જ જૈનોની સારી એવી વસ્તી પણ છે. ખેડા ઉપરાંત પાટણ, ખંભાત, ઉનાવા, ઉદયપુર, સુરત, વડોદરા વગેરે સ્થળે પણ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ બિરાજમાન છે.

**દેરી નં. ૧૭** : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ (ઝવેરીવાડ, નીશાપોળ, અમદાવાદ)
**પધરાવનાર** : શ્રી દલપતભાઈ ખુશાલચંદ ઝવેરી પરિવાર, (ખંભાત) મુંબઇ.

અમદાવાદ શહેર પૂર્વે આશાપલ્લી, કર્ણાવતી વગેરે નામે પ્રસિદ્ધ હતું. ત્યારથી આજ પર્યન્ત એ જૈનધર્મનું પ્રમુખ કેન્દ્ર બની રહ્યુ છે. અને તેથી એને 'જૈનપુરી' પણ કહેવાય છે. વર્તમાનમાં અહીં ૨૦૦ ઉપરાંત દેરાસરો છે. તેમાં ઝવેરીવાડમાં આવેલ શ્રી સંભવનાથનું દેરાસર સૌથી પ્રાચીન છે. અહીં નીશા પોળમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરના ભોંયરામાં આવેલ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ પણ ઘણા પ્રાચીન તેમજ ૬ ફૂટના ભવ્ય, કલાત્મક અને ચમત્કારી છે. કહેવાય છે કે કોઇ એક સમયે આ પ્રતિમાજીના દર્શન માટે એક સોનામહોર આપવી પડતી હતી. આ દેરાસર તેના મોગલયુગની કલા–કારીગરી માટે

વિશેષ સ્થાન ધરાવે છે. આ નામના પ્રતિમાજી સુરત, મુંબઇ, પૂના, કુંભોજગિરિ, કોઇમ્બતુર, સુજાનગઢ, કેશરિયાજી, મલાડ વગેરે સ્થળે બિરાજમાન છે.

**દેરી નં. ૧૮ :** શ્રી મુલેવા પાર્શ્વનાથ (રીલીફ રોડ, પાંજરાપોળ, અમદાવાદ).
**પધરાવનાર :** શ્રી કેશવલાલ મોહનલાલ કુદી, (અમદાવાદ) મુંબઇ.

અમદાવાદનો ઇતિહાસ જૈન શ્રેષ્ઠીઓના યોગદાનથી સમૃદ્ધ અને ગૌરવવંતો બન્યો છે. તેમાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીનું પ્રદાન સવિશેષ રહ્યું હતું. જગપ્રસિદ્ધ હઠીસીંગ જિનાલયનું નિર્માણ તેઓ દ્વારા જ થયું હતું. તેમના વારસદારો તેમના જિનભક્તિના વારસા સાથે આજ અનેક ધર્મસ્થાનોનો વહીવટ સંભાળે છે, તેમાંનું એક મુલેવા પાર્શ્વનાથ નામે ઓળખાય છે, જે પાંજરાપોળના નાકે આવેલ છે. મૂળનાયક શ્રી આદીશ્વર હોવા છતાં આ દેરાસર મુલેવા પાર્શ્વનાથ નામે ઓળખાય છે. મૂળનાયકની ડાબી બાજુમાં બિરાજમાન આ મુલેવા-મોરૈયા પાર્શ્વનાથ પ્રાચીન, પ્રભાવક અને ચમત્કારી છે. તીર્થ-સ્વરૂપ આનો મહિમા છે. જૈનેતરો પણ પ્રતિદિન દર્શનાર્થે આવે છે. અહીં શ્રી હસમુખા પાર્શ્વનાથ દર્શનીય અને હસતા છે. આ પ્રાચીન દેરાસરનો હમણા જ જીર્ણોદ્ધાર કરી પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

**દેરી નં. ૧૯ :** શ્રી સુખસાગર પાર્શ્વનાથ (દોસીવાડાની પોળ, અમદાવાદ).
**પધરાવનાર :** શ્રી મણિલાલ ઘેલાભાઇ પરીખ જોટાણાવાળા, સાબરમતી.

દોસીવાડાની પોળમાં–શ્રી સીમંધરસ્વામીના દેરાસરમાં આવેલ શ્રી સુખસાગર પાર્શ્વનાથ ધાતુના પરિકરવાળા, પંદરમાં સૈકાના પ્રાચીન, ભવ્ય અને પ્રભાવી છે. તેની આજુબાજુ કાઉસગ્ગીયા પ્રતિમાજી આવેલ છે.

શહેરમાં આવેલ અનેક દેરાસરો ઉપરાંત ઉપાશ્રયો, ગ્રંથભંડારો, જ્ઞાનશાળા, આયંબિલશાળા, ભોજનશાળા, ધર્મશાળા. શેઠ આણંદજી કલ્યાણજી પેઢી આદિ પ્રસિદ્ધ સંસ્થાઓ વગેરે જૈનોના મુખ્ય કેન્દ્રની પ્રતિતી કરાવે છે.

આ નામના પ્રતિમાજી ખંભાત–ખારવાડામાં પણ બિરાજમાન છે.

**દેરી નં. ૨૦ :** શ્રી ભાભા પાર્શ્વનાથ (દોશીવાડાની પોળ અમદાવાદ).
**પધરાવનાર :** શ્રીમતી કંચનબહેન કાંતિલાલ ડાહ્યાભાઈ, અમદાવાદ.

વિ. સં. ૧૪૬૮માં અહમદશાહ બાદશાહે અમદાવાદ વસાવ્યું હતું. તે પહેલા અહીં અગિયારમી સદીમાં કર્ણાવતી નગરી અને દસમી સદી પહેલાં આશાવલ્લી નગરી વસેલી હતી. આ આશાવલ્લી નગરીમાં શ્રી ભાભા પાર્શ્વનાથનું એક વિશાળ મંદિર હતું. આજે એ મંદિર નથી, પણ તે નામનું એક બીજું મંદિર આજ મૌજુદ છે. બહેરામપુરાના આરેથી મળી આવેલા આ પ્રાચીન પ્રતિમાજી વેળુના લાલ રંગના લેપ કરેલા છે. પ્રતિમાજી નાના પણ પ્રભાવશાળી છે. આ નામના પ્રભુપ્રતિમાજી પાટણમાં ભાભાના પાડે તેમ જ જામનગરમાં ચોરીવાળા દેરાસરમાં લેપમય, શ્યામવર્ણા, ચારફૂટ ઊંચી ફેણવાળા આવેલા છે.

**દેરી નં. ૨૧** : શ્રી આશાપુરણ પાર્શ્વનાથ (રામનગર, સાબરમતી).
**પધરાવનાર** : શ્રી કુલચંદ ચુનીલાલ બોરડિયા પરિવાર, બોરીવલી–મુંબઇ.

આજે અમદાવાદની બધી સોસાયટીઓમાં સાબરમતી જૈનોની પ્રથમ નંબરની વિશાળ ધર્મનગરી લેખાય છે. આ સાબરમતીમાં અગાઉ એક ઘર–દેરાસરમાં શ્રી આશાપુરણ પાર્શ્વનાથ બિરાજમાન હતા. અહીં એક મોટું દેરાસર શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું બંધાતા તેમાં આ પ્રતિમાજી ઉપરના માળે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે. પ્રતિમાજી પ્રાચીન અને દર્શનીય છે. સાબરમતીમાં ત્રણ શિખરબંધી દેરાસરો, ઉપાશ્રય, આયંબિલશાળા, ધર્મશાળા વગેરે આવેલ છે. અહીંનો જૈન સમુદાય વિશાળ અને સુખી છે.

**દેરી નં. ૨૨** : શ્રી શેરીસા પાર્શ્વનાથ (શેરીસા, કલોલ થઇને, ઉ. ગુજરાત).
**પધરાવનાર** : શ્રી મનસુખલાલ ધનજીભાઇ વોરા પરિવાર, (કાલાવાડ) મુંબઈ.

અમદાવાદ-મહેસાણા રોડ પર, કલોલથી ૮ કિ. મી. દૂર શેરીસા ગામ આવેલ છે. આ સ્થળે આવેલા ખંડેરો, અવશેષો અને સ્તંભો તેમજ વિ. સં. ૧૩૮૯ના તીર્થકલ્પમાં અને અન્ય અનેક સ્થળે મળતા આ તીર્થના ઉલ્લેખો તેની પ્રાચીનતા દર્શાવે છે. અહીંયા વખતોવખત આવશ્યક જીર્ણોદ્ધાર થતા રહ્યા છે. વિ. સં. ૧૯૫૫માં ખંડિત જિનાલયના ખંડેરોમાં ખોદકામ કરતાં અતિ સુંદર શ્યામવર્ણની કેટલીક પ્રતિમાઓ મળી આવેલ. વિ. સં. ૨૦૦૨માં શાસનસમ્રાટશ્રી વિજયનેમિસૂરીશ્વરજીના સુહસ્તે નૂતન જિનાલયમાં તેની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ગામના નામથી ઓળખાતા આ શેરીસા પાર્શ્વનાથના પ્રતિમાજી ભવ્ય, આહ્લાદક અને પ્રગટ પ્રભાવી છે. તીર્થસ્થળ પણ રમ્ય અને શાંત છે.

**દેરી નં. ૨૩** : શ્રી યશોધરા પાર્શ્વનાથ (વિદ્યાર્થીભવન, કડી, ઉ. ગુજરાત)
**પધરાવનાર** : શ્રી મોહનલાલ લાધાભાઈ મહેતા પરિવાર, (રાજપરા–જેસર) મુંબઈ.

વિ. સં. ૯૧૦માં યશોધરા નામના એક શ્રેષ્ઠિએ ભરૂચમાં શ્રી પાર્શ્વનાથનું દેરાસર બંધાવી પ્રતિષ્ઠા કરાવેલ, જેથી તે પ્રતિમાજી યશોધરા (જશોધરા) પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ થયેલ. આ પ્રતિમાજી હાલ કડી ગામે જૈન વિદ્યાર્થી ભુવનના દેરાસરમાં પ્રતિષ્ઠિત છે.

આ પ્રતિમાજી ધાતુની, પ્રાતિહાર્ય અને પરિકરયુક્ત એક હાથ ઉંચાઇની શિખર સહિત દેવકુલીકાવાળી છે. મૂળનાયક શ્રી પાર્શ્વપ્રભુ ૬ ફણાવાળા, સમવસરણ બિરાજમાન અને છત્ર–ચૈત્યવૃક્ષ વગેરેથી શોભાયમાન છે. તેની શિલ્પકલા બેનમુન છે.

**દેરી નં. ૨૪** : શ્રી મુંજપુરા પાર્શ્વનાથ (મુંજપુર, શંખેશ્વર પાસે).
**પધરાવનાર** : શ્રી પોપટલાલ રણછોડદાસ પારેખ, ભાવનગર.

વિ. સં. ૧૩૦૧માં મુંજરાજાએ મુંજપુર વસાવ્યું હતું. ત્યાં સં. ૧૬૪૩માં ત્રણ જિનપ્રાસાદો હતા. તેમાં પણ સં. ૧૬૬૬ સુધી જોટીંગા પાર્શ્વનાથનું દેરાસર હતું. તે ક્યારે નાશ પામ્યું તે જાણી શકાતું નથી. ગામમાં હાલ બે મજલાવાળા એક શિખરબંધી

જિનાલયમાં શ્રી શાંતિનાથ તથા શ્રી પાર્શ્વનાથ મૂળનાયક છે. અને બીજા એક દેરાસરમાં ગોડી પાર્શ્વનાથ મૂળનાયક છે. ગામના નામ પરથી મુંજપરા પાર્શ્વનાથ કહેવાય છે.

**દેરી નં. ૨૫ :** શ્રી પોસીના પાર્શ્વનાથ (નાના પોસીના, સાબરકાંઠા).
**પધરાવનાર :** શ્રી ચીમનલાલ છગનલાલ શાહ પરિવાર, સુરેન્દ્રનગર.

ઈડરથી ૭ માઈલ દૂર નાના પોસીના ગામના પાદરે વિશાળ શિખરબંધી જિનાલય આવેલ છે. તેમાં શ્રી પોસીના પાર્શ્વનાથની ૩ ફૂટ ઊંચી ભવ્ય પ્રતિમાજી બિરાજમાન છે. સંપ્રતિ રાજાએ અહીં દેરાસર બંધાવ્યાનું કહેવાય છે. ઇડરના બહારગામ વસતા શ્રાવકો, ધર્મશ્રદ્ધાથી પ્રેરાઇ, વેપારના નફામાંથી અમુક ભાગ અહીંના દેરાસરના નિભાવ માટે મોકલે છે. પ્રતિમાજી પ્રભાવક અને પ્રાચીન છે.

**દેરી નં. ૨૬ :** શ્રી મોટા પોસીના (વિઘ્નાપહારા) પાર્શ્વનાથ (મોટા પોસીના, સાબરકાંઠા).
**પધરાવનાર :** શ્રી વૃજલાલ ત્રિભોવનદાસ જાંબુવાળા પરિવાર, સુરેન્દ્રનગર.

તેરમાં સૈકામાં અહીં ભુગર્ભમાંથી પ્રગટ થયેલા આ પ્રતિમાજી શ્રી કુમારપાળ રાજાએ દેરાસર બંધાવી પ્રતિષ્ઠિત કર્યાનું કહેવાય છે. વિ. સં. ૧૪૮૧માં તથા ૧૭મા સૈકામાં જીર્ણોદ્ધાર થયાના ઉલ્લેખો મળી આવે છે. ખેડબ્રહ્મા સ્ટેશનથી ૪૦ કિ. મી. દૂર ડુંગરાળ પ્રદેશમાં આવેલ આ એક પ્રાચીન સ્થળ છે. પ્રતિમાજી શ્વેત વર્ણના, સાડા ત્રણ ફૂટની ઊંચાઇના પ્રભાવશાળી છે. અહીં વિશાળ વંડામાં બીજા પણ ત્રણ પ્રાચીન દેરાસરો આવેલા છે. શ્રી મહાવીરસ્વામીના દેરાસરમાં શ્રી ક્ષેત્રપાલજી ઘણા ચમત્કારી મનાય છે. જૈનેતર ભાવિકો પણ દર્શને આવે છે. શ્વેતામ્બરનું ઘર નથી જ્યારે દિગમ્બર જૈનોના ૧૫ ઘર છે. ધર્મશાળામાં જરૂરી બધી સગવડો ઉપલબ્ધ છે.

શાસનસમ્રાટશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી છેલ્લો જીર્ણોદ્ધાર થવા સાથે વિ. સં. ૧૯૭૬માં પુનઃ પ્રતિષ્ઠા થઈ હતી.

**દેરી નં. ૨૭ :** શ્રી મુહરી પાર્શ્વનાથ (ટીંટોઇ, મોડાસા થઈ, ગુજરાત).
**પધરાવનાર :** શ્રી બાબુભાઈ ચીમનલાલ પરિવાર, અમદાવાદ.

જગચિંતામણિ ચૈત્યવંદનમાં આવતું 'મુહરીપાસ' નામ તે જ તેનો મહિમા અને પ્રાચીનતા દર્શાવે છે. પ્રતિમાજીના બન્ને પગના તળિયે મહોર સમાય તેવા ગોળાકાર ખાડા હોવાના કારણે તેને મહોરી/મહુરી પાર્શ્વનાથ કહેવાયા હશે. અને ગામનું નામ પણ આ મૂર્તિના નામ ઉપરથી પડ્યું હશે. મોહરી ગામ એક સમયે ઘણું જ મોટું નગર હતું. યવનોના હુમલા કે ધરતીકંપથી તેનો ધ્વંસ થયો. ત્યાંથી એક ગજ ઊંડી આ મુહરી પાર્શ્વનાથની શ્વેતવર્ણી ભવ્ય પ્રતિમાજી અને ચોવીશીનો પટ વગેરે મળી આવતાં તે નજીકના ટીંટોઈ ગામે લઇ જઇ શ્રી સંઘે ૮૯ વર્ષ પરોણા રાખી. બાદમાં દેરાસર બંધાવી વિ. સં. ૧૯૧૨માં તેની પ્રતિષ્ઠા કરી. ટીંટોઇ મોડાસાથી ૧૧ માઈલ અને હિન્દુઓના યાત્રાધામ શામળાજીથી માત્ર દોઢ માઇલ દૂર આવેલ છે. અહીં ઉપાશ્રય, ધર્મશાળા વગેરેની સુવિધા છે.







મુંબઈ નિવાસી શેઠશ્રી પોપટલાલ ચત્રભુજ બાબરીયા બરવાળાવાળા સ્નાનગૃહ. તથા મુંબઈ નિવાસી શેઠશ્રી જયંતિલાલ ધરમશી શાહ કેસરરૂમ. શ્રી ભક્તિ ભુવનમાં બહેનો તથા ભાઈઓ માટે સ્નાનગૃહ તથા કેસરરૂમની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવેલ છે.



શ્રી તીર્થપટ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે  સહાયક મહાનુભવોનું સ્વાગત.

**દેરી નં. ૨૮ :** શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (શંખેશ્વર, સ્ટે. હારીજ, ઉ. ગુ.).
**પધરાવનાર :** શ્રી પુરુષોત્તમદાસ ચેલજીભાઈ પરીખ, (કુંભાસણ) મુંબઈ.

હારીજ રે. સ્ટેશનથી ૮ કિ. મી., વીરમગામથી ૭૨ કિ. મી. અને મહેસાણાથી ૮૦ કિ. મી. દૂર આવેલું આ શંખેશ્વર મહાતીર્થ અતિ પ્રાચીન અને જગપ્રસિદ્ધ છે. તીર્થસ્થળ પરમ પ્રભાવિક હોવાના કારણે ગામનું નામ પણ શંખેશ્વર પડ્યું છે. ગત ચોવીશીના ૯મા શ્રી દામોદર તીર્થંકરના જણાવવાથી અષાઢી શ્રાવકે આ પ્રતિમાજી ભરાવી આરાધના કરી હતી. શ્રી કૃષ્ણ વાસુદેવે પણ આરાધના કરી, પોતાની સેના ઉપર જરાસંઘે છાંટેલ જરાનું પ્રતિમાજીના નહ્ણ જળના પ્રભાવથી નિવારણ કર્યું હતું. પ્રતિમાજી મહાન ચમત્કારી છે. આ તીર્થનો અનેક વખત જીર્ણોદ્ધાર થયો છે. હાલ બાવન દેરીઓથી યુક્ત શિખરબંધી આ દેરાસર દેવવિમાન જેવું લાગે છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો પ્રભાવ અને મહિમા એટલો અસાધારણ વિસ્તર્યો છે કે એ નામના પ્રતિમાજી સેંકડો સ્થળે બિરાજમાન થયેલા જોવા મળે છે.

**દેરી નં. ૨૯ :** શ્રી ગાલ્લીયા પાર્શ્વનાથ (માંડલ, વીરમગામ થઈને).
**પધરાવનાર :** શ્રી નવીનચંદ્ર મણિલાલ મસાલીઆ, (રાધનપુર) મુંબઈ.

વીરમગામથી શંખેશ્વર જતાં વચ્ચે માંડલ ગામ આવે છે. આ નગરનો ઇતિહાસ મહામંત્રી વસ્તુપાલ–તેજપાલ આદિ સાથે જોડાયેલો ગૌરવભર્યો છે. અહીં આવેલા આ પ્રતિમાજી ઘણા જ ચમત્કારી મનાય છે. તેનું પબાસન ગલ્લીના આકારનું હોય તે શ્રી ગાલ્લીયા પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ બન્યા છે. અહીં ત્રણેક દેરાસરો, ઉપાશ્રય વગેરે આવેલા છે. જૈનોની સારી એવી વસ્તી છે.

**દેરી નં ૩૦ :** શ્રી જોટવા પાર્શ્વનાથ (ધીણોજ, ઉત્તર ગુજરાત).
**પધરાવનાર :** શ્રી કીર્તિલાલ કચરાભાઈ ભણશાળી, (પાલનપુર) મુંબઈ.

પાટણ પાસે આવેલ ધીણોજ ગામમાં ચૌધરી શેરીમાં ઘુમ્મટવાળું એક ભવ્ય દેરાસર છે. તેમાં બિરાજમાન શ્રી જોટવા પાર્શ્વનાથ વેળુના પ્રાચીન અને પ્રભાવી પ્રતિમા છે. દર ફા. સુદ ૬ના વર્ષગાંઠ દિને અહીં મેળો ભરાય છે. આ તીર્થસ્થળનો વિશેષ ઈતિહાસ હાલ ઉપલબ્ધ નથી.

**દેરી નં. ૩૧ :** શ્રી મનોરંજન પાર્શ્વનાથ (મહેસાણા, ઉ. ગુજરાત).
**પધરાવનાર :** શ્રી રજનીકાંત મણીલાલ ઝવેરી પરિવાર, (પાલનપુર) મુંબઈ.

મહેસાણા વસાવનાર મસાજી નામના ઠાકોરને સંતાનની ખોટ હતી. એક જૈનાચાર્યની પ્રેરણાથી તેણે શ્રી પાર્શ્વનાથની આરાધના કરતાં, તેના ફળસ્વરૂપે તેને ત્યાં પુત્રનો જન્મ થયો. આથી તેનું મન ઘણું રંજન પામ્યું, અને પોતે આરાધેલ પાર્શ્વનાથનું નામ શ્રી મનરંજન પાર્શ્વનાથ પાડ્યું. વર્તમાનમાં આ મનરંજન પાર્શ્વનાથ મહેસાણાના એક મોટા, શિખરબંધી દેરાસરમાં પ્રતિષ્ઠિત છે.

**દેરી નં. ૩૨** : શ્રી ગંભીરા પાર્શ્વનાથ (ગાંભુ, જિ. મહેસાણા).
**પધરાવનાર** : શ્રી કપુરચંદ વીરજીભાઇ સંઘવી પરિવાર, (સાવરકુંડલા) મુંબઇ.

મહેસાણાથી ૧૬ કિ. મી. દૂર આવેલ ગાંભુ ગામ પૂર્વે એક મોટી નગરી હતી. ઘણા દેરાસરો હતા. અનેક જૈન ગ્રંથોની અહીં રચના પણ થઇ હતી. અહીંથી સંપ્રતિકાળની પ્રતિમાઓ મુંબઇ, પાલીતાણા, તળાજા વગેરે અનેક સ્થળે મોકલવામાં આવેલ. હાલ અહીં શ્રી ગંભીરા પાર્શ્વનાથનું એક જ દેરાસર છે. તેના શિખરની કળા નિરાલી અને ખૂબ સુંદર છે. પ્રતિમાજી પ્રસન્નમુદ્રાની તેમજ સંપ્રતિરાજાના સમયની છે. આ પ્રભુપ્રતિમાજીના તીલકના પ્રભાવે તેમની હથેળીમાંથી રોજ એક રૂપિયો નીકળતો, જે એક યતિએ તીલક કઢાવી લેતાં બંધ થયાનું કહેવાય છે.

અહીં ભાતાની વ્યવસ્થા છે. દેરાસરનો હાલમાં જ જીર્ણોદ્ધાર થયો છે. ઉપાશ્રય, ધર્મશાળા અને ભોજનશાળાના જુના મકાનનો જીર્ણોદ્ધાર થનાર છે.

**દેરી નં. ૩૩** : શ્રી ભટેવા પાર્શ્વનાથ (ચાણસ્મા, જિ. મહેસાણા).
**પધરાવનાર** : શ્રી મણિલાલ ઉજમશી દોશી, શ્રીમતી સુશીલાબેન, સાયન–મુંબઇ.

આ દેરાસર ૧૪મા સૈકા પૂર્વેનું મનાય છે. કહેવાય છે કે ઇડર પાસેના ભાટુઆર ગામના શ્રાવક સુરચંદ્રને આ પ્રતિમાજી જમીનમાંથી પ્રાપ્ત થઇ હતી. અને ત્યારથી તેની રિદ્ધિ-સિદ્ધિ વધવા લાગી. તેની જાણ ઈડરના રાજાને થતાં ઇર્ષાભાવે તેણે પ્રતિમાજીની માંગણી કરી. પણ શ્રાવકે તે ભૂગર્ભમાં સુરક્ષિત પધરાવી દીધી. વીશા શ્રીમાળી કુળની એક વંશાવલીથી જાણી શકાય છે કે જયંત શ્રાવકે શ્રી અજિતસિંહસૂરિજીના ઉપદેશથી અહીં સુંદર દેરાસર બંધાવી, તેમાં શ્રી ભટેવા પાર્શ્વનાથની વિ. સં. ૧૩૩૫માં પ્રતિષ્ઠા કરી હતી. રવિન્દ્ર નામના શ્રાવકે અહીં દેરાસર બંધાવી વિ. સં. ૧૫૩૫માં આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કર્યાનો પણ ઉલ્લેખ છે. પરંતુ તે ફરી ઉદ્ધાર થયો હશે.

એક એવી વાત પણ છે કે અહીંથી પસાર થતાં એક શ્રાવકે પૂજાના નિયમના કારણે જંગલમાંથી છાણુ લઇ તેની મૂર્તિ બનાવી પૂજા કરી. પણ પછી મૂર્તિને પ્રતિષ્ઠિત કરવા, પોતા પાસે દેરાસર બાંધવા ધન ન હોવાથી, યક્ષની આરાધના કરી. યક્ષે પ્રસન્ન થઇ જમીનમાંથી ઘણું ધન અપાવ્યું. તેમાંથી તેણે દેરાસર બંધાવી આ પ્રતિમાજી પધરાવ્યા; અને નામ શ્રી ભગતીયા પાર્શ્વનાથ રાખ્યું, પાછળથી તે ભટેવા નામે પરિવર્તન પામ્યું.

તાત્પર્ય એ જ કે આ બધા વૃતાંતોથી આ પ્રતિમાજી ખૂબ જ પ્રાચીન હોવાની પ્રતિતી થાય છે.

છાણમાંથી બનાવેલા આ પ્રતિમાજી ધરણેન્દ્ર–પદ્માવતી સહિત પરિકર–યુક્ત, તામ્ર વર્ણના, લગભગ નવ ઇંચના ઘણા જ મનોરમ તેમજ શ્રદ્ધાસમ્પન્ન દર્શનીય છે. દેરાસરની નિર્માણકલા પણ અત્યંત સુંદર છે.

**દેરી નં. ૩૪ :** શ્રી મોઢેરા પાર્શ્વનાથ (મોઢેરા, તા. ચાણસ્મા, ઉ. ગુ.)
**પધરાવનાર :** શ્રીમતી મંગળાબહેન રસીકલાલ વીરજી વોરા, સુરેન્દ્રનગર.

વિ. સં. ૮૦૭માં અહીં શ્રી બપ્પભટ્ટસૂરિજીએ દીક્ષા ગ્રહણ કરી હતી. તેથી નવમી સદી પહેલાનું આ તીર્થસ્થળ મનાય છે. શ્રી બાપ્પભટ્ટસૂરિજી હમેશાં આકાશ-માર્ગે અહીં શ્રી મહાવીરસ્વામીના દેરાસરના દર્શન કરવા અવતા હતા. મોઢેરા ગચ્છનું આ ઉત્પતિસ્થાન છે. મોઢ જ્ઞાતિ મોઢેરાપરથી પ્રચલિત બન્યાનું જણાય છે. શ્રી હેમચંદ્રાચાર્ય મોઢ જ્ઞાતિના હતા, અને અહીં જનમ્યા હતા. મહાત્મા ગાંધી પણ મોઢ જ્ઞાતિના હતા, તથા તેમના પૂર્વજોની આ જન્મભૂમિ હતી.

આ સ્થળ પ્રાચીન તેમજ ઐતિહાસિક હોવાના કારણે પ્રાચીન પ્રતિમાઓ તથા દેરાસરોના ખંડેરો ને કલાત્મક અવશેષો ઠેર ઠેર જોવા મળે છે. આજનું મોઢેરા નવું વસ્યું છે. એક જ દેરાસર છે. તેમાં બિરાજમાન શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભીડભંજન પાર્શ્વનાથ નામે ગામના નામથી શ્રી મોઢેરા પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ છે.

અહીં આવેલ વિશાળ સૂર્યમંદિર શિલ્પકળાથી સમૃદ્ધ અને સુખ્યાત છે.

**દેરી નં. ૩૫ :** શ્રી પંચાસરા પાર્શ્વનાથ (પીપળાશેરી, પાટણ, ઉ. ગુ.)
**પધરાવનાર :** શ્રી પ્રવિણભાઈ બાવાલાલ કપાસી (પાલીતાણા) મુંબઈ.

રાજા વનરાજ ચાવડાની રાજધાની અણહિલપુર પાટણ પ્રાયઃ એક માત્ર એવું નગર છે કે જેની સ્થાપના જૈન વિધિવિધાનપૂર્વક થઈ હોય. વિ. સં. ૮૦૨ના આચાર્યશ્રી શીલચંદ્રસૂરિજીએ જૈન વિધિવિધાનથી મંત્રોચ્ચારપૂર્વક આ નગરની સ્થાપના કરાવી હતી. રાજા વનરાજે અહીં જિનમંદિર બંધાવી, તેમાં પોતાના પૂર્વજોની રાજધાની શ્રી પંચા-સરાથી શ્રીપાર્શ્વનાથના પ્રતિમાજી મંગાવી પ્રતિષ્ઠિત કરાવ્યા હતા. આ પ્રતિમાજી પંચાસરાના હોવાથી શ્રી પંચાસરા પાર્શ્વનાથ નામથી પ્રસિદ્ધ બન્યા. પ્રતિમાજી ઘણા જ પ્રાચીન અને અલૌકિક છે. વનરાજ ચાવડાની મૂર્તિ અહીં પધરાવેલ છે. દેરાસર ત્રણ શિખર અને બાવન દેરી યુકત ભવ્ય અને સુવિખ્યાત છે.

પાટણની પ્રાચીન જાહોજલાલીનો ઇતિહાસ ગૌરવવંતો અને વિસ્તૃત છે. શ્રી હેમચંદ્રાચાર્ય અને મહારાજા કુમારપાળના સમયે જૈનોની જાહોજલાલી ટોચે હતી. પાટણ-ના રાજાઓ તેમજ શ્રી નાનાશા, વિમલ, ધવલ, જામ્બ, મુંજાલ, સાન્તુ, સજ્જન, ઉદયન, બાહંડ, અમ્બર, વગેરે ધર્મપ્રેમી તથા રાજનીતિજ્ઞ જૈન મંત્રીઓ અને શ્રેષ્ઠીઓએ માત્ર પાટણમાં જ નહીં, અન્ય અનેક સ્થળોએ જિનાલય બંધાવી અને જનકલ્યાણના અનેક કાર્યો કરી જૈનધર્મને કીર્તિમાન બનાવ્યો છે.

**દેરી નં. ૩૬ :** શ્રી કંકણ પાર્શ્વનાથ (પાટણ, ઉત્તર ગુજરાત).
**પધરાવનાર :** શ્રી અમૃતલાલ કેશવલાલ શાહ તથા જાસુદબહેન, સાબરમતી.

આ શહેરનો પ્રાચીન ઇતિહાસ અને શ્રવણ ભગવંતો, રાજાઓ, મંત્રીઓ, વિદ્વાનો અને શ્રેષ્ઠીઓ દ્વારા સમૃદ્ધ, સ્તુત્ય અને સંસ્મરણીય બન્યો છે. તેઓની જૈન ધર્મની ઉત્કૃષ્ટ ભાવનાથી સેંકડો દેરાસરો બંધાયા છે. વિ. સં. ૧૭૨૯ આસપાસ અહીં ૯૯ મોટા અને ૫૦૦ નાના દેરાસરો હતા. હાલમાં અહીં નાના-મોટા મળી ૨૦૦/૨૨૫ દેરાસરો છે. તેમાં શ્રી કંકણ પાર્શ્વનાથનું દેરાસર એક જાણીતું દેરાસર છે. કહેવાય છે કે શ્રી કંકણ પાશ્ર્વનાથને ફૂલનો હાર ચઢાવવાથી વીંછી કરડતો નથી, તેથી તે વીંછુડા પાર્શ્વનાથ વળી શ્રી કલીકુંડ પાર્શ્વનાથ નામે પણ ઓળખાય છે. પ્રતિમાજી પ્રભાવશાળી અને દર્શનીય છે.

**દેરી નં. ૩૭ :** શ્રી કોકા પાર્શ્વનાથ (કોકાનો પાડો, ઘીમટો, પાટણ).
**પધરાવનાર :** શ્રી મણિલાલ વીરચંદ કાપડિયા, (ભરૂચ) સાબરમતી.

શ્રી કોકા પાશ્ર્વનાથના નામ સંબંધી કહેવાય છે કે કોકા નામના શેઠે દેરાસર બંધાવવા જમીન આપતાં, તેમને અપાયેલા વચન મુજબ એ નામ રાખવામાં આવેલ.

આ પ્રતિમાજી માળવાના રાજાએ ભીમદેવને હરાવી પાટણ ભાગ્યું ત્યારે ખંડિત થઇ હતી. તે પછી રામદેવ અને આશાધન નામના શ્રાવકે નવા જિનબિમ્બ ભરાવી વિ. સં. ૧૨૬૨માં શ્રી દેવાનંદસૂરિજી પાસે પ્રતિષ્ઠા કરાવી; અને પૂર્વેનું નામ શ્રી કોકા પાર્શ્વનાથ કાયમ રાખ્યું. આ પ્રભુપ્રતિમા ચમત્કારી મનાય છે.

**દેરી નં. ૩૮ :** શ્રી ચંપા પાર્શ્વનાથ (સાલવીવાડ, પાટણ).
**પધરાવનાર :** શ્રી કેસરીચંદ દલીચંદ પરિવાર, ભરૂચ.

અહીં નારણજીના પાડામાં સાલવીવાડ સ્થિત ગોલવાડમાં ૩૫૦ વર્ષ જુના એક ધાબાબંધી દેરાસરમાં શ્રી ચંપા પાર્શ્વનાથ બિરાજમાન છે.

**દેરી નં. ૩૯ :** શ્રી ટાંકલા પાર્શ્વનાથ (ઢેક મેતાનો પાડો, પાટણ).
**પધરાવનાર :** શ્રીમતી પાર્વતીબેન દીપચંદ મોતીચંદ સંઘવી પરિવાર, ભરૂચ.

આ પ્રતિમાજી ઘરના એક ટાંકામાંથી મળી આવતાં, એ ટાંકલા પાર્શ્વનાથના નામે ઓળખાય છે.

**દેરી નં. ૪૦ :** શ્રી નારંગા પાર્શ્વનાથ (ઝવેરીવાડો, પાટણ).
**પધરાવનાર :** શ્રી પોપટલાલ લલ્લુભાઇ પરિવાર, (માલણ) ભરૂચ.

પાટણ શહેરના ઝવેરીવાડ સ્થિત એક દેરાસરમાં શ્રી નારંગા પાશ્ર્વનાથ નામના પ્રતિમાજી પ્રતિષ્ઠિત છે.

**દેરી નં. ૪૧** : શ્રી મહાદેવા પાર્શ્વનાથ (ખેતરવસીનો પાડો, પાટણ).
**પધરાવનાર** : શ્રીમતી તારાબેન મોતીલાલ ગોદડદાસ, (ઘોલાસણા) સાબરમતી.

શ્રી મહાદેવા પાર્શ્વનાથનું આ દેરાસર ખેતરવસીના પાડે આવેલ છે. દેરાસરના ભોંયરામાં બિરાજતાં આ પ્રતિમાજી શ્યામવર્ણા દર્શનીય છે.

**દેરી નં. ૪૨** : શ્રી વાડી પાર્શ્વનાથ (ઝવેરીવાડો, પાટણ).
**પધરાવનાર** : શ્રી કીર્તિલાલ પ્રતાપશી મણિયાર, (રાંધનપુર) મુંબઈ.

મંત્રી ભીમના વંશજ કુંવરજીએ વાડીપુર ગામ ભાંગી પડવાથી, ત્યાં દેરાસરમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથ પાટણ લાવી વિ. સં. ૧૬૫૨માં શ્રી જિનચંદ્રસૂરિજીના સુહસ્તે તેની પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિમાજી વાડીપુરના હોવાથી શ્રી વાડી પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધિ પામ્યા.

શ્રી જિનમંડન ગણિએ અહીં જિનમંદિરો અને જ્ઞાનભંડારો કરાવ્યાનો ઉલ્લેખ મળે છે.

**દેરી નં. ૪૩** : શ્રી સહસ્રકુટ પાર્શ્વનાથ (મણિયાતી પાડો, પાટણ).
**પધરાવનાર** : શ્રી ચંપકલાલ ખૂબચંદ ઝવેરી પરિવાર, (સુરત) મુંબઈ.

શેઠ તેજશી જેતશીએ આ દેરાસર બંધાવેલ છે. અહીં બિરાજમાન શ્રી પાશ્ર્વનાથ પંચધાતુના સહસ્રકુટના હોવાથી એ સહસ્રકુટ પાશ્ર્વનાથ નામે પ્રસિદ્ધ બન્યા.

**દેરી નં. ૪૪** : શ્રી ઘીયા પાશ્ર્વનાથ (પાટણ).
**પધરાવનાર** : શ્રી સાંકળચંદ ગાંડાભાઈ ઘીયા પરિવાર, (ખંભાત) મુંબઇ.

પાટણ શહેરના એક ધર્મપ્રેમી શ્રાવકે ઘીના વેપારમાં ખૂબ કમાતા એક દેરાસર બંધાવ્યું. શ્રી પાશ્ર્વનાથ ઉપર ઊંડી શ્રદ્ધાંના કારણે તેમ જ ઘીની કમાણીથી દેરાસર બંધાયાના કારણે તેણે એ દેરાસરમાં શ્રી ઘીયા પાર્શ્વનાથના નામથી પ્રતિમાજી પધરાવેલ. આ પ્રતિમાજીનું નામ શ્રી કંબોઈયા પાર્શ્વનાથ પણ છે.

**દેરી નં. ૪૫** : શ્રી ચારૂપ પાશ્ર્વનાથ (ચારૂપ, પાટણ પાસે)
**પધરાવનાર** : શ્રીમતી હીરાબેન મોતીચંદ હીરાલાલ ભંડારી, (પાલનપુર) મુંબઇ.

ગત ચોવીશીના નવમા તીર્થંકર શ્રી દામોદર જિનના કહેવાથી અષાઢી નામના શ્રાવકે પાશ્ર્વપ્રભુના ત્રણ પ્રતિમાજી ભરાવ્યા હતા, જે વર્તમાનમાં એક શ્રી શંખેશ્વરમાં બીજા સ્થંભનતીર્થ (ખંભાત)માં અને ત્રીજા અહીં ચારૂપમાં બિરાજમાન છે. આ પ્રાચીનતમ પ્રતિમાજી શ્યામવર્ણના હોવાથી શ્રી શામળા પાર્શ્વનાથ નામે અને ચારૂપમાં બિરાજમાન હોવાથી શ્રી ચારૂપ પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ છે. નવમાં સૈકામાં પાર્શ્વપ્રભુના પરિકરની સ્થાપના થયાના ઉલ્લેખથી માની શકાય કે આ પ્રતિમાજી તે પહેલાં અહીં પ્રતિષ્ઠિત હશે.

અનેક પ્રાચીન તીર્થમાળામાં ઉલ્લેખોથી પણ આ તીર્થ પ્રાચીન હોવાનું જાણી શકાય છે. કેટલાંક વર્ષો આ તીર્થ જૈનેતરોના કબજામાં રહ્યું. વિ. સં. ૧૯૩૮ આસપાસ પાટણના શ્રાવકોએ આ તીર્થનો કબજો લઇ એક વિશાળ જિનમંદિર નિર્માણ કર્યું; અને વિ. સં. ૧૯૮૪ના પુનઃ પ્રતિષ્ઠા કરી. ગામલોકોએ ત્યારથી પ્રતિવર્ષ આ વર્ષગાંઠના દિવસે—જેઠ સુદ પાંચમના સમગ્ર ગામમાં પાખી પાળવાનો નિર્ણય લઈ પોતાની પ્રભુભક્તિ પ્રદર્શિત કરી હતી. આ દિવસે ગાડુ તથા હળ–બળદ પણ નહીં જોડવાનો નિર્ણય થયેલ.

આ પ્રભુ પ્રતિમાજી પ્રાચીન શિલ્પકળાનો અદ્વિતીય નમૂનો છે. દેરાસર પણ કલા-કારીગરથી ભવ્ય છે.

**દેરી નં. ૪૬** : શ્રી કલીકુંડ પાર્શ્વનાથ (હાઇ વે ઉપર, ધોળકા, જિ. અમદાવાદ.)
**પધરાવનાર** : શ્રી ભુપતરાય હીરાચંદ પીતાંબરદાસ દોશી, સાવરકુંડલા.

ધોળકા પૂર્વે ઘણું વિશાળ અને પ્રસિદ્ધ નગર હતું. બારમી અને તેરમી સદીમાં અહીં અનેક પ્રકાંડ આચાર્યોના પદાર્પણ થયાનાં, અનેક દેરાસરો બંધાયાના અને અનેક ધર્મકાર્યો થયાનાં ઉલ્લેખ સ્થળે–સ્થળે મળી આવે છે. કહેવાય છે કે જ્યારે સમયના આવરણથી કલીકુંડ તીર્થ અદશ્ય થયું હતું ત્યારે ભકતોએ કેટલાક સ્થાનોમાં કલિકુંડ પાશ્ર્વનાથની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. જેમાંની આ એક છે.

ગામમાં જે ત્રણ દેરાસર છે તેમાં ભાલાપોળના દેરાસરના ભોંયરામાં પ્રતિષ્ઠિત આ પ્રતિમાજી અત્યારે ધોળકાના ધોરી માર્ગ પર એક નૂતન જિનાલયમાં બિરાજમાન છે. થોડા જ સમયમાં આ એક જાણીતું તીર્થસ્થળ બની ગયું છે. વિશાળ જગ્યામાં ધર્મશાળા, ભોજન-શાળા વગેરેની સુંદર વ્યવસ્થા છે.

**દેરી નં. ૪૭** : શ્રી નવખંડા પાશ્ર્વનાથ (ઘોઘાબંદર, ભાવનગર પાસે).
**પધરાવનાર** : શ્રી રમણિકલાલ દયાળજી દોશી પરિવાર, (દાઠા) મુંબઇ.

વિ. સં. ૧૧૬૮માં શ્રી મહેન્દ્રસૂરિજીના ઉપદેશથી શ્રીમાળી જ્ઞાતિના નાણાવટી શ્રી હીરા શેઠે આ જિનબિમ્બ ભરાવ્યાનો ઉલ્લેખ છે. ઘોઘાબંદર બારમી સદી પૂર્વેનું મનાય છે; પરંતુ પ્રતિમા તેના કરતાં વધુ પ્રાચીન છે. પ્રતિમા પર કોઈ પણ જાતનો લેખ ઉત્કીર્ણ નથી. પ્રતિમાજી પ્રાચીન સમયમાં વડવા ગામના (હાલ ભાવનગરનો એક વિસ્તાર છે.) એક કુવામાંથી કે પછી પીરમ બેટના એક પત્થરના કુંડમાંથી મળી આવ્યાનું કહેવાય છે. આ પ્રતિમાજી મુસલમાનોના રાજ્યકાળમાં ખંડિત થઇ હતી. ત્યારબાદ અધિષ્ઠાયક દેવની કૃપાથી શ્રાવકોએ મૂર્તિના એ ટુકડા લાપસીમાં રાખતા સંધાય ગયેલ, પરંતુ એ સમય પહેલા બહાર કાઢતા નવ જગ્યાએ સાંધાના નિશાન કાયમ રહી ગયા અને તે કારણે નવખંડા પાર્શ્વનાથ કહેવાયા.

ભાવનગરથી આ ઘોઘાબંદર ૨૧ કિ. મી. ના અંતરે આવેલ છે.

ખંભાતના ભોંયરા પાડામાં એક પ્રાયઃ સાત સાંધાવાળા અતિ પ્રાચીન અને અલૌકિક પ્રતિમાજી છે. તે પણ શ્રી નવખંડા પાશ્ર્વનાથ નામે ઓળખાય છે.

**દેરી નં. ૪૮** : શ્રી શત્રુંજય પાર્શ્વનાથ (શત્રુંજય ડેમ, પાલીતાણા પાસે).
**પધરાવનાર** : શ્રી ચંદુલાલ કુંવરજી મહેતા પરિવાર, (પાલનપુર) મુંબઈ.

પાલીતાણાથી ૧૦ કિ. મી. દૂર શેત્રુંજી નદી પર બંધાયેલા બંધની નજીક ઉત્તુંગ શિખરવાળા વિશાળ જિનપ્રાસાદમાં શ્રી શત્રુંજય પાર્શ્વનાથ બિરાજમાન છે. આ પ્રતિમાજી ૯૧ ઇંચના સહસ્રફણાવાળા અને મનમોહક છે. શ્રી શત્રુંજય તીર્થની પંચતીર્થીનું એક ગામ રોહીશાળા શત્રુંજય બંધના વિસ્તારમાં આવી જતાં, તેના બદલે પ્રાપ્ત થયેલ આ વિશાળ જમીન પર આચાર્ય શ્રી વિજયનંદનસૂરિજી મ૦ની પ્રેરણા અને માર્ગદર્શનથી એક નવું તીર્થધામ નિર્માણ થયું છે. વિ. સં. ૨૦૨૮માં પૂજ્ય આચાર્યશ્રીની શુભ નિશ્રામાં શ્રી શત્રુંજય પાર્શ્વનાથની પ્રતિષ્ઠા થઈ હતી. શેઠ જિનદાસ ધર્મદાસની પેઢી વહીવટ સંભાળે છે. ધર્મશાળા, ભોજનશાળા, આયંબિલશાળા આદિની સુંદર વ્યવસ્થા છે.

**દેરી નં. ૪૯** : શ્રી ડોકરીઆ પાર્શ્વનાથ (પ્રભાસપાટણ, જિ. જુનાગઢ).
**પધરાવનાર** : શ્રી જેસીંગભાઈ અમુલખભાઈ પરીખ પરિવાર, (પાલનપુર) મુંબઈ.

પ્રાચીન આગમ ગ્રન્થોમાં ચંદ્રપ્રભાસ તીર્થનો જે ઉલ્લેખ આવે છે એ જ આ પ્રભાસપાટણ. આ તીર્થની સ્થાપના શ્રી ભરત ચક્રવર્તીએ કરેલી મનાય છે. કુમારપાળ રાજાએ અહીં દેરાસરો બંધાવ્યા હતા. વિ. સં. ૧૨૬૪માં શ્રી દેવેન્દ્રસૂરિજીએ અહીંયા ૫૩૨૫ શ્લોકોમાં શ્રી ચંદ્રપ્રભ ચરિત્રની રચના કરી હતી. મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામી નવ ગભારાનું વિશાળ જિનપ્રાસાદ એ અહીંની એક વિશેષતા છે. તેની નજીકમાં શ્રી ડોકરીયા પાર્શ્વનાથનું દેરાસર આવેલ છે. પ્રતિમાજી શ્યામવર્ણના સુંદર, પ્રાચીન અને ચમત્કારી છે. કહેવાય છે કે પૂર્વે આ પ્રતિમાજીના હાથમાંથી એક કોરી (કચ્છનું ચલણી નાણું) હંમેશાં મળી આવતાં. કોઈ કારણે તે બંધ થતાં છેલ્લી કોરી આજ પણ હાથમાં ચોટેલી દેખાય છે.

આ નગરમાં હિન્દુઓનું સુવિખ્યાત સોમનાથ મંદિર આવેલ છે.

**દેરી નં. ૫૦** : શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ (માંગરોળ બંદર, જિ. જુનાગઢ).
**પધરાવનાર** : શ્રી મોહનલાલ રાયચંદ પરિવાર, (ગણેશ–સિસોદ્રા) મુંબઈ.

બારમા સૈકામાં મંગલપુર અને તે પૂર્વે રતનગઢથી ઓળખાતા આ માંગરોળ નગરમાં શ્રી નવપલ્લવ પાર્શ્વનાથનું પ્રાચીન અને ભવ્ય દેરાસર આવેલ છે. અનેક પ્રાચીન ગ્રન્થોમાં આ દેરાસરનો ઉલ્લેખ જોવા મળે છે. વિ. સં. ૧૭૦૦ લગભગમાં શ્રી પદ્મસાગર-સૂરિજીએ 'ઉત્તરાધ્યયન-ટીકા' અને 'જગદ્‌ગુરુ કાવ્ય'ની અહીં રચના કરી હતી. મહારાજા કુમારપાળ જ્યારે શત્રુંજય અને ગિરનારની યાત્રાએ નીકળતાં ત્યારે અહીં રોકાતા, તે રાજ-મહેલ વિદ્યમાન છે.

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથના પ્રતિમાજી ઘણા મનોહર છે. આ દેરાસરમાં સરસ્વતી દેવી, પદ્માવતી દેવી, અંબિકાદેવીની મૂર્તિઓ તથા ત્રણ ગઢવાળું ધાતુનું વિ. સં. ૧૫૦૭ના લેખથી અંકિત સુંદર સમવસરણ આવેલ છે.

**દેરી નં. ૫૧** : શ્રી બલેજા પાર્શ્વનાથ (બલેજા માંગરોળ પાસે).
**પધરાવનાર** : શ્રી રતિલાલ મેઘજીભાઇ શાહ પરિવાર, મહુવાબંદર (સૌરાષ્ટ્ર).

માંગરોળથી લગભગ ૨૫ માઈલ દૂર બલેજા નામે ગામ આવેલ છે. કહેવાય છે કે મુસાફરોને લઇ જતું એક વહાણ એકાએક થંભી જતાં અને તે સમયે શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા પ્રગટ થતાં, તેને બલેજા ગામમમાં પધરાવવામાં આવેલ. ગામના નામ પરથી એ પ્રતિમાજી શ્રી બલેજા પાર્શ્વનાથ નામે પ્રસિદ્ધિ પામ્યા. દેરાસર સુંદર છે. પોરબંદર અને માંગરોળના જૈનોનું આવાગમન સારું એવું રહેતા આ તીર્થધામ બની ગયું છે.

**દેરી નં. ૫૨** : શ્રી સપ્તફણા પાર્શ્વનાથ (મોટી ભણુશાલ, જિ. જામનગર).
**પધરાવનાર** : શ્રી જામલાનગર જૈન સંઘ, જામલા (જિ. મહેસાણા).

જામનગરથી ૭ માઇલ દૂર મોટી ભણુશાલ નામે ગામ છે. પોતાના ગામ પાટકરથી રીસાઇને અહીં આવેલા રાયશી અને વર્ધમાન નામના શ્રાવકે અહીં દેરાસર બંધાવી શ્રી સપ્તફણા પાર્શ્વનાથ પધરાવ્યા હતા. આ દેરાસર સોળમાં કે સત્તરમાં સૈકામાં બંધાયું લાગે છે. જામનગરનું સુપ્રસિદ્ધ ચોરીવાળુ બાવન જિનાલય પણ તેઓએ, એટલેકે તેમના નામોથી જામનગરમાં ચાલતી રાયશી વર્ધમાનની પેઢીએ બંધાવ્યું હતું.

**દેરી નં. ૫૩** : શ્રી નવલખા પાર્શ્વનાથ (દીવબંદર, સૌરાષ્ટ્ર).
**પધરાવનાર** : શ્રી કચવંતલાલ ચુનીલાલ વકીલ પરિવાર, સુરેન્દ્રનગર.

ચૌદમા સૈકાના ઉપા. શ્રી વિજયપ્રભવિજયજીએ અહીં યાત્રા કર્યાનો અને કુમારપાળ રાજાએ શ્રી આદિનાથનું દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ છે. વિ. સં. ૧૬૫૦મા શ્રી હીરવિજયસૂરિજીએ અહીં ચાતુર્માસ કર્યું હતું. આ ક્ષેત્ર ઘણું જ પ્રાચીન છે. બૃહત્ કલ્પસૂત્રમાં પણ આ ગામનો ઉલ્લેખ છે. સૈકાઓ પહેલાં અહીં ખૂબ જ જાહોજલાલી હતી. કહેવાય છે કે કોઇ વખતે પ્રભુનો મુગટ, હાર અને આંગી નવ–નવ લાખના બનાવ્યા હતા. સંભવ છે કે તે કારણે પ્રતિમાજીનું નામ શ્રી નવલખા પાર્શ્વનાથ પડયું હશે. પ્રતિમાજી ખૂબ મનોહર અને પ્રભાવશાળી છે. સમુદ્રની વચ્ચે આવેલું આ ગામ ઉનાથી ૧૩ માઇલ અને અજારાથી ૬ માઇલ દૂર છે.

**દેરી નં. ૫૪** : શ્રી અજાહરા પાર્શ્વનાથ (અજારા, ઉનાપાસે, સૌરાષ્ટ્ર).
**પધરાવનાર** : શ્રી કેશવલાલ ગીરધરલાલ શાહ પરિવાર, મહુવાબંદર.

ઉનાથી પાંચ કિ. મી. દૂર આવેલ અજારા ગામ પૂર્વે જાહોજલાલીવાળું શહેર હતું. વીસમાં તીર્થંકરના સમયમાં, અજયપાળ નામના રાજાએ, દીવના દરીયાની ખાડીમાંથી મળેલા શ્રી પાર્શ્વનાથના પ્રતિમાજીના ન્હવણ જળથી પોતાના રોગો દૂર થતાં, અહીં અજયનગર વસાવી અને વિશાળ જિન મંદિર બંધાવી, તેમાં આ પ્રતિમાજી પધરાવ્યા હતા. રાજાના રોગની પીડા (=અજા) દૂર (હરા) થવાનું કારણ આ પ્રતિમાજી હોય ભક્તગણ તેને શ્રી અજાહરા પાર્શ્વનાથ કહેવા લાગ્યા. આ સ્થળ સ્થાપના સમયથી તીર્થસ્વરૂપ બની ગયું છે. ત્યારથી આજસુધીમાં આ દેરાસરના ૧૪ ઉદ્ધારો થયા; પણ પ્રતિમાજી તો એ જ રહ્યા છે. આ પ્રતિમાજી ઘણા પ્રભાવી અને ચમત્કારી છે.

ચૌદમા સૈકાના ઉપા. શ્રી વિજયપ્રભવિજયજીએ અહીં યાત્રા કર્યાનો અને કુમાર-પાળ રાજાએ શ્રી આદિનાથનું દેરાસર બંધાવ્યાનો ઉલ્લેખ છે. વિ. સં. ૧૬૫૦મા શ્રી હીરવિજયજીએ અહીં ચાતુર્માસ કર્યું હતું. આ ક્ષેત્ર ઘણું જ પ્રાચીન છે. બૃહત્ કલ્પ-સૂત્રમાં પણ આ ગામનો ઉલ્લેખ છે. સૈકાઓ પહેલાં અહીં ખૂબ જ જાહોજલાલી હતી. કહેવાય છે કે કોઈ વખતે પ્રભુનો મુગટ, હાર અને આંગી નવ–નવ લાખના બનાવ્યા હતા. સંભવ છે કે તે કારણે પ્રતિમાજીનું નામ **શ્રી નવલખા પાર્શ્વનાથ** પડયું હશે. પ્રતિમાજી ખૂબ મનોહર અને પ્રભાવશાળી છે. સમુદ્રની વચ્ચે આવેલું આ ગામ ઉનાથી ૧૩ માઇલ અને અજારાથી ૯ માઇલ દૂર છે.

**દેરી નં. ૫૪ : શ્રી અજાહરા પાર્શ્વનાથ (અજાર, ઉનાપાસે, સૌરાષ્ટ્ર).**
**પધરાવનાર : શ્રી કેશવલાલ ગીરધરલાલ શાહ પરિવાર, મહુવાબંદર.**

ઉનાથી પાંચ કિ. મો. દૂર આવેલ અજારા ગામ પૂર્વે જાહોજલાલીવાળું શહેર હતું વીસમાં તીર્થંકરના સમયમાં, અજયપાળ નામના રાજાએ, દીવના દરીયાની ખાડીમાંથી મળેલા શ્રી પાર્શ્વનાથના પ્રતિમાજીના ન્હવણ જળથી પોતાના રોગો દુર થતાં, અહીં અજય નગર વસાવી અને વિશાળ જિન મંદિર બંધાવી. તેમાં આ પ્રતિમાજી પધરાવ્યા હતા. રાજાના રોગથી પીડા (–અજા) દુર (હરા) થવાનું કારણ આ પ્રતિમાજી હોય ભકતગણ તેને શ્રી અજાહરા પાર્શ્વનાથ કહેવા લાગ્યા. આ સ્થળ સ્થાપના સમયથી તીર્થસ્વરૂપ બની ગયું છે. ત્યારથી આજસુધીમાં આ દેરાસરના ૧૪ ઉદ્ધારો થયા; પણ પ્રતિમાજી તો એ જ રહ્યા છે. આ પ્રતિમાજી વેળુના પ્રભાવી અને ચમત્કારી છે.

**દેરી નં. ૫૫ : શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથજી સુથરી (કચ્છ)**
**પધરાવનાર : ડો. ધનસુખલાલ બી. શાહ અને કુટુંબીજનો સુરત**

કચ્છમાં અબડાસા તાલુકાનું એક પંચતીર્થીમાં મુખ્ય તીર્થ સુથરી છે ૨૦૦ જૈનોની વસ્તી ૬ ઉપાશ્રય. ૪ ધર્મશાળા જ્ઞાનભંડાર, ભોજનશાળા, પાઠશાળા વગેરે છે

આ મૂર્તિ એક ગરીબ માણસ પાસે હતી તે એક શ્રાવકે ખરીદી લીધી તે વાત યતિજીને ખબર પડી નાનું દેરાસર બંધાવી પ્રતિષ્ઠા સમયે સાધર્મિક વાત્સલ્ય માટે ઘી હતું છે ઓછું થાય નહિ જોયું તો અંદર શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ હતી જેથી ધતકલ્લોલ પાશ્ર્વનાથ નામ પ્રસિદ્ધ થયું નવું મંદિર બંધાયાને ૧૦૦ વર્ષ ઉપરાંત થયા તે અહીંની સાધર્મિક ભક્તિ વખણાય છે પૂ. આ. શ્રી વિજયકસ્તુરસૂરિ મહારાજના પ્રથમ પટ્ટધર શ્રી યશોભદ્રસૂરિ મ. ની જન્મ ભૂમિ છે.

**દેરી નં. ૫૬ : શ્રી વડસરીયા પાર્શ્વનાથજી નલીયા (કચ્છ)**
**પધરાવનાર : શ્રી કનૈયાલાલ પ્રતાપશી મણીયાર (રાધનપુર) મુંબઇ**

કચ્છના (નલીયા) ગામ પાસે વડસરા ગામ છે. ત્યાં શેઠ હરઘોર કરમશીએ સં. ૧૯૮૪ માં દેરાસર બંધાવ્યું ગામમાં જૈન વસ્તી ન હોવાથી નળીયામાં સ્વતંત્ર દેરાસર બંધાવી પ્રતિષ્ઠા કરી છે ૧૦૦ વર્ષ ઉપરાંત વડસરમાં હતા, જેથી વડસરીયા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ છે નળીયામાં બીજા ત્રણ દેરાસરો પ્રાચીન છે

કમ્પાઉન્ડમાં પ્રવેશ કરતાં જ શ્રી વડસરીયા પાર્શ્વનાથનાં દર્શન થાય છે યાત્રા કરવા લાયક છે

**દેરી નં. ૫૭** શ્રી શેષફણા પાશ્વર્નાથજી ગામ સણવાળા (ડીસા પાસે)
**પધરાવનાર** : શ્રીમતી કંચનબેન છોટુંભાઇ પરિવાર (સુરત) મુંબઇ

ડીસાથી સણવાળ ગામ ૩૫ માઈલ દૂર છે સં. ૧૮૧૭ મા દેરાસર બંધાયેલ છે મૂર્તિ પર સં. ૧૭૪૫ નો લેખ છે ઉપાશ્રય છે ૧૫ ઘરની વસ્તી છે મૂલનાયક શ્રી પાર્શ્વનાથ છે યાત્રા કરવા લાયક સ્થળ છે

**દેરી નં. ૫૮** : શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથજી ગામ ભીલડી (પાલનપુર પાસે)
**પધરાવનાર** : શા. અમૃતલાલ મયાચંદ આકરાણી (ખીમત) નવસારી

પ્રાચીન ભીમપલ્લી નગરી હતી આજે ભીલડી ગામ છે ત્રણ શિખર ને બે માળનું સુંદર ભવ્ય દેરાસર છે ફરતી ૩૧ દેરી છે ભોંયરામાં શ્રી નેમિનાથજી અને ઉપર વીર ભગવાન છે બનાસકાંઠામા આ તીર્થની મહત્તા ઘણી છે પોષ દશમીનો મેળો ભરાય છે ઘણા લેખોમાં ભીમપલ્લી ગચ્છનું નામ મળે છે પ્રતિમાજી શ્યામવર્ણા પરિકર સહિત છે સંપ્રતિરાજાના સમયના કહેવાય છે સં. ૧૩૧૭ માં ભુવનપાલે સુવર્ણધ્વજ ચઢાવેલ હતો પહેલા ૧૨૫ દેરાસરો હતા તેનાં અવશેષો આજે પડેલા દેખાય છે સં. ૧૩૫૩ માં અલ્લાઉદ્દીને નગરી તથા દેલાસરોનો ધ્વંસ કરેલ સં. ૧૮૯૨ મા પ્રતિષ્ઠા ફરી થયેલ પાલન પુરથી ૧૦ માઇલ દુર છે

**દેરી નં. ૫૯** : શ્રી પલ્લવીયા પાર્શ્વનાથજી. પાલનપુર.
**પધરાવનાર** : શ્રી ચીમનલાલ હીરાલાલ પરિવાર (પાલનપુર) મુંબઇ

૧૩ મા સૈકામાં ધારાવર્ષદેવે પોતાના મોટાભાઇ પ્રાહ્લાદનના નામથી પ્રહ્લાદપુર વસાવ્યું હતું તે જ આજે પાલનપુર તરીકે ઓળખાય છે તે ગામ પાર્શ્વનાથજી પલ્લવીઆ તરીકે ઓળખાય છે. ભવ્ય જિનાલય છે. પ્રતિમાજી ભવ્ય છે. સં. ૧૩૨૫ની અંબિકાની મૂર્તિ છે. બીજા ૧૧ દેરાસરો છે. આ૦શ્રી હીરવિજયસૂરિ મ૦ની જન્મભૂમિ પાલનપુર છે. રાજા પ્રહ્લાદનને કોઢ રોગ થયો હતો. પ્રતિમાજીના ન્હવણજળથી રોગ દૂર થયો. તે રાજાના નામથી પલ્લવીયા પાર્શ્વનાથજી તરીકે આજે પ્રસિદ્ધ છે.

સં. ૧૨૭૯માં કોરટંકગચ્છના આ૦શ્રી કકકસૂરિના હસ્તે પ્રતિષ્ઠા કરાવી હતી. ઘણા સમ્રધ્ધિવંત શ્રેષ્ઠિઓ હતા. આજે પણ હીરાનો વેપાર પાલનપુરી પાસે છે. મુંબઈ-સુરત વિ૦સ્થળે પાલનપુરી તરીકે ઓળખાય છે. મૂર્તિ ચમત્કારી તથા ભવ્ય છે. યાત્રા કરવા લાયક છે.

**દેરી નં. ૬૦ :** શ્રી ભિન્નમાલ પાર્શ્વનાથજી. ભીનમાલ- (રાજસ્થાન)
**પધરાવનાર :** શા કીશોરલાલ વેણીલાલ ઠાકોરલાલ જરીવાળા (સુરત) મુંબઈ.

શ્રીમાલ, પુષ્પમાલ અને ભીન્નલાલ નામથી પૂર્વે સમૃધ્ધિવાળી નગરી હતી. શ્રીમાળીઓ ભીનમાલના છે. સં. ૧૬૫૧માં દેવલની ઇંટ ખણતાં પ્રતિમાજી પ્રગટ થયા હતા. શ્રી શાંતિનાથ પ્રભુના મંદિરમા એ પ્રતિમા પધરાવી હતી નવું દેરાસર સં. ૧૬૬૧માં બંધાવી પ્રતિષ્ટા કરી આ પ્રતિમા શ્રી ભીન્નમાલ પાર્શ્વનાથ તરીકે પ્રસિધ્ધિ પામ્યા. ભીનમાલ પ્રાચીન જાહોજલાલી વાળું નગર હતું

**દેરી નં. ૬૧ :** શ્રી મંગલ પાર્શ્વનાથજી. આબુ–દેલવાડા ( રાજસ્થાન )
**પધરાવનાર :** શા રમણલાલ મોહનલાલ તથા જાસુદબેન આંતરોલી. આબુ–દેલવાડાનો

પહાડ નંદીવર્ધન તરીકે ઓળખાયછે. ગુજરાતને સીમાડે આવેલ આ તીર્થ જગતભરમાં પ્રસિદ્ધિ પામેલ છે. શ્રી વિમલમંત્રી અને મંત્રીશ્રી વસ્તુપાલ–તેજપાલે શ્રી જિનભક્તિ માટે આ તીર્થમાં તન–મન અને ધન સમર્પિત કરેલ. બેનમૂન કોતરણી–કારીગરીથી બનાવેલ મંદિરોએ જૈનોની શાન વધારી છે. મહામંત્રી શ્રી વિમલશાહે સં. ૧૦૮૮માં ચાંદીના સીક્કા પાથરી જમીન લઈ ૧૮ કરોડ અને ૫૩ લાખ દ્રવ્ય ખર્ચી આરસપાષાણમાં બેનમુન કોતરણી કરી દેરાસર કરાવેલ અને વિ. સં. ૧૨૮૮ માં મહામંત્રી શ્રી વસ્તુપાલ અને તેજપાલે ૧૨ ક્રોડ દ્રવ્ય ખર્ચી આરસ પાષાણમાં ઉત્તમ કોતરણી કરાવી દેરાસર કરાવેલ ચૌમુખજીના દેરાસર તરીકે ઓળખાતા મંદિરમાં ઉવસગ્ગહર સ્તોત્રમાં બતાવેલ ચાર પ્રતિમાજી (૧) શ્રી મંગલ પાર્શ્વનાથ (૨) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ (૩) શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ (૪) શ્રી કલ્યાણ પાર્શ્વનાથ છે જેના નામ માત્રથી કાર્યો મંગલરૂપ થાય છે

**દેરી નં. ૬૨** શ્રી જીરાઉલા પાર્શ્વનાથજી-જીરાઉલા (રાજસ્થાન)
**પધરાવનાર :** શ્રી શા. ચીમનલાલ ઝવેરચંદ ઝવેરી (સુરત) મુંબઈ

શેઠ ધાંધલે સં. ૧૧૯૧ માં નવો પ્રાસાદ બનાવી પ્રતિષ્ઠા કરી હતી સં. ૧૩૬૮ માં ઉલ્લાઉદ્દીને મંદિરને નુકશાન કર્યું હતું ખંડિત મૂર્તિ શ્રી દાદા પાર્શ્વનાથજી તરીકે ઓળખાય છે મૂળ ગભારામાં મુલનાયક તરીકે શ્રી નેમિનાથ ભગવાન છે, અને જીરાઉલા પાર્શ્વનાથની મૂર્તિ બીજી દેરીમાં જોવા મલે છે આ ફેરફાર કયારે થયો તે જાણવા મળતું નથી છેલ્લો ઉધ્ધાર સં. ૧૮૫૧ માં થયેલ છે સં. ૧૩૨૬ માં કોઠી નગરના શેઠે

અમરશાહે દેરાસર બંધાવેલ છે. પ્રતિષ્ઠા તથા શાન્તિસ્નાત્ર પ્રસંગે શ્રી જીરાઉલા પાર્શ્વ-નાથને ખાસ યાદ કરવામાં આવેછે. આબુથી ૨૦ માઈલ ને અણદરાથી ૮ માઈલ પર છે.

**દેરી નં. ૬૩ : શ્રી લોટાણા પાર્શ્વનાથજી લોટાણા (રાજસ્થાન)**

**પધરાવનાર : શા. ભીમરાજ હંસરાજ સંઘવી (વાસાવાળા) રાજસ્થાન.**

લોટાણાનું લોટીપુરપત્તન–લોટાણક પ્રાચીન નામ છે. મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન છે. પરંતુ પડખે બે કાઉસ્સગ્ગીઆ છે. પરિકર સુંદર છે. ૫ અને ૭ ફણા છે. મૂર્તિના ચરણ પાસે બે ઇંદ્રા શ્રાવક શ્રાવિકા છે. સં. ૧૧૩૦માં કોટેશ્વરના પુત્ર દુર્લભ શ્રાવકે આ જિનયુગલ મુક્તિ માટે કરાવ્યાનો લેખ છે. સજ્જન સ્ટેશનથી ૧૦ માઈલ બનાસ સ્ટેશનથી ૬ માઈલ પર લોટાણા ગામ છે. ટેકરી ઉપર છે.

**દેરી નં. ૬૪ : શ્રી પોસલીયા પાર્શ્વનાથજી પોસલીયા (એરનપુરા સ્ટેશન)**

**પધરાવનાર : શા. ચુનીલાલ પીઠાજી સંઘવી પરિવાર (અમરગઢ) સાબરમતી.**

પોસલીયા ગામ એરનપુરા છાવણીથી ૧૨ માઈલ દુર છે. ત્યાં પોસલીયા ગામના નામથી પોસલીયા પાર્શ્વનાથ નામ પડેલ છે. શિખરબંધી દેરાસર વિ. સં. ૧૭૫૦માં બંધાયેલ છે. ઉપાશ્રય, ધર્મશાળા લાઈબ્રેરી વગેરે છે. ૪૦૦ જૈનોની વસ્તી છે.

**દેરી નં. ૬૫ : શ્રી વરકાણા પાર્શ્વનાથજી વરકાણા (રાજસ્થાન**

**પધરાવનાર : શ્રી વછરાજ માવજીભાઇ ગોસર પરિવાર (સાચોર) મુંબઇ**

વરકાણા ગામમાં બાવન જિનાલય મંદિર છે. સં. ૧૨૧૧ના મંદિર અંગેના ઉલ્લેખો મળે છે. વરકનકપુર વરકનકગઢ વગેરે પ્રાચીન નામો મળે છે. મારવાડની પંચ તીર્થીમાં મુખ્ય છે.

મેવાડના રાણાઓએ ઘણી ભેટ–સોગાદો આપી હતી. તેના તામ્રપટ્ટો વિદ્યમાન છે. મળનાયક ની બાજુમાં ધાતુનું પરિકર છે. તેના ઉપર ૨૩ ભગવાનની મૂર્તિ છે. પહેલા યાત્રિકો પાસેથી કર લેવાતો હતો તે મેવાડના રાણાએ સં. ૧૯૮૧માં શ્રી દેવસૂરિ મ. ના ઉપદેશથી માફ કરેલ હતો. શ્રી સકલતીર્થ સ્તોત્રમાં વરકાણાનું નામ આવે છે. પ્રાચીન તીર્થ છે. યાત્રા કરવા લાયક છે. રાણી સ્ટેશનથી બે માઇલ દુર છે.

**દેરી નં. ૬૬ શ્રી સોગઠીયા પાર્શ્વનાથજી નારલાઇ (રાણી)**

**પધરાવનાર : શા. પૂજાલાલ ચેનાજી પરિવાર (ભટાણા) સાબરમતી.**

નડુલાઈ, નારદપુરી, નંદકલવતી વગેરે પ્રાચીન નામો છે. નાડોલ અને નાડલાઇ એક જ શહેર વિસ્તાર હતો અત્યારે ૩ આઉ દુર છે. ટેકરી ઉપર શ્રી નેમિનાથ ભગવાન મુલનાયક છે. આ૦શ્રી વિજયસેનસૂરિ મ.ની જન્મભૂમિ છે. ૧૧ મદિરો છે. શ્રી સમય-

સુંદરજી, શ્રી શીલવિજયજી વગેરે એ નાડલાઇને તીર્થ તરીકે વંદના કરી છે. પૂર્વે જાહો-જલાલી હતી હવે તો ૪૦ ઘર છે. દશમા સૈકા પહેલાનું તીર્થ છે. **શ્રી સોગઠીયા પાર્શ્વનાથ નું** સ્વતંત્ર મંદિર છે. શિખરબંધી દેરાસરમાં હાથ ઉંચી પ્રતિમાં છે રાણી સ્ટેશનથી ૧૪ માઈલ દુર નાડલાઈ ગામ છે.

**દેરી નં. ૬૭** : શ્રી મુંડાવા પાર્શ્વનાથજી મુંડાવા ( રાજસ્થાન )
**પધરાવનાર** : શ્રી ધુરીબેન સંતોકચંદજી ( રોહીડાવાળા ) સાબરમતી

સોજતથી ૬ ગાઉ દૂર ચંડાવલ સ્ટેશનથી ૨ માઈલ દુર ગામ છે. ત્યાં શ્રી પાર્શ્વનાથ મંદિર છે. ગામના નામ પરથી શ્રી મુંડાવા પાર્શ્વનાથજી નામ છે.
એક શ્રાવકને દર્શન કર્યા સિવાય જમવું નહીં એવો નિયમ હતો. અધિષ્ઠાયકા દેવે સ્વપ્ન આપ્યું કે—કેરડાના ઝાડ નીચે શ્રી પાર્શ્વનાથજી છે. મારી પાસે ધન નથી, દેરાસર કેવી રીતે બાંધું ? દેવે કહ્યું કે—સવારના જવના ટોપલા મૂકી આવજે સવારે સોનાના જવ થઈ ગયા. દેરાસર બંધાવી પ્રતિષ્ઠા કરી શ્રી મુંડાવાજી નામ પાડયું

**દેરી નં. ૬૮** : શ્રી ધરણેંદ્ર પાર્શ્વનાથજી રાણકપુર (સાદડી)
**પધરાવનાર** : ચંપકભાઈ, પ્રમોદભાઇ, પીયૂષકુમાર, ઝવેરી ખંભાત

૧૪૪૪ થાંભલાવાળું રાણકપુરનું દેરાસર જગવિખ્યાત છે. ધરણાશાહે સં ૧૪૪૬ માં પાયો નાખ્યો સં ૧૪૯૬માં પ્રતિષ્ઠા કરી. ૧૨ શિખરવાળું દેરાસર છે. ધરણાશાહે ૩૨ વર્ષની ઉંમરે બ્રહ્મચર્યવ્રત સ્વીકારેલ હતું નલિનગુલ્મ વિમાનના સ્વપ્નના આધારે ધરણવિહાર નામે દેરાસર બંધાવેલ છે. તેની સામે શ્રી પાર્શ્વનાર્થ મંદિર છે તે ધરણેંદ્ર પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે. મૂળનાયક ૨ા ફૂટ ઉંચા છે. મંદિર સુંદર છે.

**દેરી નં. ૬૯** : શ્રી સેસલી પાર્શ્વનાથજી સ્ટે૦કુલેરા સેસલી (રાજસ્થાન)
**પધરાવનાર** : શા લક્ષ્મીચંદ જવાનમલ મુતા પરિવાર (રોહીડા) સાબરમતી

આ તીર્થધામ ફાલના સ્ટેશનથી ૬ માઇલ અને બાલીથી ૨ માઇલ દૂર છે. ધર્મશાળા અને મંદિર છે. જૈનોની વસ્તી નથી શ્રી દાદા પાર્શ્વનાથજીનું ભવ્યમંદિર ૭ લાખ રૂપિયા ખર્ચીને બંધાવેલ હતું. ૧૧૮૭માં સંઘવી માંડણે પ્રતિષ્ઠા કરાવી હતી. તેમના વંશજો ધજા ચઢાવે છે. હાલાવતો તેના વંશજો ખીમેલ બાજુ રહે છે. મૂલનાયક પ્રાચીન છે. ગામના નામ ઉપરથી સેસલી પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે. કા. સું. ૧૦ અને ભા. સુ. ૧૦ના રોજ મેળો ભરાય છે.

**દેરી નં. ૭૦** : શ્રી ફલવર્દ્ધિ પાર્શ્વનાથજી ફલોધી (રજસ્થાન)
**પધરાવનાર** : શા. જનકકુમાર નરોત્તમભાઇ લકી પરિવાર અમદાવાદ

મેડતા રોડ જંકશન સ્ટેનથી ૧ ફર્લાગ ફલોધી ગામ છે. પ્રાચિન નામ ફલવર્ધિ છે. પુરાતન પ્રબંધ સંગ્રહમાં ફલવર્ધિનો પ્રબંધ છે.તેમાં વર્ણન કર્યા મુજબ સં. ૧૧૮૧માં શ્રી ધર્મઘોષસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી હતી. બે મંદિરો છે. આ તીર્થના દર્શન કરનારને સમગ્ર તીર્થોના દર્શનનું ફળ મળે છે એમ શ્રી જિનપ્રભુસૂરિજીનું કથન છે. ઘણા ચમત્કારો જાણવા મળે છે. પ્રતિમાજી પ્રાચીન શ્યામવર્ણા છે. સં. ૧૨૨૧ના લેખો મળે છે. જૈનોનું ઘર એકે નથી. આસો સુદ ૧૦ તથા પોષ સુદ ૧૦ ના મોટા મેળા ભરાય છે.

**દેરી નં. ૭૧** : શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથજી કાપરડા (જોધપુર પાસે)
**પધરાવનાર** : જાદવજી લલ્લુભાઈ, શાંતાબેન પરિવાર (મોરચુપણા) મુંબઈ.

શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથજીનું ચાર માળનું ૯૮ ફૂટ ઉંચું ચૌમુખજીનું મંદિર છે. સં. ૧૬૭૮માં જેતારણના ભાણુજી ભંડારીએ પ્રતિષ્ઠા કરાવી હતી. પ્રાચીન ગામનું નામ કર્પદહેડક કાપડહડા ઓળખાતું આજે કાપરડા તરીકે ઓળખાય છે. મૂળનાયકજી ના પ્રતિમાજી નીલવર્ણા છે. સં. ૧૯૭૫માં શાસનસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરિજી મ. શ્રીના ઉપદેશથી જીર્ણોદ્ધાર કરાવી પુનઃ પ્રતિષ્ઠા કરાવી હતી. પીપાડ સ્ટેશનથી ૮ માઇલ અને જોધપુરથી ૨૨ માઇલ દુર છે. રેલ્વે તથા બસની સગવડ છે.

**દેરી નં. ૭૨** : શ્રી તીવરી પાર્શ્વનાથજી તીવરી (ઓસીયા)
**પધરાવનાર** : શા હીરાજી શોભાજી સંઘવી પરિવાર સાબરમતી.

ઓસીયા પાસે મથાનીઆ સ્ટેશનથી ૬ માઇલ દુર તીવરી ગામ છે. ત્યાં બે દેરાસર છે તે દેરાસરજીમાં શ્રી પાર્શ્વનાથજી ભગવાનની મૂર્તિ હોવી જોઈએ તે ગામ ઉપરથી શ્રી તીવરી પાર્શ્વનાથ તરીકે પ્રસિધ્ધિ થઇ છે.

શ્રી પદ્મપ્રભુ અને શ્રી શાંતિનાથજી ભ૦ના બે મંદિરો છે. સા ૧૧૦૦ અને ૧૫૦૦ ના લેખો મળે છે. તીર્થ પ્રાચીન છે. દર્શન કરવા લાયક છે.

**દેરી નં. ૭૩** : શ્રી નાકોડા પાર્શ્વનાથજી મેવાનગર (બાલોતરા)
**પધરાવનાર** : શ્રી ધનીબેન કપુરચંદ તેજમલજી રાઠોડ (ખુડાલા) મુંબઈ

પ્રભાવપૂર્ણ આ તીર્થમાં સં. ૯૦૯ માં શ્રી ચંદ્રપ્રભસ્વામીની ખંડિત મૂર્તિ ભંડારી દીધેલ તે જગ્યાએ સં. ૧૨૨૩ માં શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ પધરાવી હતી ત્યાર બાદ સં. ૧૪૨૯ માં વર્તમાન શ્રી પાર્શ્વનાથજી પધરાવેલ છે ચારે બાજુ પહાડની વચ્ચે આ તીર્થ વીરમપુર—મેવાનગરથી પ્રસિધ્ધ છે બાલોતરા સ્ટેશનથી ૬ માઈલ દુર જે નાકોડા તરીકે આજે પ્રસિધ્ધ છે ત્રણ શિખરોથી જિનમંદિર શોભી રહેલ છે

ત્રીજી શતાબ્દીમાં વીરસેન અને નાકોરસેન એ ભાઈઓએ પોતાના નામથી દશ ગાઉના અંતરે વીરમપુર ને નાકોડાનગરમાં જિનમંદિરો કરાવ્યા હતા ને સ્થુલભદ્રજીના હસ્તે પ્રતિષ્ઠી કરાવી હતી મુસલમાની રાજ્યકાળમાં ભગ્નાવસ્થાના કારણે આજે મેવા નગર તરીકે પ્રસિધ્ધ છે મૂર્તિ પ્રાચીન ને પ્રભાવક છે તે શ્રી નાકોડા પાર્શ્વનાથ તરીકે પ્રસિધ્ધ પામેલ છે.

**દેરી નં. ૭૪ : શ્રી** સંકટહર પાશ્વ'નાથજી જેસલમેર.

**પધરાવનાર** : જીતમલ રાજમલ પરિવાર, (શિયાણા) અમદાવાદ.

સં. ૧૨૧૨માં રાવલ જેસલમેર વસાવી ફરતો કીલ્લો બંધાવ્યો હતો કીલ્લામાં ૮ મંદિર ને ગામમાં ૧ મંદિર છે.

શ્રી સુપાશ્વ'નાથનું મંદિર, ઉપર શ્રી સંકટહર પાર્શ્વનાથનું મંદિર વિદ્યમાન છે. સંકટ સમયે ૭૦૦૦ પ્રતિમા રક્ષણ માટે અત્રે આવેલ છે. કલામય હવેલીઓથી જેસલમેર શોભી રહેલ છે. પ્રાચીન તાડપત્રીય ભંડારો સુરક્ષિત છે. રેલ્વે બસ આદિની સગવડ છે. જેસલમેરના ઉલ્લેખો અનેક સ્થળે મળે છે.

**દેરી નં ૭૫ : શ્રી** રૂદ્વા પાર્શ્વનાથજી અમરસાગર (જેસલમેર)

**પધરાવનાર** : ઓટમલ ધરમાજી પરિવાર (ધાણસાવાળા) સાબરમતી.

જેસલમેરથી બે ગાઉ ઉપર લોદ્રવાજી જતાં વચ્ચે અમરસાગર આવે છે. ત્યાંથી ૩ ગાઉ દૂર શ્રી રૂદ્વા પારશ્વ'નાથ મંદિર છે. પ્રતિમાજીને એક ફેણમાંથી ૧૦૦૦ ફેણ નીકળે છે. તે બહુ જ શોભનીય છે. તેની પાસે અષ્ટાપદજી દેરાસર છે. તેના ઉપર મોટું કલ્પ-વૃક્ષનું ઝાડ છે. તે પાંચ ગાઉ દુરથી દેખાય છે. શ્રી રૂદ્રવા પાર્શ્વનાથજી ૨૦૦૦ વર્ષ ઉપરના પ્રાચીન છે. પ્રતિમાજી ઘણી સુંદર છે.

**દેરી નં. ૭૬ : શ્રી** લોદ્રવા પારશ્વ'નાથજી લોદ્રવા (જેસલમેર)

**પધરાવનાર** : ગજીબેન મણિલાલ હીરાબેન તથા પોપટલાલ મગનલાલ સાબરમતી

સં. ૧૦૮૨માં લોઢ રજપુતોની રાંજધાની લોદવામાં હતી. ગામમાં પાંચ મંદિર છે. જેસલમેરથી ૧૦ માઈલ દૂર છે. નગરને ૧૨ દરવાજા છે. મહમદ ઘોરીએ સંહાર કર્યો તેના અવશેષો ૧૦ માઈલ ઘેરાવામાં જોવા મળે છે.

શિલ્પનો ખજાનો મંદિરમાં કંડારેલો છે. મૂર્તિ ચમત્કારી છે. લેખક યાત્રા કરવા ગયા ત્યારે સં. ૨૦૧૫માં ૫-૬ પ્રતિમામાંથી અમીઝરણું થતાં કલાકો સુધી જોયા હતાં યાત્રા કરવા લાયક છે.

**દેરી નં. ૭૭ : શ્રી** ખોહા પાર્શ્વનાથજી (જયપુર) ખોહા.

**પધરાવનાર** : શ્રીમતી લહેરીબેન ભગવનદાસ (રોહીડાવાળી) સાબરમની

જયપુર પાસે બોહા નામે ગામ છે. ત્યાંથી બોહાં પાર્શ્વનાથજી છે. તે ગામના નામથી છે. પ૦પૂ૦ આ૦ શ્રી વલ્લભસૂરિજી મહારાજે તેનું સ્તવન બનાવેલ છે.

**દેરી નં. ૭૮ : શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથજી ચીતોડગઢ (મેવાડ)**
**પધરાવનાર : શા ચંદુલાલ વેણીચંદ (માણુસા) મુંબઈ**

ચીતોડગઢ પ્રાચીન ભૂમિ છે. રાણા પ્રતાપ ને શેઠ ભામાશાહની કીર્તિ જગતમાં પથરાયેલી છે. તે ચીતોડગઢમાં ૩ર દેરાસરો હતા. આજે ફક્ત ૮ દેરાસરો છે.

શ્રી મનોરથકલ્પદ્રુમ પાર્શ્વનાથ ચિત્તોડમાં છે. તે જુના પાર્શ્વનાથ ચરિત્રમાંથી મળે પણ છે. અત્યારે તે કયાં છે તેની કાંઈ ખબર નથી ઈતિહાસ છે

ચત્તોડમાં વીસલ શેઠે રાણકપુરના પ્રતિષ્ઠાકાર આ૦શ્રી સોમસુંદરસૂરિ પાસે શ્રેયાંસ નાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી હતી. ૯૩ આંગલની પોતાની માતાના શ્રેયાર્થે કરાવી હતી. જિનકીર્તિવાચકની આચાર્ય પદવી પણ થઇ હતી. પૂર્વે જાહોજલાલી હતી આજે તો ભગ્નાવસ્થા છે.

**દેરી નં. ૭૯ : શ્રી કુંડલ પાશ્વર્નાથજી–કુંડલપુર ( રાજગૃહી પાસે )**
**પધરાવનાર : શા. મહાસુખલાલ હીરાચંદ દુલભદાસ દોશી, ભાવનગર.**

બીહાર પ્રાતમાં નાલંદા સ્ટેશનથી એક માઈલ દુર કુંડલપુર ગામ છે. શાસ્ત્રમાં ગુબ્બર ગામ તરીકે ઉલ્લેખ છે. નાલંદા ને કુંડલપુર રાજગૃહીના ઉપનગરો છે. રાજગૃહી ૧ યોજન દુર છે. પાંચ ગાઉ દુર શ્રી ગૌતમસ્વામીને કેવલજ્ઞાન થયું હતું

સં. ૧૬૬૪માં ૧૭ મંદિરો હતા. સં. ૧૭૫૦ ફક્ત ૧ મંદિર છે. બકીના બધા મંદિરો નામ શેષ થઈ ગયા હતા. જૈન વસ્તી નથી ધર્મશાળા છે.

શ્રી પાર્શ્વનાથજી મૂલનાયકની બાજુમાં છે. તે ૭ ફણાવાળા છે. પ્રભુની બેઠક પર સર્પના ગુંચળાઓ તથા કમલની પાંખડી અદ્ભુત રીતે કોતરેલ છે. જમણી બાજુના ગોખલામાં શ્રી પાર્શ્વનાથની મર્તિ સાતફણાવાળી બીરાજમાન છે નીચે સુંદર કમળની પાખડીઓ કોતરેલ છે. ગામના નામ ઉપરથી કુંડલપુર પાશ્વર્નાથજી છે.

**દેરી નં. ૮૦ : શ્રી મહિમા પાર્શ્વનાથજી મહિમાપુર (મુર્શીદાબાદ)**
**પધરાવનોર : શા. જવાનમલ હાંજાજી (જાલોર) મુંબઇ પરિવાર**

મુર્શીદાબાદ પાસે મહીમાપુર ગામ છે નદી કિનારે જગતશેઠનું કસોટીનું જૈન મંદિર છે જગતશેઠના મકાનમાં કસોટીની શ્રી પાશ્વર્નાથપ્રભુની પ્રતિમા છે જે મહિમા પાશ્વર્નાથજી તરીકે પ્રસિદ્ધ છે જગતશેઠની દશમી પેઢીએ ગુલાબચંદ શેઠને જગત શેઠની પદવી જહાંગીર બાદશાહે આપી હતી. જગતશેઠે ઇસ્ટ-ઇન્ડીઆ કું ને રૂપીયા ધીર્યા હતા.

દેરી નં. ૮૧ : શ્રી કાશી પાર્શ્વનાથજી બનારસ.

પધરાવનાર : એક સદ્‌ગૃહસ્થ અમદાવાદ

કાશી, બનારસ કે વાણારસી જુદાં જુદાં નામો પ્રાચીન છે. જ્યાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ચાર કલ્યાણક થયા છે. તે કાશીના ભેલુપુરમાં શ્રી કાશી પાર્શ્વનાથનું જિનાલય છે. ૧૧ દેરાસર કાશી બનારસમાં છે. (૧)અગ્રેજી કોઠીમાં શ્રી પાશ્વર્નાથ ઘર દેરાસર છે. (૨) સુતતોલામાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ છે (૩) નયા ધારમાં શ્રી પાર્શ્વનાથનું શિખરબંધી મંદિર છે. (૪) રામઘારમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ છે.

દેરી નં. ૮૨ : શ્રી શામલા પાર્શ્વનાથજી સંમેતશિખર (બીહાર)

પધરાવનાર : શા રમેશચંદ્ર ગુલાબચંદ તાસવાળા ગોપીપુરા સુરત.

" તારે તે તીર્થ " આ તીર્થ સમરગિરિ સમાધિગિરિ મલ્લપર્વત આદિ પ્રાચીન નામવાળું શ્રી સંમેતશિખર તરીકે પ્રસિદ્ધ છે. ૨૦ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે. શ્રી પાર્શ્વનાથજીથી મુખ્ય ટ્રુંક છે. પ્રતિમાજી શ્યામવર્ણી છે તેથી શ્રી શામળા પાર્શ્વ નાથ તરીકે પ્રસિધ્ધ છે તેની ફરતું જલમંદિર છે. હમણાંજ જીર્ણોધ્ધાર થયેલ છે. તલેટીમાં મધુવન છે. ત્યાં ૧૧ જિનમંદિરો છે. આજે નવાડાથી આવવાનો મુખ્ય માર્ગ છે. છ માઇલ ગયા પછી ૨૮ દેરીનાં દર્શન કરતાં બીજા છ માઇલ થાય છે. દેરીઓમાં ચરણ પાદુકાઓ છે પાછા ફરતાં છ માઇલ થાય છે. કુલ ૧૮ માઈલ થાય છે વીશ તીર્થંકરોની નિર્વાણભૂમિની યાત્રા કરવા જેવી છે.

દેરી નં. ૮૩ : શ્રી અહિછત્રા પાર્શ્વનાથજી પાંચાલદેશ (અદશ્ય)

પધરાવનાર : શાહ ચંપકલાલ જમનાદાસ પરિવાર (રાધનપુર) મુંબઈ

પાંચાલદેશ બરેલી જિલ્લામાં રામનગરની દક્ષિણે ચાર માઇલના ઘેરાવામાં નજરે પડે છે. તેના લેખો પણ મળે છે.

ભગવાન શ્રી પાર્શ્વનાથજી છદ્મસ્થાવસ્થામાં કાઉસગ્ગમુદ્રાએ ધ્યાન ધરી રહ્યા હતા ત્યારે ધરણેન્દ્રે ભગવાન ઉપર ત્રણ દિવસ સુધી ફણાનું છત્ર ધરી ભક્તિ કરી હતી. ત્યાં નગર વસાવ્યું ત્યાં મૂર્તિની સ્થાપના કરી તે સ્થળ અહિછત્રા પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે.

દેરી નં. ૮૪ : શ્રી ચેલ્લણ પાર્શ્વનાથજી દશાર્ણદેશ (અદશ્ય)

પધરાવનાર : શા મોહનલાલ સુરચંદ પરિવાર (ગણેશ સીસોદ્રા) મુંબઈ

દશાર્ણદેશ કયાં આવ્યો તે ચોકકસ નથી. વંકચૂલે આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી પોતાની પલ્લી પાસે શ્રી વીરપ્રભુની પ્રતિષ્ઠા કરાવી દેરાસર બંધાવ્યું હતું

વંકચૂલને દરિયામાંથી શ્રી પાશ્વર્નાથની મૂર્તિ મળી તેનું દેરાસર બંધાવી પધરાવી. વીરપ્રભુની મૂર્તિ કરતાં પાશ્વર્નાથપ્રભુનું બિંબ નાનું હોવાથી મેવાડી ભીલ લોકોએ

શ્રી પાર્શ્વનાથની પ્રતિમાનું નામ શ્રી ચેલ્લણ પાર્શ્વનાથજી રાખ્યું હતું ત્યાં મોટું શહેર વસેલું હતું આજે તે કાંઈ ભાળ મળતી નથી ભાવપૂર્ણ મનથી યાત્રા કરી સંતોષ માનવાનો છે

**દેરી નં. ૮૫ : શ્રી કુર્કટેશ્વર પાર્શ્વનાથજી કુર્કટેશ્વર (નીમચ–માળવા)**

**પધરાવનાર** : શા ચંદુલાલ ચુનીલાલ તથા જશવંતલાલ નગીનદાસ પરિવાર, (કપડવંજ) મુંબઈ.

શ્રી કુર્કટેશ્વર ગામ નીમચછાવણીથી ૨૪ માઈલ દૂર છે. ત્યાં શ્રી કુકડેશ્વર પાર્શ્વનાથજીનું શીખરબંધી દેરાસર છે. સં. ૧૦૦૦ પહેલાનું છે. જૈનોના ૬૦ ઘર છે. ઉપાશ્રય છે. ઐતિહાસિક નોંધમાં ૨૮ દેરીઓ છે. માળવામાં પાંચ ગભારાનું દેરાસર છે. ઈતિહાસમાં શ્રી પાર્શ્વનાથ તીર્થ જણાવે છે. ત્રણ દેરાસરની નોંધ ઈતિહાસમાં છે. અત્યારે ફકત ૧ શિખરબંધી દેરાસર છે.

**દેરી નં. ૮૬ : શ્રી સેમલીયા પાર્શ્વનાથ સેમલીયા (રતલામ પાસે)**

**પધરાવનાર** : શ્રીમતી ચંપાબેન ભુરાભાઇ રવજી. બગડીયા, બોટાદ

રતલામથી ૪ માઈલ દૂર સેમલીયા છે. ત્યાં મૂલનાયક શ્રી આદિનાથ પ્રભુ છે. આજુબાજુમાં શ્રી પાર્શ્વનાથપ્રભુ છે. કોઈ કારણે આમ બન્યું છે. પરંતુ ૧૦૮ અભિષેકમાં શ્રી સેમલીયા પાર્શ્વનાથનું નામ આવે છે.

**દેરી નં. ૮૭ : શ્રી અલૌકિક પાર્શ્વનાથજી હસામપુરા(ઉજ્જૈન)**

**પધરાવનાર** : શ્રીમતી ચંચળબેન તલકચંદ દામોદરદાસ ઘેટીવાળા મુંબઈ.

પ્રતિમાજીપર સં ૧૨૧૨નો લેખ છે. શ્રી હીરસૂરીશ્વરજી મ. શ્રીએ અત્રે પધારેલ હતા ઉજ્જૈનથી જવાય છે. પ્રાચીન ગામ ટેકરી ઉપર હતું સં. ૧૬૫૮નો લેખ છે. પ્રતિમાજી શ્યામ અને અલૌકિક છે. જેથી અલૌકિક પાર્શ્વનાથ નામ રાખેલ છે. ઉજ્જૈન વાળા વહીવટ કરે છે.

**દેરી નં. ૮૮ : શ્રી પલાણા પાર્શ્વનાથજી પલાણા (મેવાડ)**

**પધરાવનાર** : શા મણિલાલ મગનલાલ લક્ષ્મીચંદ પરિવાર ધ્રાંગધ્રા.

મેવાડમાં પલાણા ગામ છે. ત્યાં શ્રી પાર્શ્વનાથપ્રભુ છે. ગામનાં નામ ઉપરથી પલાણા પાર્શ્વનાથજી નામ રાખેલ છે

પ૦ પૂ૦ આ૦શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ૦શ્રીએ અંજનશલાકા કરાવીને નવી મૂર્તિઓ ભેટ મોકલી આપી હતી. પ્રાચીન શિખરબંધી દેરાસર છે

**દેરી નં. ૮૯ : શ્રી અમીઝરા પાર્શ્વનાથજી અમીઝરા (ગ્વાલીયર)**

**પધરાવનાર** શા રમણીકલાલ હરજીવનદાસ શીલ્લાબેન પરિવાર, કામરોળ

શ્રી અમીઝરા પાર્શ્વનાથજી ગ્વાલીયરમાં અમીઝરા ગામ છે. મધ્યપ્રદેશમાં ૩ હાથની ઉંચી પ્રતિમા છે. સં. ૧૫૪૮નો લેખ છે. ભોંયરૂં છે. શીખરબંધી દેરાસર શહેરની

મધ્યમમાં આવેલ છે. મહુ સ્ટેશનથી ૫૦ માઇલ દૂર છે.

ગીરનાર, ગંધાર, સરદારપુર, ખેરાળું, થરાદ કુવા, ખેડા તથા પાલિતાણા વગેરે અનેક ગામોમાં શ્રી અમીઝરા પાર્શ્વનાથના દેરાસરો છે.

**દેરી નં. ૯૦ : શ્રી ચવલેશ્વર** પાશ્વર્નાથજી ચવલેશ્વર (મેવાડ)

**પધરાવનાર** : શા હરખચંદ હરિચંદ દોશી મંછાબેન (રાજપરા) મુંબઈ.

મેવાડના ભીલવાડાથી ૨૬ માઇલ દુર ચવલેશ્વર ગામ છે. ત્યાં પર્વત ઉપર શ્રી ચવલેશ્વર પાર્શ્વનાથનું શીખરબંધી દેરાસર છે. આ પ્રાચીન તીર્થ તરીકે ગણાય છે. વસ્તી ૨૦ ઘરની છે. ઉપાશ્રય છે.

**દેરી નં. ૯૧ :** શ્રી નાગેશ્વર પાશ્વર્નાથજી–નાગેશ્વર (ઉન્હેલ, રાજસ્થાન)

**પધરાવનાર** : શા વાડીલાલ ચત્રભૂજ ગાંધી તથા કાંન્તિલાલ ભાઇચંદ મહેતા ઘાટકોપર

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથજી ઉભા કાઉસગ્ગીઆ ૧૬ ફૂટના છે. રાજસ્થાનને છેડે ઉન્હેલ ગામ છે. ત્યાં છે. બાવા પાસે પ્રતિમા હતી. તે માટે ૫૦પૂ૦ શ્રી અભયસાગરજી મ૦ની મહેનતથી તે પ્રતિમા મળી. પ્રતિષ્ઠા કરી હતી. ત્યારબાદ શાસનસમ્રાટ્‌શ્રીના સમુદાયના ૫૦પૂ૦ આચાર્યશ્રી વિજયચંદ્રોદય સૂરિશ્વરજી મ.શ્રીના અથાગ પ્રયત્નથી આ તીર્થ વીકસી રહયું હતું સં. ૨૦૩૮માં અનેક મૂર્તિઓની અંજનશલાકા પ્રતિષ્ઠા બહુજ ઉત્સાહથી કરાવી હતી.

ધર્મશાળા, ભોજનશાળા, વગેરેની સારી વ્યવસ્થા છે. દરરોજ અનેક યાત્રાળુઓ આવે છે. યાત્રા કરવા લાયક છે. સ્ટેશન ચૌ મુહેલાથી જવાય છે.

**દેરી નં. ૯૨** : શ્રી વહી પાશ્વનાથજી મંદસોર ( એમ. પી. )

**પધરાવનાર** : શા. વેલજીભાઇ જેસંગભાઇ છેડા પરિવાર. (દેસલપુર) મુંબઈ

પીપલીયા સ્ટેશનથી ૩ માઇલ દૂર વહી ગામ મંદસોર પાસે છે. મંદસોર પ્રાચીન તીર્થ સ્થળ છે. પ્રાચીન નામ દશપુર છે, જીવંતસ્વામીની પ્રતિમા ઉદયનરાજા પાસે હતી. તેલઈ શ્રી ચંડપ્રદ્યાત રાજાએ અહીં જિનમંદિર બંધાવેલ હતુ. ૬ ઉપાશ્રય, ૪ ધર્મશાળા, ૮ મંદિરો છે. ૭૦૦ ઘરોની વસ્તી છે. **ત્રીજી આગમ વાચના** પૂ૦ આર્યરક્ષિતસૂરિની નિશ્રામાં ચાર અનુયોગ છૂટા પાડયા હતા. અત્રે શ્રી વહી પાર્શ્વનાથજીના પ્રતિમાજી ચમત્કારી છે. શિખરબંધી દેરાસર ૧૦૦૦ વર્ષ પહેલાનું છે. પોષ દશમીએ મેળો ભરાય છે.

**દેરી નં. ૯૩** શ્રી વિઘ્નહર પાર્શ્વનાથજી મંદસોર ( એમ. પી. )

**પધરાવનાર** : શા. જેશંગભાઈ નિહાલચંદ ગાંધી પરિવાર ( પાલનપુર ) મુંબઈ.

મંદસોરની બાજુમાં દશાર્ણપુર નગર હતું. ત્યાના દશાર્ણભદ્ર રાજાએ શ્રી વીર પ્રભુનું સુંદર સામૈયું કર્યું હતું તેને ગર્વ આવ્યો કે મારા જેવું સામૈયું કોઇએ કરેલ નથી.

ઇંદ્ર મહારાજ તેનું અભિમાન દુર કરવા તેના કરતાં અનેકગણું દૈવી શકિતથી સામૈયું કર્યું, આથી તેનો ગર્વ ઉતરી ગયો ને દીક્ષા લીધી. તે મંદસોરમાં સં. ૫૮૪માં સાતમો નિહનવ ગોષ્ઠામાહિલ થયો હતો. આઠ દેરાસરો છે. તેમાં શ્રી વિઘ્નહર પાર્શ્વનાથજી છે.

**દેરી નં. ૯૪ : શ્રી ખામણા પાર્શ્વનાથજી, ભોપાવર (રતલામ)**
**પધરાવનાર : સ્વ. નાનાલાલ ચંદુલાલ કોઠારી પરિવાર (પાલનપુર) મુંબઈ**

શ્રી ખામણા પાર્શ્વનાથજી. રતલામથી ૨૦ ગાઉ દુર ભોપાવર છે. જ્યાં શ્રી શાંતિનાથપ્રભુની કાઉસ્સગ્ગીયા પ્રતિમા છે. ત્યાં ખામણા પાર્શ્વનાથ પ્રભુ વિરાજમાન છે ૧૨ ફૂટની પ્રતિમા છે. માગશર વદ ૧૦ મેળો ભરાય છે. જૈનેતરો ખામણાદેવ તરીકે ઓળખે છે. ખમણદેવને બદલે ખામણા થયું હોય એમ લાગે છે.

**દેરી નં. ૯૫ : શ્રી કરેડા પાર્શ્વનાથજી કરેડા (મેવાડ)**
**પધરાવનાર : શ્રી અજવાળીબેન વનમાળીદાસ ગોરધનદાસ પછેગામ**

કરેડાનું બીજું નામ કરહેટક છે. ઉદયપુર અને ચિત્તોડની વચ્ચે કરેડા રેલ્વે સ્ટેશન છે. મંત્રી પેથડકુમારના પુત્ર ઝાંઝણકુમારે પેથડકુમારના મંદિરને સાત માળનું બનાવેલ છે. તેવો લેખ છે પણ તે મળતું નથી, સં. ૧૦૩૯ પહેલાનું છે. અનેક ખંડેરો નજરે પડે છે. પેથડનું મંદિર ૧૪માં સૈકાનું છે. તે તુટી ગયું મૂર્તિ પ્રાભાવિક છે. હમણાં જ જીર્ણોદ્ધાર થયેલ છે

**દેરી નં. ૯૬ : શ્રી ચંદા પાર્શ્વનાથજી ઉદયપુર (રાજસ્થાન)**
**પધરાવનાર : ડુંગરશીભાઇ તલકશીભાઇ પરિવાર (સુરેંદ્રનગર) મુંબઈ**

ઉદયપુર મેવાડની રાજધાની હતી ધુલેવાજી કેસરીયાજીના રાજા ખૂબ ભકત હતા તેમણે ઘણાં વર્ષો પહેલાં ૨ા લાખની આંગી અર્પણ કરી હતી ઉદયપુરમાં ૩૨ દેરાસરો છે પેલેસ રોડ ઉપર માજીની વાડી પાસે શ્રી ચંદા પાર્શ્વનાથજીનું પ્રાચીન દેરાસર ઘુમ-ટવાળું છે સં. ૧૩૨૫નો લેખ છે. દર્શનીય છે.

**દેરી નં. ૯૭ : શ્રી સમીના પાર્શ્વનાથજી સમીના (ઉદયપુર મેવાડ)**
**પધરાવનાર : શા સમરથમલ જવાનમલ પરિવાર સાબરમતી.**

ઉદયપુરથી ચાર માઇલ દુર સમીનાખેડા ગામ છે, વસ્તી નથી. ઉદેપુરની કમીટી વહીવટ કરેછે. પ્રાચીન તીર્થ છે.

**દેરી નં. ૯૮ : શ્રી રાવણ પાર્શ્વનાથ અલવર (એમ.પી.)**
**પધરાવનાર : માંગરાજ પુખરાજ ચંપાલાલ પરિવાર**

પ્રાચીન તીર્થમાળામાં અલવરો મેવાડ દેશમાં ગણાવ્યું છે. તેમાં રાવણ તીર્થનો મહિમા ઘણો વર્ણવ્યો છે. આજે રાજસ્થાનમાં છે સ્ટેશનથી ૨ માઇલ દૂર છે. અહીંથી

૩ માઇલ દૂર શ્રી રાવણ પાર્શ્વનાથનું મંદિર ખંડીયેર હાલતમાં વિદ્યમાન છે. રાવણ પાર્શ્વનાથ નામ કેમ પડયું ? રાવણ ને મંદોદરી વિમાનમાં જતાં અત્રે વિસામો કરતા. પૂજા કરી જમવાનો નિયમ હતો. વેલુની પ્રતિમાં બનાવી. પૂજાનો નિયમ સચવ્યો- જેથી તે પ્રતિમા પધરાવી તે રાવણ પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે.

અત્યારે આગ્રાના શેઠ હીરાચંદજીએ નવું મંદિર બંધાવેલ છે. સં. ૧૬૪૫માં વાચક રંગકલશે શ્રી રાવણ પાર્શ્વનાથજીની પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે. બીજા પણ લેખો મળે છે. જેથી તે પ્રાચીન છે. અલવરમાં નવા મંદિરમાં તે છે.

**દેરી નં. ૯૯ :** શ્રી નાગફણા પાર્શ્વનાથજી ટીંટોઈ (મેવાડ)
**પધરાવનાર :** શા. ગીરધરલાલ ત્રિભુવનદાસ મહેતા પરિવાર રાજપરા—જેસરવાળા.

ટીંટોઈ હીંમતનગર સ્ટેશનથી ૧૨ માઇલ દૂર છે. ત્યાં શ્રી મુહરી પાર્શ્વનાથજી છે. પરંતુ શ્રી નગાફણા પાર્શ્વનાથનું નામ પણ મળે છે. બંને ટીંટોઇમાં બતાવેલ છે. પ્રાય : પ્રતિમાસ્થાન એક ને નામો જુદા જુદા હોય, પ્રાચીન પ્રતિમા છે.

વીજાપુર તાલુકાના વિહારગામમાં તેમ દગવાડીયામં નાગફણા પાર્શ્વનાથજી છે. ટીંટોઈ ઇડરથી કેશરીયાજી જતાં રસ્તામા આવે છે.

**દેરી નં. ૧૦૦** શ્રી અવંતી પાર્શ્વનાથજી ઉજ્જૈન (નદીકાંઠે)
**પધરાવનાર** : શા. પ્રાણુલાલભાઇ કાનજીભાઈ દોશી પરિવાર (બગસરા) મુંબઈ

ઉજ્જૈનનું બીજું નામ અવંતી છે. શ્રી સિદ્ધસેન દિવાકરે વિક્રમરાજાને પ્રતિબોધ કરી તે ઉજ્જેની છે. અવંતી—સુકુમાલે અનશન કરેલ હતું તેના પુત્રે અવંતી પાર્શ્વનાથની મૂર્તિ પધરાવી હતી. શ્રી અવંતી પાર્શ્વનાથજીની મૂર્તિ શ્યામવર્ણી ચમત્કારી છે. ક્ષિપ્રાનદીને કાંઠે ભોંયરામાં વિદ્યમાન છે, યાત્રા દર્શન કરવા લાયક છે. વિક્રમસંવત ચાલુ કરનાર વિક્રમરાજા ઉજ્જૈન—અવંતીના હતા. ચંડપ્રદ્યોત રાજા પણ ઉજ્જૈનીના હતા. પ્રાચીન. તીર્થ છે.

**દેરી નં. ૧૦૧ :** શ્રી મક્ષીજી પાર્શ્વનથજી મક્ષીજી (એમ. પી.)
**પધરાવનાર** : શા. અમૃતલાલ નિહાલચંદ પરિવાર (બનાસકાંઠા) ઉણ.

મકસીજીમાં દશમા સૈકાની ઘણી પ્રાચીન પ્રતિમાઓ છે. ૪૨ દેવકુલિકા, રાયણ વૃક્ષ ચરણપાદુકા તેમજ વિશાળ બગીચો છે. ત્યાં પાંચ દેરીઓ છે. સંગ્રામસોનીએ સં. ૧૪૭૨માં મકસીયા પાર્શ્વનાથ પ્રાસાદ બનાવેલ છે. માંડવગઢના મંત્રી હતા. તેમણે છૂટે હાથે લક્ષ્મી વાપરી હતી. મગસી, માંડવગઢ, ધાર, મંદસોર વગેરે સ્થળે ૧૪ જિનમંદિરો બંધાવ્યા હતા. મૂળનાયક પ્રાચીન છે.

દેરી નં. ૧૦૨ : શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથજી શિરપુર ( આકોલા )
પધરાવનાર : શા. અભેચંદ ગુલાબચંદ ઝવેરી ( સુરત ) મુંબઇ.

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથજીની ભવ્ય મૂર્તિ શ્રી શંખેશ્વરજીની જેમ પ્રભાવપૂર્ણ છે. ભોંયરામાં અર્ધપદ્માસને બિરાજમાન છે. પ્રાચીન સમયમાં પનીહારી બેડું લઇને ચાલી જાય તેટલી અદ્ધર હતી. હાલ અંગલુહણું નીકળે તેટલી અદ્ધર પ્રતિમા છે. અનેક સ્તોત્રો, સ્તવનોમાં તેના ઉલ્લેખો છે.

માળી–સુમાળીએ વેળુની પ્રતિમા બનાવી તેની પ્રતિષ્ઠા મલધારી શ્રી અભયદેવસૂરીએ કરી હતી. ત્યાર બાદ શ્રી ભાવ વિજયજીએ પુન પ્રતિષ્ઠા કરાવેલ હતી.

મહારાષ્ટ્રના આકોલા સ્ટેશનથી ૪ માઇલ દૂર શિરપુર ગામ છે. ત્યાં બિરાજમાન છે.

દેરી નં. ૧૦૩ : શ્રી ભદ્રાવતી (કેસરીયા) પાર્શ્વનાથજી ભાંડકજી.
પધરાવનાર : શા. મનસુખલાલ હેમચંદ સંઘવી પરિવાર (મહુવા) મુંબઇ

દક્ષિણ ભારતની ભદ્રાવતી નગરી ઘણી પ્રાચીન છે. ૬૧ ઇંચની શ્રી પાશ્ર્વનાથપ્રભુની ભવ્ય પ્રતિમાજી શ્રી અંતરિક્ષજીની સમકાલીન ગણાય છે. ખોદકામ કરતાં બાવન જિનાલય સહિત જિનમૂર્તિઓ પ્રાપ્ત થઇ હતી. સં. ૧૧૬૯ના લેખો પણ મળે છે. જેથી પ્રાચીનતાનો ખ્યાલ આવે છે શ્રી કેશરીયા પાશ્ર્વનાથ તરીકે ઓળખાય છે જીર્ણોધ્ધાર સં. ૧૯૭૯માં થયો છે કલિંગદેશના ખારવેલ રાજવી જૈનધર્મી હતા. તેની રાણી ભદ્રાવતીની રાજપુત્રી હતી. ઇ.સ. ૬૨૯માં ચીની યાત્રી હ્યુસેનત્સંગ આવેલ તેનો ઉલ્લેખ કરેલ છે મધ્યપ્રદેશના ચાંદા જીલ્લામાં ભાંડક સ્ટેશનથી ૦॥ માઇલ દૂર ગામ છે. ત્યાં વિશાળ દેરાસર છે.

દેરી નં. ૧૦૪ : શ્રી ગીરૂઆ પશ્ર્વનાથજી અમલનેર (ખાનદેશ)
પધરાવનાર : શ્રીમતી શાંતાબેન વિમલભાઇ દોશી પરિવાર (વીજાપુર) મુંબઇ.

અમલનેર ગામ ખાનદેશમાં આવેલ છે સુરતથી ટાપ્ટી લાઇનમાં સ્ટેશન છે શ્રી ગીરુઆ પાર્શ્વનાથજીનું દેરાસર શહેરમાં આવેલું છે ધાબાબંધી ભવ્યમંદિર બીજે માળે છે ૧૫૦ જૈનોનાઘર ઉપાશ્રય, લાયબ્રેરી છે

દેરાસરમાં વેલુની, સ્ફટિકની ચાંદીના વગેરે મૂર્તિઓ છે સ્ટેશન ૧ માઇલ દૂર ગામ છે

દેરી નં. ૧૦૫ : શ્રી કુલપાલજી પાશ્ર્વનાથજી કે આલેર (હૈદ્રાબાદ)
પધરાવનાર : જવાહર, માયા, શીતલ, મેઘલા, કાંતિલાલ, અમિતા, ઉષા દોશી મુંબઇ

દક્ષિણ હૈદ્રાબાદથી ૪૩ માઈલ દુર આલેર સ્ટેશન છે ત્યા ધર્મશાળા છે ત્યાંથી પાકી સડકે ૪ માઇલ દુર કુલપાક ગામ છે. ગામ બહાર વિશાળ ધર્મશાળા છે. તેની વચ્ચે શ્રી માણિક્ય સ્વામીનું આલીશાન મંદિર છે. કુલપાક અને માણિકયસ્વામીના નામોથી ઓળખાય છે. આર્યસુહસ્તિસૂરિ, કાલિકાચાર્ય, પાદલિપ્તસૂરિ, સિદ્ધસેન દિવાકર, વજ્ર-સ્વામી, શ્રી વજ્રસેનસૂરિ આદિ આચાર્યોએ વિહાર કરી દક્ષિણને જૈનધર્મી બનાવેલ છે. આ સ્થાન પ્રાચીન છે.

મળનાયક શ્રી ઋષભદેવપ્રભુની મૂર્તિ શ્યામપાષાણની અર્ધ પદ્માસન છે. જમણી બાજુના ગભારામાં પીરોજારંગના શ્રી મહાવીરસ્વામીજી છે. ડાબી બાજુએ શ્રી નેમિનાથ ભગવાન શ્યામ પાષાણના છે. બધી મૂર્તિઓ આહલાદ ઉપજાવે તેવી છે. સભામંડપમાં શ્રી પાશ્ર્વનાથપ્રભુની મૂર્તિ છે જેના મસ્તક ઉપર ધરણેન્દ્રે પાંચફણા વિકુર્વેલી છે. કાયોત્સર્ગસ્થ પ્રતિમા છે. પાછળ સર્પના ગુંચળાં શીલ્પીએ બહુજ ખુબીથી કોતર્યા છે. આ પ્રતિમાં શ્રી કુલપાક પાર્શ્વનાથજી તરીકે પ્રસિદ્ધ છે. કુલ ૧૩ જિનપ્રતિમા બીજા ને ત્રીજા સૈકામની છે.

**દેરી નં. ૧૦૬ :** શ્રી વડાલા પાર્શ્વનાથજી ગુડીવાડા (મૈસુર)

**પધરાવનાર :** શા. વિનયચંદ હરિલાલ દોશી પરિવાર (બગસરા) મુંબઇ.

મૈસુર ગુડીવાડામાં જુદી દેરીમાં મૂળનાયક તરીકે શ્રી વડાલા પાર્શ્વનાથજી પધરાવ્યા છે. આ પ્રતિમા કૃષ્ણા જીલ્લામાં ગોદાવરી નદીના કાંઠે વડાલા નામનું પ્રાચીન ગામ હતું તે આજે મળતું નથી તે ગોદાવરી નદીના કાંઠેથી પ્રતિમા પ્રાપ્ત થયા હતા. તે અત્રે પધરાવ્યા છે.

**દેરી નં. ૧૦૭ :** શ્રી કલ્યાણ પાશ્ર્વનાથજી ચોપાટી મુંબઇ.

**પધરાવનાર :** શા. મણિલાલ કેશવલાલ તારાબેન પરીખ પરિવાર પાલપુર.

મુંબઇ ચોપાટીના દરીયાકિનારે શ્રી કલ્યાણપાર્શ્વનાથ પ્રભુની ધાતુની પ્રતિમા છે.

સુરત, વીશનગર વગેરે સ્થળે શ્રી કલ્યાણપાશ્ર્વનાથની પ્રતિમાઓ છે.

**દેરી નં. ૧૦૮ :** શ્રી ગોડીજી પાર્શ્વનાથજી. પાયધુની, મુંબઈ.

**પધરાવનાર :** શા. શ્રીપતલાલ સુરચંદ બંગડીવાળા પરિવાર ( સુરત ) મુંબઇ.

આ દેરાસર શેઠ મોતીશાએ બંધાવેલ છે. મુંબઈના મધ્ય ભાગમાં આવેલ છે. તેનો પ્રગટ પ્રભાવ અનેક ઉપાસકો દાદાના દર્શન વિના અન્ન-જળ વાપરતા નથી. ૧૭૫ વર્ષ ઉપરાંત પ્રાચીમ જિનમંદિરનો જીર્ણોધ્ધાક લાખોના ખર્ચે થઇ રહેલ છે. શ્રી વિજય દેવસૂર સંઘનો વહીવટ છે. તે મુંબઇના સંઘોનું કેન્દ્ર સ્થાન છે.

કુશળ સંચાલકોનું સંચાલન દરેક પરાના સંઘોને અનુકરણીય બન્યું છે. માળ ઉપર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી છે.

## —: પ્રભુશ્રી પાર્શ્વનાથ ના ૧૦ ભવો :—

**૧ પહેલો ભવ :–** મરૂભૂતિ અને કમઠનો ભવ

**૨ બીજો ભવ :–** હાથીનો અને કુર્કટસર્પ નો ભવ

**૩ ત્રીજો ભવ :–** આઠમાં દેવલોક અને પાંચમી નરક નો ભવ

**૪ ચોથો ભવ :–** કીરણવેગ વિદ્યાધર અને દારૂણસર્પ નો ભવ

**૫ પાંચમો ભવ :–** બારમો દેવલોક અને છઠ્ઠી નરકનો ભવ થયો

**૬ છઠ્ઠો ભવ :–** વજ્રનાભ રાજા અને ભીલ નો ભવમાં થયો

**૭ સાતમો ભવ :–** નવગ્રૈવયક દેવમાં અને સાતમી નરક નો ભવ

**૮ આઠમો ભવ :–** સુવર્ણ બાહુરાજા અને સિંહનો ભવ થયો

**૯ નવમો ભવ :–** દશમાં દેવલોકમાં અને ચોથી નરકે ગયો

**૧૦ દશમો ભવ :–** શ્રી પાર્શ્વકુમાર અને મેઘમાલી દેવ થયો.

## –: પ્રભુના પંચકલ્યાણક દિવસો :–

**૧ ચ્યવન કલ્યાણક** :– કારતક વદ ૪

**૨ જન્મ કલ્યાણક** :– માગશર વદ ૧૦

**૩ દીક્ષા કલ્યાણક** :– માગશર વદ ૧૧

**૪ કેવલજ્ઞાન કલ્યાણક** :– ફાગણ વદ ૪

**૫ નિર્વાણ કલ્યાણક** :– શ્રાવણ સુદ ૮

## –: શ્રી પાર્શ્વનાથ પ્રભુજી નો પરિવાર –:

| | | | |
|---|---|---|---|
| ૧૬૦૦૦—૦૦ | સાધુઓ | ૨૮૦૦૦—૦૦ | સાધ્વીજીઓ |
| ૧૬૪૦૦૦—૦૦ | શ્રાવકો | ૩૨૭૦૦૦—૦૦ | શ્રાવકો |
| ૩૫૭—૦૦ | ચૌદ પૂર્વીયો | ૧૪૪૦—૦૦ | અવધીજ્ઞાની |
| ૭૫૦—૦૦ | કેવળજ્ઞાની | ૧૦—૦ | ગણધર ભગવંતો |

## ભૂલચૂક બદલ ક્ષમાપના






ગુજરાત રાજ્યના આરોગ્ય પ્રધાન શ્રી વલ્લભભાઈ પટેલ દીપ પ્રગટાવી ઉદઘાટન કરી રહ્યા છે.









ગુજરાત રાજ્યના ગવર્નર શ્રી આર. કે. ત્રિવેદી શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવનની મુલાકાતે.

## શ્રી સમવસરણ મહામંદિરમાં નિર્માણ થઈ રહેલ ૨૫૦૦ વરસમાં થયેલ ૧ થી ૨૭ શ્રી જૈન શાસનના મહાન પ્રભાવક આચાર્ય મહારાજશ્રીઓના જીવન પરિચયના ચિત્રપટ્ટોની યાદી

૧ પૂ. અનાથી મુનિ ( ભ. મહાવીર પ્રભુના સમકાલીન )
૨ પૂ. આ. શ્રી શય્યંભવસૂરિ ( વીર સં. ૭૫-૯૮ )
૩ પૂ. આ. શ્રી ભદ્રબાહુસ્વામી ( વીર નિ. ૧૫૬ થી ૧૭૦ )
૪ પૂ. આ. શ્રી દ્વિતીય કાલકાચાર્ય ( વીર નિ. ૪૫૩ )
૫ પૂ. આ. શ્રી ખપુટાચાર્ય ( વીર નિ. ૪૮૪ )
૬ પૂ. આ. શ્રી વજ્રસ્વામીજી તથા
પૂ. આ. શ્રી વજ્રસેનસૂરિજી ( વીર નિ. ૫૦૧ થી ૬૨૦ )
૭ પૂ. આ. શ્રી દુર્બલિકા પુષ્યમિત્ર ( વીર નિ. ૫૮૪ )
૮ પૂ. આ. શ્રી પાદલિપ્તસૂરિ (વીર નિ. ૭મી સદી)
૯ પૂ. આ. શ્રી ઉમાસ્વાતિ (વીર નિ. ૮ મી સદી)
૧૦ પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ (વીર નિ. ૧૦૦૦-૧૦૫૧)
૧૧ પૂ. આ. શ્રી સિદ્ધસેન દિવાકર (વીર નિ. ૧૧મી સદી)
૧૨ પૂ. આ. શ્રી મલ્લવાદી ( ,, )
૧૩ પૂ. આ. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ (વીર નિ. ૧૧૨૦)
૧૪ પૂ. આ. શ્રી જિનદાસ મહત્તર (વીર નિ. ૧૨ મી સદી)
૧૫ પૂ. આ. શ્રી બપ્પભટ્ટિસૂરિ (વીર નિ. ૧૩૬૫)
૧૬ પૂ. આ. શ્રી સિદ્ધર્ષિગણિ (વીર નિ. ૧૪૩૨)
૧૭ પૂ. આ. શ્રી માનતુંગસૂરિ (વીર નિ. ૧૪૩૪)
૧૮ પૂ. આ. શ્રી સૂરાચાર્ય (વીર નિ. ૧૫ મી સદી)
૧૯ પૂ. આ. શ્રી અભયદેવસૂરિ (વી. નિ. ૧૫૪૫-૧૬૨૦)
૨૦ પૂ. આ. શ્રી જિનેશ્વરસૂરિ (વીર નિ. ૧૫૫૦)
૨૧ પૂ. આ. શ્રી શાન્ત્યાચાર્ય (વીર નિ. ૧૫૬૬)
૨૨ પૂ, આ. શ્રી જિનવલ્લભસૂરિ (વીર નિ. ૧૬૩૭)
૨૩ પૂ. આ. શ્રી મલધારી અભયદેવસુરિ (વીર નિ. ૧૬૩૯)
૨૪ પૂ. આ. શ્રી જિનદત્તસૂરિ (વીર નિ. ૧૬૩૯)
૨૫ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિ (વીર નિ. ૧૬૯૯)
૨૬ પૂ. શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી ( ૧૮ મી સદી )
૨૭ પૂ. આ. શ્રી વિજયનેમિસુરીશ્વરજી મ. ( વીર નિ. ૨૪૭૫

## શ્રી જૈન શાસનની મહાન પ્રભાવિકા ૨૫૦૦ વરસમાં થયેલ ૧ થી ૨૭ પૂ. સાધ્વીજી મહારાજશ્રીઓના જીવન પરિચય સાથે નિર્માણ થઇ રહેલ ચિત્રપટ્ટોની યાદી.

卐
卐卐
卐卐卐

| | |
|---|---|
| ૧ આર્યા ધારિણી | ( વીર નિ. ૨૪–૬૦ ) |
| ૨ ,, પોઇણી | ( વીર નિ. ૩૦૦ થી ૩૩૦) |
| ૩ ,, સરસ્વતી | ( ,, ,, ૫ મી સદી) |
| ૪ ,, સુનન્દા | ( ,, ,, ,, ) |
| ૫ ,, રૂક્મિણી | ( ,, ,, ૬ ઠ્ઠી સદી ) |
| ૬ ,, મુરૂણ્ડ રાજકુમારી | ( ,, ,, ,, ) |
| ૭ ,, રુદ્રસોમા | ( ,, ,, ,, ) |
| ૮ ,, ઈશ્વરી | ( ,, ,, ,, ) |
| ૯ ,, દુર્લભદેવી | ( વીર નિ. ૯ મી સદી ) |
| ૧૦ ,, યાકિની | ( વીર નિ. ૧૦ મી સદી ) |
| ૧૧ પ્રવર્તિની વિગત ભયા | ( વીર નિ. ૧૧ મી સદી ) |
| ૧૨ ,, ગુણાશ્રીજી મ. | ( વીર નિ. ૧૫ મી સદી ) |
| ૧૩ આર્યા કલ્યાણમતિ | ( વીર નિ. ૧૫૬૫ ) |
| ૧૪ પ્રવર્તિની સરસ્વતીશ્રી | ( વીર નિ. ૧૬૫૦ ) |
| ૧૫ ,, પાહિણીજી | ( વીર નિ. ૧૭ મી સદી ) |
| ૧૬ મહત્તરા આનંદશ્રીજી | ( ,, ) |
| ૧૭ પ્રવર્તિની અજિતસુંદરી ગણિની, | ( વીર નિ. ૧૭૨૮ ) |
| ૧૮ આર્યા જયસુંદરી ગણિની | ( વીર નિ. ૧૮૨૩ ) |
| ૧૯ ,, પ્રબુદ્ધ સમૃદ્ધિ ગણિની | ( વીર નિ. ૧૯ મી સદી ) |
| ૨૦ મહત્તરા ગુણસમૃદ્ધિ | ( ,, ) |
| ૨૧ પ્રવર્તિની રત્નચૂલા | ( વીર નિ. ૨૦ મી સદી ) |
| ૨૨ ,, મતિવલ્લરી ગણિની | ( ,, ) |
| ૨૩ મહત્તરા ધર્મલક્ષ્મીજી | ( વીર નિ. ૨૧ મી સદી ) |
| ૨૪ ,, આર્યવલ્લભાશ્રીજી મ. | ( વીર નિ. ૨૨ મા સદી ) |
| ૨૫ આર્યા સહજશ્રીજી મ. | ( ,, ) |
| ૨૬ સાધ્વી હેમશ્રીજી મ. | ( ,, ) |
| ૨૭ ... લાભશ્રીજી મ. | ( ,, ) |

## શ્રી સમવસરણ મહામંદિરમાં નિર્માણ થઇ રહેલ ૨૫૦૦ વરસમાં થયેલ ૧ થી ૨૭ શ્રી જિન શાસનના મહાન પ્રભાવક શ્રાવકોની યાદી

| | |
|---|---|
| ૧ જુહુલ શ્રાવક | ( ભ. મહાવીરના સમકાલીન ) |
| ૨ કુંડકૌલિક ,, | ,, ,, |
| ૩ શંખ ,, | ,, ,, |
| ૪ સુદર્શન ,, | ,, ,, |
| ૫ અંબડ પરિવ્રાજક શ્રાવક | ,, ,, |
| ૬ નૃપતિ ઉદાયન ,, | ,, ,, |
| ૭ પૂણીયા ,, | ,, ,, |
| ૮ મહામાત્ય ચાણુક્ય ,, | ( વીર નિ. ૨૧૪ ) |
| ૯ મહારાજા સંપ્રતિ ,, | ( વી નિ. ૨૪૫ ) |
| ૧૦ ,, ખારવેલ ,, | (વી. નિ. ૩૦૦) |
| ૧૧ કવિ ધનપાલ ,, | ( વીર નિ. ૧૬મી સદી ) |
| ૧૨ સેનાપતિ આભૂ ,, | (વીર નિ. ૧૭ મી સદી) |
| ૧૩ મંત્રી વસ્તૂપાલ-તેજપાલ શ્રાવક | ( ,, ) |
| ૧૪ મહારાજા કુમારપા શ્રાવક | ( ,, ) |
| ૧૫ સમરાશા ,, | (વીર નિ. ૧૯ મી સદી) |
| ૧૬ જગડૂશાહ ,, | ( ,, ) |
| ૧૭ મંત્રી પેથડ શાહ ,, | ( ,, ) |
| ૧૮ સં. ગોવિન્દ શાહ ,, | ( વીર નિ. ૨૦ મી સદી ) |
| ૧૯ ધરમશી શાહ ,, | ( ,, ) |
| ૨૦ ધરણાશાહ ,, | ( ,, ) |
| ૨૧ ઝાંઝણશાહ ,, | (વીર નિ. ૨૧ મી સદી) |
| ૨૨ સદાસોમજી ,, | ( ,, ) |
| ૨૩ મંત્રી ભામાશાહ ,, | (વીર નિ. ૨૨ મી સદી) |
| ૨૪ મંત્રી કર્મચન્દ્રજી ,, | ( ,, ) |
| ૨૫ સંઘવી દયાળશાહ ,, | ( ,, ) |
| ૨૬ યશોધન ભનસાલી ,, | ( અજ્ઞાત સમય ) |
| ૨૭ ખેમા દેદરાણી ,, | ( ,, ) |

## શ્રી સમવસરણ મહામંદિરમાં નિર્માણ થઇ રહેલ ૨૫૦૦ વરસમાં થયેલ ૧ થી ૨૭ શ્રી જિન શાસનના મહાન પ્રભાવક શ્રાવિકાઓની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧ | જયન્તી | શ્રાવિકા | ( ભ. મહાવીર સમકાલીન ) |
| ૨ | સુલસા | ,, | ,, ,, |
| ૩ | રેવતી | ,, | ,, ,, |
| ૪ | નીતાદેવી | ,, | ,, ,, |
| ૫ | શ્રીદેવી | ,, | ,, ,, |
| ૬ | અમૃતદે | ,, | ( કુમારપાલની પત્ની ) |
| ૭ | ઉદયશ્રી | ,, | ( યશોવીર મંત્રીની માતા ) |
| ૮ | કર્પુરાદેવી | ,, | ( કર્માશાહની પત્ની ) |
| ૯ | કેશરીબાઇ | ,, | ( રાજેન્દ્રસુરિની માતા ) |
| ૧૦ | કુમારદેવી | ,, | ( વસ્તૂપાલ-તેજપાલની માતા ) |
| ૧૧ | કૌતુકદેવી | ,, | ( સજ્જનસિંહ મંત્રીની પત્ની ) |
| ૧૨ | ગંગાદેવી | ,, | ( મંત્રી દેહડની પત્ની ) |
| ૧૩ | ગુલાબદેવી | ,, | ( કોટિ વ્યવહારીની પત્ની ) |
| ૧૪ | ચંપાબાઈ | ,, | ( ૭ માસના ઉપવાસ કરનાર ) |
| ૧૫ | જાલ્હુમા | ,, | ( વસ્તૂપાલની બેન ) |
| ૧૬ | જાસલ | ,, | ( યશોધન ભનસાલીની પત્ની ) |
| ૧૭ | તારા | ,, | ( કર્માશાહની પત્ની ) |
| ૧૮ | દેવશ્રી | ,, | ( સિદ્ધસેન દિવાકરની માતા ) |
| ૧૯ | ધરણાદે | ,, | ( ધરણાશાહની પત્ની ) |
| ૨૦ | ધારુ | ,, | ( જગડૂશાહની માતા ) |
| ૨૧ | નકા | ,, | ( દુર્ગાદાસની પત્ની ) |
| ૨૨ | પદ્મિની | ,, | ( મંત્રી પેથડશાહની પત્ની ) |
| ૨૩ | પાબુબાઈ | ,, | ( કેશવજી નાયકની પત્ની ) |
| ૨૪ | યશોમતી | ,, | ( દાનેશ્વરી જગડૂશાહની પત્ની ) |
| ૨૫ | રાણી | ,, | ( ઈડરના વત્સરાજની પત્ની ) |
| ૨૬ | લક્ષ્મી | ,, | |
| ૨૭ | વજ્રાદેવી | ,, | ( વર્ધમાનશાહની પત્ની ) |

# શ્રી ૧૦૮ તીર્થ પટોની પ્રતિષ્ઠા અહેવાલ પુરવણી

( વિ. સં. ૨૦૪૨ **ફાગણ સુદ ૩** ગુરૂવાર તા. ૧૩-૩-૮૬ )

શ્રી **સમવસરણ** મહામંદિરની ગત સાલ **માગશર સુદ ૬** ના પવિત્ર દિવસે તે રીતની પ્રાણ પ્રતિષ્ઠા થઈ છે કે આજ દિન સુધીમાં આ મહા મંદિરના દર્શને આવનાર સેંકડો જૈનીઓ કે અજૈનીઓ કોઈ પણ હોય તેઓ આ મહા મંદિરના **પ્રથમ દર્શનેજ આશ્ચર્ય ચકિત** બની **મહામંદિરની ભવ્યતા** નિહાળી હૈયેપી વંદી રહયા છે. અમો સર્વને પ્રતિદિન આ મહામંદિર માટે ઉલ્લાસ વધે તેવા સમાચારો મળે છે કે જે સાંભળી આનંદનો અવધિ રહેતો નથી અમારા ઉદ્દેશાનુસાર શ્રી સમવસરણ મહામંદિરમાં **૧૩૬ જિન બિંબોની** પ્રાણ પ્રતિષ્ઠા નું **યશઃપૂર્ણ** રીતે **પ્રથમ તબક્કાનું** કાર્ય પૂર્ણ થયેલ છે.

## શ્રી સમવસરણ મહામંદિર કેમ ?

પ. પૂ ધર્મરાજા પ્રાકૃત વિશારદ આચાર્ય મહારાજ શ્રી વિજય **કસ્તૂરસૂરીશ્વરજી** મહારાજ શ્રી જે આ મંદિરના મુખ્ય પ્રેરણા દાતાછે તેમના પોતાના ધ્યાન વિષયમાં શ્રી સમવસરણનું ચિંતન કરતાં હતા તે સમયે **શ્રી ૧૦૮ તીર્થો** ગોઠવવા માટે ના પ્લાનો કરવાની વિચારણા ચાલી રહી હતી. તેમાં તેમને વિચાર સ્કુર્યો કે શ્રી **સમવસરણ મંદિર કેમ ન બનાવવું** અને તેમાંજ ૧૦૮ તીર્થપટ્ટો ગોઠવવા ! તે અંગે શીલ્પીને વાત કરતા તેને શ્રી સમવસરણ મંદિર ડોમ (ધુમટ) વાળુ બનાવવા પ્લાન તૈયાર કર્યો તેમાં **૨૪ તીર્થંકર** ભગવંતો શ્રી **૧૦૮ પાર્શ્વનાથજી** ભગવંતો અને શ્રી ૧૦૮ તીર્થ પટ્ટો પણ આવી જાય તે સૌને પસંદ પડતા જ **૧૦૮ ફુટ** ઉંચુ **૧૦૮ પગથિયા** વાળુ આજનું તેજ શ્રી **સમવસરણ મહા મંદિર**

## શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનભવન ટ્રસ્ટ અને પ્રતિષ્ઠા

શ્રી ૧૦૮ તીર્થપટ્ટો પધરાવવા માટે ના નિમિત્તે શ્રી **સમવસરણ મહામંદિર** નું નિર્માણ કરી પ્રથમ તબક્કા નું કાર્ય કરેલ છે ફકત ૧૦૮ તીર્થપટો હોયતો **મ્યુઝીયમ** જેવું બની જાય જેથી જ ફકત ૧૩૬ જિન બિંબોની પ્રતિષ્ઠા કરી છે

સમગ્ર **વિશ્વમાં** આ મહામંદિરના **ઉત્થાતનું નિમિત્ત** થયું છે તેમાં ભારત અને ભારત બહારના પ્રાચીન અર્વાચીન શ્રી ૧૦૮ જૈન તીર્થોના **મૂળનાયક ભગવતો વર્તમાનનું** દેરાસર ને તીર્થનો **જાજરમાન** ઇતિહાસ આવે અને એક જ સ્થળે દર્શન વંદન અને ભાવ પૂજન કરી પોતાની શ્રધ્ધાને મજબુત કરે જેથી શ્રી ૧૦૮ **તીર્થદર્શન ભવન** ટ્રસ્ટ નું નામ સં. ૨૦૨૮ માં રાખી ટ્રસ્ટ રજીસ્ટર કરાવવામાં આવેલ છે.

**નિમિત્તમ્** વિ. ૨૦૨૪ માં સુરતની શ્રી **દેસાઇપોળ** જૈન પેઢી તરફથી **દેસાઇપોળમાં આવેલ** શ્રી સુવિધિનાથજી જૈન દેરાસરમાં ૧૦૮ **તીર્થોના** મૂળનાય ભગવંતો ઓઇલ પેઇન્ટ કરી પધરાવેલ છે

જેનું ઉદ્ઘાટન પ. પૂ. ધર્મરાજા આચાર્ય મહારાશ્રી વિ. કસ્તૂર **સૂરીશ્વરજી** મહારાજ

શ્રી પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી **ચંદ્રોદય વિજયજી** મ.ની હાલ આચાર્યનિશ્રામા થયેલ હતું

**તે નિમિત્ત પામી ને ભારત ભરના જૈનો જૈનેતરો લાભ લે તે ઉદ્દેશથી ૧૦૮ તીર્થ દર્શન ભવન** ની યોજના થઇ છે

# શ્રી ૧૦૮ તીર્થ પટ્ટોની પ્રતિષ્ઠા મહોત્સવ

**વિ. સં. ૨૦૪૨** ફાગણ સુદ ૩ ગુરૂવાર તા. ૧૩-૩-૮૬ ના રોજ અમારા ટ્રસ્ટના ઉદેશાનું સાર બીજા તબકકા ના કાર્ય પૂર્ણ થતાં ખુબજ આનંદ થાય છે પ. પૂ ધર્મરાજાની કૃપાથી તેમના આશીર્વાદ ફળ્યાં છે

**સમગ્ર વિશ્વમાં પ્રથમ વાર અભિનવ પધ્ધતિએ** સંગેમરમરની ઉપર તૈયાર કરાવેલ જે મહા મંદિરના અલંકાર સમ શોભી રહયા છે સુંદર કલાત્મક **પીઠીકા ઉપર** ફ્રેઈમીંમ કરવાથી નાની નાની દેરી જેવું બનાવી તે તીર્થપટો પધરાવવામાં આવેલ છે જેનો પ્રતિષ્ઠા મહોત્સવ મહા વદ ૧૩થી ફાગણ સુદ ૪ સુધી ખુબજ ઉમંગને ઉત્સાહ પુર્વક ઉજવાએલ હતો

૧૮ અભિશેકો, શાંતિસ્નાત્ર, પુજનો અનુષ્ઠાનો બહુજ સુંદર રીતે થયા હતાં તેમજ છેલ્લા ચાર દિવસ સાધર્મિક ભક્તિ પણ રાખવામાં આવી હતી તે માટે તીર્થ પટ પધરાવનારાએ ખુમજ ઉમંગ પૂર્વક સેંકડોની સંખ્યામાં પધારી અમારા ઉત્સાહમાં વધારો કર્યો હતો

**શ્રી** ગિરિરાજને તેમજ શ્રી સમવસરણ મંદિરની ત્રણવાર પ્રદક્ષિણા કરી સોના રૂપાના ફુલ પુષ્પવૃષ્ટી અને મોતીથી સૌ પ્રથમજવાર કરી હતી

**પ્રમુખ** : શ્રી શાંતીભાઈ શાહ (ગુજરાત સમાચાર)

ઉદ્ઘાટક : શ્રી વલ્લભભાઈ પટેલ (આરોગ્ય મંત્રી)

અતિથી વિશેશકો : બાબુભાઈ વાસણવાળા (ધારાસભ્ય) શ્રી જશવંતસિંહજી જાડેજા
: જયંતીભાઈ શાહ ,, **શ્રી** શાંતીભાઇ પટેલ
: મજીદભાઇ સમા ,, શ્રી અમરશીભાઇ પટેલ

# શ્રી તીર્થપટ નીર્માણના સહાયક મહાનુભાવો

ભારત ભરના પત્રકારો આવ્યા હતા તેમણે સારી જહેમત લઈ નીરીક્ષણ કરી ખુબજ સંતોષ પ્રદર્શિત કરેલ ને દરેક પત્રકારે સારા ભારત ભરમાં ખુબજ પ્રચાર કરી શ્રી સમવસરણ મંદિર શું છે ? તેની પ્રજાને સમજણ આપી અંભારી કરેલ હતા

શ્રી અનીલભાઈ એસ. ગાંધીના દીર્ઘદ્રષ્ટીભર્યા માર્ગદર્શન પ્રમાણે તથા શ્રી સ્નેહલ એન્ટર પ્રાઇઝ વાલા સ્નેહસતો તથા તેઓના સહાયક બંધુઓ સમગ્ર ભારતમાં રંગીન ફોટો પાડી તૈયાર કરી તીર્થપટો તૈયાર કરી આપ્યા તેમજ ઉપેન્દ્રભાઈ વિપુલભાઇ તેમજ હર્ષદભાઇ તેમજ ત્રિવેદી વગેરેએ તીર્થપટ વિભાગને સુશોભિત બનાવવા અથાગ પરિશ્રમકરી સહાયક બન્યા છે તે માટે આભાર લી. ટ્રસ્ટીમંડળ

## —: પ્રથમ પ્રતિષ્ઠા સાલગિરિ ઉજવણી :—

અમોને જણાવતાં આનંદ થાય છે કે શ્રી સમવસરણ મહામંદિરની પ્રથમ પ્રતિષ્ઠા સાલગિરિ પ્રસંગે અમારા આમંત્રણને માન આપીને બહુસારી સંખ્યામાં હાજરી આપી અમોને ખુબ ઉત્સાહિત કર્યા હતા પ. પુજ્ય પ્રવચન પ્રભાવક આચાર્ય મહારાજ શ્રી વિજય **ચંદ્રોદયસૂરીશ્વરજી** મહારાજશ્રીની પરમ તારક નિશ્રામાં બહુ સારી રીતે ઉજવાયો હતો

## —: સાલગિરિ કાર્યક્રમની ઉજવણી :—

માગશર શુદ ૫ ના રોજ દરેક પ્રભુ પ્રતિષ્ઠા કરનાર મહાનુભાવોએ પોતાના પ્રભુજીને ૧૮ અભિષેક બહુ ઉત્સાહ પુર્વક કર્યા હતા, માગશર સુંદ ૬ ના રોજ સવારના કુંભ સ્થાપના અને નવગ્રહ પુજન થયા બાદ દરેક પ્રભુનો ધ્વજા રોપણ કાર્યક્રમ યોજાયો હતો તે પહેલા ગજરાજ ઉપર બેસી શ્રી સમવસરણ મહામંદિરની ત્રણ પ્રદક્ષિણા સામુહિક રીતે દેવાયા બાદ ૐ પુણ્યાહં પુણ્યાણં નાદ પુર્વક ધ્વજારોપણ થયું હતુ

ગજરાજ ઉપર બેસી પ્રદક્ષિણા, અષ્ટ પ્રકારી પુજા વગેરેની ઉછામણી અપુર્વ ઉત્સાહ પુર્વક થઇ હતી

ત્યાર બાદ પ. પુજ્ય આચાર્ય મહારાજ શ્રીની પરમ તારક નિશ્રામાં સર્વે અનુંષ્ઠાનો થયા બાદ માંગલિક બહુ ભાવવાહી વાણીમાં સંભળાવી દર વરસે તમો દરેક કુટુંબો સહિત આવી પ્રભુ પ્રતિષ્ટાની અનુમોદના પુર્વક ભકિત કરો તેવી સામુહિક યોજના કરવી જોઇએ તેનું સુચન કરતા તરતજ સૌએ વધાવી લીધી હતી.

## —: સં. ૨૦૫૦ સુધી યાત્રિક સંઘ ભકિત યોજના :—

શ્રી સસવસરણ મહા મંદિરમાં ૧૩૬ પ્રભુ પ્રતિષ્ટા કરનાર દરેક કુટુંબની, બે વ્યકિત આવે તેને આવવાનો ખર્ચ અને બંન્ને દિવસોની બે સમયની સાધર્મિક ભકિત તરતજ નીચે મુજબ નોંધાઇ ગઈ હતી

૨૦૪૩ શેઠશ્રી ડાહયાભાઈ કકલભાઈ જમણ તથા યાત્રા

૨૦૪૪ શેઠશ્રી ખુમચંદ રતનચંદ જોરાજી સાધર્મિક ભકિત તથા યાત્રા

૨૦૪૫ શેઠશ્રી રજનીકાંત મોહનલાલ કસ્તુરચંદ ઝવેરી જમણ તથા યાત્રા

૨૦૪૫ શેઠશ્રી શાંતિચંદ બાલુભાઇ જમણ તથા યાત્રા

૨૦૪૭ શેઠશ્રી ભૂપતભાઈ હીરાચંદ યાત્રા તથા જમણ

૨૦૪૮ શેઠશ્રી અજીતભાઈ મણીલાલ તરફથી યાત્રા

શેઠશ્રી પ્રવિણભાઈ બી. શાહ તરફથી જમણ

૨૦૪૯ શેઠશ્રી તિલોકચંદ ડી. શાહ યાત્રા

શેઠશ્રી ફુલચંદ ઘેલાભાઈ તથા મોહનલાલ સુરચંદભાઈ તરફથી જમણ

૨૦૫૦ સુમતિલાલ બબલદાસ યાત્રા તથા જમણ

## બે દિવસ સાધર્મિક ભકિત

માગશર સુદ ૫ ના રોજ શેઠ બાબુભાઈ મંગલદાસ વખારીયા તરફથી સવારે અને શેઠશ્રી હર્ષદભાઈ સાંકળચંદ ધીયા તરફથી બપોરની સાધર્મિક ભકિત થઇ હતી

માગશર સુદ ૬ ના રોજ શેઠ ત્રિલોકચંદજી ડી. શાહ તરફથી બન્ને ટાઈમની ભક્તિ થઇ હતી

## ફાગણ સુદ ૩ ના રોજ ૧૦૮ તીર્થ પટોની પ્રતિષ્ઠા

શ્રી સનવસરણ મહામંદિરનું કાર્ય ઝડપ ભેર ચાલી રહયું છે ચૈત્યવૃક્ષ અશોકવૃક્ષ ચારે દિશાના પગથીયા ફલોરીંગો બગીચો તૈયાર થઇ ગયો છે અને ભકિત-ભુવનમાં સ્નાન વગેરેની તમામ સગવડો શરૂથઇ ગઇ છે તે ઉપરાંત શ્રી ૧૦૮ તીર્થ પટો પધરાવવા માટેનું સ્ટેજ ફલોરીંગ વગેરેના કાર્યો ઝડપ ભેર ચાલી રહયા ચે

જે ઉદેશથી શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રષ્ટની સ્થાપના થઇ હતી તે કાર્ય સંપુર્ણ થતાં અમોને આનંદ ને સંતોષ થાય છે તે ૧૦૮ તીર્થ પટોની પ્રતિષ્ઠા મહોત્સવ મહા વદ ૧૩ તા. ૮-૩-૮૬ થી ફાગણ સુદ ૩ ને ગુરૂવાર તા. ૧૩-૩-૮૬ સુધી કરવામાં આવશે

પ. પુજ્ય આ. મા. શ્રી શંખેશ્વર પાશ્ર્વનાથજીના છરી પાળતો સંઘ શેઠ શ્રી શાંતીલાલ હીમાજી જશાજી (શ્રી ધર્મ શાંતી આરાધના ભુવનવાલા)ના સંઘમાં પોષ વદ ૩ ના રોજ પધારશે ત્યાંથી પાછા તીર્થ પટ પ્રતિષ્ઠો પ્રસંગે પધારશે

સં. ૨૦૪૨ માગશર વદ ૮ તા. ૪-૧-૮૬ શનીવાર પાલીતાણા

卐

ચૈત્યવૃક્ષ અશોકવૃક્ષ કાંગરા દરવાજા વગેરે ઝડપી તૈયાર કરી આપી સોમપુરા હર્ષદભાઇ હરેશભાઇ અશોકભાઈ વિગેરેએ સારી સેવા આપી હતી તેમજ પ્રતિષ્ઠા પ્રસંગોમાં શાહ રમણભાઇ હિરાચંદ વિગેરેએ સારી સેવા આપી હતી તે સર્વેના અમો આભારી છીયે.

## શ્રી ૧૦૮ તીર્થપટ્ટ પ્રતિષ્ઠા પ્રસંગે

### સાધર્મિક ભક્તિ કરનાર મહાનુભાવો

| | | |
|---|---|---|
| ફાગણ સુદ ૧<br>તા. ૧૧–૩–૮૯<br>મંગળવાર | વિમલાબેન ગુલાબચંદ હીરાચંદ સુખડીયા સુરતવાળા તરફથી તથા | સવારની સાધર્મિક ભક્તિ |
| | માલણનિવાસી મફતલાલ ફોજાલાલ માસ્તર તરફથી | બપોરની સાધર્મિક ભક્તિ |
| ફાગણ સુદ ૨<br>તા. ૧૨–૩–૮૯<br>બુધવાર | વસંતભાઇ રતીલાલ શાહ સુરતવાળા તરફથી તથા | સવારની સાધર્મિક ભક્તિ |
| | માતુશ્રી મોતીબેન મણીલાલ અમદાવાદ વાળા તરફથી હ. હસમુખભાઇ નેમચંદ પરિવાર તરફથી | બપોરની સાધર્મિક ભક્તિ |
| ફાગણ સુદ ૩<br>ગુરૂવાર<br>તા. ૧૩–૩–૮૯ | શાહ દેવીચંદ કેસરીમલ સુરાણા પરિવાર પુત્રો ઘીસુલાલ સોહનરાજ તેજરાજ સકનરાજ રમણલાલ ગીરીશકુમાર પ્રદીપકુમાર મનીષકુમાર કલ્પેશકુમાર પરિવાર તરફથી તથા | સવારની સાધર્મિક ભક્તિ |
| | શ્રી સુરેન્દ્રનગર જૈન સંઘ પૂજક તથા ગચ્છ સંઘ તરફથી | બપોરની સાધર્મિક ભક્તિ |
| ફાગણ સુદ ૪<br>શુક્રવાર<br>તા. ૧૪–૩–૮૯ | હીમાજી જસાજી પુનાવાળા પરિવાર શાંતીલાલ પોપટલાલ પ્રકાશકુમાર કેસરીમલ યોગેશકુમાર મુથા પરિવાર તરફથી તથા | સવારની સાધર્મિક ભક્તિ |
| | કુંવરજી છગનલાલ દુદયાળા જીવીબેન વાડીલાલ કપાસી પોપટલાલ ચત્રભુજ બાબરીયા પરિવારો તરફથી | બપોરની સાધર્મિક ભક્તિ |

મહોત્સવ સ્થળ :— **શ્રી સમવસરણ મહામંદિર** તલાટી રોડ, પાલીતાણા

સાધર્મિક ભક્તિ સ્થળ :— **પન્નારૂપા ધર્મશાળા** તલાટી રોડ પાલીતાણા

**પ્રતિષ્ઠા પ્રસંગે પ્રથમજવાર શ્રી સિદ્ધગિરિરાજને તેમજ ૧૦૮ તીર્થ દર્શન ભવન શ્રી સમવસરણ મહા મંદિરને સોના રૂપાના ફુલ તથા મોતીથી ત્રણ પ્રદક્ષિણા આપી ખુબજ ઉત્સાહપૂર્વક વધામણા કર્યા હતાં.**

# શ્રી ૧૦૮ તીર્થપટ્ટ પ્રતિષ્ઠા પ્રસંગે
## મહોત્સવમાં લાભ લેનાર મહાનુભાવો સં. ૨૦૪૨

| | | |
|---|---|---|
| મહા વદ ૧૩<br>તા. ૮-૩-૮૬<br>શનીવાર | **શેઠ દામોદરદાસ કરસનદાસ**<br>પરિવાર મુંબઇ હ. શેઠ ચીત્તરંજનભાઇ | કુંભ સ્થાપના અખંડદીપ<br>સ્થાપના જવારા રોપણ |
| મહા વદ ૧૩<br>તા. ૮-૩-૮૬<br>શનીવાર | **શ્રી ધર્મપ્રેમીભાઇઓ** તરફથી<br>પૂ૦ સાધ્વીજી પદમાશ્રીજી તથા<br>આ. શ્રી પ્રમાદશ્રીજીની પ્રેરણાથી | શ્રી પંચ કલ્યાણક પૂજા |
| મહા વદ ૧૪<br>તા. ૯-૩-૮૬<br>રવિવાર | **અ. સૌ. હંસાબેન**<br>**શેઠ રજનીકાંત મોહનલાલ**<br>ઝવેરી સુરતવાળા તરફથી | શ્રી નવપદજીની પૂજા |
| મહા વદ ૩૦<br>તા. ૧૦-૩-૮૬<br>સોમવાર | અ સૌ. **નલીનીબેન શાંતીચંદ**<br>બાલુભાઇ ઝવેરી સુરતવાળ તરફથી | શ્રી નવાણું પ્રકારની પૂજા |
| ફાગણ સુદ ૧<br>તા. ૧૧-૩-૮૬<br>મંગળવાર | **શેઠ દામોદરદાસ કરશનદાસ**<br>પરિવાર હ. શેઠ ચિત્તરંજનભાઈ<br>મુંબઇ | શ્રી નવગ્રહાદિ પાટલા<br>પૂજન વગેરે |
| ફાગણ સુદ ૧<br>તા ૧૧-૩-૮૬<br>મંગળવાર | **જૈન શાસન રસિકભાઈઓ** તરફથી<br>આ. શ્રી અભયપ્રજ્ઞાશ્રીજીનાં ઉપદેશથી | શ્રી ૯૯ અભીષેકની પૂજા |
| ફાગણ સુદ ૨<br>બુધવાર<br>તા. ૧૨-૩-૮૬ | પૂ૦ ગણીવર શ્રી **વિનીતચંદ્રવિજય**<br>મ. ની પન્યાસ પદવી નિમિતે સા. શ્રી<br>વિનીતયસા શ્રીજી સા. મલયયશાશ્રીજી<br>ની પ્રેરણાથી આરાધક ભાઈઓ તરફથી | શ્રી પ્રભુજીની વિશિષ્ટ<br>અંગ રચના |
| ફાગણ સુદ ૨<br>બુધવાર તા. ૧૨ | તીર્થપટ પધરાવનારાઓ તરફથી | ૧૦૮ તીર્થ પટ્ટોના<br>અભીષેક યાત્રાનો વરઘોડો |
| ફાગણ સુદ ૩<br>તા. ૧૩-૩-૮૬<br>ગુરુવાર | શ્રી તીર્થ પટ પધરાવનારા તરફથી<br>**શેઠ શ્રી દામોદરદાસ કરશનદાસ**<br>પરિવાર શેઠ ચિતરંજનભાઈ મુંબઇ | જળ યાત્રાનો વરઘોડો<br>તીર્થ પટ પ્રતિષ્ઠા પ્રસંગ<br>શ્રી શાંતીસ્નાત્રાદિ |
| ફાગણ સુદ ૪<br>તા. ૧૪-૩-૮૬<br>શુક્રવાર | **મુ. અનંતચંદ્રવિજયજી** તથા સા.<br>અભયપ્રજ્ઞાશ્રીજીના ઉપદેશથી તેમના<br>સંસારી કુટુંબીજનો તરફથી | શ્રી સત્તરભેદી પુજા<br>દાદાજીની ભવ્ય આંગી |

એક સાધકસૂરિના અનુભવનો જવાબ આપતું

## * શ્રી સમવસરણ મંદિર *

( મૈત્રીભાવનું પવિત્ર ઝરણું-એ રાગ )

શ્રી સિદ્ધગિરિની સિદ્ધભૂમિમાં સમવસરણ વિરચાયા....(ટેક)
જેના દરિસણ કરવા આવે, જિનશાસનના રસિયા,
ઉંચા ત્રણ ગઢ માંહે બિરાજે, ત્રણ જગતના રાયા:
અમીય ભરી વાણી સુણવાને, આવે સુરનર રાયા,
જેની વાણી સુણતાં સહુનાં, પાતિક દૂર પલાયાં...૧

પ્રાતિહારજ આઠથી સોહે, કંચન વરણી કાયા,
ચોત્રીશ અતિશયથી સહુ જગમાં, સુખ-શાંતિ નિપજાયા:
પાંત્રીશ ગુણયુત વાણી જેહની, ભવજલ તરવા નાવા,
તે શ્રી જિનવર ચરણે અમારા, વંદન વાર હજારા....૨

હ્રિ-ક્રિ-ગિરિપદ સૂરિમંત્રના, ધ્યાને દરિસન પાયા,
શુદ્ધ મને શ્રી સમવસરણના, ગુરુ કસ્તુરસૂરિ રાયા:
તે ગુરુના અનુભવ સુણીને, કીધી રચના સારી,
સમવસરણ સ્તવને અવલંબી, શોભા અધિકી વધારી....૩

રચયિતા : પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિશ્વરજી મ. સા.

શ્રી ૧૦૮ જૈન
તીર્થ દર્શન ભવન
અને
શ્રી સમવસરણ
મહા મંદિરના



નિર્માણ કાર્યના
વિશિષ્ટ
આશિર્વાદ અને
પ્રેરણાદાતાઓ

વિશિષ્ટ કૃપાદાતા



પ.પૂ.આ.શ્રી વિજય
વિજ્ઞાનસૂરીશ્વરજી મ.સા.

વિશિષ્ટ આશિર્વાદદાતા
પ.પૂ. શાસનસમ્રાટ
આ.શ્રી વિજય
નેમિ સૂરીશ્વરજી
મ.સા.

વિશિષ્ટ પ્રેરણાદાતા



પ.પૂ.આ.શ્રી વિજય
કસ્તૂરસૂરીશ્વરજી મ.સા.



વિશિષ્ટ માર્ગદર્શક.

પ.પૂ.આ.શ્રી વિજય ચન્દ્રોદયસૂરિજી મ.

વિશિષ્ટ મુહૂર્તદાતા



પ.પૂ.આ.શ્રી વિજય અશોકચન્દ્ર સૂરિજી મ.